લાલન-આત્મવાટિકા

લેખ અને ભાષણ સંગ્રહ.

નં. ૧

કર્ત્તા,

ફતેહચંદ કર્પૂરચંદ્ર લાલન.

(મુંબાઇ, ૧૪૦-૪૨ ગુલાલવાડી.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. હીરજી કાનજી મણશી.

ખારેક બજાર, માંડવી,-મુંબાઇ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

સં. ૧૯૭૦. સને ૧૯૧૪.

શ્રી "સત્યવિજય" પ્રી. પ્રેસમાં શા. સાંકળચંદ હરિલાલે છાપી.

પાંચકુવા,-નવા દરવાજા,-અમદાવાદ.

કિંમત આના બાર.



પ્રસિદ્ધવક્તા પંડિત ફતેહચંદ કપૂરચંદ લાલન.

જન્મ સંવત ૧૯૧૪ ફાગણ શુદ ૧૦

The Bombay Art Printing Works, Fort.

ॐ

" Quotations. "

Man is that noble endogenous plant which grows like the palm from within without.

—*Emerson.*

It is easy to sugar to be sweet.

—*Ibid.*

• All are teachers and pupils by turn. We are equally served by receiving and imparting.

—*Ibid.*

It is easy in the world to live after world's opinion, it is easy in solitude to live after our own; but the great man is he who in the midst of the crowd keeps with perfect sweetness the indepedence of solitude.

—*Ibid.*

Speak your latent conviction and it shall be the universal sense; for the immost in due time becomes the outmost.

—*Ibid.*

The student is to read history actively and not passively; to esteem his own life the text and books the commentory. Thus compelled the Muse of History will utter oracles, as never to those who do not respect themselves.

—*Ibid.*

Every revolution was first a thought in one man's mind, and when the same thought occurs to another man it is the key to that era.

—*Ibid.*

Every reform was once a private opinion, and when it shall be private opinion again, it will solve the problem of the age.

—*Ibid.*

We exist in eternity, dissolve the body and the night is gone.

—*Carlyles aunt to Carlyle.*

He does not pretend to reason but to discover, he announces, not argues; he seeks Deity and Nature in man. —*Carlyle's Biographer.*

The saint whose martydom will make the gallows glorious, like the Cross. —*Ibid.*

It was not because he lacked firm conviction or thought; or one sect or party or church as good as another, but because he felt that Truth was beyond party or church, that he sought in favour of unity of hearts among men of all religions. —*Ibid.*

His legacy to the world is not a system, not a creed not an observance, but a stimulus —an impulse to a perfect life. —*Ibid.*

All mankind is linked together, all men have a right to all that all men have achieved.

—*Emerson.*

Everything illustrates every other thing,

—*Ibid.*

Do the duty which lies nearest thee,

—*Carlyle.*

We learn from him that old battles have to be refought in every age, that man changes his dialect from century to century, finds new solutions to old problems perhaps all essential but each specially suited to his age.

—*Carlyle's Biographer.*

The folly of war and its huge mistake which he clearly expresses, has still to be learnt. —*Ibid.*

He asserts strongly that only in looking heavenword - take it what sense we will—does true union, mutual love, society, begin to be possible.

—*Ibid.*

Know thy work and do.

—*Carlyle's Gospel of Work.*

I am owner of the sphere,
Of seven stars and the solar year,
Of Caesar's hand and Plato's brain,
Of Lord Christ's heart and Shakespeare's strain.

—*Emerson.*

In me there shines the Soul of whole,
Encent'ring and encircling all,
'Twixt God and man, there is no wall,'
Effect and cause in me o'er roll.

Lily Dale, N, T, U, S, A. }
January 21st 1900 } —*Lalana.*

અનુવાદો—

" અવતરણો "

મનુષ્ય પોતાનાજ સ્થાનમાં ઉત્પન્ન થનારા પેલા ઉમદા રોપા જેવો છે કે જે તાલવૃક્ષની પેઠે અંદરથી થઈ બહાર વધતો જાય છે.

શર્કરાને સ્વાદીષ્ટ થવું એ સહજ છે.

વારા ફરતી સર્વકોઈ ગુરૂઓ અને શિષ્યો છે. લેવાથી અને દેવાથી એક સરખી રીતે આપણી સેવા બને છે.

લોકમાં લોક માન્યતાને અનુસરી રહેવું એ સહેલું છે; એકાંતમાં પોતાની માન્યતા પ્રમાણે વર્તવું એ સહેલું છે; પરંતુ જે લોકની મધ્યમાં રહી એકાંતાવસ્થાના સ્વાતંત્ર્યને સમ્પૂર્ણ આનંદથી જાળવી રહે છે, તે મહાપુરૂષ છે.

તમારા ઉંડામાં ઉંડા વિચારને બોલી દો, અને તે સર્વ માન્ય થશેજ; કારણ કે જે ઉંડાથી પણ ઉંડું હોય છે, તેજ ઉપરથી પણ ઉપર યોગ્ય સમયે આવવાનુંજ.

અભ્યાસીએ પૂર્વ વૃત્તાંતો સબળ થઇ વાંચવા, નહિં કે નિર્બળ રહી. પોતાના જીવનને મૂળ માનવું, અને પુસ્તકોને તો તેનાપર ટીકા ગણવી. આ પ્રકારે ઇતિહાસની દેવીને ફરજ પાડી એટલે તે એવાં સૂત્રો વદશે કે જે પોતાની અવગણના કરનાર મનુષ્ય કોઈ દિવસે સાંભળી શકે નહિ.

પ્રત્યેક ઉત્ક્રાંતિ પ્રથમ તો એકજ મનુષ્યના ચિત્તનો ખાનગી વિચાર હતો, પરંતુ તેજ વિચાર બીજાને ઉદ્દભવ્યો એટલે તે યુગની તે ચાવી થઈ.

પ્રત્યેક સુધારણા એક વેળા ખાનગી માન્યતા (કોઇની) હતી, પરંતુ તે જ્યારે પુનઃ ખાનગી માન્યતા થઇ એટલે તે યુગનું તાળું ઉઘડયું. (એમર્સન)

આપણું જીવન અનંત છે, દેહભાવ છોડો એટલે અંધકારમય રાત્રી દૂર ખસી જશે.

તે દલીલ દેવાનો દાવો નહિં કરતો, પરંતુ નવી શોધનો. તે વિવાદે નહિં ઉતરતો પરંતુ પ્રગટ કરતો, ને પ્રભુને અને પ્રકૃતિને માનવમાં શોધતો.

જ્યારે સાધુજનો પોતાના સિદ્ધાંત પર પોતાના આત્માને અર્પણ કરે છે, ત્યારે શૂળી સિંહાસનનું રૂપ ધરે છે.(**કાર્લાઈલ**)

'બંધીખાનું એ મેહેલ છે, જો સિદ્ધાંત સચવાય તો, એમ હિંદીઓને મહાત્મા કર્મયોગી મો. ક. ગાંધી શિખવે છે.

સર્વ ગચ્છો, સંપ્રદાયો અને ધર્મ સમાન છે, સર્વ ધર્મો ક્રિયાઓ સરખી છે. આવી શિથિલ શ્રદ્ધા તેની નહિ હતી; પરંતુ તેને એમ હૃદયમાં લાગતું કે સત્યનો સૂર્ય–ગચ્છો, સંપ્રદાયો, કે ધર્મપંથોની પેહેલીમેર છે અને ગમે તે ધર્મ માનવા છતાં **હૃદયની** સમતામાં સત્યનો સૂર્ય પ્રકાશે છે.

કોઇ દર્શન, કોઇ મત, કોઇ પંથ તે વારસામાં આપતો નથી, નથી આપતો તે કોઈ અંધ શ્રદ્ધા યુક્ત ક્રિયા, જે કંઇ તે અર્પે છે તે શુદ્ધ ચારિત્ર ભણી પ્રોત્સાહનજ. (**કાર્લાઈલના ચરિત્રકાર**)

અખિલ મનુષ્યજાત શૃંખલા બદ્ધ છે; સર્વ મનુષ્યોએ જે કંઇ કર્યું છે તેના પર સર્વનો હક્ક છે.

પ્રત્યેક પદાર્થ પ્રત્યેક પદાર્થનું જ્ઞાન આપે છે. (**એમર્સન**)

જે કર્તવ્ય તારી સમીપમાં સમીપ છે, તેને પ્રથમ હાથમાં લે (અને જીવનનો અંતિમ હેતુ તારે હાથે ચડશે.) (**કાર્લાઈલ**)

પ્રત્યેક યુગોમાં પૂરાણા યુધ્ધો પુનઃ કરવાંજ પડે છે, એ આપણને તેનું જીવન શિખવે છે, માણસો સૈકે સૈકે પોતાની બોલી બદલે છે, ભૂતકાળના પ્રશ્નોના નવા ઉત્તરો શોધી કાઢે છે, પરંતુ તે પોતાના દેશકાળને યોગ્ય હોય તેવાજ.

તે બળ પૂર્વક વદે છે કે માત્ર આત્મા (પરમાત્મા, ગમે તે અર્થમાં) તરફ નજર ટકાવી રાખવાથીજ ખરી ઐક્યતા થાય છે.

અને તેમ થતાંજ પારસ્પરિક પ્રેમ, સમાજ રચનાનો સંભવ પ્રાપ્ત થાય છે.

ત્હારૂં કર્તવ્ય સમજ અને તે કર.

મનુષ્યે મનુષ્ય સાથે લડવું એના સરખી મોટી કોઈ ભૂલ નથી એ પાઠ હજી તેની પાસેથી મનુષ્ય જાતે શીખવાનો છે.

(કાર્લાઈલના ચરિત્રકાર.)

સકલ બ્રહ્માંડ, સમગ્રહ અને સકળ કાળનો પ્રભુ હું છું. અર્જુનના હાથ (શૌર્ય) નો, બ્રહસ્પતિના મગજ (બુદ્ધિ)નો, **બુદ્ધના** હૃદય (પ્રેમ) નો અને **કાલિદાસના** ગાન (કવિતા)નો હું પ્રભુ છું. (**એમર્સન**).

પ્રકાશકનું નિવેદન.

મારા પૂજ્ય–વડિલ **લાલનના** વિચાર–આચાર જે તેમના વચનમાં અને ક્રિયામાં મને જોવાનો ઘણો પ્રસંગ મળ્યો છે, અને તેથી મારા આધ્યાત્મિક અને ધાર્મિક જીવનને જે કંઇ પ્રગતિ મળી છે અને મળે છે, તેનો લાભ મારા મિત્ર વર્ગો ઉપરાંત સ્વદર્શની અને ઇતર દર્શની બાંધવો અને બ્હેનોને મળો, એવી શુભ ભાવનાથી બ્હેન મણિબાઇએ કરેલા આ સંગ્રહને વાચક પ્રજા-સમક્ષ સાદર કરવા ઉદ્યત થાઉં છું. આશા છે કે સાર ગ્રાહી, ગુણ દ્રષ્ટિ અને સમદ્રષ્ટિ, વડિલ **લાલનના** વિચાર બાગમાં પ્રવેશ કરતાં સર્વને લાભ પ્રાપ્ત થશે. આ શુભ કાર્યમાં જે મિત્રે દ્રવ્યસંબંધી સ્હાય કરીછે, તેમનો ખરા અંતઃકરણ પૂર્વક ઉપકાર માનું છું.

માંડવી–ખારેકબજાર }
મુંબઇ. } **શાહ. હીરજી કાનજી મણશી.**

સંગ્રહ કર્ત્રીનું નિવેદન.

આત્મબંધુ–લાલનભાઇના લેખો અને વ્યાખ્યાનો (જેની મેં નોંધ લીધેલ તથા પેપરોમાં આવેલ)નો જેટલો છૂટો છવાયો મારાથી સંગ્રહ થઈ શકયો તેટલો આ પુસ્તકમાં,તેમજ હવે પછી પ્રગટ થનાર

બીજાં બે પુસ્તકોમાં છે. કારણ કે એઓશ્રીના વિચાર—આચાર અને વાણી ઉપર મારી પૂર્ણ આત્મભક્તિ છે. અને તેજ સંગ્રહ કરવામાં મને ઉત્સાહક પગલું હોવાથી મારા બીજા બાંધવો અને બ્હેનોને તેનો લાભ મળે એવી ઇચ્છા હોવાથી આ સંગ્રહની પ્રસિદ્ધિ જોઇ મને બહુ હર્ષ થાય છે.

વાંચક બાંધવો અને બ્હેનોને અહીં એટલું કહેવું અગત્યનું છે કે પેપરોમાં આવેલા રીપોર્ટની અશુદ્ધિ તેમજ અપૂર્ણતા, ઘણી સાવચેતી ભરી સંભાળ રાખવા છતાં અને એક વિદ્વાન્ ગૃહસ્થને પ્રુફરીડીંગ અને શુદ્ધિ સાચવવાનું કાર્ય સોંપવા છતાં યથાર્થ થયું હોય એમ લાગતું નથી. આશા છે કે વાંચકોના ઉદાર અંતઃકરણ બંધુ **લાલન**ના આત્મબાગમાં પ્રવેશ કરી આટલી ખામી ક્ષંતવ્ય ગણશે.

ગં. સ્વ. મણિબાઈ અભયરામ.

આત્મપ્રિય વાંચકોને સંબોધન.

લાલન–આત્મવાટિકા એટલે **લાલન**ના મનની વાડી કે વિચારનો બાગ. Montal Park of Lalan, આ મનોવાટિકામાં પ્રવેશ કરનાર આત્મપ્રિય બ્હેનો અને બાંધવોને આ વાટિકાની બાહ્યરચના સંબંધી એટલું કહેવું બસ થશે કે જૂદે જૂદે પ્રસંગે **લાલને** આપેલા વ્યાખ્યાનો અને પેપરોમાં લખેલા લેખોનો-જે એક સંગ્રહ આત્મ-બ્હેન **મણિબાઇ અભયરામ** કરી શકયા છે તેનો–આ એક ભાગ છે. બીજા આવા બે ગ્રંથો થઈ શકે એટલો સગ્રહ તેમની પાસે હોય એમ જણાય છે.

કોઈપણ વકતા સભામાં વ્યાખ્યાન કરે છે, ત્યારે તેની ઓલખ પ્રમુખને વ્યાખ્યાનની શરૂઆત પૂર્વે આપવાની કંઈક જરૂર રહે છે. અને તે એટલા માટે કે શ્રોતૃવર્ગ તે માણસના પૂર્વ ચરિત્રના કોઇ પણ મુખ્ય અંશથી જાણીતો હોય તો તેમનું વ્યાખ્યાન સમજવામાં

સુગમતા થાય. તેમજ લેખક, વાંચકપ્રજા સમક્ષ નવીન આવાગમન કરતો હોય તો તેની પણ પીછાન કરાવનાર કોઇ વિદ્વાન્ તેના ગ્રંથના પ્રારંભમાં ઉપોદ્‌ઘાત લખે છે.

પરંતુ આ ગ્રંથ સંબંધે લેખક એટલુંજ કહી શકે છે કે મનુષ્યનો પરિચય ખરી રીતે તેના આચારમાં છે, અને જેમનાથી તેમના આચાર જોવાને શક્તિમાન નહિં થઇ શકાય તેમને તેના વિચારથી પણ ઘણોક પરિચય મલી શકે છે. કારણ કે, A Key to man is his thoughts, એમ મહાત્મા એમર્સનનું પણ કહેવું છે; એટલે મનુષ્યના આંતરને ઉઘાડવાની ચાવી તેના વિચાર, (નય કે અપેક્ષા કે દ્રષ્ટિ) છે.

મનુષ્ય જેમ જગતને, તેના આંતરને જુએ છે, તેમ તે પોતાના બાહ્યઆંતરને પણ પોતાની રૂચિપ્રમાણે દેખે છે. **લાલન** પોતાને જે અનેક રીતે જુએ છે, તેમાંની એક રીત કે દ્રષ્ટિ એવી પણ છે કે તે જગતનો દેવાદાર છે. આત્માસિવાય જે કંઇ તેણે મેલવ્યું છે તે કર્જે લીધું હોય તેમ તે ગણે છે. અને તે કર્જ આપવાનો પ્રયત્ન કરવા છતાં વ્યાજ પણ પુરૂં આ જન્મમાં આપી દેતો સારૂં એવું તેના મનમાં છેલ્લાં ૧૫–૨૦ વર્ષથી થયાં કરે છે. અનેક વિદ્વાનોએ પોતાના ગ્રંથોમાંથી વિચારરૂપ દ્રવ્ય **લાલનને** ધીરેલું છે, એટલુંજ નહિં પરંતુ અનેક વ્યાખ્યાતાઓએ પણ તેમ કરવામાં બાકી રાખી નથી. ઘણા મોટા નાના ગ્રંથકારો અને ભાષણકારોએ **લાલનના** મનોમંદિરમાં પ્રવેશી ઉચ્ચસ્થાનો પ્રાપ્ત કર્યાં છે. તો જગતની આત્મપ્રિય માનવ વ્યક્તિઓ, યત્કિંચિત્ જે કંઇ વ્યાજરૂપે તેમને પાછું આપે છે તે જમે કરવા પોતાના મનોમંદિરમાં **લાલનને** પેશવા દેશે અને જે રકમ સાદર તેમની પાસે કરે છે, તેમાંથી તેમના આત્માને જે ઉચિત લાગે તેટલું ગૃહણ કરશે એવી આશા રાખે છે.

લેખકના માનસિક ગુરૂ[1] મહાત્મા **એમર્સન** તો લાલનને એક

---

1 Intellctual teacher.

જગોએ એવી શિક્ષા પણ આપે છે અને તે તેમને ઘણે ભાગે માન્ય છે કે Man does not speak but he exposes himself.

"માણસ (માત્ર મૂખે) બોલતો નથી પરંતુ તે કેવો છે તે જગત્પાસે પ્રગટ કહી દે છે." મનુષ્યની ઇચ્છા હોય વા ન હોય તથાપિ તેમાં રહેલો આત્મા તેના વિચાર, ઉચ્ચાર[1] અને આચારરૂપે દેખાયા વિના રહેતો નથી[2] તેમનું આખુંને આખું જીવન તેમના શબ્દ મંદિરમાં તેમનો સત્ય સ્વરૂપ આત્મા આલેખી રહ્યો છે. તેનો પ્રત્યેક શ્વાસ અને નિઃશ્વાસ તેમની પ્રવૃતિના અને નિવૃતિના ડંકા પ્રકૃતિ (Nature) રૂપી નોબતપર રાત્રદિવસ વગાડયા કરે છે. આમ હોવાથી ઘણું કરી સહજ પણ વિચાર કરનાર વાંચકોને લેખકના વિચારબાગના નાયકનો પરિચય થવો કાંઇ દુર્લભ લાગશે નહિ.

સભામાં આપેલા વ્યાખ્યાનો, વર્તમાન પત્રમાં લખેલા લેખો, અન્ય વકતા કે લેખકોનાપર કરેલા વિવેચનો, કે અનુમોદનો, જ્ઞાનચર્ચાઓ, સંવાદો, પ્રશ્નોતરો વગેરેનો આ ગ્રંથમાં સંગ્રહ છે. અને તે વ્યાજ ભરવાના હેતુથી, મિત્રોના આગ્રહથી (ઉઘરાણીથી) તેમજ આત્મબ્હેન મણિબાની ઇચ્છાથી જનસમાજ સમક્ષ સાદર કરવાનું બન્યું છે.

આ ગ્રંથમાં આવેલા વિચાર સંગ્રહની ઉત્પત્તિ એક પ્રકારે નથી પણ અનેક પ્રકારે છે. **લાલન**ને એમ અનુભવ થાય છે કે એક વસ્તુ અનેક ધર્માત્મક છે અને તેથી તે વસ્તુઓ સૌ પોતપોતાના ક્ષયોપશમ પ્રમાણે according to his developement તેને નાના-મોટા સ્વરૂપો દેખાડે છે. તથાપિ ગુણદ્રષ્ટિ અને સમદ્રષ્ટિવડે કેટલાક વિષયો[3] આ લેખકને કેમ દેખાય છે અને સામર્થ્ય દ્રષ્ટિવડે કેટલાક પ્રશ્નોનો[4] કેમ નિકાલ થઇ શકે છે, તેનું આ

---

૧ यदायदा मुंचति वाक्यबाणं तदातदा जातिकुलं प्रमाणं (પ્રસ્તાવિક.) ૨ नैनके कटाक्षमें क्रोड बात कहगई (રસિક.) શાસ્ત્ર પણ કહે છે. ૩ પોતે, જગત્, મનુષ્યો, જીવો વગેરે.

4. Questions, new and old.

એક એકત્ર કરેલું પ્રદર્શન હોય તેમ છે.

જેમ એક બગિચામાં બંગલો હોય, તેમાં દિવાનખાનું હોય, લાયબ્રેરી હોય, સંગ્રહસ્થાન હોય, ગ્યેલેરીઓ હોય, વૃક્ષો હોય, અને તેની આસપાસ કમ્પાઉન્ડ હોય, તેમ આ ગ્રંથકારની આત્મવાટિકામાં કેટલાક આનુભવિક (સાહજિક) Intuitional, inspired or original વિષયો છે, કેટલાક આભ્યાસિક Tuitional, કેટલાક મનનાત્મક contemplative, કેટલાક પ્રવાસોમાંથયેલા અનુભવ સંબંધી, કેટલાક ચર્ચાત્મક, કેટલાક સંવાદાત્મક, કેટલાક પ્રશ્નાત્મક, કેટલાક પ્રગટ પત્રો opened letters રૂપે આમાં ગોઠવાયા છે; માટે વાંચક વૃંદે અનુક્રમણિકામાં તે તે વિષયોના ચિન્હોથી જણાવેલી હકીકત સમજી વાંચવા કૃપા કરવી, કે જેથી લેખકનો આશય સમજવામાં સુગમતા થાય અને ભૂલ થાપ ખાવાનો પ્રસંગ આવે નહિં.

કેટલાક માનવ બાંધવોનું એમ માનવું હોય છે કે તમે અમને નવીન શું આપો છો ? કેટલાક એવું માગનારા હોય છે કે તમે અમને પ્રાચીન શું અર્પો છો ? કેટલાક એવા વિચાર ધરાવે છે કે અમને વ્યવહારૂ જોઇએ, કેટલાક એવું પણ કહે છે કે નિશ્ચયાત્મક Ideal શું આપોછો ? આ બધા વાંચક બાંધવોને કંઇ ને કંઈ આ સંગ્રહમાંથી મળશે એવો સંભવ છે.

નવીનતા પ્રિયોને—આમાં originality નવીનતા જોઇ—નવીન દ્રષ્ટિએ જગતની પ્રેક્ષા કરતાં આનંદ થશે. મનુષ્યનું ખિન્ન થયેલું મન કોઇ વેળા પોતાની આસપાસ દેખાતા જગતને કારાગ્રહરૂપે દેખે છે, અને તેમાંથી છુટવાના પ્રયત્નોને યથાશક્તિ સેવે છે, કોઇ વેળા તેજ મન પોતાની ઉન્નત અવસ્થામાં તેને એક નાટયશાળા રૂપે દેખે છે,– (શાળારૂપે પણ નિહાળે છે) અને પોતાને તેમાં એક વિશ્વરૂપ રંગભૂમિમાં પોતાનો ભાગ ભજવતો નાટયપાત્ર ગણે છે. પરંતુ આ વિશ્વ એ બગિચો કેમ છે, મનુષ્ય તેનો નાયક કઇ અપેક્ષાએ, કેવી સ્થિતિએ છે, તેનું દર્શન આ લેખોમાં વાંચકોને કંઇક થશે એવો

સંભવ છે. તેજ પ્રકારે ભૂતકાલના પ્રિય પાઠકોને પોતાના ભૂતકાલની વિદ્યા વર્તમાનમાં કેમ યોજવી તેનો માર્ગ પણ કંઇક મળશે.

દ્રષ્ટાંત તરીકે–નવિનતા પ્રિય વાંચકો જોઈ શકશે કે—

આનુભવિક વિષયો.

વિશેષ કોણ, છ ખંડને સાધનાર ભરત મહારાજ કે છ દ્રવ્યને સાધનાર(અધ્યાત્મ મેળવનાર)આત્મા? આ વિષયમાં તેમજ **મમત્વત્યાગાનુભવ** આ બન્ને વિષયોમાં મનુષ્યનું મન પોતાની ઉચ્ચ સ્વતંત્ર અવસ્થામાં આત્માને કેવો દેખાડે છે, તે જોવામાં આવશે.

સ્વાભાવિક[1] શું અને શું છે વિભાવિક?

આ વિષયને વાંચતાં વાંચનાર જોઇ શકશે કે જીવને ચડવું (ascent) એ સ્વાભાવિક અને પડવુ (descent) એ વિભાવિક છે.

કઇ અપેક્ષાએ જગતનો કર્ત્તા આત્મા છે?

આ જગતનો કર્ત્તા કોઇ ઇશ્વર છે એવું આપણા પૃથ્વીની માનવ વ્યક્તિનો ધાર્મિક ગણાતો મોટો ભાગ માને છે. જગત્ કર્ત્તા ઇશ્વર હોય તો આવાં આવાં દુષણો આવે છે એવી નિષેધાત્મક દલીલો–જૈન ધર્મ, બૌદ્ધધર્મ અને જડવાદવાળું સાયન્યસ, તેમજ જેને ઇશ્વરકર્તૃત્વની માન્યતાવાળા નાસ્તિકો ગણે છે તેઓ ઉભી કરે છે, પરંતુ માનવપ્રજાનો મોટો ભાગ એ નિષેધાત્મક દલીલોને સમજી શકતો નથી એટલુંજ નહિ પણ જે કંઈ સમજી શકે છે તેઓની પણ એવી માન્યતા છે કે અનંત શક્તિવાન્ ઇશ્વરના બધા હેતુઓ માણસ પામી શકે નહિં; અર્થાત્ અમારે તો ઇશ્વરકર્તૃત્વની માન્યતાજ સાચી છે; એવું તેમને દ્રઢ હોય છે. આ ઉપરાંત નવીન કેળવણી પામતા જૈનબાળકો, અને યુવાનોને પણ આ માન્યતાના સંસ્કાર એટલા બધા મળે છે કે તેમના ધર્મની નિષે-

---

૧ આમાં સ્વભાવ શબ્દનો પ્રયોગ Conventional વ્યવહારૂ અર્થમાં કર્યો છે, એવું આ વિષયમાં આપેલા ઉદાહરણોમાંથી સામાન્ય વાંચકો પણ સમજી શકશે.

ધાત્મક દલીલને ઘણાજ થોડા જૈન બાળકો સમજી શકે છે. ટુંકામાં તેઓ જન્મથી જૈન હોવા છતાં જૈનપ્રજાનો મોટો અને ધર્મજ્ઞાનથી વિમુખ ભાગ ઇશ્વરકર્તૃત્વને માનનાર જોવામાં આવે છે.

આ સંબંધે લેખકને જે વિચાર આવેલા તે વિચારોપર મનન કરતાં કરતાં એમ જણાયું છે કે જે મનુષ્યપ્રજા ઇશ્વરને કર્ત્તા માને છે, તેની વ્યાખ્યા અને જૈનધર્મના ઇશ્વરની વ્યાખ્યા ભિન્ન છે. અર્થાત્ જૈનેતરો ઇશ્વર કહે છે તેને જૈનો ઇશ્વર નથી કહેતા પણ કર્મ કહે છે. ઇશ્વર તો તેઓ કર્મનો સર્વથા જય કરનારને કહે છે. વળી જૈનેતર આર્યપ્રજા ઇશ્વરના બે સ્વરૂપો કલ્પે છે.

બ્રહ્મ અને બ્રહ્મા–બ્રહ્માને જગત્ કર્ત્તા અને બ્રહ્મસ્વરૂપ અકર્તૃત્વવાળું લેખે છે. આવી ચર્ચામાં ઉતરવાનું ઇષ્ટ ન ગણી હાલ જૈનપ્રજાને કંઇ ઉત્સાહક પગલું મળે, તેમજ જૈનેતર સાથે સમજુતી કરી શકે તેટલું બલ જૈનપ્રજામાં આવે ત્યાંસુધી એક બીજી પદ્ધતિ અને તે પણ શાસ્ત્રજ્ઞાનના ઉંડા આશયને અનુકુળ એવી સાદર કરી છે. એવી આશા રહે છે કે નવીન જૈનપ્રજાને તે બુદ્ધિગમ્ય થઇ શકશે, અર્થાત્ આ વિષયમાં હાલ અને પ્રાચીન કાળમાં ઘણેક સ્થળે યોજાયેલી વ્યતિરેક કે નિષેધાત્મક પદ્ધતિનો ઉપયોગ કર્યા વિના અન્વય કે વિધ્યાત્મક પદ્ધતિને યોજી ઘણાક દ્રષ્ટાંતથી એવું દેખાડવા પ્રયત્ન સેવ્યો છે કે **આત્મા** પોતાની સ્વાભાવિક કર્તૃત્વદશામાં નિજગુણનો કર્ત્તા છે, પણ વિભાવિક કર્તૃત્વદશામાં જગતનો કર્ત્તા છે અને તે ઘણાક ઉદાહરણો આપી દેખાડેલું છે.

પાંચ અનુવ્રત અને તેની કસોટી.

આ વિષયમાં અનુવ્રતો પણ કેવી સિદ્ધિ ઉત્પન્ન કરી શકે છે, અને તે આત્મપરીક્ષા કરવામાં તે કેવી ઉપયોગી છે. તે સંબંધી પોતાનો અનુભવ જાહેર કર્યો છે.

જૈનધર્મનું સ્વરૂપ (લાલનને કેવું દેખાય છે ?)

આ વિષયને વાંચતાં વાંચનાર જેવું જિનભગવાનનું સ્વરૂપ દે/ર્ક

છે તેવુંજ જિનધર્મનું સ્વરૂપ હાલ વિદ્યમાન છે એવું જોઇ શકશે.

ચડતા આત્મા (to the progressive soul) ને ગુણદ્રષ્ટિવડે બહિરાત્મા પણ કેવો રમણિય દેખાય છે?

બાહિરાત્મા "અઘરૂપ" કે "પાપરૂપ" છે એ ખરૂં છે, પરંતુ સાપેક્ષ છે. એટલે કોઇ અપેક્ષાએ તે અનઘ કે પુણ્યરૂપ પણ છે અને તે કઇ અપેક્ષા, એ ઉદાહરણો પૂર્વક દાખવી બહિરાત્મા શુભ (પૂણ્ય) તરફ વળે તો પોતાની ઉન્નતિ કેટલી હદ સુધી વધારી શકે તેની ઉચ્ચમાં ઉચ્ચ સીમા આ વિષયમાં લેખકને સ્ફુરી તે જણાવી છે.

દર્શન પ્રકાશ કેવો સુંદર છે?

આત્મામાં અનેક ગુણો છે. અને તેથી આત્મજિજ્ઞાસાના બાળ અભ્યાસીઓને જેમ સૂર્યના પ્રકાશવડે સૂર્યનું જ્ઞાન થાય છે, તેમ આત્માનાજ ગુણવડે પ્રથમ તેના ગુણોનું જ્ઞાન અને તે ગુણોના પ્રકાશવડે આત્માનુ જ્ઞાન થઈ શકે. માટે કેટલીક બુદ્ધિગમ્ય યુક્તિ અપેક્ષા પૂર્વક આ વિષયમાં દાખવી છે. જેમ દર્શનગુણ, તેમ આત્માના જ્ઞાનગુણ, વીર્યગુણ વગેરેપર વિષયો લખેલ પરંતુ તેનો સંગ્રહ થઇ શકયો નથી. આગળપર છપાનાર ભાગોમાં મળી શકશે તો પ્રગટ પણ થશે.

ઉપયોગ સહિત અને ઉપયોગ રહિત ધર્મક્રિયાના ફળોમાં દેખાતો મહદ્ અંતર.

ઉપયોગ સહિત ક્રિયાનો આનંદ આમાં દાખવવામાં આવ્યો છે.

મુક્તિ ન મળવાનું એક કારણ.

આ વિષયમાં એવી એક સહજ યુક્તિ જે લેખકને સ્ફુરી તે અને પોતાને તે લાગુ પાડવાનો યત્ન કર્યો અને કરે છે તે યુક્તિ, મુક્તિના કામી જનોને લાભદાયક કંઇ થઇ શકે એવા હેતુથી લખી છે. અને તે એ કે જેમ ચોરી કરનાર, કે કોઇનું પચાવી પાડનાર, કે લુટનારને રાજા કેદમાં–બંધનમાં રાખે છે અને તેમાંથી છૂટવાને ચોરી કરેલી વગેરે કબુલ કરી, જેનો માલ ચોર્યો હોય તેને તે પાછો

સુપ્રત કરનારને, અને હવે પછી તેવી ચોરી નહિં કરવાની અંતઃકરણ પૂર્વક પ્રતિજ્ઞા કરનારાને કેટલાક રાજાઓ બંધીખાંનામાંથી મુક્ત કરે છે—અર્થાત્ મુક્તિ આપે છે; તેમ શુદ્ધઆત્મા અને તેના શુદ્ધ ગુણ સિવાય, બીજા પાંચે દ્રવ્યો, અને તેની વસ્તુઓ જીવે ચોરેલ છે, લૂટેલ છે, તેને એટલે જેના પર્યાય છે તેને પાછી સુપ્રત ત્રિકરણે કરવામાં આવે અને પોતે પોતાની આત્મઋદ્ધિમાં મગ્ન રહે તો મુક્તિ આપોઆપ તેની ભણી દોડી આવે છે.

ઉપર જણાવેલા અને તેવા બીજા વિષયો શુદ્ધ આત્માનુભવના છે એમ નહિં પરંતુ મનની ઉચ્ચ અવસ્થાપરથી—ધ્યાન—અવસ્થાથી ઉતરતાં સ્ફૂરેલા છે આત્માનુભવ શબ્દમાં ગુંથવો અશક્ય નથી પરંતુ દુઃશકય છે. તથાપિ પોતાના ક્ષયોપશમ પ્રમાણે આત્મપ્રિય બાંધવોને અને બ્હેનોને દિગ્દર્શન થાય માટે વિસ્તારપૂર્વક લેખકે પોતાના સહજસમાધિ, સવીર્યધ્યાન, સ્વાનુભવદર્પણ, દિવ્યજ્યોતિ Gospel of Man વગેરે ગ્રંથોમાં જે આત્માનુભવ કંઇક નાના પ્રકારે જણાવ્યો છે; ત્યાં જોવું.

મનનાત્મક વિષયો.

(૧) આત્મનિંદા એ ગુણ કે અવગુણ ? અને (૨) પોતાની નિંદા કરવી કરાવવી તેમાં લાભ શો ?

પહેલો વિષય 'આનંદ' માસિકના પ્રથમ અંકની પ્રથમાવૃતિમાં અને બીજો વિષય "આનંદની" છઠ્ઠા વર્ષની જન્મગાંઠને દીને પ્રસિદ્ધ થયેલ છે.

આ વિષયોમાં આત્મનિંદા કેટલે અંશે ગુણાવહ અને કઈ અપેક્ષાએ દોષોત્પાદક છે, તેમજ આત્મપ્રશંસા કયે અર્થે પોતાને નુકસાન કરનાર અને કયે અર્થે લાભદાયક છે, તેની સીમા દાખવી છે. આત્મનિંદા, આત્મપ્રશંસા અને આત્મખ્યાતિની સીમા દાખવવાનો આ વિષયોમાં પ્રયત્ન સેવ્યો છે.

પરમાત્મા ક્યાં મળે ?

આ વિષયમાં સ્વયંભૂરમણ સમુદ્રે પાણી પોતામાં શોધ્યું હોત તો તેને સત્વર મલત. અને આટલા ફાંફાં નહિં મારવા પડત; એમ સૂચવ્યું છે. એ સ્વયંભૂરમણની દંતકથા દ્રષ્ટાંતરૂપે "આનંદ"માસિકના એક અંકમાં આપેલ, ત્યારપછી તરતજ આ વિષય લખેલ હોવાથી તે દ્રષ્ટાંત વાંચકોના લક્ષગત હશે એવું ગણી તે દંતકથા છે, એવું પુનઃ નહીં લખેલ હોવાથી ગેરસમજ થવાનો સંભવ જેને રહેતો હોય તેમણે પોતાની ખરી સમજ માટે આ વાટિકાંના કર્ત્તાના સ્વાનુભવદર્પણ નામના પુસ્તકનાં પાનાં ૪૪ માં જોવું એવી ભલામણ છે.

મનુષ્ય જન્મ દુર્લભ છે કે અલભ્ય ?

આ વિષયપર મનન કરતાં એમ દેખાયું કે તે અલભ્ય છે, દુર્લભ છે, લભ્ય છે અને સુલભ પણ છે; અને તે કોને કોને ? એ અત્રે જણાવવાનું ઉચિત્ત ધાર્યું છે.

મનુષ્ય કેવળ સ્વાધિન છે કે પરાધિન ?

મનુષ્ય પોતે કેવો છે, તેનાપર મનન કરતાં કરતાં તેનું પરાધિનતાપણું ઘણું દેખાયું, તેના સ્વાધિનપણાપર મનન કરતાં તે પણ કંઇ ઓછું જણાયું નહિં. ઉભયપર વિચાર કરતાં પ્રારંભે મનુષ્ય પરાધિન અને તેમાંથી તે કયે પ્રકારે વિવિધ આલંબનોવડે સ્વાધિનતાપર આવતો જઇ સ્વતંત્ર થાય છે તે દાખવ્યું છે. એટલુંજ નહિં પરંતુ અયોગ્ય પરાધિનતાના કુવામાં જન્મારા સુધી પડી રહેતા, અને અયોગ્ય સ્વતંત્રતાનો ફાંકો રાખનાર ક્યાં અને કેવી ભૂલ કરે છે તે દાખવી, તેને સ્વાધિન કરવામાં સ્હાય આપનારાનો વિનય તેણે કેવી રીતે સાચવવો જોઇએ તે સૂચવ્યું છે; કે જેથી મનુષ્યને સ્વાતંત્ર્યનું ઉત્સાહક પગલું હાથ લાગે. અને પરાધિનતામાંથી ઉદ્‌ભવતું નિર્માલ્યપણું. અને સ્વતંત્રતામાંથી ઉદ્‌ભવતી ઉછૃંખલતા પ્રજાવર્ગમાંથી, ધર્મસંસ્થામાંથી, શિક્ષણશાળામાંથી દૂર થાય એવો Evolutionary ઉન્નતિક્રમ દાખવ્યો છે.

સાંસારિક અને ધાર્મિક જીવનમાં કોણ વિજય પામશે?

Who will succeed in life, both Social and Spiritual ?

આ વિષય જૈનશ્વેતાંબર કોન્ફરન્સના ઉત્પાદક લોકપ્રિય શેઠ ગુલાબચંદ ઢઢ્ઢા એમ. એ. ના પ્રમુખપણા નીચે આપેલ ભાષણ રૂપે છે અને તેનો ગુજરાતી ભાષામાં લેવાએલ રીપોર્ટ (જે સંગ્રહમાં મલી આવ્યો) અહીં આપેલ છે. આ વિષયમાં એમ દાખવ્યું છે કે ભૂતકાળ જે મરણ પામેલ છે, તેને જુના ખંડેરમાં શોધનારાને નહિં અને ભવિષ્યકાળ જે જન્મ્યો નથી, તેને હવાઈ કિલ્લા સુધી પોતાની ભાવનાને લંબાવવાથી નહિં પરંતુ અખીલ ભૂતકાળના બાળકરૂપે જન્મેલા, અને અખિલ ભવિષ્યકાળના પિતા તરીકે પોતાનો દાવો કરતા આ વર્તમાનકાળમાં પોતાનું ધાર્મિક જીવન અને સંસારિક જીવન જે સમ્પૂર્ણ રીતે દેખી શકશે તેજ વિજયની વરમાળ પહેરશે એમ દાખવ્યું છે.

આભ્યાસિક વિષયો.

૧ કર્મબંધના ચાર પ્રકાર.
૨ આપણામાં ધાર્મિકજ્ઞાન કેમ વધે ?
૩ યોગવિદ્યા.
૪ શાંતિનો માર્ગ.
૫ જાતિસ્મરણજ્ઞાન કેવી રીતે ઉદ્ભવે ?
૬ પંચપરમેષ્ટિ ગુણરત્નમાલા.
૭ જૈનધર્મનું મૂલ અને તેવડે સ્વરૂપ પ્રાપ્તિ.

આ છેલ્લો આભ્યાસિક વિષય રતલામવાસી એક સુશ્રાવકે આપેલા લેશનની પ્રસાદીરૂપે છે. આ સાતે વિષયો લાલનને હજી અભ્યાસના છે. આ વાટિકામાં યોગ્યસ્થાન તેમને પણ આપવામાં આવ્યું છે.

૪ પ્રવાશ અને અવલોકન.

હિંદની જાતને, ધર્મને, દેશને માટે જે જે શિક્ષણીય જણાયું તે તે નીચેના વિષયોમાં દાખવ્યું છે.

એટલે કે 'સંપવડે જૈનતા, 'સમુદાયમાંથી સમાજ કેમ બની શકે ?" 'સુસંપફળો' 'યૂરોપીય વિશાળ મતિમાંથી લેવા યોગ્ય શિક્ષણ.' (પાનું ૮૫-૧૩૭)' સર્વત્ર સંપની સુશકયતા,' 'પશ્ચિમનો અનુભવ.' 'અખુટધન કર્યા છે'? 'પ્રોફેસર ગેરીનો અને જૈન ધર્મજ્ઞાન.' 'વીરનંદીનો ચોપડો (Satire) 'પંડિત લાલનનો પ્રવાશ,' પંડિત લાલનથી લંડનમાં કરાતા કાર્યો,' આ વિષયો પ્રવાશ અને અવલોકનના વિષયમાં સમાવેશ પામી શકે એવું જણાય છે.

૫ ચર્ચાત્મક વિષયો.

જૈનમાં નવીન પંથની ઝાંખી અને તેનું સમાધાન.

૧ આ વિષય મુનીરાજશ્રી (હાલ આચાર્યશ્રી) બુદ્ધિસાગરજી મહારાજના લેખપર ચર્ચારૂપે Harmony હાર્મનીની સહીથી "સાંજવર્તમાન" પત્રમાં આપેલ હતો. લાલનના કોઇ લેખ ઘણુંકરી એવા નથી કે તેમાં પોતાનુંનામ છેડે ન આપ્યું હોય, માત્ર આ લેખ અને બીજા બે કે ત્રણ લેખ હશે. એટલે કે ગુણાનુરાગી એવી સહીથી એક જૈનધર્મપ્રકાશમાં અને ગુણદ્રષ્ટિ એવો એક જૈનમાં. આ સિવાય પોતાનું નામ છૂપાવવાનો દોષ લાલને કર્યો હોય એમ સ્મરણમાં નથી.

૨—મુનિરાજ શ્રી શાંતિવિજયે કરેલ ચર્ચાનો ઉપસંહાર—**મોક્ષ પ્રાપ્તિમાં શ્રદ્ધાગુણ અવલ છે કે શાંત્યાદિગુણ ?**

આ વિષયમાં લાલનનો ક્ષયોપશમ એમ કહેછે કે આત્માનુભવ કે શુદ્ધ સમ્યકત્વ પ્રાપ્ત થયાવિના નાના પ્રકારની શુભ ક્રિયાવડે ઉચ્ચગતિઓ જીવ પામે, પરંતુ તત્વાર્થ સૂત્રનો ઉપસંહાર કરતાં શ્રીમદ્ ઉમાસ્વામી લખેછે તેમ પ્રથમ પ્રશમ (શાંતિ) પછી સંવેગ,

પછી નિર્વેદ, અનુકંપા, અને છેવટે આસ્તિકય ઉદ્દભવે તોજ મોક્ષ પોતામાં પ્રગટી નીકળે.

આ આસ્તિકય તેજ સમ્યગદર્શન કે શુદ્ધ શ્રદ્ધા ગણાય આજ નૈસર્ગ સમ્યકત્વ મનાય એમ લાલનને લાગતું હતું. તેપર આ ચર્ચા મહારાજશ્રી શાંતિવિજય અને લઘુતમ લાલન સાથે ચાલેલ હતી. કંઇક વિશેષ સ્પષ્ટતાની ખાતર અહીં જણાવવું જરૂરનું છે કે જીવ ચોરાશી લાખ યોનિમાં ભમતાં ભમતાં નદી ગોલકન્યાયે કંઇ વિરમે–થાકે–શાંત થાય ત્યારે પોતાના સંબંધી વિચાર કરે, એટલે જરા શાંત રહી વિચાર કરે આત્માભિમુખ થાય ત્યારે આત્મદર્શન તરફ વળ્યો સમજાય. પછી જેટલો જેટલો વિશેષ વિશેષ આત્માતરફ-તેના ગુણોતરફ દોડ કરે તેટલો તેટલો તેમાં સંવેગ છે એમ મનાય. જેટલો જેટલો પરભાવ તરફ નિવર્ત થતો જાય તેટલો તેટલો તેમાં નિર્વેદ પ્રાપ્ત થાય. આમ કંઇકિ શાંતિ વડે (પ્રકાશ) પામ્યા પછી એક તરફ સંવેગ (દોડ) વડે આત્માતરફ વધતું જતું વલણ અને નિર્વેદથી પરભાવનો ઉત્તરોત્તર ત્યાગ, આમ ત્રણ અનુક્રમે થાય, ત્યારે જીવમાં પોતાના આત્માની પૂર્વાવસ્થા જેમાં કષાયો અવિચ્છિન્ન પણે ચાલતા હતા તે આત્મસ્થિતિપર પોતાને કરૂણા આવે, તેમાથી પોતાને મુક્ત કરવાની તીવ્ર ઇચ્છા જાગૃત જે પ્રશમ કાળે ઉદ્દભવી હતી તેની અપેક્ષાએ નિર્વેદ થતાં વિશેષ સ્ફુરી અનુકમ્પા, કરૂણા ઉત્પન્ન કરાવે, અને આમ કરૂણાજળથી નિર્મળ થયેલો આત્મા, કર્મના–કષાયના અનંત અનુબંધો ધોવાઇ આસ્તિકય એટલે સમ્યગ્દર્શન પામે. વ્યવહારે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને નિશ્ચયે દર્શન જ્ઞાન ચારિત્રમાં તફાવત છે. નિશ્ચયે એ ત્રિપુટિ અનુભવ વિના ન થાય માટે સમ્યગ્દર્શન કે જેવો આત્મા છે તેવોજ અનુભવે અને જેવાં પરદ્રવ્યો છે તેવાં જ્ઞાને દેખે એટલે કે મહારાજશ્રી ઉમાસ્વાતિ સ્વામીએ તત્ત્વાર્થ સૂત્રનો ઉપસંહાર કરતાં ભાષ્યમાં લખેલ છે. કે પ્રથમ પ્રશમ, પછી સંવેગ, પછી નિર્વેદ, પછી અનુકંપા અને છેવટે આસ્તિકય આત્મસ્વરૂપમાં

અખંડ શ્રદ્ધા થાય તે મોક્ષ પ્રાપ્તિમાં અવલ ગુણ ગણાય. અર્થાત્ સમ્યગ્દર્શન એ મોક્ષ પ્રાપ્તિનું મૂળ છે તો શાંતિ કે પ્રશમ તે મોક્ષ પ્રાપ્તિમાં એ મૂળનું પણ બીજ છે.

સંવેગ એ હવા, નિર્વેદ એ રાપણી, અનુકમ્પા જલ, આસ્તિક્ય conviction રૂપે થયા, તેમ દર્શન, સમ્યક્ થવા એ ચારે ગુણોની અવલથી પણ અવલ જરૂર છે એમ લાલનને ભાસે છે. કોઇ તેમને શાસ્ત્રાનુસારે બુદ્ધિગમ્ય થાય એવી રીતે સમજાવે કે પ્રશમાદિની પ્રથમ જરૂર નથી, શુદ્ધ સમ્યગ્દર્શન તેની પૂર્વે પ્રાપ્ત થાય છે, તો તે શિર્ષાવંદ્ય કરી સ્વિકારશે.

ઉપર લખેલ વિષયમાં ચર્ચાકાળે લાલનના ક્ષયોપશમ પ્રમાણે તેના વિચારો કેવા હતા તેનું તે માત્ર દર્શન છે, પરંતુ તેથી એમ સમજવાનું નથી કે કોઇ બુદ્ધિગમ્ય કરાવી, તેનાથી બીજો માર્ગ દેખાડે તે લાલન ન સ્વિકારે.

૪ શાશન ઉન્નતિનું મુખ્ય કારણ શું ? આત્મબળ શાસ્ત્રબળ કે બાહ્ય આડંબર ?

આ વિષય સંવાદરૂપે જૈનપેપરમાં આવેલ છે, તેપરથી સંગ્રહિત થયેલ છે. આ વિષયની ઉત્પત્તિ, નિચે પ્રમાણે છે.

સાહિત્યપ્રિય મહારાજશ્રી વિદ્યાવિજયજીએ એવો એક વિષય આપેલ હતો કે 'શાશન ઉન્નતિનો મૂખ્ય ઉપાય કયો' ? આ વિષયના અનુમોદનમાં લાલને એક વિષય એજ 'જૈન' પેપરમાં આપ્યો હતો. પરંતુ તેમના એક પોંઇટપર એટલે ચારિત્ર Character વિષયમાં સહજ મતભેદ થયો હોય એમ સમજાયું. એ Character કે ચારિત્ર જેનો સમાવેશ લાલને આત્મબળમાં કરેલ હતો. આટલાપરથી આ ઉપયોગી ચર્ચા સંવાદરૂપે જાહેરમાં થાય તો ઘણા જીજ્ઞાસુઓને લાભ થાય એવું સમજી, લાલને પોતાના "સદ્વક્તા" નામના ગ્રંથમાં જે પદ્ધતિથી સંવાદ કરેલ છે તે અખત્યાર કરી, જૈનમાં ઉપલો પ્રશ્ન ઉપસ્થિત કરવા એક ઉપોદ્ઘાત લખ્યો. અને ઉપસંહારમાં પોતાનો છેવટનો અભિપ્રાય જણાવવા સૂચવ્યું અને બીજા લેખકોને

તે ત્રણ પોઇંટમાંના એક પોઇંટ લેઇ પોતાના અભિપ્રાય જણાવવાનું પણ સાથે સાથે ફુટનોટમાં જણાવ્યું. (જુઓ પૃષ્ટ ૨૯૦) પરંતુ બન્યું એવું કે વીરચંદ પદમસી લાલન નામના એક સંવાદકે જ્યારે આડંબરને મુખ્ય ગણ્યો, ત્યારે એક મુનિમહારાજે આત્મબળને શ્રેષ્ટ દાખવવા મજબુત દલીલો રજુ કરી, અને તે એટલેસૂધી કે બીજા ઉભય બળનું ખંડન કરી તેને યથાર્થ રીતે ગૌણુકરી દાખવ્યા અર્થાત્ જેમ ઉપસંહાર કરનારે કરવું જોઇએ તે કામ મહારાજશ્રીએ ઘણીજ સારી રીતે બજાવ્યું. જેથી ઉપસંહાર લખવાની એટલીજ જરૂર રહી કે મહારાજશ્રીના વિચાર લઘુતમલાલનને શિર્ષાવંદ્ય છે. પરંતુ એટલું પણ જણાવવાનો પ્રસંગ વિદેશગમનને લઇ મળ્યો હોય એમ જણાતું નથી, માટે પોતાની સંમતિ મહારાજશ્રીના અભિપ્રાય સાથે એક વાકયતા રૂપ છે અને વિશેષમાં જે તેના સંબંધમાં જણાવવાનું હતું તે પ્રમાણે હાલ ટુંકામાં જણાવી દે છે કે શાશન ઉન્નતિમાં ત્રણે બળની અગત્ય છે. પરંતુ એ અગત્યતામાં આ... ધાર્મિક બળનો કેટલો હિસ્સો પ્રત્યેક બળને આપવો તે તેણે ...થી નિશ્ચયને વ્યવહારમાં પ્રવૃતિ આપવા આ પ્રમાણે રચેલો છે, એટ... કે બાહ્ય આડંબરનો જે અંશ પ્રભાવનારૂપે છે તેનેજ ઉત્તેજન આપું. અને તેમાં ધાર્મિકબળ Spiritual energy એકદશાંશ કે દશ ટકા, શાસ્ત્રબળમાં ત્રીશ ટકા અને આત્મબળમાં સાઠ ટકા ખર્ચ કરવો. આમ કરવામાં આવે તો લાલનના ધારવા પ્રમાણે શાશન ઉન્નતિ કંઇક યોગ્ય થતી ગણાય.

૬-૭ **પ્રશ્નોતર અને ખુલ્લાપત્રો,** આ બે શિર્ષક (હેડીંગ) નીચે સમાવેશ પામતા વિષયોપર વિવેચન કરવાની વિશેષ અગત્ય નથી, કારણ કે તે પોતેજ ખુલ્લેખુલ્લાં છે.

હૃદયના ઉંડા ભાગમાંથી સ્ફુરતા વિચારોના અતિવેગને લઇ, ભાષણો અને લેખોદ્વારા તેમને પ્રગટકરતાં વિચાર સંકલના કે ભાષાની વાકયશૃંખલા કોઇ કોઇ જગોએ વાચક બાંધવોને તૂટીત

લાગશે અને કાંઈક અંકોડાઓ તેઓને ઉમેરવા પણ પડશે, એવું વાંચી જોતાં લેખકને પોતાને જણાય છે. તથાપિ લેખકને ભરૂસો છે કે આસપાસના વિસ્તારી વિવેચનથી લેખકનો ભાવ વિચારક વાંચકોને સમજાયા વિના રહેશે નહિં.

સામાન્ય મનુષ્યોનું મન સંસારકાદવમાંથી નીકળી ધ્યાનરૂપ આકાશમાં જ્યારે વિચરે છે, ત્યારે તે પોતાની સ્વતંત્રતા અનુભવે છે. જે મન સંસારનુ ગુલામ થયેલું તેજ મન સંસારનું અધિપતિ-પણું ભોગવતું હોય એમ જણાય છે. અમેરિકાના અધ્યાત્મિ એમર્સન પોતાને મનની કોઇ ઉચ્ચ અવસ્થામાં નિચે પ્રમાણે ગણે છે.

"હું અખિલ બ્રહ્માંડનો, સપ્તઋષિનો અને સૌર્ય વર્ષનો પ્રભુ છું. અર્જુનના હસ્ત (શૌર્ય) નો, બ્રહસ્પતિના મસ્તક (બુદ્ધિ) નો, બુદ્ધના હૃદય (પ્રેમ) નો, અને કાળિદાસના કંઠ (કવિતા) નો પ્રભુ છું."

પરમાત્માને આપણે ત્રિભુવનનાથ તરિકે ઓળખીએ છીએ.

સ્વામીરામતીર્થ પોતાને જગતનો બાદશાહ (રામબાદશાહ) મનની ઉચ્ચ અવસ્થામાં સમજે છે. એજ રીતે લેખક, મનુષ્યોને આને પોતાને છ દ્રવ્યોના એટલે સકળ વિશ્વના અધિપતિરૂપે સમજે છે.

અલબત આ કલ્પના છે, એવું તે સ્વિકારે છે પરંતુ એ કલ્પના શાંતિપામતા મનની કોઇ ઉચ્ચ અવસ્થામાંથી જન્મેલી છે. વસ્તુતઃ છએ દ્રવ્યો પોતપોતાના સ્વભાવમાંજ રહે છે. નિશ્ચયથી કોઈ કોઇનો સ્વભાવ છોડતું નથી. તથાપિ આત્મા જ્યારે મનની સાથે એકતા પામે છે, ત્યારે મન નિચ કોટીમાં હોય તો પોતાને નિચ સમજે છે, અને ઉચ્ચ કોટીમાં હોય તો પોતાને ઉચ્ચ. આને જૈનશાસ્ત્રજ નહિં પણ ઇતર આર્યશાસ્ત્રો અને પાશ્ચાત્ય શાસ્ત્રો પણ વ્યવહાર-આત્મા Natural Soul ગણે છે.

વ્યવહારે હવે જ્યાં સુધી તે પોતાના સ્વભાવને અનુભવે નહિં ત્યાં સુધી જો પાપના—વિષયોના—કષાયોના પંજામાં ફસાય તો તે ત્રણે લોકનો ગુલામ છે—દાસ છે—સંસાર કેદી છે; અને તેમાંથી

તેને મુક્ત થવાની અગત્ય છે. પરંતુ જો તે પૂણ્યપથે વહે—સન્માર્ગે વર્તે, સ્વપરના ઉપકારમાં પોતાનું જીવન ગાળે, ક્ષમાદિ ગુણોથી પોતાના મનને સુવાસિત કરે, સર્વ આત્માને પોતા સરખા ગણે; તો તે મન-રૂપ આત્મા સ્વતંત્ર છે, મુક્ત છે. પરમાં યથાશક્તિ અલિપ્ત રહી તેનું વ્યવહારિક સ્વામીપણું ભોગવે છે.

નિશ્ચયથી જોતાં આત્માનું સ્વામીપણું પરદ્રવ્યપર નથી, નથી પરદ્રવ્યનું સ્વામીપણું આત્માપર. નિશ્ચયથી આત્મા પર ઉભય સ્વતંત્રછે. વ્યવહારે પરદ્રવ્યનો આત્મા દાસ છે અને વ્યવહારે પરદ્રવ્યનો આત્મા પ્રભુ પણ છે.

આત્મા પોતાની અજ્ઞાન અવસ્થામાં—મનની મુંઝવણમાં—માયાના મોહમાં, પોતાને આસપાસ રહેલું જગત્ (સર્વ પદાર્થો) દુઃખ આપનાર માને છે. પરંતુ જે જે અંશે તે પોતાને સમજતો જાય છે, તે તે અંશે તેજ જગત્, તેજ દ્રવ્યો—પદાર્થો—પૂણ્યના—સુખના સાધન-રૂપ લાગે છે—સુખરૂપ લાગે છે. અલબત પાપ એ ખરૂં દુઃખ નથી, નથી પૂણ્ય એ ખરૂં સુખ; ખરૂં દુઃખ માત્ર અજ્ઞાન છે, ખરૂં સુખ જ્ઞાન છે. જેમ પૂણ્યપાપ, તેમજ બંધમોક્ષ વ્યવહારે ખરાં છે, તેમ નિશ્ચયથી નહિં.

આ પરથી કેહેવાનું તાત્પર્ય એકે આ સંગ્રહમાં આવેલા વિષયો વિશેષ કરીને ગુણદ્રષ્ટિના, સમદ્રષ્ટિના, શુભદ્રષ્ટિના Optimistic રૂપે છે. આત્મસ્વરૂપ વાણીમાં લાવવું દુઃશક્ય છે, એટલા માટે જાહેર વ્યાખ્યાનો કે લેખોમાં તે સંબંધે ઉલ્લેખ લેખકથી ક્વચિતજ થયેલો છે. તે છતાં જે કંઈ આત્મસ્વરૂપ-ખ્યાતિ માટે લખાયું છે તે જોવાની જેઓને જિજ્ઞાસા હોય, તેમણે આગળ કહ્યું તેમ સહજસમાધિ, સવીર્યધ્યાન, સ્વાનુભવદર્પણ, પરમજ્યોતિ પંચવિંશતી, આત્મકુલક અને Gospel of Man ગૉસ્પેલ ઑફ્ મૅન્ વગેરે લેખકનાં પુસ્તકો વાંચવાં.

આટલા વિવેચન પછી અને લેખકના મનોગમ અવતરણો જે મુખ પૃષ્ટની પછવાડે આપેલાં છે તે જોયા પછી ગ્રંથ સમજવો ઘણુંકરીને કઠિણ નહિં થશે, છતાં કોઈ જિજ્ઞાસુને પૂછવાની અગત્ય જણાય તો તેણે તેનાપર લખવાની કૃપા કરવી. પોતાના ક્ષયોપશમ પ્રમાણે તે ઉત્તર આપવા અવશ્ય પ્રયત્ન કરશે અને પોતાની જ્યાં ગતિ નથી, ત્યાં આગલ પોતા કરતાં ઉચ્ચ કોટીના વિદ્વાનને —અનુભવિયોને મળી—જાણી ઉત્તર આપશે.

૧૪૦—૧૪૨ લઘુતમ

ગુલાલવાડી. મુંબઇ. **લાલન.**

તા. ૧૧—૯—૧૪

વિષયાનુક્રમ.

સૂચના—આ આત્મવાટિકામાં જે વિષયોનો સંગ્રહ કરવામાં આવ્યો છે, તેઓના સાત વિભાગ પડી શકે એમ લાગે છે. કેટલાક (૧) આનુભવિક (Intuitional) છે, જેને "આનુ" એવી નિશાનીથી; કેટલાક (૨) મનનાત્મક (Contemplative) જેને "મન"; કેટલાક (૩) આભ્યાસિક (Tuitional) જેને, 'આભ્યા', કેટલાક (૪) પ્રવાસ સંબંધી, જેને 'પ્રવા'. કેટલાક ચર્ચાત્મક, (૫) જેને "ચર્ચા" કેટલાક (૬) પ્રશ્નોત્તર, જેને " પ્રશ્ન ", અને કેટલાક વિષયોનો સંગ્રહ ખુલા પત્ર, જેને " પત્ર " એવા ચિન્હોથી જણાવવામાં આવ્યા છે, અને ઉભયનો સમાવેશ થાય ત્યાં બે ચિન્હો પણ કરવામાં આવ્યાં છે. વળી ભાષણો અને લેખો તે તે નામોથી જણાવવામાં આવ્યા છે.

વિષયાનુક્રમ. પૃષ્ઠ.

૧	ત્રિશેષકોણ ૭ ખંડને સાધનાર ભરતમ્હારાજ કે છ દ્રવ્યને સાધનાર આત્મા ? "આનુ" લેખ.	૧
૨	સ્વાભાવિક શું અને વિભાવિક શું ? "આનુ", લેખ.	૭
૩	આત્મજ્ઞાનમાં પ્રવેશ કરવાનો સહજ ઉપાય. "આભ્યા": લેખ.	૧૦
૪	કઈ અપેક્ષાએ જગતકર્તા આત્મા ? આનુ. લેખ.	૧૬
૫	મમત્વત્યાગાનુભવ, "આનુ" લેખ.	૧૮
૬	ચડતા આત્માને, ગુણદ્રષ્ટિવડે બહિરાત્મા પણ કેવો રમણીય દેખાય છે ! "આનુ" લેખ.	૨૧
૭	કર્મબંધના ચાર પ્રકાર "આભ્યા" લેખ.	૨૮
૮	મુક્તિ ન મળવાનું એક કારણ "આનુ" લેખ.	૩૪
૯	આત્મનિંદા એ ગુણ કે અવગુણ ? "મન" લેખ.	૩૮
૧૦	પોતાની નિંદા કરવી કે કરાવવી તેમાં લાભ શો સમાયેલો છે ? "મન" લેખ.	૪૧
૧૧	પરમાત્મા ક્યાં મળે ? "આનુ" લેખ.	૪૭
૧૨	દર્શન પ્રકાશ કેવો છે ? "આનુ" લેખ.	૫૦
૧૩	ઉપયોગ સહિત અને ઉપયોગ રહિત ધર્મક્રિયાના ફળમાં દેખાતો મહાન્ અંતર. 'આનુ—મન—લેખ.	૫૪
૧૪	સંપવડે જૈનતા.'આભ્યા" ભાષણ.	૫૯
૧૫	સમુદાયમાંથી સમાજ કેમ બની શકે ? "મન" ભાષણ.	૬૫
૧૬	સુસંપફળા 'આભ્યા'મન" ભાષણ.	૭૦
૧૭	મનુષ્ય જન્મ દુર્લભ છે કે અલભ્ય છે ? 'મન" લેખ.	૭૫
૧૮	મનુષ્ય કેવળ સ્વાધીન છે કે પરાધીન ? 'મન" લેખ.	૭૮

૧૯ યૂરોપી વિશાળ મતિમાંથી લેવા યોગ્ય શિક્ષણ–પ્રવાસ–ભાષણ. ૮૫

૨૦ આપણે હાલ અને હવે પછી 'મન", ભાષણ. ૯૪

૨૧ આપણા વિજયની કુંચી કઇ ? 'આભ્યા,–મન–," ભાષણ. ૯૭

૨૨ સર્વત્ર સંપની સુશકયતા. 'આભ્યા–મન" ભાષણ. ૯૮

૨૩ પંચપરમેષ્ટિના ગુણ આપણામાં કેમ આવે ? 'મન" ભાષણ. ૧૦૦

૨૪ પશ્ચિમનો અનુભવ. પ્રવાસ. ભાષણ. ૧૦૪

૨૫ સાંસારિક અને ધાર્મિક જીવનમાં કોણ વિજય પામશે? 'મન' ભાષણ. ૧૧૧

૨૬ આપણું હૃદય શામાં છે ? આભ્યા. વિવેચન. ૧૧૭

૨૭ નાત જાતમાં સુધારા કરવામાં વ્યવહારૂ ઉપાય કયા છે ? 'આભ્યા"–મન લેખ. ૧૧૮

૨૮ આપણામાં ધાર્મિકજ્ઞાન કેમ વધે ? 'આત્મ મન–ભાષણ. ૧૨૧

૨૯ જૈનધર્મ સાથે આપણો સંબંધ. 'આભ્યા"મન ભાષણ. ૧૨૪

૩૦ જીવદયા. 'આભ્યા" મન વિવેચન. ૧૨૯

૩૧ પુસ્તક ભંડાર–,, ,, ,, ૧૩૧

૩૨ શીલા લેખો. ,, ,, ,, ૧૩૩

૩૩ ધાર્મિક હિસાબની તપાસણી. 'આભ્યા" મન વિવેચન. ૧૩૩

૩૪ સંપ. 'આભ્યા" મન વિવેચન. ૧૩૩

૩૫ અખુટધન કયાં છે ? 'આનુ" ભાષણ. ૧૩૪

૩૬ યૂરોપીય વિશાળ મતિમાંથી આપણે શું શીખવાનું છે ? બીજો પ્રવાસ ભાષણ. ૧૩૭

૩૭ યોગવિદ્યા–૧–૨–૩. 'મનન" ભાષણો. ૧૩૯

૩૮ પ્રોફેસર ગેરીનો અને જૈન ધર્મજ્ઞાન. પ્રવાસ ભાષણ. ૧૫૩

૩૯ પંચઅણુવ્રત અને તેની કસોટી. 'આભ્યા" મનન. લેખ. ૧૫૬

૪૦ જૈનમાં નવીન પંથની ઝાંખી અને તેનું સમાધાન.

'ચર્ચા" લેખ. ૧૬૬

૪૧ જૈનધર્મનો જગતને સંદેશો. 'આનુ-આભ્યા-મનન ભાષણ. ૧૭૩.

૪૨ શાંતિનો માર્ગ-'આનુ"-ચર્ચા-લેખ. ૧૭૭

૪૩ જાતિ સ્મર્ણ જ્ઞાન કેવી રીતે થાય ? 'આભ્યા"-લેખ. ૧૮૩

૪૪ ભાવિભાવ-પુરૂષાકાર-મનન-લેખ. ૧૮૭

૪૫ શ્રી પંચપરમેષ્ટિ ગુણરત્નમાલા. 'આભ્યા" લેખ. ૧૮૮

૪૬ મુનિ મહારાજ શાંતિવિજયે કરેલ ધર્મચર્ચાનો ઉપસંહાર.
'ચર્ચા-લેખ. ૧૯૮

૪૭ જૈનધર્મનું મૂળ અને તેવડે સ્વરૂપ પ્રાપ્તિ. 'આભ્યા'-લેખ. ૨૧૬

૪૮ જૈનધર્મ ગુરૂઓ કે વિદ્વાનો આ ધર્મ જિજ્ઞાસુના પ્રશ્નોનો
ઉત્તર આપશે ? 'પ્રશ્ન'-લેખ. ૨૨૪

૪૯ વીરનંદીનો ચોપડો Satire લેખ. ૨૨૮

૫૦ પંડિત લાલનનો પ્રવાસ. પ્રવાસ-લેખ. ૨૩૩

૫૧ લાલનનો દ્વિતિય પ્રવાસ. 'પ્રવાસ'-લેખ. ૨૩૫

૫૨ ઉપયોગે ધર્મ-મન-લેખ. ૨૩૮

૫૩ જૈનો જાગો-આભ્યા-લેખ. ૨૪૫

૫૪ પંડિત લાલનનો ખુલ્લો પત્ર ખુ-પ-લેખ. ૨૪૭

૫૫ જિનધર્મનું સ્વરૂપ લાલનનેકેવું દેખાય છે ? મન-લેખ. ૨૫૫

૫૬ પંડિત લાલનથી કરાતા કાર્યો-પ્રવાસ-લેખ- ૨૬૮

૫૭ લંડન. લાલન વિચાર. અભ્યા મન-લેખ. ૨૧૭

૫૮ મુનિશ્રી માણેક મુનિને લાલનનો ખુલ્લોપત્ર. ખુ.પત્રલેખ.૨૭૫

૫૯ પ્રતિક્રમણ, અનુક્રમણ, અને અભિક્રમણ ભાવના મન લેખ. ૨૭૯

૬૦ કેટલાક મુનિવરોને સંબોધન. ખુ. પત્ર લેખ. ૨૮૩

૬૧ શાશન ઉન્નતિનો મુખ્ય ઉપાય ૨૮૯
ભિન્ન ભિન્ન દ્રષ્ટિએ. આભ્યા ચર્ચાલેખ.

૬૨ ,, ,, ,, ૨૯૨

૬૩ ,, ,, ,, ૨૯૯

૬૪ પ્રશ્નોત્તર–પ્રશ્ન–લેખ. ૩૦૧

૬૫ મોક્ષપ્રાપ્તિમાં શ્રદ્ધા ગુણ અવલ ચાહિએ કે શાંત્યાદિ ગુણ ચર્ચા લેખ. ૩૦૫

,, મહારાજશ્રી શાંતિવિજયને ખુલ્લો પત્ર, ખુ–પત્ર લેખ. ૩૧૦

શુદ્ધિ પત્ર,

પૃષ્ટ—લીટી.		અશુદ્ધ.	શુદ્ધ.
૨	૧૪	અહિંસા જીવનમાં.	મનોદર્પણરૂપ અરિસા ભુવનમાં
૨૧	૧૬	યોગદ્રષ્ટિ.	દોષદ્રષ્ટિ.
૪૨	૧૬	હવે આપણે ૭ વર્ષ. અને ૭ મહિના પછી જોઈએ.	આત્મનિંદા એ ગુણ કે અવગુણ એ વિષય પુનઃ ૭ વર્ષ અને ૭ મહિને.
૫૨	૬	દિવા કરતા.	દીવાને.
૫૯	૮	નકામા.	સકામા.
૬૧	૧૮	એકલુંજ.	એટલુંજ.
૮૦	૧૬	બચ્ચાના	બચ્ચાને
૮૯	૧૮	જનોમાં	જૈનોમાં
૯૪	૭	વૃત્તિ	વૃદ્ધિ
૧૧૧	૧૧	આંસારિક	સાંસારિક
૧૧૪	૧૬	મરવાને	મરણને
પૃષ્ટ લીટી.			
૧૨૯	૫	મોહોલાલે	મોહનલાલે
૧૩૧	૪	વેંચવામાં આવે છે	પાળવાને વેચવામાં આવે છે
૧૩૪	૮	બધા તરફ	બધાની તે તરફ

અશુદ્ધ			શુદ્ધ
,,	૧૮	ખાધું	વિલાયતની સ્ટીમરપર ખાધું
૧૪૦	૧૮	જળ	પીવાનું જળ
૧૪૩	૧૨	વાળની સંખ્યાનું	વાળના સ્થાનનું
૧૪૪	૧૩	પ્રાય	થાય
૧૪૭	૯	વેલાવતી	કોડાવતી
૧૪૯	૧૮	ઉપનયન	ઉપનય
૧૫૦	૧૮	તેમને	તેમની સાથે
૧૫૪	૧૦	જે	તે
૧૫૮	૧૭	જૈન શબ્દનો	જિન શબ્દનો
૧૭૨	૨૦	અનત ચતુષ્ટય	અનંત ચતુષ્ટય
૧૭૮	૧૧	પ્રમોદ વર્તાવે	પ્રમોદે વર્તાય
૧૮૭	૪	સભામાં	સેવામાં
,,	૭	ગરમીને પ્રકાશ	ગરમી ને પ્રકાશ
૧૯૮	૧૯	અધ્યાત્મક જ્ઞાન	અધ્યાત્મ જ્ઞાન
,,	૨૧	ગુરૂવર્ય લખે છે કે	विनावृत्त વગર ઉપર આ લીટી જોઇએ.
,,	૨૨	વળી ગુરૂવર્ય આગળ જતા લખે છે	વળી ગુરૂવર્યને આગળ જતાં લખવાનું કે
૨૦૭	૧૪	અનુભવ	અનુભવે
૨૪૧	૭	કરે છે	હરે છે
,,	૧૫	કર્મ કરીએ	ધર્મ કરીએ
૨૪૭	૭	जीनवजणं प्रसिद्धं	जिनवयणं पसिद्धं
,,	૮	नाचउजतुआमिल पुढवियं	पावजउ सयलपुढविये

અશુદ્ધ.			શુદ્ધ
પૃષ્ટ	લીટી.		
૨૫૬	૭	જિનસ્વરૂપ	જિનધર્મસ્વરૂપ
,,	૮	ને	તું
૨૫૮	૧૧	અંતસ્વરૂપ	અંતઃસ્વરૂપ
,,	૧૯	પુત્રા	પુત્રી
૨૫૯	૧૨	પુત્રની પેઠે	પુત્રીની પેઠે
,,	૧૩	કહી શકાય	કેમ કહી શકાય ?
૨૬૦	૨	આટલું કરી	આટલું કરી પછી
૨૭૧	૧૬	દેવશીરાઈ તથા	દેવશી તથા રાઇ
૨૭૪	૨૦	લઘુ લેખક	લઘુ લેખ
,,	૨૬	વિશેષ છે	વિશેષ છે નહિ
૨૮૧	૧૧	પ્રતિક્રમણ ગર્ભ શાસ્ત્રમાં	પ્રતિક્રમણ ગર્ભસૂત્રમાં
૨૮૬	૩	કર્યો	કરે
,,	૪	થયા છે.	થાય છે.
,,	૨૬	પૂર્વક	પૂર્વે
૩૦૨	૧૫	અશાંત	અશાતા
,,	૨૧	ગજસુકુમાર	ગજસકુમાર
૩૦૫	૧૯	ઉપકાર	ઉપકારક
,,	૨૧	પુર્વે	પૂર્વે
૩૧૨	૧૫	સાતેકા	સાતએકા
,,	૧૭	અભિવ્યક્તિ	અભિવ્યક્ત
૩૧૪	૨૩	મનપણુ	મનપર
૩૧૫	૨૪	ઝાડુ	તાળું
૩૧૬	૮	શાંતિકમ્પા	શાંતિકૃપા
,,	૨૩	સાહેબ	ગવર્નર સાહેબ
૩૧૭	૧૪	કછ સરખ	કુચ્છ સચ્ચા

૩૨૩	૧૮	અમુક પુર્વમાં	બ્રહત્ કલ્પમાં
,,	૨૩	દીપમાળાગ્રંથતે	દીવાળી કલ્પ ગ્રંથને
૩૨૬	૧૩	ઉપાસક સુત્રમાં	ઉપાસકદશા સુત્રમાં
૩૨૭	૧૩	બત્તર	બળવત્તર

આત્માનુભવ.

(ગઝલ.)

મને કોઇ કે'તું જગત ખોટું,
તેતો મેં હવે જાણ્યું;
મને કોઇ કે'તું જગત સાચું,
તે પણ મેં હવે જાણ્યું;
કદી ખોટું તો મારે શું ?
કદી સાચું તો મારે શું ?;
નથી થાતું, નથી જાતું,
હું માં હું સમાયો છું;
અખંડ આ સ્થિર જ્યોતિમાં,
નથી થાતું, નથી જાતું.

૧–૧–૧૯૦૦ લાલન.
લેલીડેલ અમેરીકા.

લાલનં આત્મવાટિકા.

જૈન અધ્યાત્મ.

વિશેષ કોણ ? છ ખંડને સાધનાર ભરત મહારાજ કે છ દ્રવ્યને સાધનાર આ આત્મા ?

ભરત મહારાજ ચક્રવર્તી હતા. અને તેણે ભરતખંડના છ ખંડ જીતી ચક્રવર્તી રાજ્ય સંપાદન કર્યું હતું. પરંતુ આત્મા તો છ દ્રવ્યને સાધનાર હોવાથી કોઈ વિચિત્ર અપેક્ષાએ છ એ દ્રવ્ય, જેમાં એવા અનંત ચક્રવર્તી રાજ્યો સમાઈ જાય, તેને સાધી શકે છે. જેમ એક રાજાની સેવામાં સેવકો હાજર રહે, તેમ છએ દ્રવ્યો આત્મારૂપી મહા ચક્રવર્તી રાજાની સેવામાં સદા હાજર રહે છે—એમને વશ વર્તે રહે છે. જુઓ આકાશદ્રવ્ય જે ચૌદ રાજલોકમાં ભરેલું છે તે પણ આત્માને વશવર્તિ રહી આત્માની સેવામાં ઉભું છે. જ્યારે આત્માને અવગાહના જોઇએ છે ત્યારે આત્માની ખીજમતમાં રહેલું આકાશાસ્તિકાય તેને અવગાહના આપી આત્માની સેવા કરવાને તત્પર રહે છે. જ્યારે જ્યારે આત્માને ગતિ કરવી હોય ત્યારે ત્યારે આત્માની હજુરમાં રહેલા આખા જગતનો બીજો મહાખંડ જે લોકાકાશમાં રહેલ છે એવું ધર્માસ્તિકાય આત્માને ગતિ અર્પી પોતાની સેવા અદા કરે છે. તેજ પ્રમાણે આત્મારૂપી મહાન્ ચક્રવર્તી મહારાજને સ્થિતિ જોઇએ તો અધર્માસ્તિકાય નામનું દ્રવ્ય તેની સેવા કરવા તત્પર રહે છે. તેજ પ્રમાણે આત્માને

વર્તના કરવી હોય તો કાળદ્રવ્ય તેની સેવા કરે છે, અને વર્ણ, સ્પર્શ-રૂપે પુદ્દગળદ્રવ્ય પણ આત્મારૂપી મહારાજાની સેવામાં તત્પર રહે છે. આમ ૭ ખંડ આવેલા છે, તેને ભરત મહારાજા સાધે છે તો ચક્રવર્તિ કહેવાય છે, તેમ એક અપેક્ષાએ આત્મા તો ૭ દ્રવ્ય જેમાં લોક અને અલોક ભરેલાં છે તે ૭એ દ્રવ્યને આત્મા સાધી શકે છે. કોઇ કહેશે જીવદ્રવ્યને કયાં સાધે છે ? તો જુઓ કે જ્યારે ભરત મહારાજા ૭ ખંડના રાજાને જીતી લે છે ત્યારે તેને ૭ ખંડના રાજા જેમ નમન કરે છે, તેમ મનુષ્યમાં રહેલો આત્મા જ્યારે તીર્થંકર પદ ધારણ કરે છે ત્યારે ચૌદ રાજલોકના સર્વ જીવો પણ શ્રી તીર્થંકર મહારાજરૂપ આત્માને વંદન--નમન કરે છે. આમ આત્મા તો ૭ દ્રવ્યને અને સમગ્ર ચૌદ રાજલોકરૂપી આખા જગતને સાધે છે. જ્યારે ભરત મહારાજા તો એક અપેક્ષાએ ૭ ખંડને સાધનારા કરે છે, પરંતુ ભરત મહારાજા જ્યારે ૭ ખંડની મૂર્છા ઉતારી અહિંસા જીવનમાં કેવળજ્ઞાન પામે છે, ત્યારે તેમનો આત્મા ૭ ખંડ કરતાં આખા જગતના ૭ દ્રવ્યનો રાજાધિ-રાજ થઇ રહે છે; માટે હે જૈનો ! અપેક્ષાએ જોતાં તો સર્વસ્વ તમારે વશ છે, તમે કોઇને વશ નથી. **લાલ**નને આશ્ચર્ય એટલા માટે થાય છે કે ૭ દ્રવ્યને માનનારા જૈનો પણ ખરા જૈનો ત્યારે કહેવાય કે જ્યારે એ ૭ ખંડને સદા સર્વદા પોતાને વશ રાખી વર્તે અને જેમ ભરત મહારા-જાએ ૭ ખંડમાં મૂર્છા ન રાખી, તેમ ૭એ દ્રવ્યમાં મૂર્છા ન રાખી સિદ્ધપદમાં સમભાવે યોગ્ય થાય.

આખા જગતનો સમાવેશ ફક્ત જડ અને ચૈતન્ય એવા બે પદા-ર્થમાં થઈ જાય છે. જડ નિર્બળ, અજ્ઞાન, અને નિઃસત્વ છે, ચૈતન્ય સબળ, સજ્ઞાન, અને સસત્વ છે. આત્મા ચૈતન્ય છે, માટે તે સજ્ઞ, સવીર્ય, સસુખરૂપ છે. પુદ્દગલ જડ હોવાથી અજ્ઞ, અસુખ, નિર્બળ છે.

આત્મા પોતાના **બાહ્ય બળવડે** પોતાની આસપાસ આવેલા જગતના જડ ભાગમાંથી પરમાણુઓ ગ્રહણ કરી પશુઓમાં સિંહરૂપ,

પક્ષિઓમાં ભારંડરૂપ, મનુષ્યમાં ચક્રવર્તીરૂપ, અને દેવમાં ઇંદ્રપણું પણ મેળવી શકે છે. અને પોતાના **આંતર્ બળવડે** કેવળ પોતાના સ્વભાવમાં પોતાના ગુણમાં એટલે વીર્યમાં રહી, મહાન્ વીર્યરૂપ, મહા તીર્થંકરપણું પણ પ્રાપ્ત કરી જ્ઞાનરૂપ, મહા સુખરૂપ, મહાશાંતિરૂપ, મહાપ્રેમરૂપ એવું **પરમાત્મત્વ** પ્રાપ્ત કરે છે.

આ જગતમાં દૃશ્ય થતી સઘળી ઋદ્ધિ આત્માએજ પ્રાપ્ત કરી છે. સઘળાં શેહેરો, સઘળા ગામો, સઘળા દેશો, કે સઘળા ખંડો એ આત્માનાંજ બનાવેલા છે.

આજે પૃથ્વીનું પૃથ્વીસ્વરૂપ, જળનું જળસ્વરૂપ, અગ્નિનું અગ્નિસ્વરૂપ, વાયુનું વાયુસ્વરૂપ, વનસ્પતિનું વનસ્પતિસ્વરૂપ, જંતુનું જંતુસ્વરૂપ, માછલાનું મત્સ્યસ્વરૂપ, પક્ષિનું પક્ષિસ્વરૂપ, પશુનું પશુસ્વરૂપ, મનુષ્યનું મનુષ્યરૂપ અને દેવનું દેવસ્વરૂપ એ બધું આત્માએજ પોતાની પુદ્ગલ પરમાણુઓને પરીણમાવવાની શક્તિ વડે રચ્યું છે. આખા જગતના બાહ્યસજીવ પદાર્થોના રચનારા આત્મા છે. આત્માનેજ બળે જડપદાર્થ સજીવ, સબળ સપ્રેમ ભાસે છે, અને જડમાં જો આત્માનો અભાવ હોય તો જડ નિસ્તેજ, નિસ્સત્વ, નિર્બળ લાગે છે; માટે આ વિશ્વને રચનાર કર્તા–સ્રષ્ટા તે આત્માઓજ છે. સૃજ્ ધાતુનો અર્થ સરજવું અને છોડવું એવો બે પ્રકારે થાય છે. આત્મા પોતાની બાહ્ય શક્તિ વડે સ્રજે છે, અને આંતર શક્તિ વડે તજે પણ છે.

આમ છતાં તે પોતાના નિત્ય સ્વરૂપને જ્ઞાનાદિ સ્વરૂપને છોડતો નથી, કારણ કે જ્ઞાન કે વીર્ય, કે આનંદ એજ પોતે છે અને પોતે પોતાથી છોડાય નહિ, માટે આત્મા પર એવા પુદ્ગલને છોડે છે અને પર એવા પરમાણુઓને જોડે છે.

કોઈ એવું માને છે કે "**Man can make a box, can he make a tree**" માણસ પેટી બનાવે છે, પરંતુ તે કંઈ વૃક્ષ બનાવી શકે ? લેખક ઉત્તર આપે છે કે હા. જ્યારે આત્મા વૃક્ષરૂપે દેખાય

છે, ત્યારે તે સજીવ વૃક્ષ કોણે રચ્યું ? એ વૃક્ષમાં રહેલ આત્માએ પોતાની પુદ્ગલ પરમાણુઓને પરિણમાવવાની બાહ્ય શક્તિથી વૃક્ષ રચ્યું. અને એ વૃક્ષમાંથી આત્માએજ પેટી બનાવી. માટે વૃક્ષ સ્વરૂપનો કર્તા જેમ આત્મા, તેમ પેટીને આકાર આપનાર પણ આત્મા.

જડ પદાર્થ ભિન્ન ભિન્ન રૂપો બને છે તે આત્માની શક્તિ વડેજ. જડ પદાર્થ માત્ર એ પ્રકૃતિનો સમૂહ છે. તેને પથ્થરરૂપ, પાણીરૂપ, મનુષ્યરૂપ, દેવરૂપ આપવું એ આત્મા આપે છે. અર્થાત્ તેમાંથી તેવાં તેવાં શરીરો રચવાં, બનાવવાં, સર્જવાં એ આત્માવડેજ બને છે. હા ! શક્તિ તો તેમાં પણ અસીમ છે, છતાં જે કાળે જેટલી શક્તિ ફોરવે, તેવો તે થાય છે. એટલે પથ્થરરૂપ, કે મનુષ્યરૂપ બનાવું એ પોતાની ન્યૂન કે અધિક શક્તિ વિશેષ વડે થયું છે, અને થાય છે. જેમ એકજ પદાર્થ હિમરૂપે, જળરૂપે, કે બાષ્પરૂપે પ્રતીત થાય છે. આમાં માત્ર તે સ્વરૂપોમાં forms માં આત્માની ન્યૂનાધિક શક્તિ-વિશેષનુંજ કારણ છે. જ્યારે આત્મા ઉંઘવા જેવી સ્થિતિમાં હોય છે ત્યારે તે પોતાનું પથ્થર જેવું બાહ્યરૂપ ઘડે છે, જ્યારે સુસ્ત હોય છે ત્યારે માટીરૂપતા રચી લે છે. જ્યારે ઝોકા ખાતો હોય ત્યારે વનસ્પતિરૂપ બનાવી લે છે. જ્યારે શ્વાસ-ઉશ્વાસ લેતો હોય એવોજ માત્ર જણાય છે ત્યારે પશુરૂપ કરી લેછે. જ્યારે મનન કે વિચાર કરતો હોય ત્યારે મનુષ્યપણું ઉત્પન્ન કરે છે. જ્યારે પ્રકાશતો હોય, ત્યારે દેવયોનિ રચે છે. આમ એજ પરમાણુઓને પરિણમાવવાની થોડી યા ઘણી, કે નાના પ્રકારની શક્તિવડે આત્મા નાના પ્રકારનાં રૂપો ધારણ કરે છે, નાના પ્રકારનાં વસ્ત્રો અલંકારો ધરતો ચાલે છે.

એક માણસ પ્રથમ પર્ણકુટી પછી ઝુંપડી, પછી ઝુંપડું, પછી ઘર, પછીબંગલો, પછી મહેલ બનાવે છે (અને હવે વિમાન બનાવશે) ઘણા માણસો મળી ગામડું શેહેર, નગર, પ્રાંત, ઇલાકો, ખંડ પણ રચે છે. આ કોણે રચ્યા ? આત્માએ. તેમજ પૃથ્વી કોણે રચી ? પૃથ્વીમાં

રહેલા આત્માએ. આમ પૃથ્વીમાં રહેલા આત્માએ પૃથ્વીને રચી, તેમજ પૃથ્વીમાંથી ખંડાદિ બનાવ્યા એ પણ માણસમાં રહેલા આત્માએ રચ્યા. આત્મારૂપી ઇશ્વિરે પૃથ્વી રચી, આત્મારૂપી ઇશ્વિરે શેહેરો બનાવ્યા, માટે કર્તા તો તે આત્માઓજ છે,

કર્મનો કર્તા પણ આત્મા છે, અને એ કર્મવડે પશુ આદિ શરીર પણ આત્માજ રચે છે. દેવના દેવતાઈ કે મનુષ્યાદિ શરીરો સુદ્ધાં કર્મના ઘડેલા કહેવાય છે. કર્મો—પણ આત્માજ કરે છે, દેવાદિ ઋદ્ધિ કે ચક્રવર્તીની ઋદ્ધિ પણ આત્માજ હાંસલ કરે છે.

જેમ એક સુતાર હથિયાર બનાવે, અને પછી હથિઆરવડે પેટી બનાવે તેમ જીવ કરેલાં કર્મરૂપી હથિઆર બનાવે, એટલે જડ એવા પરમાણુઓમાં પોતાની શક્તિ ફેલાવે એટલે એ પરમાણુઓ શક્તિવાળાં થઈ કર્મ બને. એ કર્મોવડેજ નાના પ્રકારના શરીર બનાવે, એ શરીરો વડે નાના પ્રકારની રિદ્ધિ પ્રાપ્ત કરે, આ પ્રકારે સર્વકર્તા આત્માઓજ જણાશે, મનુષ્યાદિ—કે દેવાદિ શરીરોનો ખરો કર્તા કર્મ નથી પણ આત્મા છે. કારણ કે એ તો આત્મા પ્રથમ કર્મ બનાવી, પછી મનુષ્યાદિ શરીરો રચે છે, અને જેવાં જેવાં કર્મ રચે, તેવાં તેવાં કર્મોથી સારાં, વિશેષ સારાં એવાં શરીરો રચી શકે.

જન્મ અને મરણ.

આત્મા એક ક્રિયા કરે છે. ચાલવું, બોલવું, ફરવું, લેવું, દેવું, એ બધી એની ક્રિયા છે. તેમ જન્મવું અને મરવું એ પણ ક્રિયા છે. એટલે અમર પ્રાણના પુદ્દગલોનો—સંચય કરવો અર્થાત્ જન્મવું અને તે પુદ્દગલોને અમુક કાળે છોડી દેવાં એ કૃતિ: પણ આત્માનીજ છે.

જેમ સુથાર કે કડીઓ એક ઘર બાંધે, યા તેમાં રહે કે તોડે તો તેમાં સુતારમાં કે કડિઆમાં વસ્તુતઃ ફેરફાર થતો નથી, તેમ શરીરરૂપી ઘર જીવ બાંધે, કે તેમાં રહે, કે તેને તોડી નાખે, અર્થાત્ પાછો થવાને

મરી જાય, કે નિરંતરને માટે મરી જાય એટલે પુદ્ગળને સર્વથા છોડી દે એટલે મોક્ષ પામે, તેમાં જીવમાં કંઈ વસ્તુતઃ ફેરફાર નથી થતો; વસ્તુતઃ એટલે નિશ્ચય. એટલી વાત લક્ષમાં રાખવાની છે. આજ પ્રકારે જન્મવું, એટલે ડગલો બનાવી પહેરવો, અને મરવું એટલે ડગલો જૂનો થતાં ફેંકી દેવો. અને ટાઢ ન વાય એટલે તજી દેવો, તેમાં હર્ષ શોક શો ?

બાહ્ય શક્તિ અને આંતર્ શક્તિ.

જોઇએ તો પૃથ્વીમાં રહી હીરાપણું રચો, જોઇએ તો પશુબની ભારંડ થાઓ, જોઇએ તો મનુષ્યમાં ચક્રવર્તી થાઓ, અને જોઇએ તો દેવમાં ઇંદ્ર થાઓ. પરંતુ એ બાહ્યશક્તિ ફેરવતાં એટલે નાના પ્રકારના પુદ્ગલો રચી, તેમાં ભરાતાં પોતાનું ભાન ભૂલે, તો એમ સમજી જાય કે મારામાં આટલી શક્તિ છે: કારણ કે પુદ્ગલાદિ રચવામાં શક્તિ ફેરવવી એ પોતાનો વિભાવ છે. સ્વભાવ તો જ્ઞાનાદિ વીર્ય, છે, માટે સ્વભાવમાં રહેતા શિવ ગતિ પોતે પામે છે. અને વિભાવમાં રહેતા દેવાદિ સ્થિતિ પણ પોતે રચે છે. પુદ્ગલનો સ્વભાવ પડવાનો હોવા છતાં પણ જીવના ચડવાના સ્વભાવે દેવાદિપણું પામ્યો. પરંતુ જીવ પોતાના સ્વભાવમાં રહે તો શિવગતિપણું પામે, કારણ કે ચડવું એ એનો સ્વભાવ છે.

વિભાવે રહી શરીરાદિ રચવાં, અને ઋદ્ધિ મેળવવી એ પ્રયત્ન સાધ્ય છે. સ્વભાવે જ્ઞાનાદિમાં રહી મોક્ષે ચડી જવાનું એ અપ્રયત્ન સાધ્ય છે. કારણ કે જ્ઞાનાદિ તે પોતે છે. અને પોતે તેજ મોક્ષ છે. પર છે એ બંધન છે. ત્યારે હું કોણ એ પ્રશ્ન હજી પણ રહે, તો તું ખરેખર આત્મા છે. એટલે જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે, વીર્ય છે. આનંદ છે, સાદિ અનંત છે, અરૂપ છે, અને અગુરૂઅલઘુપણું તુંજ છે, આ તારૂં શુદ્ધરૂપ છે. ત્યારે હું મનુષ્ય નહિ ? ના. સ્વભાવે મનુષ્ય નહિ, સ્વભાવ જ્ઞાન, સ્વભાવ આનંદ સ્વભાવ વીર્ય છે, માટે આત્મા સ્વભાવે રહે એટલે જ્ઞાને, વીર્યે, આનંદે રહે.

સ્વાભાવિક શું અને વિભાવિક શું?

જીવને ચડવું એ સ્વભાવ છે; પુદ્દગલને પડવું એ સ્વભાવ છે. જીવને પડવું એ વિભાવ છે; પુદ્દગલને ચડવું એ વિભાવ છે. આમ છતાં જીવ પડે છે, અને પુદ્દગલ ચડે છે. જીવ પડે છે. એટલા માટે કે તે પોતાના ચડવાના સ્વભાવને અનુસરતો નથી. પુદ્દગલ ચડે છે એટલા માટે કે, તે પોતાના પડવાના સ્વભાવને ન અનુસરતાં પોતાના વિભાવને એટલે જીવના સ્વભાવને અનુસરે છે.

જુઓ, ! નિગોદવાસી પુદ્દગલ પણ જીવના ઉંચે ચડવાના સ્વભાવને અનુસરતાં શુભ પરિણામે ત્યાંથી નીકળી વ્યવહારરાશિએ એકેંદ્રિય, બેરેંદ્રી. તેરેંદ્રી, ચતુરેંદ્રી, પંચેંદ્રી, તેમાં પણ મનુષ્ય, દેવતાથી ઉંતમ, અને તેમાં પણ ત્રણે લોકના નાથ, શ્રી તીર્થંકર મહારાજનું સમચતુરસ્ત્ર સંસ્થાનવાળું, વજ્રઋષભનારાચ સંઘયણવાળું પૂર્ણ આરોગ્યતાવાળું અને ત્રણે જગતના સકલ જીવને હૃદયંગમ સૌંદર્યવાળું શરીર બને છે. એ શરીર જીવની સ્વાભાવિક ઉચ્ચગતિને લઇને નિગોદનું હોવા છતાં પોતાના પડવાના સ્વભાવને છોડી, જીવના ચડવાના સ્વભાવને અનુસરવાથી ઉચ્ચ ગતિ પામ્યું છે.

તેલ પણ સુમન એટલે પુષ્પમા સુગંધથી અત્તરપણું પામે છે. રાત્રિ પણ ચંદ્રના સંગમમાં ચાંદલાવાળી થાયછે, દિવસ પણ સૂર્યના સંગથી મુકુટધારી બનેછે. તેમ પુદ્દગળ પણ જીવના સ્વભાવને અનુસરવાથી સકળ જગતમાં શિરોમણિરૂપ, મહા બળવાન્, અત્યંત સુંદર એવું શ્રી **તીર્થંકર** મહારાજનું શરીરસ્થાન બને છે.

તેમ ઘણાજ ઉચ્ચ ગતિ પામેલા જીવો પણ, તે ઉચ્ચ ગતિથી પણ વિભાવને અનુસરવાથી બહિર ભાવને જોઇ તદનુસાર વર્તવાથી નીચ ગતિ—નરક ગતિ પણ પામ્યા છે ને પામે છે.

જળમાં તુંબડું જોકે માટીથી વીંટાએલું હોય, છતાં તુંબડાનો

સ્વભાવ ઉંચે ચડવાનો હોવાથી તે પાણીમાં ઉંચેજ ,ચડે છે. કૃત્રિમ બળથી નીચે બેસાડવામાં આવે છતાં ઉંચે જવાને જોર કર્યા કરેછે. એ જો ઉલટું વિભાવિક બળ મુકી દઇએ, તો તે અપ્રયાસે ઉંચેજ ચડશે; કારણ કે જીવનો તુંબડાં પેઠે ઉંચે ચડવાનોજ સ્વભાવ છે.

જેમ જળનો સ્વભાવ પ્રવાહ, જેમ હીરાનો સ્વભાવ ચળકાટ, જેમ અગ્નિનો સ્વભાવ ગરમી—પ્રકાશ, તેમ જીવનો સ્વભાવ ઉંચે ચડવું, ઉંચે સુખ સંપાદન કરવું, જ્ઞાનવાન હોવું, પ્રકાશવાન હોવું, વીર્યવાન હોવું, સત્યવાન હોવું એવોછે. જુઓ સત્ય કેટલું સહેલું છે! જરા પણ ગોઠવણ કે ગુંચવાડો કર્યા વિના જેવું હોય તેવું પોતાના ક્ષયોપશમ પ્રમાણે બોલવું, તેમાં શી મહેનત? તે છતાં માણસ વિભાવિક અસત્ય છતાં તેને લીધે ગુંચવાડામાં પડી, કેટલીક મેહનતમાં પડતો અનુભવાય છે. સવળે પગે એટલે સત્યથી ચાલવું સહેલું છે, પરંતુ અવળે પગે એટલે અસત્યથી ચાલવું વિકટ છે, એ સર્વ અનુભવગમ્ય વાતછે.

આ ઉપરથી સહજ સમજાશે કે, જીવને મોક્ષ પામવું, એ સરલ છે, અને નીચે નિગોદમાં પડવું, એ મહા મુસ્કેલછે. કારણકે મોક્ષ એ ઉંચે છે, નિગોદ એ નીચે છે, અને ઉંચે ચડવું જીવને સ્વાભાવિક હોવાથી સરલછે, અને નીચે પડવું એ વિભાવિક હોવાથી મુસ્કેલછે.

વિભાવ અનાદિ કાલનો હોવા છતાં છેડાવાળો હોવાથી નાશવંત છે. સ્વભાવ અનાદિકાળનો હોવા છતાં અસીમ—છેડા વગરનો હોવાથી સદા કાલ અમર અને શાશ્વત્ છે.

મોહની આદિ કર્મની પ્રકૃતિઓની સ્થિતિ ઘણા કોડાકોડી સાગરોપમવાળી છે. પણ જીવની અનાદિ અનંત સ્થિતિ પાસે તે સ્થિતિઓ એક ઇંચિના અનંતમા ભાગ જેટલી પણ નથી. કર્મના વિભાવિક બળના મેરૂ જેટલો સમૂહ આત્માના સ્વાભાવિક વીર્ય પાસે એક રતિના દાણાના અનંત ભાગે કહીએ તેટલો પણ નથી.

અહા! અંધકારથી છવાએલું આ અખિલ જગત્! આત્માના—

જ્ઞાનના એક પ્રદેશ જેટલા પણ ઉદયથી એ બિચારૂં અંધકાર માત્ર મિથ્યાત્વરૂપી ગુફામાંજ સંકોચાઇ ભરાઈ રહે છે.

મિથ્યાત્વિક દુરાચારના ડુંગરો પણ સદાચાર કે શુદ્ધ ચારિત્રરૂપી વજ્રના એક ક્ષણ જેટલા પ્રહારથી જમીનદોસ્ત થઇ જાય છે.

જુઓ! જીવની વૃત્તિ સુખ તરફ છે, કારણકે સુખ એ સ્વાભાવિક છે. તેની વૃતિ દુઃખ તરફ નથી. કારણ કે દુઃખ એ તેને વિભાવિક છે. પરંતુ સુખ સુખમાં પણ ફેર છે. કેટલાંક સુખ નહિ, પણ સુખાભાસ–સુખના આભાસરૂપ હોય છે. અને બીજા શાશ્વત્ અને ખરા સુખ હોયછે. સુખાભાસના નામથી લલચાવું એ પુદ્‌ગલમાં લલચાવાથી બને છે, અને પરિણામે દુઃખરૂપ થાય છે, પરંતુ સદા સુખને અવલંબતાં સુખ સુખ અને સુખજ રહે છે.

જીવને પ્રકાશ, જ્ઞાન એ સ્વાભાવિક છે. બળ–વીર્ય સ્વાભાવિક છે. અજ્ઞાન, અંધકાર, આળસ વગેરે વિભાવિક છે. જરા સરખા જીવના બળથી આ **લાલ**નનું એકસો બે રતલનું શરીર ઉભું થઈ જાય છે. જરા સરખા પણ જ્ઞાનથી અજ્ઞાન–મિથ્યાત્વ પોબારા ગણી જાય છે. **લાલ**નના સકળ માનવ બંધુઓને પણ તેવુંજ વિદિત છે.

માટે જીવને બળ. વીર્ય, જ્ઞાન, સુખ કે મોક્ષ તરફ જવું એ સ્વાભાવિક હોવાથી પ્રગટવું સરળ છે, અને દુઃખાદિ નાશવંત હોવાથી વિભાવિકછે, અને તે તરફ જવું એ વિકટછે, પ્રયત્ન સાધ્ય છે. અપ્રયાસે સાધ્ય તે તો મોક્ષ છે, અને તે જીવને સ્વભાવને અવલંબવાથી આવી મળે છે. માટે હે જીવ! તું તારા સ્વભાવને અનુસર, પુદ્‌ગળરૂપ લાલન[1] તું પણ તારા વિભાવને અનુસર. એટલે જીવ તું સ્વભાવે ઉંચેજ ચડીશ. આ પ્રકારે સર્વને આંતર્ પૂર્ણાનંદ પૂર્વક બહાર પણ પૂર્ણાનંદ જ્ઞાનાનુભવે હો—એજ ભાવના.

---

૧ નામ કર્મની પ્રકૃતિ માત્ર.

આત્મજ્ઞાનમાં પ્રવેશ કરવાનો સહજ ઉપાય.

જેમ નકશામાં લંડન દેખાડવામાં આવ્યા પછી લંડન નગર જવું સરલ પડે છે તેમાં શાસ્ત્રમાં આત્મસ્વરૂપ કેવું છે અને કયાં છે તે દેખાડેલું હોવાથી આત્મ નગરરૂપ લંડનનો પ્રત્યક્ષ અનુભવ થાયછે. જેમ નકશામાં લંડન દેખાડયા પછી આપણે જમીનપર લંડન ભણી ગમન કરીએ છીએ તેમ શાસ્ત્રમાં આત્મા દેખાડયા પછી શરીરરૂપી જમીન ભણી ગમન કરવું જોઈએ. વળી લંડન પહોંચતા પંદર રાત્રિ અને પંદર દિવસ થાય છે, તેમ આત્મારૂપી નગરી કે શિવપુરીમાં પહોંચતા ત્રીશ ઘડી એટલે પંદર સામાયક જેટેલો વખત લાગે છે. જેમ લંડન જતાં રસ્તામાં જમીન અને પાણી આવે છે, તેમ આત્મનગરીમાં પહોંચતાં વચમાં ઈંદ્રિયજન્ય જ્ઞાન અને મનોજન્ય જ્ઞાન આવે છે. જ્યારે પાણી અને જમીનને ઓળંગીએ, ત્યારે લંડન નગરીના દર્શન થાય છે, તેમ ઈંદ્રિયજન્ય અને મનોજન્ય જ્ઞાનને ઓળંગતા અનુભવ જ્ઞાન વડે આત્મદર્શન થાય છે.

લંડન નગરી કયાં છે? ઇંગ્લાંડમાં. આત્મપુરી કયાં છે? શરીરમાં.

લંડન કેવું છે? હાલ જણાયેલી પૃથ્વીનું તે રાજ્યનગર છે. તેમાં ૬૫ થી ૭૦ લાખ માણસો વસે છે અને ત્યાંના મનુષ્યો દુનિયાના ત્રીજા ભાગ પર રાજ્યસત્તા ચલાવે છે.

આત્મજ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, આનંદ, સૌંદર્ય, આદિ ગુણોથી શાશ્વત અને સ્વાભાવિક ગુણોવાળો છે અને જે ત્રણે જગતમાં પોતાની સત્તા ચલાવે છે, અર્થાત્ પાતાળમાં, મધ્ય લોકમાં અને સ્વર્ગમાં પણ જેનું સામ્રાજ્ય ચાલે છે, એ આત્મા કયાં છે? તો પૂર્વે કહ્યું તેમ શરીરભૂમિમાં છે.

લંડન લગી જવાને શું કરવું જોઇએ ? હિંદની ભૂમિ છોડવી જોઇએ. તેમ આત્મપુરીએ પહોંચવાને શું કરવું જોઇએ ? ભ્રમ ભૂમિને છોડવી જોઇએ.

ભ્રમ તે શું ? જે ન હોય તેને તે માનવું. પોતે પકડાએલો ન હોવા છતાં, કોઈ રોકનાર નહિં છતાં એમ માની લેવું કે હું પકડાયો છું, મને કોઈ રોકે છે. તેજ પ્રમાણે આત્માનુભવ થવામાં તમે એમ જાણતા હો કે અમને શરીર અને કષાય રોકે છે, તો તેમ નથી. એ ભ્રમ છે.

જૈન તત્ત્વસારમાં ભ્રમના બે ઉદાહરણો આવે છે અને તે પુસ્તકરૂપ નકશાને ચિતરનાર શ્રી **સુરચંદ્રવાચક** મહારાજ આત્મા ક્યાં, અને કેવો છે તે પણ કહે છે. આત્મા કેવો છે તેને માટે લખે છે કે, તે શુદ્ધ છે, બુદ્ધ છે, નિરંજન છે, (એટલે કર્મમલ તેને સ્પર્શ કરતો પણ નથી.) તેમજ જ્ઞાનમય, દર્શનમય, ચારિત્રમય, વીર્યમય, ઉપયોગમય, આનંદ સ્વરૂપ, સૌંદર્ય રૂપ છે. ભ્રમ શું ? તેને માટે **નલિની શુક** અને **મર્કટ**ના બે ઉદાહરણો આપેલા છે.

"શુકને (પોપટને) પકડવાને માટે ઝાડ ઉપર એક ચક્ર (પૈડું) ગોઠવવામાં આવે છે. અને એ ચક્રની કર્ણિકા (નલીની–નાયડી) ઉપર એક કારેલું મુકવામાં આવે છે. કારેલું પોતાનું ભક્ષ્ય છે, એવા ભ્રમથી શુક ત્યાં આવીને બેસે છે, અને શુકના બેસવાથી તે ચક્ર ભમવા માંડે છે, ત્યારે શુક પોતે પકડાયેલો નહિ છતાં ભ્રમથી પકડાયો છું અથવા પાસ (ફાંસા) માં નખાયો છું એવું માની લઈ, ચક્રની સાથે પોતે પણ ભમવા લાગે છે, એટલુંજ નહિ પણ ચક્રને પોતાનું ઇષ્ટ ગણી વળગી રહીને ચું ચું કરે છે, એટલે તેને પકડવાવાળા આવીને બાંધી લે છે. પણ તે વખત જો ભ્રમ–શંકા રાખ્યા વગર શુક ઉડી જાય છે તો મુક્ત થાય છે, બંધનમાં આવતો નથી."

આજ પ્રમાણે સંસાર એ ચક્ર છે. તેમાં કાર્ણિકા એ વાસના. તેના ઉપર વિષયોરૂપ કારેલાં મૂકેલાં છે. મનરૂપી શુક તેનાપર જઇ બેસે છે. અને એ સંસારચક્રની વિષયવાસના તરફ જાય છે, અને પોપટની માફક એમ સમજી લે છે કે હું ફસાયો છું, હું પાસમાંછું. જેમ પોપટ કારેલાને ઇષ્ટ ગણી ભમતો હતો, તેમ આ વિષયોને ઇષ્ટ ગણી ભમે છે. પરંતુ જો એ પોપટ ત્યાંથી ઉડી જાય, તો મુક્ત થાય છે તેમજ મનરૂપી પોપટ વિષયવાસના–રૂપ સંસારચક્રની નાયડીપરથી ઉડી જાય, તો તો હાલજ મુક્ત છે; કાલ નહી, પણ હાલ.

વળી એજ* જૈન તત્ત્વસાર પુસ્તકના કર્તા શ્રી સુરચંદ્રસૂરિ મર્કટ ભ્રમનું ઉદાહરણ નીચે પ્રમાણે આપે છે.

" મર્કટ (વાંદરા)ને પકડવા માટે ચણા ભરેલું એક પાત્ર (વાસણ) મૂકવામાં આવે છે. ત્યાં ચણા ખાવા માટે મર્કટ આવે છે, અને પાત્રમાં હાથ નાંખી ચણાની મુઠી વાળી કાઢવા જાય છે પણ પાત્રનું મુખ નાનું હોવાથી મુઠી વાળેલો હાથ નીકળતો નથી. ત્યારે મર્કટ કોઇએ પકડેલો ન છતાં ભ્રમથી અંદરથી પકડાયો છે એવું માની ચીં ચીં, કરવા લાગે છે. એટલે તેને પકડવાવાળા આવી બાંધી લે છે. પણ જો ભ્રમ રાખ્યા વગર મુઠી વાળેલી છોડી દઇને મર્કટ ચાલ્યો જાય, તો બંધનમાં–ફાંસામાં આવતો નથી. "

*જૈન તત્ત્વસાર પુસ્તક ૧૬૭૯ માં શ્રી સુરચંદ્ર સૂરિએ રચેલું છે. વડોદરામાં મહારાજ શ્રી કાંતિવિજયને વાંદવા જતાં તેમણે મને કહ્યું કે આ પુસ્તક અતિ ઉતમ છે. એનું ભાષાંતર વૈદ મગનલાલ ચુનીલાલે બહુ સરલ ભાષામાં કરેલું છે. લાલનને ઇંગ્રેજીમાં તેનું ભાષાંતર કરવાને મહારાજશ્રીં પ્રેરણા કરે છે. એ પુસ્તક અતિ ઉત્તમ છે. ભાવનગર આત્માનંદ સભાએ તે પ્રસિદ્ધ કર્યું છે. અને કિંમત માત્ર રૂ. ૦–૨–૦ છે. આ પુસ્તક સર્વ ધર્મવાળામાં ફેલાઇ શકે એવું છે.

આજ પ્રકારે મનરૂપી મર્કટ સંસારરૂપી પાત્રમાં વિષયોરૂપી ચણાને વાસનારૂપી હાથ વડે પકડવા જાય છે, અને પોતે તેને પકડીને પોતાને પકડાયલું માને છે. પરંતુ જો મનુષ્ય વાસના છોડી દે તો તેની વિવેક બુદ્ધિમાં એવું બળ છે કે પૂર્વ કર્મથી બંધાયલો હોવા છતાં વાસનાથી મુક્ત થવાથી તેના બાહુઓ કર્મને તોડી મુક્ત થઈ જાય છે.

मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।

શાસ્ત્રમાં કહે છે કે આત્મા એ નિરંજન છે, મુક્ત છે, જ્ઞાનસ્વરૂપ છે, અને માત્ર મનથી એમ જાણે છે–ભુલે છે કે મને બંધ અને મોક્ષ છે; એટલા માટે ઉપરનું વાક્ય કહે છે કે બંધ અને મોક્ષનું કારણ મન છે. એ મનને વશ કરવાની વિદ્યાને યોગ કહે છે. યોગ અસંખ્ય છે. તેમાં રાજયોગ કે જ્ઞાનયોગ મુખ્ય છે. આપણે એટલા માટે એક યુક્તિ કરીએ. અને એ યુક્તિવડે જેમ કેટલાકને અનુભવ થયો છે, તેમ જેને જેને એ દૃષ્ટાંત લાગુ પડે, તેણે સ્થિર થઇ અનુભવ કરવો.

એજ દૃષ્ટાંત **લા**લને ઘણાને આપ્યું છે, છતાં બિલકુલ અસર થઇ નથી. કારણ કે સઘળાને એકજ ઔષધથી લાભ થતો નથી. પ્રકૃતિ કે અધિકારની અગત્ય જોડે યોગાભ્યાસ કરાવાય છે. જુદા જુદા ૬૧ જણને અભ્યાસ કરાવતાં માત્ર ૧૪ જણને અનુભવ થયો છે, એમ જણાય છે. એક સદ્‌ગૃહસ્થને, **લા**લન આવ્યા પછી પ્રયત્ન કરતાં આ નીચે લખેલા દૃષ્ટાંત પ્રમાણે સ્થિર થતાં પોતાપર તે લાગુ પાડતાં. બહિરાત્માભાવ છુટતાંજ–અપૂર્વ આનંદ સાથે આત્મજ્ઞાન–દર્શન થયું છે. માટે એ દૃષ્ટાંત ઉપકારબુદ્ધિથી લખવા **લા**લનને રાત્રિનો લગભગ લખતાં લખતાં એક વાગ્યો છે. છતાં સબળ પ્રેરણા હૃદયમાં થઇ આવે છે માટે લખે છે.

ધારો કે અહીંથી છન્નુહજાર માઇલ દૂર આકાશમાં એક પારણામાં સુતેલું બાળક આકાશ ભણી નજર કરી હસતું ઝુલે છે. સમજો કે એ

બાળક પારણામાં સુતેલું છે તેનું નામ કેશવલાલ છે. પારણું એ મન છે. જેમ પારણું હાલે છે તેમ બાળક કેશવલાલ પણ હાલે છે. જેમ મન હાલે છે તેમ શરીરરૂપ કેશવલાલ પણ હાલે છે. પારણું સ્થિર રાખે, તેમ મન સ્થિર રાખે તો તેમાં આવેલ શરીર પણ સ્થિર થઈ રહે છે. આ પારણાને એને તેમાં રહેલા બાળકને એટલે શરીરરૂપ કેશવલાલને અને મનરૂપ તેના અંતરાત્માને કોણ જોઈ રહ્યું છે? પોતે. જ્ઞાન–જ્ઞાનમાંજ પારણું અને કેશવલાલ છે તેજ જ્ઞાનમાં જ મન અને શરીર છે. પોતે જ્ઞાન છે. મન જ્ઞાનથી બહાર કેમ જોઈ શકે? મુંબઈથી લંડનમાં શરીર લાલનનું ગયું. કારણ કે મન ત્યાં ગયું. પરંતુ મુંબઈ અને લંડનની વચ્ચે વચ્ચે ઝોલા ખાતું લાલનનું મન, જ્ઞાનથી, આત્માથી ક્યાં બહાર ગયું છે? વળી જ્ઞાન તેજ હું અને મન એ જ્ઞાનમાં હોવાથી તેને વશ કરવું, તેમાં શું આશ્ચર્ય છે. તેને સારા સ્થાનમાં લેવું તે મારા જ્ઞાનના હાથમાં છે, તો પછી શુદ્ધભાવમાં કેમ ન રાખવું?

ઉપદેશકથી આત્મસ્વરૂપ અચિંત્ય હોવાથી દેખાડી શકાતું નથી, પરંતુ કાંઈક સહાય તો અપાય છે. જેમ ધ્રુવનો તારો દેખાડવાને હરણીનો તારો દેખાડવામાં આવે છે. એ દીઠો કે દ્રષ્ટા ધ્રુવ ભણી જોઈ શકે છે. ઉપદેશક આત્મજ્ઞાનના જીજ્ઞાસુને કોઈ એવી સ્થિતિપર લઈ જાય છે કે ત્યાંથી જીજ્ઞાસુ પોતેજ પોતાનું સ્વરૂપ અનુભવી લે છે.

પરંતુ નકશામાં જોનાર લંડનને સમજે કે તે અમુક જગાએ છે પણ જોયા વિના અનુભવે નહિ, તેમ ઉપદેશકે આપેલું ઉદાહરણ ઘણાં માણસો સમજે ખરા, પરંતુ પોતાપર લાગુ ન પાડે તો તે અમરરૂપી લંડન નગરીના દર્શન પણ કરવા પામે નહીં, માટે દૃષ્ટાંત પ્રતીત થાય ત્યાં સુધી સમજી, ધ્યાનમાં લઈ પછી પોતાપર સ્થિર લાગુ પાડવું એટલે પંદરેક સામાયક જેટલા વખતમાં અનુભવ થશે એવો સંભવ છે.

જેમ કોરડાના દાખલા અઘરા લાગે પરંતુ જવાબ જણાયો કે આશ્ચર્ય લાગે કે, એટલું આપણને ન આવડ્યું? તેમ આત્મજ્ઞાનનો પણ

જેને અનુભવ થયો છે અને થાય છે તેને શાસ્ત્રો એવું નામ આપે છે કે એ સહજ જ્ઞાન છે. અને તે સહજ સમાધિ વડે ઉદ્ભવે છે. જો કે છે **સહજ**, પણ ઉપાય લાગુ પાડવાની પદ્ધતિ હાથમાં ન આવે ત્યાં સુધી આપણે જોઇએ છીએ કે એ અનુભવ જ્ઞાન માટે રાજાઓ ચક્રવર્તીઓ, અને શ્રીમાનોએ પોતાનું ચક્રવર્તીપણું, રાજપાટ, કુટુંબ, ઋદ્ધિ, સિદ્ધિ સર્વ છોડયાં છે. પરંતુ જ્યારે સુભાગ્યે તે કુંચી હાથ આવે છે, અને હૃદયના કમાડ ખુલે છે, ત્યારે તે સર્વને એમજ લાગે છે કે આત્માનુભવ સરલમાં સરલ છે. એ અનુભવ ન થયો હોય ત્યાં સુધી સઘળાં શાસ્ત્રો સાધ્યરૂપ એકડાના વિનાના મીંડા-રૂપ છે, પરંતુ જ્ઞાનપૂર્વક સાધનોરૂપી શાસ્ત્રો તે એકડાપર મીંડારૂપ છે.

એક બીજું પણ ઉદાહરણ આત્મજ્ઞાનના જિજ્ઞાસુને ઉપયોગી જાણી અહીં લખવામાં આવે છે, અને તે આ પ્રમાણે છે.

જેમ અક્ષરોમાં સ્વર અને વ્યંજન છે, તેમ શરીર અને આત્મા છે. ખરૂં પુછાવો તો અક્ષરરૂપ તો સ્વરો છે, કારણ કે તે લંબાવતા લંબાયાજ કરે છે જેમકે આ. આ. આ. આ. આ. આ. આ. પરંતુ "કા" ને લંબાવીએ તો જરા ક બોલાઇને રહી જઇ, પછી આ. આ. આ ચાલ્યા કરે છે. તેજ પ્રમાણે ખા, ગા કે ઘા લંબાવો તો પણ ખ, ગ, ઘ, જરા લંબાઈ પછીથી આ. આ. આજ લંબાયા કરે છે. તેજ પ્રમાણે આત્મા-જીવ તે સ્વર છે. અને ક, ખ, ગ, ઘ, એ શરીરો છે, જે આ રૂપ આત્મામાં બદલાયા કરે છે. જેમકે કામાં પણ આ-ખામાં પણ એજ આ-ગામાં પણ એજ આ અને ઘા માં પણ એજ આ. એ આ રૂપ તમે-(**तत् त्वं असि**) અને ક, ખ, ગ, ઘ, એ આ સ્વર બદલાતાં નારકી, તિર્યંચ, દેવતા મનુષ્યોનું રૂપ લે છે, પણ આરૂપ તમે તો તમે કાયમ છો. વળી તમે કાયમ-અમર હોવાથી જ્યારે **ક** તમારામાં હોય ત્યારે તેનો ઉચ્ચાર **કા** થાય. અને કરૂપ ખોડો-નિર્જીવ વ્યંજન-દેહ તે પણ **આ**રૂપ મળતા સજીવ થઈ રહે છે. માટે વ્યંજ-

નમાં ક, ખ, ગ, ઘ ને ખોડો અક્ષર કહે છે. અને તે ઉચ્ચાર લંબાતાં સરી પડે છે, માટે નાશવંત છે. તેમજ જીવ લંબાતાં—અમરપણું જાહેર કરતાં શરીર તેમાંથી સરી પડતાં જાય છે, માટે તમે સ્વરૂપ—અમરરૂપ જ્ઞાનરૂપ—પ્રકાશરૂપ—તેજરૂપ પોતાને પ્રતીતિ કરી પછી શાંત રહી વિશેષ વિશેષ પંદરેક સામાયક સુધી એક પણ અન્ય વિચારને પ્રવેશવા નહિં દેશો તો તમારા સુપુણ્યવડે તમે અનુભવ પામશો. એજ લઘુતમ **લાલન**ના હૃદયની ભાવના છે.

કઇ અપેક્ષાએ જગતકર્ત્તા આત્મા છે ?

આ કલમ જે વડે લખાય છે તે કોણ લખે છે ? લેખકમાં રહેલો આત્મા. આમ લખાણનો કર્ત્તા આત્મા ઠરે છે. તેમજ આ લેખણ બનાવનાર પણ આત્મા. કારણ કે આત્માએજ સ્ટીલ બનાવી. આત્માએજ હોલ્ડર ઘડયું. માટે લેખણનો કર્ત્તા પણ આત્માજ નિર્ણીત થાય છે. વળી જે લોખંડમાંથી સ્ટીલ બની તે લોખંડના પુદ્ગલ પરમાણુને લોખંડ રૂપે, અને જે લાકડામાંથી સ્ટીલ બની, તે લાકડાના કકડાના પરમાણુને ઝાડરૂપે પણ તેમાં રહેલાં આત્માએજ તે ઉગાડયું. આમ આત્મા ઝાડનો, આત્મા લાકડાનો, આત્મા હથિઆરોનો અને આત્મા હોલ્ડરનો કર્ત્તા છે. તેમ આત્મા લોખંડનો, આત્મા સંચાઓનો, આત્માએજ સ્ટીલનો કર્ત્તા છે. આ પ્રમાણે લેખણનો કર્ત્તા આત્મા અને લેખણના સાધનવડે લખાતું આ લખાણ તેનો કર્ત્તા તે આત્મા. એજ પ્રમાણે આ જગત્ જેમાં કોઇ પૃથ્વીરૂપે, પાણીરૂપે, અગ્નિરૂપે, વાયુરૂપે, વનસ્પતિરૂપે, જંતુરૂપે, મત્સ્યાદિરૂપે, પક્ષીરૂપે, પશુરૂપે, મનુષ્યરૂપે, કે દેવતા રૂપે, જે દૃશ્ય થાય છે, તે સઘળું તે તે રૂપમાં રહેલા આત્માએજ બનાવ્યું છે. લોકો કહે છે કે આ હોલ્ડરનું લાકડું

તો સુતારે ઘડયું, માટે તેનો સુથાર કર્તા, પણ ઝાડનો કર્તા તો ઇશ્વર ! જૈન એમ કહે છે કે ઝાડના રૂપે પુદ્દગલને ગોઠવનાર પણ ઝાડમાં રહેલો આત્માજ છે[1] માટે કર્તા આત્માજ છે.

પ્રત્યેક શરીર બનાવનાર આત્મા છે, અને પ્રત્યેક શરીરમાં રહી બીજાં અનેક દ્રવ્યોની રચના પણ આત્માજ કરે છે. આત્માજ ઇંદ્રિ, ચંદ્ર, નાગેન્દ્ર, તીર્થંકર થાય છે. આત્માજ કીટ અને તેજ આત્મા પણ પતંગ, પક્ષી, તેજ મનુષ્ય, અને તેજ દેવતા થાય છે. માટે કર્તા આત્માજ છે.

આ પુસ્તક જે કાગળનું બનેલું છે, આ કાગળ જે કપડાનો બનાવેલો છે, આ કપડું જે કાપુસનું બનેલું છે, અને આ કાપુસ જે વનસ્પતિ છે, તે વનસ્પતિમાં રહેલો આત્માજ કાપુસનું શરીરપણું રચે છે, પછી મનુષ્યમાં રહેલા આત્માએજ રૂ, સુતર, કાપડ, કાગળ બનાવ્યાં, આમ આત્મા પંડેજ કાપુસ થયો, અને તદનંતર નાના પ્રકારની ક્રિયા થઇ કાગળ કે પુસ્તક થયું તે પણ કર્યું, આત્માએજ, માટે કર્તા તો આત્માજ. આત્મા આમ વિદ્વાન્, રાજા, દેવ, ઇન્દ્ર, વગેરેના શરીરો બનાવે છે. તદનુકુલ શરીરો રચી શકે છે. આમ બાહ્ય વિશ્વ સકલનો કર્તા નાના પ્રકારનો આત્માજ છે. એ આત્મામાં રહેલું રચન–સામર્થ્ય આત્મામાં વિભાવિક છે, તેમ આત્મા દ્રષ્ટા થવાથી આ નાના રૂપવાળું જગત્ દશ્ય થાય છે. રચના શક્તિ સઘળી આત્માની હોવાથી, તે શક્તિને ઘણા લોક ઇશ્વિર કહે છે, તો તે કહો, પરંતુ જૈનો તો કહે છે, એ રચનશક્તિ તે આત્માનું કરેલું કર્મ–ક્રિયા છે. અને એ કર્મના જયરૂપ કાર્ય પણ તે કરે છે. બાહ્ય જગતનું કારણ કર્મ–ક્રિયા અને તેનો કર્તા તે આત્મા. આમ એક ભાગ તેને ઇશ્વર કહે છે, જેને બીજો વર્ગ કર્મ–ક્રિયા-શક્તિ કહે છે, આત્માની ક્રિયા કે કર્મ જે વડે આ જગત્ દેખાય

---

૧ મનુષ્ય પેઠે ઝાડમાં જીવ છે, અને જીવમાં કતૃત્વ શક્તિ છે તો એ કતૃત્વશક્તિને કોઇ ઇશ્વિર જાણે તેથી શું થયું !

છે, તે ક્રિયા શક્તિ તે ઈશ્વર સમજવું, પરંતુ એ ક્રિયાશક્તિનો કાબુ તેના હાથમાં છે, તેનો તે જય કરી શકે છે, તેને ઈશ્વર નહિ પણ **પ**રમેશ્વર કહી શકાય છે.

સર્વ મનુષ્ય પાસે પારસમણિ કયો છે ?

એવું કહેવાય છે કે લોખંડને પારસમણિ સ્પર્શે તો તે સુવર્ણરૂપ થઈ જાય.

આ સંસારમાં અનેક પ્રાણીઓ અને પદાર્થો આવેલા છે. તે સઘળા પદાર્થોને મનુષ્ય પાસે રહેલો ગુપ્ત પારસમણિ સ્પર્શ કરે તો તે ઉચ્ચમાં ઉચ્ચ સુવર્ણમય થઇ જાય. જુઓ માણસના હાથ લાગવાથી લોખંડના સ્ક્રુ એવા બન્યા કે તે ૭૫ રૂપીએ તોલો થયા, તેમ મનુષ્યના સ્પર્શથી લોખંડ જેવું જગત્ સુવર્ણ—સારારંગવાળું થઇ જાય છે.

ममत्व त्यागानुभव.

ભરત મહારાજ જેમ ૭ ખંડના રાજા છે, તેમ **આત્મા** છએ દ્રવ્યોનો એટલે ચૌદ રાજલોકનો **રાજાધિરાજ** છે.

એક વખત એક સાધક શ્રી સિદ્ધક્ષેત્રમાં આવેલા એક વિદ્યાલયના મકાનમાં પોતાનાં સગાં, બ્હેનો, માતાઓ, અને બાંધવો સહિત પ્રાતઃકાલે યથાશક્તિ પરવસ્તુમાંથી પુદ્ગલ દ્રવ્યમાંથી—શરીરાદિમાંથી મમત્વ દૂર કરતો હતો. ત્યારે જે પરવસ્તુઓ પોતાના ખ્યાલમાં પણ—અર્થાત્ જોયેલી, જાણેલી, સાંભળેલી પણ—ન હોય તેવી જણાવા લાગી. તેમાંથી પણ તેણે પરવસ્તુ—પૌદ્ગલિક જાણી મમત્વ છોડવા માંડયું તો તેથી પણ અપૂર્વ વસ્તુઓ જણાવા લાગી. તેના આનં-

દનો પાર ન રહ્યો. વળી વિશેષ વિશેષ પૌદ્ગલિક દ્રવ્યો, તેના સત્તાગત ગુણો અને તેના પર્યાયો માલૂમ પડવા લાગ્યા. તે સર્વને પણ પરવસ્તુ સમજી–પોતાના સ્વરૂપમાંજ અનુભવ (**સોઽહં**) રાખનાર આ સાધક મમત્વભાવ પરમાંથી ખેંચવા લાગ્યો. જ્યારે આમ કરતો હતો ત્યારે **ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલ,** વગેરે પોતાથી અલગ પ્રતીત થવા લાગ્યા–પોતાના જ્ઞાનસ્વરૂપમાં–પોતામાં જણાવા લાગ્યા. આ વખતે જે અત્યાર સુધી તેમને વશ પોતે જણાતો હતો તેને બદલે **ધર્માસ્તિકાયાદિ** પાંચે દ્રવ્યો જાણે જીવ રૂપ રાજાના રાજા **આ**ત્મદ્રવ્યની સેવામાં અનુચરો હોયની, તેવા પ્રતીત થવા લાગ્યા; એટલે કે જીવરૂપ રાજાની સેવામાં **પુદ્ગલ–દ્રવ્યો** જાણે હાજરી પુરતાં હોય અને તેમનો હુકમ–આજ્ઞા ઉઠાવવાને હજુરીઆ હોય તેમ જણાવા લાગ્યાં. **ધર્માસ્તિકાય** જ્યારે જીવ–દ્રવ્યને ચાલવું હોય ત્યારે જીવરૂપ રાજા સાહેબની સેવામાં હાજર થઈ તેને ચલાવવાનું કામ કરવા મંડી પડ્યો. **અધર્માસ્તિકાયરૂપ** અનુચર જીવરૂપ રાજાને સ્થિર રહેવું હોય ત્યારે સ્થિર રાખવારૂપ સેવા કરવા લાગ્યો. **આકાશાસ્તિકાયરૂપ** અનુચર, જીવરૂપ રાજાને અવકાશ આપવા હજુરમાં ઉભો રહ્યો. **કાલ** જીવદ્રવ્યની ક્રિયાને નવી જુની બનાવવા પ્રયત્ન કરતો જણાવા લાગ્યો આ પ્રમાણે પાંચે દ્રવ્યો જીવરૂપ રાજાની સેવામાં અનુચરો હોય તેમ દેખાવા લાગ્યા. આટલુંજ નહિ પરંતુ જીવ–દ્રવ્ય પોતામાં જ કર્મ–પુદ્ગલોને જોવા લાગ્યો, અને તેને પણ પર સમજી દૂર કરવા લાગ્યો, અર્થાત્ તેમાંથી પણ મમત્વ છોડી પોતાના સ્વરૂપમાં અર્થાત્ **જ્ઞાનમાં** મમત્વ રાખવા લાગ્યો. એટલે જાણે અન્ય જીવ–દ્રવ્યો પણ પોતાની એટલે છએ દ્રવ્યોને જાણનારની–જ્ઞાનસ્વરૂપની આત્માની સેવા કરતા હોય તેમ ભાસ થવા લાગ્યું. આ વખતે શાસ્ત્રગત એક વાત યાદ આવી. **ભરત મહારાજ** છ ખંડના ધણી હતા છતાં તે ભરતખંડના છ ખંડના માલિક હતા. આત્મા–જ્ઞાન પોતે છ દ્રવ્યો જે લોક તથા

અલોક સુધી આવેલાં છે, તે છ દ્રવ્યો રૂપી છએ ખંડનો **અર્થાત્** લોકાલોકનો **રાજાધિરાજ** હોય એમ અનુભવવા લાગ્યો. વિચાર કરતાં **ભ**રતથી પણ વિશેષ અનુભવ પામતો જણાયો. આ સુખમાં રમતો **આત્મા** કે જેની સેવા છએ દ્રવ્યો કરી રહ્યાં છે, તે **આત્મા** જરાવાર પોતાના સેવકોમાંના **અધર્માસ્તિકાય**ની સેવાનું સુખ ભોગવવાને તેમાંજ રહેવા લાગ્યો. લગભગ પાંચેક મિનિટ તેમાં સ્થિર રહેવા લાગ્યો, એટલામાં તેમાંથી જાણે નીકળતો ન હોય તેમ થવા લાગ્યું: એટલે મુમુક્ષુ સાધક શ્રી **કુંથુજી**નની પાસે ફરિયાદ કરવા લાગ્યો કે:—

" મનડું કેમ હી ન બાઝે હો
કુંથુજીન મનડું કેમ હી ન બાઝે "

આટલા ઉચ્ચાર સાથેની સાથેજ જાણે સમવસરણમાં બીરાજમાન શ્રી **કુંથુ**નાથ ઉત્તર આપતા હોય તેમ સંભળાવા લાગ્યું, કે **અધર્માસ્તિકાય** આદિ અરૂપી દ્રવ્યોમાંથી પણ મનના **મમત્વને** કાઢી લે એટલે નિજસ્વરૂપમાં અવાશે; આમ કરતાંજ "મન તેમાંથી પાછૂં વાળ્યું " અને તે પાછું નિજાનંદમાં—જ્ઞાનાનંદમાં રમવા લાગ્યું.

આ ઉપરથી જીજ્ઞાસુને—મોક્ષાભિલાષી સાધકને કહેવાનું કે પર વસ્તુમાંથી મનને દૂર કરશો—મમત્વને ખેંચી લેશો તો મન પણ શાંત થશે—અને શ્રી **કુંથુજી**ન જે ઉત્તર આપી રહ્યા છે તે પણ હૃદય મંદિરમાં સંભળાશે.

આ પ્રમાણે કરવાથી એટલે જેની જે વસ્તુ છે તે આપી દેવાથી જીવ પાંચે દ્રવ્યોમાંથી મમત્વ છોડી દેછે, એટલુંજ નહિ પરંતુ પોતામાં પણ રહેલા કર્મ ભાવને પૌદ્ગલિક સમજી તેમાં પણ મમત્વ કરતો નથી અને નિજાનંદમાં મહાલે છે. આ વખતે શ્રી **ઉપાધ્યાયજીએ** કહ્યું છે તેમ સાધક ઉપાધિવર્જીત થઈ પરવસ્તુ-

એમાં થઈ પસાર થતાં-કર્મ પુદ્ગલમાંથી પસાર થતાં-સિદ્ધિ લાઇને **શિવમાર્ગની** સિદ્ધિ સડક ઉપર ચાલતો હોય એમ જણાય છે.

કારણ કે, કહ્યું છે કે:—

> જે જે અંશેરે નિરૂપાધિકપણું
> તે તે જાણોરે ધર્મ
> સમ્યક્દૃષ્ટિરે ગુણઠાણા થકી
> જાવ લહે શિવ શર્મ.

चडता—आत्माने.

ગુણદૃષ્ટિવડે જોતાં બહિરાત્મા પણ કેવો રમણીય દેખાય છે?

જેમ જગતમાં પદાર્થો અનંત છે, તેમ એ પદાર્થોને જોવાની દૃષ્ટિઓ પણ અનંત છે. તથાપિ જેમ મનુષ્યો અનેક હોવા છતાં. યુરોપીયન, અમેરીકન, ઈંડિયન, જાપાનીસ, ચાઇનીસ એમ પ્રજા વર્ગ પાડીએ તો સાત કે આઠ વર્ગજ પડી શકે. તેમ દૃષ્ટિઓ અસંખ્ય અને અનંત હોવા છતાં પૂર્વ-પુરૂષોએ માત્ર ત્રણ કે ચાર વર્ગમાં એ સર્વ દૃષ્ટિઓનો સમાવેશ કરેલો જણાય છે. એ દૃષ્ટિઓ યોગ દૃષ્ટિ, ગુણદૃષ્ટિ અને સમદૃષ્ટિ એમ ત્રણ છે. સમદૃષ્ટિને કોઈ વેળા યથાર્થ દૃષ્ટિમાં પણ કોઇ કોઈ લેખકો ગણાવે છે.

આત્મા ત્રણ પ્રકારના શાસ્ત્રમાં ગણેલા છે; બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. શરીરને આત્મા માને તે બહિરાત્મા, અને

શરીરને જાણનાર એવો જે સાક્ષીભૂત તે અંતરાત્મા અને એ સાક્ષી એવો જે જ્ઞાનરૂપ આત્મા (તે પૂર્ણ પવિત્ર–પૂર્ણ જ્ઞાન કે આનંદરૂપ આત્મા) તે **પરમાત્મા.**

તથાપિ પ્રસ્તુત વિષય બહિરાત્મા એટલે શરીર–વગેરેનેજ હું માનનાર આત્માને લગતો હોવાથી અંતરાત્મા તથા પરમાત્મા વિષે હાલ આપણે કંઇ કહીશું નહિ. કોઇ બીજા પ્રસંગે તેઓનો શો અનુભવ કંઇક કંઇક થાય છે તે વિષયપર વાર્તાલાપ કરીશું.

બહિરાત્મા દોષ દૃષ્ટિવડે કેવો દેખાય છે એને માટે કંઈ થોડું લખાયું નથી. માટે તે પણ આ પ્રસંગનો વિષય ન હોવાથી આપણે મૌન રહીશું. હાલ તુરત તો **ગુણ દૃષ્ટિવડે બહિરાત્મા કેવો રમણીય દેખાય છે?** તે સંબંધી બે શબ્દો જણાવવા **લાલન** પ્રયત્ન કરે છે.[1]

---

૧ કોઇ બંધુ–બ્હેન પૂછશે કે તમારે આ વિષય લખવાનું પ્રયોજન શું? બહિરાત્મા નિંદનીય છે–દોષરૂપ છે. અઘરૂપ–પાપરૂપ વર્ણવ્યો છે; તો જેણે એ પ્રકારે વર્ણવ્યો છે તે શું ખોટું છે? આ અગત્યના પ્રશ્નનું **લાલન** ઉત્તર આપે છે કે એમણે વર્ણવ્યો તેવો દેખાય છે; કારણકે બહિરાત્માને જ્યારે દોષ દૃષ્ટિએ જોઇએ તો તેવો દેખાય છે; પરંતુ ગુણ દૃષ્ટિએ કેવો દેખાય છે તે પણ જાણવું જોઇએ. જડ વસ્તુમાં વસ્તુતઃ સારૂં નઠારૂં કહેવાય છે, તે સાપેક્ષ છે. એટલા માટે જ્યારે દોષ દૃષ્ટિથી બહિરાત્મા પાપરૂપ દેખાય છે, તો **લાલન** કહે છે કે **ગુણ** દૃષ્ટિવડે પુણ્યરૂપ પણ બહિરાત્માજ દેખાય છે. અપેક્ષાયુક્ત આ વિષય છે. વળી મનુષ્ય જાતનો મોટો ભાગ અને તેમાં પણ આ દેશનો મોટો ભાગ, પોતે ઘણે ભાગે સ્વતંત્ર વિચાર કરી શકતો નથી. તેમને જેમ કહેવામાં આવે છે, તેજ પ્રમાણે આખો ભવ માની રહે છે, અને એક અપેક્ષાવડે લાભ થાય તો

જેમ કોઈ મનુષ્ય પુસ્તકને પગ લગાડે તો આપણા જૈનમાર્ગી બાંધવો અને મ્હેનો એમ સમજે કે આશાતના થઇ અને જો તેની પૂજા કરવામાં આવે તો સમજે કે આરાધના થઇ, કારણ કે પુસ્તક એ જ્ઞાન છે—જ્ઞાનનું સાધન છે માટે તેની આરાધનાજ કરાય.

એજ પ્રકારે કોઈ પ્રભુની પ્રતિમાજીની આશાતના કરે, તો પાપ યુક્ત ગણાય, અને તેનું પૂજન કરે તો આરાધના ગણાય; કારણ કે પ્રતિમાજી એ પ્રભુરૂપ છે. શાસ્ત્ર પણ કહે છે કે "જિનપ્રતિમા જિન સારખી", જિનપ્રતિમા તે શ્રી જિનેશ્વરરૂપ છે. આ વાત સત્ય છે. સર્વને નિર્વિવાદ છે. તેજ પ્રકારે કોઈ માણસ કે પશુને કોઈ મારે તો આપણે કહીએ કે તેણે જીવને માર્યો અને તેને બચાવે તો આપણે સમજીએ કે જીવને બચાવ્યો. આ વાત પણ આપણ સર્વને માન્ય છે.

આ દૃષ્ટિએ જોતાં પુસ્તક એ જ્ઞાન છે, (જો કે જ્ઞાનનું ઉપકરણ હોવા છતાં ઉપચારે જ્ઞાનજ ગણાય) તોજ તેની આરાધના થઇ શકે છે. પ્રતિમાને પ્રભુ ગણાય તોજ તેની પૂજા થઇ શકે છે

ઠીક, નહિ તો તેજ સ્થિતિમાં રહ્યા કરે છે; એટલા માટે બીજી કે સાથેની અપેક્ષા પણ કેવી છે તે બતાવી ગુણ દૃષ્ટિવડે બહિરાત્મા કેવો છે તે જાણી, કયા કયા લાભો આપણે આ માનવદેહમાં પામી શકીએ તે દેખાડવા યત્ન કરવો એજ **લાલન**નો આંતર્ હેતુ છે. તથાપિ ગુણ દૃષ્ટિના પ્રકાશથી અંજાઇ જનારા કે દોષદૃષ્ટિવડેજ અંધ થઈ ગયેલાને આ વાત સમજાશે અને તેનો શંસય સરખો પણ હવે રહેશે નહીં. આટલા કારણથી જે ગુણદૃષ્ટિ હોય તેને લાભ થાય, અને જેની તે દૃષ્ટિ થઈ શકે તેને પણ લાભ પહોંચે, એટલા શુભ હેતુથી આ પ્રયોગ કરવામાં આવ્યો છે; માટે જો તે બુદ્ધિગમ્ય થાય, તેમજ જગત્ હિતકારક લાગે તો માન્ય રાખશો એવી પ્રાર્થના છે.

અને ફળદાયક પણ તેથીજ થાય છે; તેજ પ્રકારે મનુષ્યાદિ શરીરને જીવ ગણ્યાથીજ તેની રક્ષા વગેરે ધર્મ કાર્ય થાય છે. તેજ પ્રકારે શરીરને આત્મા એમ ગણવાથી આત્માજ્ઞાનરૂપ હોવાને લીધે, તે જ્ઞાનરૂપ થશે. જે માણસો શરીરને આત્મા માને છે, તે માણસો શરીરગત ઇંદ્રિઓને, અવયવોને અને મનને પણ આત્મા માને છે. આમ માનવાથી શરીરને સુઘડ કરી શકે છે, કારણ કે તેઓ માને છે કે અમે આત્માને સુઘડ અને સુદૃઢ કરીએ છીએ. ઇંદ્રિઓને, વિકસિત કરે છે, કારણ કે તેઓ માને છે કે અમે આત્માને વિકસિત કરીએ છીએ. મનને સબળ, સુદૃઢ, નીતિયુક્ત, વિચારયુક્ત કરે છે, કારણ કે તેઓ ગણે છે કે મન એ આત્મા છે. આ વાત યુરોપસ્થ ઘણા જણાને લાગુ પડશે. અને જૈન દૃષ્ટિમાંની ગુણદૃષ્ટિએ આપણે જોઇએ તો આત્મા એ જ્ઞાનરૂપ હોવાથી શરીરને આત્મા માનનાર પણ પાંચ જ્ઞાનમાંના બે જ્ઞાન, એટલે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન, પ્રાપ્ત કરી શકશે. મતિજ્ઞાન ઇંદ્રિયોની પટુતાથી (?) વૃદ્ધિ પામે છે તો જે શરીરને આત્મા ગણનારા તે પણ કાં આત્મવિકાસ કે જ્ઞાનવિકાસ એટલો ન કરે કે મતિજ્ઞાનના ૩૪૦. ભેદને પામે ? અને શ્રુતજ્ઞાન કે બુદ્ધિજન્યજ્ઞાન-સર્વ જગતને યથાર્થ સમજી પોતાનો વિચાર કરી શકે. આ પ્રમાણે વિકાસક્રમને માનનારા (Evolutionists) જ્ઞાનરૂપ થશે. માટે ગુણ દૃષ્ટિથી બહિરાત્મા પાસેથી આપણે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પરાકાષ્ટા પ્રાપ્ત કરી શકીએ, એ વાત જૈનોના લક્ષમાં આણવી જોઇએ. જેમ આત્મા જ્ઞાનરૂપ હોવાથી બહિરાત્મા પણ મતિ અને શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે; તેજ પ્રકારે આત્મા, દર્શનસ્વરૂપ હોવાથી બહિરાત્મા ચક્ષુદર્શન, અને અચક્ષુદર્શનની પણ પૂર્ણતાએ પહોંચી શકે. વળી બહિરાત્મા જે શરીરનેજ હું માને છે, તે શરીરને શુભ આચરણે પણ પ્રવર્તાવી, ઇંદ્રિયોને

પણ નિયમમાં લાવી, મનનો પણ વિજય કરી, ચારિત્ર એટલે Character પણ પોતાની ગુણદૃષ્ટિએ સુધારી શકશે.

વળી આત્મા વીર્ય સ્વરૂપ હોવાથી શરીરને આત્મા માનનારા શારીરિક બળમાં, મનોબળમાં અને નીતિબળમાં પણ ઉત્તમોત્તમ થઈ શકશે.

આજ પ્રકારે આત્મા પોતે અનંત ગુણવાન્ હોવાથી શરીરને આત્મા માનનારા સંપૂર્ણ નહિ પણ શરીરના, ઈંદ્રિયોના, અને મનના અનેક ગુણોથી વાસિત થઇ, પોતાની ઉન્નતિ કરી શકશે.

સ્પષ્ટતાની ખાતર ફરીથી કહેવું પડે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ હોવાથી માણસને ગુણ દૃષ્ટિ વડે જોતાં શિખવાથી તેમને શરીરનું સારૂં જ્ઞાન થશે. અને શરીરનો સદ્ઉપયોગ તો તે સમજી શકશે. તેજ પ્રકારે આત્મા જ્ઞાનસ્વરૂપ હોવાથી તેમને ઇન્દ્રયોનું જ્ઞાન થશે. અને તેની શક્તિ તે જોતાં જોતાં ઘણીજ પ્રાપ્ત કરી શકશે. બાહ્ય જગતનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી જોવામાં તેનો સદ્ઉપયોગ કરી લેશે. તેજ પ્રકારે બહિરાત્મને ગુણદૃષ્ટિવાળો મનનું પણ જ્ઞાન મેળવી તેને કાબુમાં રાખી, શુભ વ્યવહાર ધર્મમાં પ્રવર્તાવશે. માટે **લાલન** ગુણદૃષ્ટિવડે બહિરાત્માને જોવાની, તેજ પ્રકારે શાસ્ત્રાની ભલામણ કરી શરીરે બળવાન્, ઈંદ્રિયે જયવાન્, મને શુભ મતિમાન્ કરી બાહ્ય જગતનો જય કરી પોતાની બાહ્ય પણ ઉન્નતિ સાધે એમજ થવું જોઇએ.

માટે શરીરની આશાતના કરવી એ જ્ઞાનની, દર્શનની, ચારિત્રની, વીર્યની, અશાતના કરવા બરાબર છે, અને તેની આરાધના કરવી એ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યની આરાધના રૂપ છે.

વળી **લાલન** એમ કહે છે કે બહિરાત્માવાળાએ તેમાં દોષ **દર્શન** કરી મન, ઇંદ્રિય, કે શરીરાદિનો જય કરવા કરતાં, તેને

અને તેના કાર્યોને છોડયાં છે, અને તેમ કરી અંતરાત્મતત્વ અને પછી પરમાત્મતત્વ પામ્યા છે. આ ગુણ દ્દષ્ટિનો માર્ગ ક્રમવાર છે, અને તે બહિરાત્મા એટલે શરીર, ઇંદ્રિય, મનનો ત્યાગ નહિ પણ તેનો જય કરી પછી અંતરાત્મા થઇ પરમાત્મા થવાનો માર્ગ છે.

જેમ વિષયોમાં ફસનારો જયકર્તા નથી, તેમ તેથી ભાગનારો પણ તેનો જય કરનારો ન કહેવાય, જેમ શત્રુના હાથમાં ફસાનારો જય કરનારો ન કહેવાય, તેમ શત્રુઓથી ભાગનારો તે પણ તેનો જય કરનારો ન કહેવાય, પરંતુ તેનો જય કરી, પોતાની શુભેચ્છા પ્રમાણે, પોતાની ઉન્નતિ તે માર્ગે ચલાવે તેણેજ તેનો જય કરેલો ગણાય.

જેમ સોમલ ઝેર છે, માટે નિરૂપયોગી છે. એમ જાણનાર સોમલનો જય કરી શકે નહિ. પરંતુ સોમલને મારી તેની ભસ્મ કરનારા તેનો ઉપયોગ કરી જાણે. તેમ વિષયોથી ડરનારા વિષયોને જીતનારા કેમ ગણાય? પરંતુ વિષયોમાંથી વિષભાગને કાઢી તેનો સદ્ઉપયોગ કરી શકે, તેજ જીતનારા–જૈન ગણાય. **લાલનને** તો ગુણદ્દષ્ટિવડે સર્વત્ર સુઝે છે. અને તેથી આ યુક્તિ પણ ગ્રાહ્ય લાગે છે.

વિ. વિ. કોઈ એમ કહેશે કે શરીરને આત્મા માનવાથી એટલે બહિરાત્મભાવ હોવાથી શરીરનો તો નાશ થાય છે, તો સમજવું કે શરીરનો નાશ નથી, પણ પર્યાયાંતર થાય છે. જેમ સાંકળીનો નાશ થતાં પોંચી બની, તેજ પ્રકારે શરીરનો નાશ થતાં, નવીન પ્રકારનું શરીર બને; આવું મતિજ્ઞાન રહેવાનું; કેમકે શરીરનો નાશ એટલે પર્યાયાંતર થવાથી કંઈ મતિજ્ઞાનનો નાશ થાય? તેમ શરીરનો નાશ એટલે પર્યાયાન્તર થવાથી જ્ઞાનનો, દર્શનનો આનંદનો કંઈ નાશ નથી થતો.

આ પ્રકારે જેમ જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચરિત્રાત્મા, વીર્યાત્મા,

તપ આત્મા, ઉપયોગ આત્મા તેમજ યોગાત્મા(મન, વચન, અને કાયા) એ પ્રસંશનીય ગણાય.

હવે એક કષાય આત્માએ આઠ પ્રકારના આત્મામાંએક પ્રકારનો આત્માજ નિંદનીય રહે છે, પરંતુ, બહિરાત્મા એટલે શરીરને આત્મા માનનારા માનવ બાંધવો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વડે તેનો પણ ઘણે અંશે તેઓ જય કરી શકે છે.

• જુઓ, મતિ જ્ઞાનવડે ક્રોધપર ક્રોધ નથી કરતો, ? માન છોડવાનું માન નથી થતું ? માયાને ઠગવાને માયા (સરલતા રૂપી માયા) નથી કામે લગાડતો ? લોભનો ત્યાગ કરવાનો લોભ નથી વધતો ? કામને જીતવાની કામના નથી થતી ? મોહને છેતરવાની યુક્તિ નથી આવડતી ? આમ ક્રોધના પ્રતિપક્ષી વડે તેનો જય કરી, તે ક્રોધને જીતવાનો ક્રોધ કરવો પડે એવી સ્થીતિએ પણ મતિ જ્ઞાનવડે બહિરાત્મા શું ન આવી શકે ! પરંતુ પ્રયત્ન કરનાર મનુષ્યની તો શું પણ સકલ જીવ માત્રની સ્વાભાવિક વૃત્તિ ઉચ્ચે ચડવાની છે; પરંતુ જેને તે પોતે માને છે, તેમાં તે સુધારો કરી ઉપર ચડવાનું કરે છે. પરંતુ હાલ હિંદમાં કે દુનિયામાં એમ ચાલ્યું છે કે એક પ્રદેશમાં પૂર્ણ ઉન્નતિ કર્યા વિના તેને પડતું મૂકી બીજા પ્રદેશપર મનુષ્ય કુદકો મારવા માંડે છે, અને બીજાથી ત્રીજે; આથી કુદકાનું પરિણામ ભૂસકામાં, નીચે પડી જવામાં, અને અત્યંત દુઃખમય સ્થિતિમાં આવે છે. જે મનુષ્ય શુભ દૃષ્ટિને હૃદયમાં રાખી ઉન્નતિના માર્ગમાં આગળ વધવા પ્રયાસ કરે છે તેને તે સ્વાભાવિક હોવાથી અમલમાં મૂકવું સરળ થઈ પડે છે.

સંક્ષેપમાં જે પોતાને બહિરાત્મા માનશે એટલે શરીરને અને તેના અવયવો અને ઇંદ્રિયોને હું માનશે તે શારીરિક ઉન્નતિ, અવયવોની દૃઢતા અને સ્ફુરતી, અને ઇંદ્રિયોની પટુતાપર લક્ષ આપી

બે પ્રકારના જ્ઞાન મેળવવા વિજયી થશે. એટલે કે 'મતિજ્ઞાનના ૩૪૦ ભેદ તથા શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ સુધી પોતાની ઉન્નતિ આગળ વધારશે. હાલ મતિ જ્ઞાનની પટુતા તે પરોક્ષ રીતે, અર્થાત્ બનાવટી ઇંદ્રિયો એટલે ટેલીફોન, ટેલીગ્રાફ—ટેલેસ્કોપ વગેરે લગાડી વધારે છે, તેમ નહિ પરંતુ વગર બાહ્ય સાધને પણ વધારશે.

જે લોકો મનની સાથે કે અંતરાત્મા સાથે કે વિવેકની સાથે એકતાનતા કરશે, તે physiologically કર્મ પ્રકૃતિના જ્ઞાનથી વધી આગળ અવધિ અને મનઃપર્યવ પ્રાપ્ત કરશે.

જેઓ આત્મા સાથે એક વાક્યતા કરશે તે કેવલ જ્ઞાન પ્રાપ્ત કરશે.

જેઓ પૂર્ણ સાથે ઐક્ય (harmony) પામવા પ્રયત્ન કરશે તે અવશ્ય પૂર્ણતા પ્રાપ્ત કરશે.

कर्म बंधनना चार प्रकार.

(દુઃખ—સુખ)

હાલ ઘણાંક માણસો ઘણાં ઘણાં પાપ કરતાં દેખાય છે, છતાં તેઓ સુખી કેમ જણાય છે ?

તેમણે પુણ્યરૂપી બી વાવ્યાં હતાં, એટલે આજ તેઓ તેનાં સુખરૂપી ફળો ચાખે છે, પણ હાલ જીવોને દુઃખ આપી પાપનાં બી વાવે છે, તેથી ભવિષ્યમાં એટલે હવે પછી તેનાં ફળો તેને દુઃખરૂપ થવાનાં. આમ જે માણસ હોય તે સુખી હોય, છતાં પાપિષ્ઠ હોય. તે માણસ **પાપાનુબંધી પુણ્યવાન્** ગણાય છે. એટલે કે હાલ પૂર્વ પુણ્યને લીધે સુખી છે, અને વર્ત્તમાન પાપને લીધે ભવિષ્યમાં દુઃખી થશે.

કેટલાંક માણસો ધર્મી હોય છે, સારાં કામ કરનારાં હોય છે,

એટલે પુણ્ય કરે છે, તેમ છતાં હાલ દુઃખી કેમ જણાય છે?

કારણ કે પૂર્વે તે માણસોએ પાપો કરેલાં, તો હાલ દુઃખ ભોગવે છે; તે છતાં હાલ સારાં કામ કરી પુણ્ય બાંધે છે, તો હવે પછી સુખી થવાના. આવા માણસને શાસ્ત્રમાં **પુણ્યાનુબંધી પાપી** કહેલા છે, એટલે ભૂતકાળના પાપને લીધે દુઃખ ભોગવે છે; પરંતુ વર્તમાનના પુણ્ય કાર્યને લીધે ભવિષ્યમાં સુખ ભોગવશે.

ત્યારે શું વર્તમાન કાળમાં કોઇ માણસ દુઃખ ભોગવતો હોય, અને તે ભવિષ્યમાં પણ દુઃખ ભોગવે, એવું પણ થાય છે?

હા, કેટલાક માણસ પૂર્વના પાપને લીધે હાલ દુઃખ ભોગવતા હોય, તે છતાં હમણાં પણ જીવોને દુઃખ આપતા હોય, તો તે હવે પછી પણ દુઃખીજ થવાના.

એવા માણસને શાસ્ત્રમાં કેવાં કહ્યાં છે? **પાપાનુબંધી પાપી** એટલે કે, પૂર્વે પાપ કર્યું હતું, તેનું ફળ દુઃખ ભોગવે છે, અને હાલ પાપ કરે છે, તેનાં દુઃખરૂપ ફળ ભોગવશે.

ત્યારે શું એવું પણ બને કે, હાલ સુખી હોય, અને હવે પછી પણ સુખીજ થાય?

હા, તેમ પણ બને. ભૂતકાળમાં જીવને સુખ આપી, પુણ્ય બાંધ્યું હોય, તેથી હાલ સુખ ભોગવે, અને વર્તમાન કાળમાં જીવોને સુખ આપી, પુણ્ય બાંધી ભવિષ્યમાં પણ સુખ ભોગવે.

આવા પુરૂષને શાસ્ત્રમાં શું કહે છે? **પુણ્યાનુબંધી પુણ્યવાન્** એટલે કે, પૂર્વે પુણ્ય કરવાથી હાલ સુખી, ને હાલ પુણ્ય કરે છે, તેથી હવે પછી પણ સુખી થવાના.

સાર—આવા કર્મના ચાર પ્રકારના અનુબંધ થાય છે. અનુબંધનો અર્થ એવો બંધ કે, જેનું ફળ હવે પછી ભોગવાય. સારો અનુબંધ હોય તો, હવે પછી સુખો ભોગવાય. માઠાં અનુબંધ હોય

તો હવે પછી દુ:ખ ભોગવવાં પડે.

૧ **પાપાનુબંધી પાપ** એટલે હાલ દુ:ખ ને હવે પછી પણ દુ:ખ.

૨ **પાપાનુબંધી પુણ્ય** એટલે હાલ સુખ ને હવે પછી દુ:ખ.

૩ **પુણ્યાનુબંધી પાપ** એટલે હાલ દુ:ખ ને હવે પછી સુખ.

૪ **પુણ્યાનુબંધી પુણ્ય** એટલે હાલ સુખ ને હવે પછી પણ સુખ.

આવાં કર્મોથી સંસારી દુ:ખ કાં તો મળે છે, અને કાં તો સુખ મળે છે. પરંતુ મોક્ષના **અવ્યાબાધ** સુખ કે, જે આવ્યા પછી ખુટેજ નહિ, એવાં આત્મિક સુખ મેળવવાને શરીરવડે ભોગવાતાં સુખો છોડવાં જોઇએ; એટલે પાપનો અને પુણ્યનો ક્ષય કરી, આત્મ સ્વરૂપમાં રહેતાં શીખવું જોઇએ, અને કોઇ પણ જાતનો **અનુબંધ** પાડવો ન જોઇએ. છતાં અનુબંધ પાડવો હોય તો પુણ્યનોજ પાડવો, ને પાપનો તો નહીંજ. કારણ કે, પુણ્યના અનુબંધથી એવું બળ પ્રાપ્ત થાય છે કે, કર્મનો ક્ષય પણ કરી શકાય છે.

રૌદ્રધ્યાન બંધ કરવાથી નરકમાં પડવાનું પણ બંધ.

નારકી ને તિર્યંચની ગતિ નીચી છે, અને મનુષ્ય ને દેવતાની ગતિ ઉંચી છે.

નારકી એ એક એવું સ્થાન છે કે, જ્યાં અઘોર પાપનાં ફળ ભોગવવાને જીવોને મહા મહા દુ:ખો સહન કરવાં પડે છે, અને બીજા જીવોને દુ:ખો આપવાથી તે ગતિ પમાય છે.

(૧) મોટી મોટી હિંસા કરવાથી, એટલે જીવોને મારી નાખવાથી જેમાં વારંવાર મરણજ થયા કરે, એવાં દુ:ખ ભોગવવાં પડે, એવી નારકી પમાય છે.

(૨) જે મોટાં મોટાં અસત્ય કે ખોટાં બોલવાથી અન્ય જીવોને

ઘણુંજ જીવલેણ દુઃખ થાય, તેથી પણ નારકીમાં જવાય છે. જેમ પાણીમાં તુંબડું હોય, તેમ જીવને પાણી ઉપર તરવાનો સ્વભાવ છે, છતાં સોમણનો પથરો બાંધ્યો હોય, કે વીશમણ માટીમાં તેને લપેટયું હોય તો, તે તુંબડું નીચે બેસે, તેમ જીવ મોટા જીવલેણ ખોટાં બોલવાથી નીચે નારકીમાંજ જઈ બેસે, ને તેની મહા કઠણ વેદનામાં સપડયા કરે.

(૩) મોટી મોટી ચોરી કરવાથી પણ નારકીમાં પડાય.

(૪) પરસ્ત્રી કે પરપુરૂષ સાથે મૈથુન સેવી, તેના ધણીને કે તેની પત્નિને મહાકષ્ટ પેદા કરવાથી પણ નરકમાં પડાય. મહા કષ્ટ કોઇને પેદા કરવાથી પોતાને તે પ્રાપ્ત થાય છે.

(૫) તેમજ અતિ લોભથી; કારણ કે, લોભને લીધે પણ ઘણુંજ દુષ્ટ કાર્ય થઇ જીવોને મહાવ્યથા પેદા થાય છે. તે એ મહાવ્યથા કરવાનાં બીજોમાંથી એવાં તો મોટાં વ્યથામય ફળ થાય છે કે, આપણાથી વર્ણવી શકાય નહિ. આવાં દુઃખો જયાં મળે છે, તે સ્થાન નીચ ગતિ કહેવાય છે. માટે એવી નીચ ગતિરૂપ નારકીનું દ્વાર બંધ કરવું હોય તો, આપણે—

(૧) જીવોની મોટી મોટી હિંસા કરવી નહિ.

(૨) મોટાં મોટાં ખોટાં બોલી જીવોને રંજાડવા નહિ.

(૩) મોટી મોટી ચોરી કરી જીવોને પાયમાલીએ પહોંચાડવા નહિ.

(૪) પરસ્ત્રી કે પરપુરૂષ સાથે મૈથુન ભોગવી, તેમના ધણીને કે તેમની પત્નિને અસહ્ય દુઃખો આપવાં નહિ.

(૫) અતિ લોભવડે કોઇનું મરણ ચિંતવીને પણ ધન મેળવવા ઇચ્છા કરવી નહિ.

આમ આ પાંચ મહા પાપરૂપ ક્રિયા તજવાથી જે નરકની

નીચ ગતિ છે, જે દુઃખની મોટી મોટી ખાણો જેવી છે, ત્યાં પડતાં બચી જવાય છે.

જે જીવો મોટી મોટી હિંસા, મોટાં મોટાં અસત્ય, મોટી મોટી ચોરી, પરસ્ત્રી કે પરપુરૂષ ગમન અને મોટા મોટા લોભ કરે છે, અથવા મનમાં પણ ચિંતવે છે, તેને જિનશાસ્ત્રમાં રૌદ્રધ્યાન કરતાં ગણાવ્યા છે, ને તેથી નરક ગતિરૂપ નીચ ગતિમાં પડાય છે, એમ કેવળીભગવાને જણાવ્યું છે. માટે એવું કરતાં દૂર રહેવું, તેથી નરક ગતિ રૂપ નીચ ગતિમાં પડતાં બચાય છે.

તિર્યંચ ગતિ થતી કેમ અટકે?

ઉપર પ્રમાણે નારકી અને તેમાં પડતાં દુઃખોથી બચવાને માટે જણાવ્યું. હવે અહીં તિર્યંચની ગતિ જે માણસ કરતાં નીચી છે, તેને અટકાવવાનો ઉપાય જે આપણા હાથમાં છે, તે વિષે કહેવામાં આવશે. નારકીની નીચમાં નીચ ગતિ છે, ને તેમાં તો દુઃખ દુઃખ ને દુઃખ શિવાય બીજું કંઈ છેજ નહિ. પરંતુ તિર્યંચની સ્થિતિ નારકી કરતાં ઉંચી હોવાથી તેમાં તેટલું દુઃખ નથી. તે છતાં મનુષ્યજાતિ કરતાં ઘણાં દુઃખો છે, એટલે કે તિર્યંચ જાતિમાં દુઃખ ઘણુંજ અને સુખ બહુજ થોડું. મેરૂ પર્વત જેટલાં દુઃખો અને સરસવના દાણા જેટલું પણ ભાગ્યેજ સુખ હોય; કારણ કે તિર્યંચની દશા મૂઢ છે. મનરૂપી ઇંદ્રિય પરિસ્ફુટ થઈ નથી, તેથી દુઃખોનો ઉપાય મનુષ્યની પેઠે પુરૂષાકારવડે કરી શકતા નથી. જો ટાઢથી દુઃખ પામે, તો તિર્યંચ એટલે જનાવરો તેનો ઉપાય વિચારી મનુષ્યની પેઠે ઉનનાં વસ્ત્ર બનાવી કે ઘર બાંધી શકતા નથી, પરંતુ ટાઢમાં ઠરે છે. તેઓ વરસાદની શરદીથી બચવાને બિચારા છત્રી પેદા કરી શકતા નથી, કારણ કે, તેઓમાં મન નામની ઇંદ્રિય વિચાર કરવાને જેટલી જોઈએ તેટલી સ્ફુરી નથી, તેમજ સખ્ત તડકાથી બચવાને છત્રીનો ઉપયોગ પણ કરી શકતા નથી, પણ તેમને તડકામાં સબડવું કે રખડવું પડે છે.

વળી ગાડામાં ઘણો ભાર ભરવામાં આવે, તોપણ તેમનાથી બોલાતું નથી. પોપટને પાંજરામાં પૂરવામાં આવે છે, બીજા જનાવરોને પણ બાંધવામાં આવે છે, ને તેમના ધણી તેમને પીડે છે, ગધેડા ભાર વહન કરે છે. તેમને બધાંને કષ્ટ મુંગે મોઢે સહન કરવાં પડે છે, કારણ કે જેમ મન તેઓમાં સ્ફુરેલું નથી, તેમ વાચા પણ તેમને નથી, કે માણસની પેઠે પોતાનાં દુઃખો જણાવી શકે, અને પોતાના માટે સમજુ માણસના પણ દિલ પીંગળાવી શકે. એ તો માણસમાં પણ દયાળુ હોય, તેનેજ સમજાવી શકે. વળી માંસાહારી માણસ તેમને મારી નાંખે, તોપણ બિચારાને સહન કરવું પડે છે, અને બીજા ઘણાંજ તિર્યંચ દશાનાં એવાં કષ્ટ છે કે, જો ત્યાં દુઃખો લાખો હોય, તો સુખ ભાગ્યેજ એકાદ હોય; માટે તે દુઃખી અવવસ્થા તિર્યંચની છે, તેમાંથી બચવાને આપણે શું કરવું જોઇએ ? તે ધ્યાન દઇને વાંચો.

પ્રથમ એવી તિર્યંચ એટલે જનાવરના ઘણાં દુઃખવાળી અવસ્થા શાથી આવે છે, તેનો વિચાર કરીએ.

જે ક્રિયાથી તિર્યંચની દશા આવે છે, તેને શાસ્ત્રમાં આર્તધ્યાન કહે છે, એટલે કે, રડવું, કલ્પાંત કરવું, માથાં પછાડવાં વિગેરે, માટે આર્તધ્યાન ન કરવું; એટલે તિર્યંચની નીચ ગતિમાં પડતાં બચાય.

मुक्ति न मळवानुं एक कारण.

મુક્તિ શબ્દજ આપણને બંધનનું સુચન કરે છે. આપણે કાંઇક બંધનમાં છીએ, અર્થાત્ ઇતિર પ્રાણીઓની પેઠે તિર્યંચ, નારકી, અને દેવતાઓની પેઠે મનુષ્ય પણ બંધનમાં છે. શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે, મોક્ષ કે મુક્તિ તો મનુષ્યજ પ્રાપ્ત કરી શકે છે; તે છતાં તે કેમ સંસારરૂપ બંદીખાનામાંથી છુટી શકતો નથી. ? તેનું એકજ સબલ કારણ અહિં દર્શાવવામાં આવે છે. અને તે સબલ કારણ દૂર કરે તો અવશ્ય મુક્તિ થવાનો સંભવ છે, એમ લાગે છે.

સંસાર એક વિશાલ બંદીખાના જેવો છે અને જેમ કેદખાનામાં ચાર પ્રકારના કેદીઓ હોય છે. તેમ આ સંસારરૂપ કારાગ્રહમાં પણ ચાર પ્રકારના કેદીઓ—બંદીવાનો—કારાગ્રહવાસીઓ છે. એ ચાર પ્રકારના બંદીવાનોમાંથી કોઇ કેદખાનાના અંધકારમય ભોંયરામાં રહેવાને યોગ્ય હોય છે, તેમ નારકીના જીવો આ સંસારરૂપ કારાગ્રહના ભોંયરામાંજ અથડાયા કરે છે. કેટલાક બંદીવાનો જેમ કારાગ્રહમાં સખ્ત મજુરીએ વલગાડેલા હોય છે, તેમ તિર્યંચ જીવોને (તમે જુઓ તો ઘોડા બળદ વગેરેને) સખ્ત મજુરીમાં જોડેલા જણાશે. વળી કેદખાનામાં જેમ બીજાના નાણા નહિ આપનાર આસન કેદખાનામાં દેખવામાં આવે છે, અર્થાત્ કેદખાનાના અમુક ભાગની તેઓ બહાર જવા પામતા નથી. તેમ મનુષ્ય જીવો બીજાનાપરના નાણા ન આપનારની માફક આસન કેદ એટલે કેદખાનાના કહેવાતા સાહુકારી તુરંગના એક ભાગમાં સડે છે. એજ રીતે વળી જે રાજાઓને નજરકેદ અમુક ગામમાં રાખવામાં આવે છે તે ગામથી તેમનાથી દૂર ખસી શકાતું નથી, તેમ દેવતાઓ રાજાની પેઠે નજરકેદ જેવા જણાય છે. તેઓ આ નજર કેદખાનામાંથી છુટી મુક્તિ પામી શકતા નથી અહા ! કેદખાનામાંથી છુટયા પછી મનુષ્ય ગામમાં આવતાં પોતાના સગાં વહાલાંને જાત ભાઇઓને માનવ

બાંધવોને, મળતાં કેટલો સુખી થાય છે. તેમ ખરેખર સુખી તો આપણે ત્યારે કહેવાઇએ કે જ્યારે આ સંસારરૂપ કેદખાનામાંથી છૂટી આપણા-નિજના આપણા આત્મસ્વરૂપના-આપણા પિતાના ખરેખરાં સગાં જે જ મુક્તિ પામ્યા છે-જે સિદ્ધ થયાં છે તેઓને ભેટી શકીએ ખરે જેમ કેદખાનામાં Dungeon એટલે અંધારી કોટડીમાં જે કેદીઓ હોય તેમાંથી કોઇએ સારી વર્તણુક ચલાવી હોય, તો તેને અંધકારમય ભોંયરામાંથી બહાર કાઢે છે, અને સખ્ત મજુરી કરનારા કેદીઓ સાથે જોડવામાં આવે છે. તેમજ નારકી જીવો કર્મના કડવાં ફળ ભોગવતાં કંઇક સારી વર્તણુક ચલાવે તો તિર્યંચગતિમાં મોકલાય છે, તથાપિ કેદખાનાની—સંસારરૂપ કેદખાનાની બહાર મુકવામાં આવતા નથી. આમ કંઇક સારી વર્તણુક ચલાવવામાં એટલે શુભ કર્મ કરવામાં આવે તો જુદા જુદા કેદખાનાના રૂમમાં-ઓરડામાં મુકવામાં આવે છે, એટલે તિર્યંચ ભાગમાં રાખવામાં આવે છે, પણ તેથી કેદખાનામાંથી છોડવામાં આવે એમ બનતું નથી. પરંતુ આપણાથી મનુષ્યથીજ આ કેદખાનામાંથી છૂટાય, એમ જૈન શાસ્ત્રનું કહેવું છે, તેમ બીજા સર્વે અન્ય શાસ્ત્રોને પણ એજ વાત સંમત છે, તો પછી આપણે મનુષ્ય જુદી જુદી કોટડીયોમાં-ઓરડામાં ગોંધાઇ રહેવાં કરતાં મુક્તિ પામીએ, સંસારમાંથી છૂટી સિદ્ધ ગતિ પામીએ તેનો શો ઉપાય છે તેનો વિચાર કરીએ. આ કલમ, ખડીઓ, શાહી, ટેબલ, બોર્ડીંગ, પાલીતાણા, મુંબઇઇલાકો, હિંદુસ્તાન કે જગત્ તેમજ વસ્ત્ર, કુટુંબ, ધન, ધાન્ય, વગેરે વસ્તુઓ કોની છે ? એનો ક્ષણભર વિચાર કરીએ, તો માલુમ પડશે કે તે પુદ્દગલની છે. અર્થાત્-તેનો માલેક-ધણી પુદ્દગલ છે. જેમ **લાલન**ના હાથમાં આવેલી વીંટી સોનાની છે; તેનો માલીક સોનું છે. તેમજ સર્વે જડ વસ્તુ માત્રનો માલિક પુદ્દગલ છે. જેમ વીંટી અને તેનો માલિક સોનું છે; કારણ કે વીંટીને સોનું છોડતું નથી, તે બન્ને સાથેજ રહે છે; તેમ શરીર અને પરપુદ્દગલ અર્થાત્ જડ વસ્તુઓ

તે પુદ્ગલની છે—અચેતનની છે, આપણી નથી અને તે પુદ્ગલની હોવા છતાં આપણે તે લઇ લઇએ છીએ, ચોરીએ છીએ, લુંટી લઇએ છીએ, તેથી આ સંસારરૂપ કેદખાનામાં એ પુદ્ગલની ફરીયાદી સાંભલનાર **મોહરાજા** આપણને સંસારરૂપ કેદખાનામાં આપણી ચોરીના લુંટના પ્રમાણમાં કેદખાનાના જુદા જુદા ભાગમાં એટલે સંસારરૂપ કેદખાનાના ભોંયરા જેવી અંધારી નરકમાં, સખત મજુરીની કેદ જેવી તિર્યંચ જાતિમાં, આસન કેદ જેવી મનુષ્ય જાતિમાં, અને નજરકેદ જેવી દેવતાની જાતિમાં પૂરે છે—ગોંધે છે અને અનેક પ્રકારની આધિ, વ્યાધિ, ઉપાધિમાં, રગદોળે છે. માટે જે પરની એટલે પુદ્ગલની છે તે વસ્તુ તેને એટલે પુદ્ગલને આપી દેવામાં આવે એટલે તેની ઉપરનું સર્વથા મમત્વ છોડી દેવામાં આવે તોજ સંસાર કેદખાનામાંથી છૂટાય, મોક્ષ નગરમાં સ્વતંત્ર રાજ્ય કરી શકાય.

જ્યાં સુધી એમ ન થાય અને કેદખાનામાં સારી વર્તણુક ચલાવવામાં આવે એટલે શુભ કર્મ કરવામાં આવે ત્યાં સુધી એ તિર્યંચને મનુષ્યના ઓરડામાં અને મનુષ્યને દેવતાના ઓરડામાં મૂકવામાં આવે છે, અને ત્યાં પણ નઠારી વર્તણુક ચલાવતાં પાછો નારકીમાં પડી રીબાય છે. એટલા માટેજ જેની જે વસ્તુ છે, તેનેજ તે આપી દેવી, એજ સંસાર રૂપી કેદમાંથી છુટી સરલમાં સરલ રીતે મોક્ષ માર્ગે જવાનો ઉપાય છે.

જેની જે વસ્તુ છે તેની તેજ તે આપી દેવી, એટલે કે પૌદ્ગલિક વસ્તુઓ **પુદ્ગલ દ્રવ્યને**, સ્થિતિસહાયક વસ્તુ **અધર્માસ્તિકાયને**, ગતિ સહાયક વસ્તુ **ધર્માધસ્તિકાયને,** અવગાહના આપનાર વસ્તુ **આકાશાસ્તિકાયને,** નવીન અને જીર્ણ એવી વર્તના તે **કાલને,** આપી દઇને પોતાની સ્વાભાવિક વસ્તુઓમાં નિરંતર રહેનાર જ્ઞાનાદિ અનંત અને અસંખ્ય ગુણોને ગ્રહી રહેવું; કારણકે તે ગુણો કોઈ કાલે પણ પોતાને છોડી જનાર નથી. કેટ-

લાએક લોકો એમ કહે છે કે અમે લુંટીએ–ચોરીએ–પચાવી પડીએ તો અમારે આ સંસારરૂપ કેદખાનામાં રહેવું પડે. પરંતુ અમે મનુષ્ય હોઈ જ્યારે ન્યાયાર્જિત દ્રવ્ય પ્રાપ્ત કરીએ, તો સંસારરૂપ કારા ગ્રહમાંથી કેમ ન છુટીએ ?

માનવબાંધવો, અને બ્હેનો ! આ સંબંધમાં **લાલન** આપને એટલુંજ કહેવા માગે છે કે ન્યાયોપાર્જિત દ્રવ્ય મેલવતાં આપ ઉત્તમ ગતિ એટલે મનુષ્ય ગતિ અથવા દેવતાની ગતિ કદાચ પ્રાપ્ત કરી શકો એ શકય છે. જેને આપણે ન્યાયોપાર્જિત દ્રવ્ય કહીએ છીએ તે પણ કદાચ આપણે ન્યાય થકી ઉપાર્જિત કરેલું હોય તથાપિ આપણે જેની પાસેથી મેળવીએ, તેણે ન્યાય થકી મેળવેલું ન હોય તો તે અન્યાયથી મેળવેલું દ્રવ્ય છે અને આપણે તેને ન્યાયથી મેલવેલું હોવા છતાં અન્યાયોપાર્જિત કરે છે. માટે કદાચ એવો શબ્દ લખવો પડે છે વસ્તુતઃ એટલે નિશ્ચયનયે જોતાં ન્યાયોપાર્જિત દ્રવ્ય તેજ કહેવાય કે જે પોતાનું સ્વાભાવિક દ્રવ્ય પોતે મેલવે એટલે જડ કે પૌદ્‌ગલિક વસ્તુઓ પુદ્‌ગલ મેલવે એટલે પુદ્‌ગલ એનો માલિક છે એમ પ્રતીત થવું જોઇએ અને ચૈતન્ય એટલે જ્ઞાન તે જ્ઞાનનો માલિક છે એમ અનુભવવું તેજ સો સોનું ખરી રીતે ન્યાયોપાર્જિત દ્રવ્ય કહેવાય. તથાપિ મોક્ષ ગતિ તો ન્યાયોપાર્જિત દ્રવ્યમાં પણ મમત્વ હોય ત્યાં સુધી પ્રાપ્ત થાય નહિ–સંસાર રૂપ કારાગ્રહમાંથી છુટાય નહિ–**લોકાલોક પ્રકાશક**–આત્મ રાજ્યમાં બીરાજાય નહિ.

કારણ કે જેને આપ ન્યાયોપાર્જિત દ્રવ્ય કહો છો તે પણ પુદ્‌ગલ દ્રવ્યની માલીકીનું છે, અને જે કોઇનું હોય તેમાં **મમત્વ** રાખવું, અર્થાત્ મારૂં છે એમ માની વર્તવું એ બંધન છે. કેદીઓને જેમ એક કેદખાનામાંથી બીજા કેદખાનામાં લઈ જાય–કેદખાનાની અંદરજ કોઇ સારી જગ્યોમાં રાખવામાં આવે; તથાપિ નારકી એ

હેડ સમાન છે, તિર્યંચ એ લોખંડની બેડી સમાન છે, મનુષ્ય એ રૂપાની બેડી સમાન છે, અને દેવતા એ સોનાની બેડી સમાન છે. આ સઘળી બેડીઓ છે એ વાત ભૂલવી નહિ. એ કેદખાનામાંથી છુટયા પછી નગરમાં આવતાં મનુષ્યને **સ્વતંત્રતાનું** અત્યંત સુખ મલે છે. તેમ સંસારરૂપ કેદખાનામાંથી છુટતાં જે પૂર્ણ સ્વતંત્રતાનો અપૂર્વ આનંદ મલે છે, તે તો પરવસ્તુમાં મમત્વના ત્યાગથીજ મલે છે: માટે મોક્ષ પામવાને સરલમાં સરલ એ ઉપાય છે કે **પ્રથમ** દૃશ્ય વસ્તુઓમાંથી, પછી પંચેન્દ્રિયોથી જણાતી વસ્તુઓમાંથી, એટલે પૌદ્ગલાસ્તિકાયમાંથી પછી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને કાલ, એ પાંચે દ્રવ્યોમાંથી, મમત્વ છોડી—સંપૂર્ણ મમત્વ તજી દઇ એ પાંચે દ્રવ્યને તેના ગુણપર્યાય સહિત **જોનાર** અને **જાણનારમાં** મમત્વ કરી અર્થાત્ એ પાંચે દ્રવ્યોમાંથી મમત્વ ઉઠાવતાં પોતાની મેળે એ પાંચે દ્રવ્યોને **જાણનાર** અને **જોનારમાંજ** અર્થાત્ **જ્ઞાન** અને **દર્શન**માંજ મમત્વ થઇ રહે છે તેમાંજ **સોહં** ભાવે રહેવાય છે તેનું નામજ મોક્ષ—તેનું નામજ શિવ નગરમાં નિવાસ છે.

(સર્વ જંતુને મોક્ષનો ઉપાય હાથ લાગો.)

आत्मनिंदा ए गुण के अवगुण ?

ગુજરાતી ભાષામાં નિંદા શબ્દ એ અશુભ અર્થમાં વપરાય છે. સંસ્કૃતમાં પણ તેમજ છે. નીતિશાસ્ત્રમાં પણ નિંદાને અવગુણ કહ્યો છે, ત્યારે આત્માની નિંદા કરવી એ પણ અવગુણ કહેવાય. તે છતાં નિંદા કાંઇ પણ અર્થમાં સારી ગણાતી હોય તો તે અવગુણની—દોષની નિંદાને ગણવી જોઇએ. પછી એ દોષ પોતામાં હો વા પરમાં હો. પરના દોષની નિંદા પણ નીતિશાસ્ત્રમાં વ્યાજબી નહિ

ગણાય. પરંતુ પોતાના દોષની નિંદા કેટલાએક ગુણી પુરૂષોએ પ્રશંસનીય ગણી છે. પરંતુ પોતાના દોષની નિંદા, તેમાં પોતે કોણ? જીવ કે આત્મા, કે કર્મ કે પુદ્દગલ કે કર્મ સહિત જીવ? અને પોતાની નિંદા તે કર્મની નિંદા, કે જીવની નિંદા, વા આત્માની નિંદા? આ બધી નિંદામાં આત્મ નિંદા તે શું?

વળી આત્મનિંદા શબ્દ બોલતાં સાંભળતાં, ને જે અર્થમાં તે શબ્દનો ઉપયોગ થાય છે તે અર્થનો વિચાર કરતાં તેમાં આત્મનિંદા થતી હોય તેમ જણાતું નથી; પરંતુ આત્મામાં થતા પુદ્દગલભાવની નિંદા કે કર્મ ભાવની નિંદા કે દોષ ભાવની નિંદા થાય છે અને તેમાં આત્માની નિંદા આવતી નથી. જ્યારે પુદ્દગલ ભાવની નિંદા થાય છે, ત્યારે પુદ્દગલનિંદા એવો શબ્દ કેમ ન લખાયો? આ તો આત્મનિંદા, એ શબ્દથીજ પુદ્દગલનિંદા સમજવી. પુદ્દગલલનિંદા કે પુદ્દગલભાવનિંદા માટે શબ્દ એવો જોઇએ કે અર્થ શબ્દમાંજ પ્રગટ થઈ રહે. તો શા માટે 'આત્મનિંદા' શબ્દ વાપરવો અને તેનો અર્થ પુદ્દગલભાવ નિંદા સમજવો? આત્મામાં થતા પુદ્દગલ ભાવની નિંદા છે. તો પુદ્દગલનિંદા વા પુદ્દગલભાવનિંદા એવોજ શબ્દ વાપરવો જોઇએ. વળી આત્મનિંદાને પ્રશંસનીય ગણનારે ખુબ યાદ રાખવું જોઇએ કે આત્મા એ કેવળ મલીન નથી, તેમજ કેવળ શુદ્ધ નથી. તો આત્મનિંદા કરતાં જે મલીન ભાગ છે, જે સુવર્ણમાં માટી ભાગ છે, તેની જ— તેટલાનીજ નિંદા થવી ઘટે છે; માટે પૂર્ણ આત્માને સમજીને અથવા સર્વ કાળે આત્માને એવો સમજી, શા માટે નિર્પેક્ષ આત્મનિંદાને સ્તુતિપાત્ર ગણવી જોઇએ?

શું સોનામાં એક બે ત્રણ કે દશ વીસ ટચ ભેગ હોય તો બધાં સોનાને નિંદવું? શું ચંદ્રમાં જરા સરખા કલંકને લીધે આખા ચંદ્રને નિંદવો? તેમજ જરા સરખા પુદ્દગલ ભાવના દોષને લીધે શું સમગ્ર આત્માને નિંદવો? જેના એક દેશનો અનંતમો

ભાગ સકળ કર્મમળ ઉપર અજવાળું પાડી રહ્યો છે, એવો જ્ઞાન-વાન્ આત્મા છે. વળી જેના એક દેશનો અનંતમો ભાગ સકળ કર્મ-મળનો નાશ કરે છે એવો વીર્યવાન્ આત્મા છે. તો શું તે સમગ્ર આત્માની નિંદા ? બસ, આતે કેવો અનર્થ ! આ કેવો અન્યાય ! જેનો જેટલો દોષ તેને તેટલી શિક્ષા નહીં, પરંતુ સમગ્રને ! આતે શું કહેવાય ! ખરેખર આ પોતાની (આત્માની) નિંદા કરીનેજ, આત્મા ગુણ–દોષવાન્ હોવા છતાં તેને દોષવાનજ સમજીને બહુજ બળથી તેની નિંદા કરીને, ગુણીના ગુણ ન જાણીને–પરંતુ સઘળું દોષમય જાણીને તેની નિંદાથી જાણે, જૈનો અને આર્યો આજે હત-વીર્ય થયા હોયની એમ જણાય છે. માટે ન્યાયતો એ છે કે જેમાં જેટલો દોષ હોય અને જ્યારે દોષ હોય, ત્યારે તેટલી તેટલી નિંદા ! પુદગલભાવની નિંદા પરંતુ આત્મભાવની નિંદા નહીં થવી જોઇએ.

નીતિ વેત્તાને આત્મનિંદા અને આત્મપ્રશંસાના સં-બંધમાં ઉત્તર. આત્મપ્રશંસા કરતી વખતે આત્માના ગુણો યથાર્થ દાખવવા. અમે એમ માનતા નથી કે હું મોટો ને તું નહીં. તું પણ. કારણકે તારામાં પણ તે કે બીજા તેવાજ ઉચા ગુણો છે. માટે આત્મપ્રશંસા આ અર્થમાં હોય કે તું મોટો, હું પણ. હું નાનો, તું પણ. મારી નિંદા એટલે મારા અવગુણ અંશની, તારી નિંદા એટલે તારા અવગુણ અંશની, મારી પ્રશંસા મારા શુદ્ધ આત્માની, તારી પ્રશંસા તારા શુદ્ધ આત્માની. **સાર.** નીતિ એ છે કે આત્મ-પ્રશંસા નહિ, નેમજ આત્મનિંદા નહિ પરંતુ આત્મખ્યાતિ. નહિ પોતાનું **અભિમાન**. નહીં પોતાનું **અપમાન**, પરંતુ પોતાનું માન, પોતાનું પોતાપણું જેવું છે તેવું યથાર્થ રાખવું, પણ હાલ તેમ ન હોવાથી હિંદુસ્થાન હતવીર્ય થઇ ગયેલું જણાય છે.

पोतानी निंदा करवी के करावबी तेमां लाभ शो समायलो छे ?

આત્મ પ્રસંશા ગુણ છે, યા અવગુણ એ વિષય પહેલાં મારી તરફથી પ્રકાશમાં આવ્યો અને તેમાં સિદ્ધ કર્યું હતું કે આત્મ પ્રશંસા એ કઇ અપેક્ષાએ ગુણ છે. તેમાં જણાવ્યું હતું કે આત્મા આઠ પ્રકારનો છે એટલે કે જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્મા, ઉપયોગાત્મા, તપાત્મા, યોગાત્મા, અને કૃષાયાત્મા,

આઠ પ્રકારના આત્મામાં એ છેલ્લાં પ્રકારનો આત્મા એટલે યોગાત્મા અને કષાયાત્મા નિંદનીય ગણાય, બાકી છ પ્રકારે આત્મા પ્રસંશનીય ગણાય, એટલે કે યોગાત્મા અને કષાયાત્મા એ બે પ્રકારમાંથી જો

---

૧. જૈન માર્ગ પ્રારંભ પોથીના ભાગ પહેલાની પ્રસ્તાવનાને અંતે લાલને લખ્યું છે કે—

मन्निंदया यदि जनो परितोषमेति ।
नन्वप्रयत्नजनितो यदनुग्रहो मे ॥

આટે

परिवदतु यथेष्टं मत्समक्षं तिरो वा ॥

જો મારી નિંદાથી કોઈ માણસને સંતોષ થતો હોય તો, તે મારા પર વગર મહેનતે કર્યો મોટો ઉપકાર છે; માટે તે નિંદા મારી સમક્ષ બોલો કે મ્હારી પૂંઠે.

આ ઉપરથી કોઈ બંધુએ લખ્યું હતું કે કોઇની પાસે પોતાની નિંદા કરાવવી, તે તેઓને પાપમાં નાખ્યા બરોબર છે. આ બંધુને **લાલન** પોતાનો આશય વિશેષ પ્રગટ કરી કહે છે કે આત્મદર્શનના જિજ્ઞાસુએ પોતાની, કે પરની (પુદ્ગલભાવની) નિંદાથી રાજી

યોગ એટલે મન, વચન, અને કાયા એ ત્રણ જ્ઞાનાદિ છ આત્મ પ્રકારને સાનુકૂલ હોય તો યોગાત્મા એટલે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ પણ વ્યવહારે પ્રસંશનીય ગણાય. ત્યારે નિંદનીય આત્મા તો માત્ર કષાયાત્માજ રહ્યો; એટલે આત્મ નિંદા માત્ર એકજ પ્રકારે રહી. એટલે કષાયની સાથે આત્મા જ્યારે એકરૂપતા પામે ત્યારે તે નિંદનીય ગણાય છે.

વાચક વૃંદને આ પરથી સ્પષ્ટ થયું હશે કે આત્મા આમ સાત પ્રકારે પ્રસંશનીય છે; અને માત્ર એક પ્રકારે અપ્રસંશનીય કે નિંદનીય છે તો આત્મનિંદા એ બહુધા ગુણ નથી પણ અવગુણ છે. આ દૃષ્ટિયે જોતાં આત્મનિંદાને સર્વથા ગુણકારી સમજવી તે ખોટું છે. સમગ્ર આત્મા નિંદનીય નથી, પણ બહુધા ઘણે પ્રકારે પ્રસંશનીય છે. આ વાત આત્મ જિજ્ઞાસુએ અને શાસ્ત્ર વચનમાં વિચાર પૂર્વક શ્રદ્ધા રાખનાર મનુષ્યે ભૂલવી જોઇતી નથી.

આટલું પૂર્વે લખેલ વિષયપર લખ્યા પછી આત્મનિંદા પોતે કરવી કે કરાવવી કે થવા દેવી એમાં લાભ કઇ અપેક્ષાએ છે તે હવે આપણે છ વર્ષ અને છ મહિના પછી જોઇએ.

સ્વભાવ અને વિભાવ.

આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, ઉપયોગ, તપ, રૂપ હોય ત્યારે તે પોતાની સ્વાભાવિક (Natural) દશામાં છે, અને યોગ તથા કષાયની સાથે એક રૂપતા માને ત્યારે વિભાવિક (Imposed by his own ignorance) દશામાં છે. એ

થવાનું છે. અને પોતાને કે પરને નિંદા કરવાનો હવે વખત ન આવે એવાં મન, વચન, કાયા પ્રવર્તે તેમ કરવું ઘટે છે. આટલા માટેજ આત્માર્થી જીવ અહર્નિશ પ્રથમ સર્વને તેઓના કરેલા અપરાધને માટે ક્ષમા આપે છે, અને પછી પોતે કરેલા અપરાધની તેઓ પાસે ક્ષમા માગે છે.

વિભાવિક દશા નિંદનીય છે; ત્યારે હવે તેની નિંદા કેવે કેવે પ્રકારે થવી જોઇએ, કે તેથી આત્મા નિર્મળ થઈ સ્વભાવ દશામાં વર્તે.

કોઇપણ વસ્તુના સ્વરૂપજ્ઞાન વિના, તે વસ્તુ દૂર પણ થઈ શકતી નથી. માટે વિભાવ શું છે તે સમજવા આપણે એક બે ઉદાહરણ લઇએ.

જેમ કે **લાલન** સાંભળે છે કે આ પાણી ઉનું છે. જરા વિચાર કરી જોતાં માલૂમ પડે છે કે પાણી ઉનું વિભાવે કહેવાય, સ્વભાવે નહિ. પાણી સ્વભાવે નિરંતર ઠંડું છે, પરંતુ અગ્નિની ઉષ્ણતાનો સ્વભાવ પોતામાં લઈ પોતે વિભાવ પામે છે, અને સ્વભાવે શીતળ હોવા છતાં પણ ઉષ્ણ કહેવાય છે, બોલાય છે અને સમજાઈ પણ જાય છે. વળી બહુ કાળ વિચાર કર્યા વિના એમ બોલતા મનમાં—ચિતમાં—હૃદયમાં—અને આત્મામાં પણ કોઈવાર સમજી જઇએ છીએ કે પાણી ઉનું છે.

તેજ પ્રમાણે આત્મા ક્રોધી છે, માની છે, માયાવી છે, લોભી છે, કામી છે, મોહી છે, એ પણ વિભાવ દશાએ કહેવાય. સ્વભાવે તો શીતળ જળની પેઠે જ્ઞાની છે, દર્શની છે, ચારિત્રિ છે, વીર્યરૂપ છે, તપરૂપ છે, ઉપયોગરૂપ છે એમ યથાર્થ કહેવું જોઇએ. માટે જેમ પાણી ઉનું નહિ હોવા છતાં ઘણા કાળથી અમુક પાણીને આપણે ઉનું સમજી ગયા છીએ. જો કે તે તેવું છે નહિ. તેજ પ્રકારે આત્મા સ્વભાવે કષાયયુક્ત ન હોવા છતાં ઘણા કાળથી આપણે આત્માને કષાયવાળો સમજી જઈએ છીએ. આ ભ્રાંતિ દૂર કરવાને આત્મનિંદા કરવી કે કરાવવી, થવી કે થવા દેવી, એ ગુણ જણાય છે. અને એમ થાય તોજ જે સ્વભાવે આત્મા શુદ્ધ, બુદ્ધ વગેરે છે, તે સ્પષ્ટ જણાઇ આવે ત્યારે હવે—

કેવી રીતે આત્મમલ ધોવો?

જે માણસ પોતે પોતાના કપડાં નથી ધોતો, તે માણસ બીજા

પાસે ધોવરાવે છે; તેમ જે માણસથી આત્મા નિંદા ન થતી હોય એટલે પોતાના અવગુણ ન ધોવાતાં હોય, તેણે પોતાની નિંદા થવા દેવી. લોકો નિંદા કરે ત્યારે રાજી થતાં જવું કે મારા પાપ-કષાય-માન રૂપ કાદવ ધોવાય છે. હવે એ મલ ધોવાતાં મને આત્માના સાક્ષાત્ દર્શન થશે.

તેમજ પોતાને પોતાના દોષો જણાય ત્યારે પોતે નિંદા કરવી. પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત્ કરી યોગ્ય ગુરૂ પાસે નિવેદન કરી, ખરી હિંમત (**Moral courage**) રાખી પોતે પોતાની જાહેરમાં નિંદા કરવી. આ બંને પ્રકારના યત્નથી જો માણસ નિશ્ચય કરે તો વધારેમાં વધારે બે ઘડીમા કષાય મુક્ત થાય. જેમ ઉષ્ણ કહેવાતું જલ બે ઘડી પછી તેને રહેવા દીધું કે પોતાના શીતળ સ્વભાવમાં આવી જાય, તેમ બે ઘડી પોતે અને બીજાએ પોતાના ગુપ્ત અને પ્રગટ દોષોની નિંદા કરી કે થવા દીધી હોય તો પોતે નિર્મળ થઇ રહે અને સમભાવે આવી જાય, એટલે આત્માની પરમ શાંતિ પમાય—અરે આત્માનુભવ થાય, નિશ્ચય સમ્યક્ત્વ પ્રગટે અને એટલે પરમાત્મરૂપ થવાના દ્વાર પણ ઉઘડે એ લાભ જણાય છે.

આત્મનિંદા પોતે કેમ કરવી ?

પોતાના કપડાં જેમ શુદ્ધ રાખવાની કાળજી પોતાને હોય તેવી બીજાને હોતી નથી. માટે પોતાના અવગુણોની પોતે નિંદા કરી ધોઇ નાંખીએ, તેવી નિંદા કદી બીજા ન કરી શકે. વળી જેટલી ખબર પોતાના અવગુણની પોતાને હોય, તેવી અન્યને ખબર ન હોવાથી તેઓ બિચારા આપણી નિંદા બરોબર ન કરી શકે. અને આપણે અવગુણ-મેલ-નિંદા કાટ ન ધોઇએ તો તે આપણા પર પણ ચડતો જાય. જેમ શરીર સ્વચ્છ ન રાખવાથી દુર્ગંધ

મારે, તેમ કષાયનો કે વિષયનો મલ પણ જો આત્મામાંથી ધોઈએ નહિ તો તેમાંથી કાળા કોયલા જેવા ક્રોધના ધુમાડા નીકળે, પીળો પચક જેવો માનનો કોઢ જોવો પડે, કાદવ કીચડ જેવો માયાનો મેલ વળગતો રહે, અને ઉંડી ખાઈ જેવી લોભની દુર્ગંધ નીકળ્યા કરે, માટે પોતે પોતાની નિંદા કરી એ કાદવને થોડા વખતમાં ધોવાનું કરવું એ બન્નેમાં વિશેષ લાભ કારક છે.

કેટલાકનું એમ કહેવું છે કે જાહેરમાં પોતાની નિંદા કરવી એ ઠીક નથી. **લાલન** એમ કહે છે કે ઘણું કરીને નાહિંમતને લઇને માણસ પોતાની નિંદા નહિ કરી શકતો હોય. પરંતુ આત્મ દર્શનની ખરી જિજ્ઞાસાવાળાએ તો વિચારવું જોઈએ કે નાહિંમત-પણું આત્માનો વિભાવ છે, કારણકે આત્મા પોતે વીર્ય છે. જો પોતાની પાસે કે પરની પાસે પોતાના અવગુણ દૂર કરવાને જોઈએ તેટલી હિંમત પણ બહાર ન આવે, તો પછી અનંત વીર્યના દર્શન તો કયાંથી થાય ? અનંત વીર્ય પોતેજ છે, અને પોતાના સ્વભાવને જ જુએ છે. તો મલ પોતેજ દૂર કરવો અને તે પણ હિંમતથી.

ખરૂં જોતાં ગમે તે નિંદા કરે, પોતે કે બીજાઓ; તો પણ તે પરની, પર વસ્તુનીજ થાય છે. જેટલું જેટલું નિંદાય છે, તેમાંનું પોતે કાંઈ નથી. પોતે તો તેને દેખનાર–જાણનાર–જ્ઞાન, દર્શન રૂપ છે. માટે હિંમતને વળગી રહેવું. એક લઘુ બંધુએ કચ્છમાં પુછ્યું કે **અનુભવ જ્ઞાન કેમ થાય ?**

ઉત્તરમાં **લાલને** કહ્યું; ભાઈ ! અનુભવ, નાહિંમતથી બારસો યોજન દૂર છે; એટલુંજ નહિ પણ હિમતની પાસે પણ નથી. પણ **હિમતમાં છે.** કારણ કે હિંમત તેજ વીર્ય છે અને વીર્ય તેજ **આત્મા છે.**

ગઇ રાત્રે, કે દિવસે, ક્રોધ. માન, માયા, લોભ, કામ કે મોહ સેવાયો હોય તેનું પ્રાયશ્ચિત કરવું.

આગામી રાત્રી, કે દિવસે ક્રોધ, માન, માયા, લોભ, કામ, કે મોહ નહિ સેવવાની પબ્લીકની * સમક્ષ પ્રતિજ્ઞા લેવી.

ગયા પંદર દિવસ ચાર માસ, અને વર્ષમાં ઉપર પ્રમાણે અશુભ મન. વચન, કાયાં વડે જે થયું હોય તે પબ્લીકને કહી દેવું.

આગામી પખવાડીઉં, ચાર માસ, કે વર્ષમાં અશુભમન, વચન, કાયાથી ન સેવવાની પબ્લીક સમક્ષ પ્રતિજ્ઞા કરવી.

આ ભવમાં કે ભવોભવમાં જે ત્રિકરણે અશુભ થયું હોય, તેને માટે પબ્લિકની અને પ્રભુની સમક્ષ પ્રાયશ્ચિત કરવું.

આગામી ભવમાં અને મોક્ષ થાય ત્યાં સુધીનાં સર્વ ભવોમાં મન, વચન, કાયાથી શુભ ચિંતવવા, શુભજ ક્રિયા કરવાની પ્રતિજ્ઞા કરવી. આમ કરતાં અશુભ ધોવાઇ નિર્મળ થવાશે. અઢાર દૂષણો જઈ અનેક સદ્‌ગુણવાન્ થવાશે.

---

* કોઇ એમ ધારે કે પબ્લીકમાં પોતાના દોષ જાહેર કરી હવે તેવા દોષ ન કરવાની પ્રતિજ્ઞા લેવાની શી જરૂર છે, તો તેને સમજવું. કે પોતાની ભૂલ થતાં પબ્લીકમાં ઘણા માણસો જાણે તો આપણી ભૂલ કે દોષ બતાવનારા ઘણાક મળી આવે, અને તેથી આપણી પ્રતિજ્ઞા આપણને સ્મરણ આવતાં દોષનું પ્રાયશ્ચિત કરી સત્વર નિર્મળ થવાય. આમ કરતાં આંતર્ દૃષ્ટિ વિશેષ થતી જશે, પોતાના દોષ પોતાને જોતાં પણ બહુ આવડી જશે, આત્મ નિંદા કરી તેનું પ્રાયશ્ચિત આત્મા સાથે લઈ પવિત્ર થવાશે. આમ એક તરફ વિશાળ પબ્લીક અને બીજી તરફથી પોતે એમ ઉભયના પ્રયત્નથી દોષ જે માત્ર અઢારજ છે, તે ધોવાઈ આજ ભવમાં નિર્મળ થવાશે અને આત્મ સાક્ષાત્કાર થતાં અનંત ગુણ પ્રકટ થઇ જશે.

परमात्मा क्यां मळे ?

જેમ સ્વયંભૂરમણ પોતે પાણીનો અખૂટ અગાધ અને અસીમ ખજાનો હતો, અને પાણી જ્યાં ત્યાં શોધ્યા કરતો હતો, તેમ માનવ બંધુઓ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર, અને અનંત આનંદમય હોવા છતાં બહાર ઢુંઢે છે.

. પોતેજ કંઇક સદ્‌વિચાર કરે છે. તેથી ધોળા વાદળાંરૂપે આકાશમાં ચડે છે, પરંતુ સાંસારિક મોહનો એક ઝપાટો આવ્યો કે સદ્ વિચારમય વરાળનાં બનેલાં વાદળાં કયાંયે ઉડી જાય છે.

પરંતુ કાયમ ધ્યાનવડે પર્વતની માફક મનને સ્થિર કરી ભાવ સહિત તીર્થાદિમાં જુએ છે, તો ત્યાં પણ કાંઇક મળે છે.

પછી શુભ ભાવના ચાલુ રહેવાથી નદીરૂપ થઈ ભાવનાને ક્રિયામાં મૂકતાં પોતાને જ્યોતિ દેખાય છે, પોતામાં મળતા પોતાનું સ્વરૂપ પણ જણાય છે. છેવટે ખબર પડે છે કે, આ સદ્‌વિચાર અને સ્થિર મન અને શુભ ભાવના અને સત્ ક્રિયા એ મારાંજ હતાં, માટે આટલાં આટલાં ફાંફાં મારી બહાર સ્વયંભૂ રમણ સમુદ્રની પેઠે શોધતો હતો, તેમ નહિ કરતાં પ્રથમ પોતાનીજ શોધ કરી હોત તો જેમ તેને અખુટ પાણી મળે, તેમ આપણાં પોતામાંજ અનંત આનંદના સાગરરૂપ પરમાત્મા મળી આવે છે. જેમકે કેટલાંક વાદળાં પર્વતપર જઇ વર્ષે પણ સમુદ્ર ન સમજે કે તે મારામાંથીજ ઉત્પન્ન થયાં છે, તેમ કેટલાક માણસો પર્વતપર તીર્થે જાય, પણ ત્યાં જે પરમાત્મા છે, તેજ મારીજ ભાવના છે, તે મારામાંથીજ ઉદ્‌ભવી છે, તેમ ન સમજે; તેમ નાની મોટી નદીમાં જાય, તોપણ પોતે પરમાત્મા છે, એમ ન જાણે; અનંત દયારૂપ અહિંસારૂપ જળ પોતામાં આવતાં પોતાનું સ્વરૂપ જણાઇ રહે, તેમ પોતામાંજ પરમાત્મા છે એમ સમજવું જોઇએ.

પ્રભુ દર્શન કેમ થાય ?

સારઃ—જે માણસો પ્રથમ પોતામાં ધ્યાનદ્વારા પરમાત્મા શોધે છે, તેને તે મળે છે જેમ સ્વયંભૂ-રમણ સમુદ્રે પોતામાંજ પાણી શોધ્યું હોત તો તે મળત.

જે માણસ પરમાત્માને બહાર ઢુંઢે છે, તેને પણ પરમાત્મા મળે છે, પરંતું જેમ સ્વયંભૂ-રમણ સમુદ્ર પોતામાંજ જળ હતું છતાં ઘણાં વર્ષ પછી તે નદીરૂપે આવ્યું ? એટલે પોતાના જળની ખબર પડી આવી તેમ બહાર પરમાત્માને ઢુંઢતા ઢુંઢતા થાકી અંતે પોતાનું નીજ સ્વરૂપ જોવા માંડે છે, કે ત્યાં મળી આવે છે. આમ બન્ને રીતે પરમાત્માનું દર્શન થાય છે.

સમુદ્ર અગાધ, અખુટ, અસીમ, અનંત છે; તેમ જીવ પણ, આત્મા પણ, અખૂટ, અગાધ, અસીમ, અનંત છે, જ્ઞાનદર્શન ચારિત્ર સુખથી ભરેલ પરમાત્મા છે. પરંતુ જેમ સૂર્યના તાપવડે સમુદ્રના પાણીની વરાળ થાય છે તે વરાળ જોકે જળરૂપ છે, છતાં સમુદ્રના જળમાં જે ખારાશનો ભાગ હતો તે વરાળમાં નથી તેમ આત્મા તપરૂપે કર્મરૂપી ખારાશ દૂર કરે છે એટલે શુભ વિચારરૂપ પોતે બને છે; પછી દયાની વૃષ્ટિ સર્વ જીવપર થાય છે ત્યારે તે પાણી પણ જાણે પોતાને ભાવતું હોય તેમ જણાય છે. જોકે તે પણ પોતાનામાંથીજ ચોખ્ખું થઇ બનેલું છે. વળી તેમજ શુભ ધ્યાનરૂપ ઝરણ થઈ તેનીજ સમતારૂપ નિર્મળ નદી પોતે જ્યાં હતો, ત્યાં આવે તો પોતાનું સ્વરૂપ જાણે, એમ પરંપરાએ બધું જળ જેમ સ્વયંભૂ-રમણ સમુદ્રનું નિર્મળ થઈ જાય, તેમ સ્વયંભૂરમણ સમુદ્ર જેવો આત્મા પણ બહાર શુભનિમિત્તોવડે વિશુદ્ધ થઇ પરમાત્મા બની રહે.

જીવ એટલે કર્મ સહિત આત્મા,
અને કર્મ રહિત આત્મા તે પરમાત્મા;

જેમ ખારરૂપ સમુદ્ર તે મીઠો સાગર,
તેમ કર્મ રહિત આત્મા તે પરમાત્મા.

પ્રથમ ધ્યાનવડે અને પછી શુકલ ધ્યાનવડે આત્મશોધન કરવાથી પણ પોતાનો આત્મા નિર્મળ થાય છે, ને તેથી પોતે પરમાત્મારૂપ પોતાને જ ઓળખે છે.

પ્રભુપણે પ્રભુ કેમ ઓળખાય ?

જેમ ખાણુમાંથી સુવર્ણ નીકળે છે, ત્યારે તે મૂલ્યવાન સુવર્ણ માટી સાથે મળેલું હોય છે.

તેમ જીવરૂપ અમૂલ્ય સુવર્ણ પણ પ્રાણુમાં કર્મરૂપ માટી સાથે ભળેલું હોય છે;

જેમ પ્રયોગથી, માટીથી. સુવર્ણ જૂદું પડાય છે, તેમજ આત્મા યોગવડે કર્મમળથી છૂટો કરી શકાય છે.

જેમ માટી સાથે મળેલા સુવર્ણને પ્રથમ પાણીમાં પલાળવું જોઇએ છે. તેમ ક્રોધરૂપી કર્મ સાથે મળેલા જીવને ક્ષમારૂપ જળથી પલાળવો પડે છે. જેમ સુવર્ણને ચોખ્ખું કરવાને અગ્નિની આંચો દેવી પડે છે, તેમ હું આત્મા, અને આ દેખાય છે તે બધું અજીવ, એવા તીવ્રભેદ જ્ઞાનરૂપી અગ્નિની આંચો આપવી પડે છે, અને તેમ કર્યું તો જેમ અગ્નિની આંચોવડે સુવર્ણ વિશુદ્ધ થઈ મૂલ્યવાન કુંદન બને છે, તેમ સર્વત્ર ક્ષમાથી શુદ્ધ થાય છે, અને તીવ્રભેદ જ્ઞાનવડે આત્મા વિશુદ્ધ થાય છે અને તે વિશુદ્ધ આત્મા એજ પરમાત્મા છે. જેમ ક્ષાર ભાગ દૂર કરી સંચાવડે કેવળ મીઠું પાણી મેળવાય છે, તેમ ક્રોધ વગેરે જીવમાંથી દૂર કરી વિશુદ્ધ આત્મા પ્રગટાય છે. અને એ વિશુદ્ધ આત્મા તે જ પરમાત્મા છે.

दर्शन प्रकाश केवो छे ?

અંધારૂં તમે સર્વેએ જોયું છે, તેમાં આપણને કાંઇ દેખાતું નથી, અને ઘોર અંધારામાં તો કંઇએ ન દેખાય ! આવી રાત્રિના ઘોર અંધકારની વેળાએ વગડામાં આપણે હોઇએ તો ત્યાં ખજવા (ખદ્યોત) ઉડતાં માલૂમ પડે છે. તેઓની પૂંછડીએ જરા વીજળી જેવું કંઈક હોય છે, ને તેને પ્રકાશ ઝબક, ઝબક, કરતાં જરા જરા જણાય છે, પણ તેથી કાંઇ બધું અંધારૂં દૂર થતું નથી. વળી અંધારી રાત્રિએ પણ આકાશના તારાઓ ખજવા કરતાં વધારે ને સ્થિર પ્રકાશ આપતા જોવામાં આવે છે. પણ તેપણ બધા અંધારાંને દૂર કરતા નથી.

મહિનાના પંદર દિવસ રાત્રિએ ચંદ્ર ઉગે છે, પણ તે આખા મહિનાની ત્રીસે રાત્રિનું અંધારૂં દૂર કરી શકતો નથી.

આખા ચોવીશ કલાકના દિવસના બાર કલાક દહાડાને સૂર્ય ઉગે છે. પરંતુ તેનું અજવાળું અડધી પૃથ્વીમાં પડે છે. અને અર્ધી પૃથ્વીમાં તો રહી જાય છે. એટલા માટે એ સૂર્યને પ્રકાશ પણ આખી પૃથ્વીપરનું બધું અંધારૂં એકી વેળાએ દૂર કરી શકતો નથી. પણ એવો પ્રકાશ કયો છે કે, અંધારી રાત્રિએ તેમજ અજવાળી રાત્રિએ, દિવસે અને રાત્રિએ, અમેરિકામાં અને હિંદુસ્તાનમાં કે આખી પૃથ્વીમાં બધે પોતાનું અજવાળું પાડી શકે ? એવો પ્રકાશ તે દર્શન પ્રકાશ છે.

એ દર્શન એટલે દેખવું; એ આ ઘોર અંધારી રાત્રિ છે એમ દેખે છે. આ ખજવાં રાત્રિના વગડામાં ઉડી રહ્યાં છે, તેને પણ દેખે છે, આકાશમાં રાત્રિના તારા અને તારાવાળી રાત્રિને પણ દેખે છે. ચંદ્રને અને ચંદ્રવડે થતી અજવાળી રાત્રિને પણ દેખે છે. સૂર્યને

અને તેવડે કહેવાતા દિવસને પણ દેખે છે. અને સૂર્ય જ્યાં નથી તે ભાગને પણ તે દેખે છે. રાત્રિ, દિવસ, અને સર્વ ઠેકાણે દેખનાર પ્રકાશ તે દર્શન છે. એવું દર્શન એ જ આપણો દર્શનગુણ. સૂર્યનો પણ સૂર્ય છે; કારણ કે સૂર્ય છે એવું પણ (આપણાં દર્શનવડે)દેખીએ છીએ.

તે ચંદ્રનો પણ ચંદ્ર છે, કારણ કે ચંદ્રને પણ આપણે દેખીયે છીએ. તે દર્શન ખજવાનો પણ ખજવો છે. કારણ કે ખજવાને પણ આપણે દેખીએ છીએ. ટુંકામાં કહીએ તો ખજવા, તારા, ચંદ્ર અને સૂર્ય પણ થોડો કે વધારે પ્રકાશ આપે છે. પણ કોઇ પૂર્ણ પ્રકાશ કરનાર હોય તો દર્શન એટલે દેખવું તે છે, અને એ દર્શન તે આપણે પોતે છીએ.

ખજવા, તારા, ચંદ્ર, અને સૂર્ય, એ કુદરતી પ્રકાશ કહેવાય છે. આ જગત્ પણ આપણને શાથી દેખાતું રહ્યું છે? આપણાં દર્શન ગુણથી. રાત્રિએ ભોંયરામાં કે ગુફામાં અજવાળું કરનાર, જે કુદરતી પ્રકાશ કરનાર ખદ્યોત, તારા, ચંદ્ર, અને સૂર્ય તેમ કૃત્રિમ એટલે બનાવટી પ્રકાશ કરનારા દિવાઓ સાથે આપણો દર્શન-ગુણ સરખાવીએ. કોડિયામાં દિવેલનો દિવો કરીએ તો અજવાળું થાય, પણ નાના ઘરમાં, નાની ગુફામાં કે ભોંયરામાં તેનું અજવાળું પહોંચે.

ગ્યાસલેટ–તેલનો દિવો કરીએ તો તેથી મોટા ઓરડામાં પણ અજવાળું થાય, ગ્યાસની બત્તી હોય તો આખા દિવાનખાનામાં અ-જવાળું થઇ રહે છે.

વીજળીની બત્તી **પારીસના ઈફિલ** ટાવરપર હોયતો વીશ માઇલ આસપાસ અજવાળું પડે, ને તેટલી જગામાં સઘળે અજવાળું અજવાળું થઈ રહે, અને જાણે ચંદ્રના અજવાળાં કરતાં પણ વધારે સખ્ત પ્રકાશ આપનાર કોઇ નવો ચંદ્ર ઉગ્યો હોય અને નવી કોઇ

ચાંદનીમાં રાત્રિએ બેઠા હોઇએ તેવું લાગે, અને હાલના વખતમાં શોધાએલી રેડીયમ નામની ધાતુનો પ્રકાશ જરાસરખાવીયે. આ ધાતુ હોય ત્યાં સૂર્યના કરતાં પણ વધારે પ્રકાશ થાય, કોઇ નવીન સૂર્ય હોય તેમ દેખાય, પરંતુ આ પ્રકાશ કરનારા કૃત્રિમ એટલે બનાવટી દિવા કરતાં પણ આપણો દર્શન ગુણ સર્વને દેખાડે છે, અને સર્વથી એટલે કુદરતી અને કૃત્રિમ પ્રકાશથી પણ વિશેષ અને ન બુઝાય એવો ખરો પ્રકાશ છે. એ દર્શન ગુણ તેજ આપણે છીએ.

એ દર્શન ગુણવડે સદા સર્વત્ર આપણાં શરીર, મન, બુદ્ધિ, ઇંદ્રિયો, ઘર, કુટુંબ, ગામ, દેશ, પરદેશ, પૃથ્વી, આકાશ, ચંદ્ર, સૂર્ય, તારા ને નક્ષત્ર એ સર્વ આપણે દેખીયે છીએ. ટુંકામાં આપણા દર્શનરૂપ દર્પણમાં આખા વિશ્વનું પ્રતિબિંબ પડે છે, એવું દર્શન, તે જ આપણે પોતે છીએ,

દર્શન પ્રકાશ સ્વાભાવિક છે, અને કુદરતી પ્રકાશ અને કૃત્રિમ પ્રકાશ વિભાવિક છે.

જેવો દિવો કૃત્રિમ એટલે બનાવટી પ્રકાશ છે, ને તેમાં તેલ, બત્તી, જોઇએ ને તેમાંથી જરા તેલ, બત્તી, ઓછાં થતાં ધુમાડો પણ નીકળે, ગ્યાસલેટની બત્તી પણ તેલ વિના બળે નહિ, ગ્યાસ લાઇટ પણ કોલશાની ગ્યાસ ખૂટે તો ઝાંખી પડે, ગ્યાસ ખુટે તો બત્તી બુઝાઇ પણ જાય, વીજળી પણ યંત્રવડે ઉત્પન્ન કરવામાં ન આવે તો તે ખુટી દીવો બુઝાઈ જાય.

રેડીયમ, ધાતુમાંથી ઉત્પન્ન થઇ હોય, અને બગતાં, બળતાં ખુટી જાય આમ સર્વ દિવાઓ પ્રકાશ કરે છે, પરંતુ તેલ, ગ્યાસલેટ, ગ્યાસ, વીજળી કે રેડીયમ વિના દિવા બળતાં નથી.

વળી કોડિયાના દિવાનો પ્રકાશ થોડી જગામાં પડે છે. પણ

ખજવા કરતાં વધારે, ગ્યાસલેટની બત્તીનો પ્રકાશ તેથી વિશેષ જગામાં પડે છે, અને તે તારાના પ્રકાશ કરતાં થોડી જગામાં પડે છે, છતાં વિશેષ પ્રકાશમાન દેખાય છે. ગ્યાસ લાઇટ શુક્રના તારા કરતાં આપણને વધારે પ્રકાશ આપતી દેખાય છે. વીજળીનો પ્રકાશ આપણને ચંદ્ર કરતાં વધારે સારો દેખાય છે. આમ કૃત્રિમ પ્રકાશ જોકે થોડી જગામાં પ્રકાશ કરે છે, છતાં વિશેષ જગામાં પ્રકાશ કરનાર કુદરતી પ્રકાશથી વધારે પાસે હોવાથી, વધારે પ્રકાશવાળા દેખાય છે.

પણ કોઇ એવો પ્રકાશ છે કે જેમાં ધુમાડો ન થાય, જેમાં તેલ કે બત્તિ કે ગ્યાસ કે વિજળી કે રેડીયમ એ કંઈ ન જોઈએ, ને જે કોઇ કાળે બુઝાય પણ નહિ ? હા, એવો પ્રકાશ તે **દર્શન** છે. અને એ દર્શન તે આપણે પોતે છીએ. ખજવા, તારા, ચંદ્ર, સૂર્યનો પ્રકાશ જે દેખાય છે, તે તેઓના શરીરનો અને વિમાન એટલે વાહનનો પ્રકાશ છે. અને જ્યારે શરીર કે વિમાન ન હોય, ત્યારે તે પ્રકાશ જતો રહે છે, પરંતુ આ દર્શન પ્રકાશ તો શરીર હોય, ત્યારે પણ છે, અને શરીર ન હોય, ત્યારે પણ છે, વિમાન હોય, ત્યારે પણ છે, અને ન હોય ત્યારે પણ છે; કારણકે એ દર્શન પ્રકાશ તો શાશ્વત એટલે સદાકાળ આપણી સાથે રહે છે. કારણકે **દર્શન** પોતે તેજ આપણે છીયે. દર્શન એટલે દેખવું; અંધારાને પણ દેખે, માટે તે દર્શન કહેવાય; એવું દર્શન તે આત્મા, અને આત્મા તે આપણે પોતે.

उपयोग रहित अने उपयोग सहित धर्मक्रियाना फळोमां देखातो महान् अंतर.

જેમ લૂણુ વિનાની ખીચડી, દિવા વિનાનું ઘર, સૂર્ય વિનાનો દિવસ, ચંદ્ર વિનાની રાત્રિ, દેવ વિનાનું દેહેરૂં, પતિ વિનાની સ્ત્રી, ધર્મ વિનાનો સંસાર, ગુરૂ વિનાનો ઉપાશ્રય, સુગંધ વિનાનું પુષ્પ, તેમ **ઉપયોગ** વિનાની ધર્મ ક્રિયાઓ લાગે છે.

પરંતુ લુણુ સહિત ખીચડી કેવી સારી સ્વાદિષ્ટ લાગે, દિવાથી ઘર કેવું દીપે, દેવ સહિત દેહેરૂં કેવું શોભે, સૂર્ય સહિત દિવસ કેવો સુંદર લાગે, ચંદ્ર સહિત રાત્રિ કેવી ખીલે, પતિ સહિત સ્ત્રી કેવી હસતી હોય, સુગંધ સહિત ફુલ કેવું મગમગે, તેમ ઉપયોગ સહિત ધર્મ ક્રિયા કેવી સુંદર, રમણીય, કલ્યાણકારક તથા આનંદપ્રદ હોય !

ઉપયોગ એ શબ્દનું જીવન છે. જેમ જીવસહિત માણસ મંગળ લાગે છે, તેમ ઉપયોગસહિત ધર્મક્રિયા કેવી માંગલિક લાગે ! જેમ સજીવ મનુષ્ય કેટલું કામ કરે, તેમ ઉપયોગસહિત ધર્મક્રિયા કેટલું કામ કરે ?

સ્પષ્ટતાની ખાતર કહેવું જોઇએ કે મહામંગળકારી ધર્મક્રિયા પણ ઉપયોગસહિત હોય તોજ આપણને મંગળકારી સત્વર થઈ શકે છે, નહિ તો કાળાંતરે પણ તે મંગળકારી થાય કે કેમ તે સંશયયુક્ત વાત છે. હા, અમંગળકારી તો નહીંજ.

એટલું તો આપણે યાદ રાખવાનું છે કે ખાલી પ્યાલો મોઢે માંડયાથી ઘટઘટ મોંઢામાં દૂધ પડતું નથી, અને ક્ષુધા–તૃષા શાંત થતી નથી, તેમ ઉપયોગરહિત ખાલી શબ્દોથી ચેતનની ધર્મ જિજ્ઞાસારૂપ અનાદિકાળની ક્ષુધા શાંત થતી નથી.

સેંકડો નહિં પણ હજારો, હજારો નહિં પણ લાખો વાર ચેતન ધર્મક્રિયા રૂપ અમૃત ભોજન કરવા બેસે છે, પરંતુ હજી તે ભૂખ્યો અને ભૂખ્યો લાગે છે. તેનું કારણ શું ? ધર્મ ક્રિયારૂપ થાળી, રકાબી, પ્યાલા કે પાત્રોમાં ઉપયોગરૂપ અમૃત હજી ચેતનને ખાવા, પીવા મળ્યું નથી.

જેટલાં પતિક્રમણ, જેટલાં સામાયિક, અને જેટલાં પ્રભુ-પૂજન થાય છે, તેના દશમે હિસ્સે પણ ઉપયોગ સહિત ધર્મ આ-ચરણ થતાં હોય તો પ્રતિક્રમણવડે અશુભ નિવર્ત્ત થઇ ચિત્તવિશુદ્ધિ સૌંદર્યવતી હોય ! કેટલા આ પ્રભુ પૂજનથી પુણ્ય ઉપાર્જનના મેરૂ મેળવતા હોય, કેટલા સામાયિકવડે મોહાંધકારને પલાયન કરાવી આત્મદર્શનના ઉજાસમાં આનંદ મગ્ન હોય !

દાખલા તરીકે પ્રતિક્રમણ રૂપ ઉપયોગ સહિત ધર્મક્રિયા લઇએ અને પ્રતિક્રમણના પ્રાણરૂપ તેના ગર્ભ-હેતુની ગાથાનો અહીં વિચાર કરીએ-

स्वस्थानादपरं स्थानं प्रमादस्य वशाद्गतः
तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते ॥

ભાવાર્થ—સ્વસ્થાનથી (સ્વસ્વરૂપથી) એટલે જ્ઞાનાદિ ઉપયોગથી, પરસ્થાનમાં પ્રમાદવશતાથી જવાયું હોય, તો ત્યાં જ એટલે સ્વસ્થાન રૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ અને વીર્યાદિમાં ઉપયોગવશતાથી વારંવાર લાવવાની ટેવ પાડવામાં આવે તો તે પ્રતિક્રમણ કહેવાય અને તેનો કેટલો જ્ઞાનપ્રકાશ થતો હોય, સૂર્યની પેઠે સંસારના અંધકાર મટાડી જગ-તમાં પ્રકાશ કરતો હોય, કેટલો દર્શનપ્રભાવથી ચંદ્રની પેઠે મોહાંધ-કારને દૂર કરી ચાંદની ચારે દિશે પ્રસરાવતો હોય, કેટલો વીર્યબળે નિર્બળતાને દેશવટો દેતો હોય, કેટલો સ્વાનંદે દુઃખના ડુંગરના ચૂરા કરી સુખના મેરૂપર સ્વાશ્રિત થયો હોય !

બીજા દાખલા તરીકે ઉપયોગ સહિત ઉપવાસ લઈએ.

कषायविषयाहारत्यागो यत्र विधीयते ।
उपवासः स विज्ञेयः शेषं लंघनकं विदुः

ભાવાર્થ—જેમાં ક્રોધાદિ ચાર કષાય, પાંચે ઇંદ્રિયોના ત્રેવીશ વિષયો, કવલાદિ ત્રણ પ્રકારના આહારનો ત્યાગ થાય છે, તેનું નામ ઉપવાસ કહેવામાં આવે છે. આ પ્રકારે જો ન થએલું હોય તો ત્યાં લાંઘણ કરી છે, એમ સમજવું.

હવે ઉપયોગપૂર્વક ઉપવાસ કરતાં શી ખૂબી થાય છે, તે જોઈએ. ત્રણ પ્રકારના આહારનો તો ત્યાગ થાય છે, એટલે ઓજસ આહાર જે ગર્ભમાં લેવો પડે છે તેનો ત્યાગ, તેમજ રોમ આહારનો પણ ઘણેક ભાગે ત્યાગ હોય; અચેત પરિમિત જળથી સ્નાન કરવામાં આવે, વળી ચરબીવાળા સાબુ ન વાપરવામાં આવે તો રોમ આહારથી પણ બચાય છે, તેમ કવલ (કોળીઆ) આહારનો પણ ત્યાગ થાય છે; તથાપિ પ્રત્યાખ્યાન લેતી વખતે હાલ આહારના એટલે કવલ આહારના પ્રત્યાખ્યાન લેનાર દેનાર તે ઉપયોગમાં રહે છે. હવે ઉપવાસ કરવાનો સાયન્ટિફિક હેતુ એ પણ હોઈ શકે કે આહારથી કોઇપણ જીવની હિંસા થાય છે. હિંસાથી નિવૃત્ત થતાં પોતાની હિંસા થતી અટકે, અર્થાત્ મરણથી બચાય એમ ન્યાયપુરઃસર સમજાય છે. વળી આહારથી શરીર થયું છે અને શરીર એ જન્મ છે. જન્મ એ મરણ અવશ્ય લાવે છે માટે મરણ દૂર કરવાને જન્મ દૂર થવો જોઇએ અને જન્મ દુર કરવાને શરીર દૂર થવું જોઇએ અને શરીર જે આહારમાંથી ઘડાય છે તે આહાર દૂર કરવો જોઇએ. આત્મા અણુહારી છે. તો જીવે અણુહારી રહી પોતાની સાદિ અનંત કે અક્ષય સ્થિતિ પ્રાપ્ત કરવી જોઇએ; પરંતુ ઉપવાસની વ્યાખ્યામાં જ્યાં સુધી વિષયનો અને કષાયનો ત્યાગ ન થાય

ત્યાંસુધી એકલા આહારનો ત્યાગ કરવો તેને લાંઘણ કરી કહેવાય છે. જેમ કોઇ માણસ પાસે રૂપિઆ માગતો હોય અને તે આપે નહિ તો લોકો તેને ત્યાં પૂર્વે લાંઘવા બેસતા; તેમ ધર્મ પાસે લોકો અમરપણું માગે છે પણ તે આપતો નથી, તો ખાવાનું બંધ કરી ધર્મ પાસે લાંઘવા બેસવાથી અમરપણું આવતું નથી. પરંતુ ધર્મ એમ કહે છે કે કષાય અને વિષય તેમજ આહારનો ત્યાગ કરો એટલે અમરપણું આત્માની પાસે રહેવાથી પ્રાપ્ત થશે, કારણ કે ઉપવાસ એટલે આત્માની સમીપમાં નિવાસ. વળી એકલા આહારનો ત્યાગ કરવાથી વિષયનો એટલે ખાવાની વૃત્તિનો ત્યાગ નહિ થયો હોય તો, રસત્યાગ નહિ થયો હોય તો અતરવારણાં–પારણાને દિવસે ખૂબ રસવાળા પદાર્થો એટલે રસેંદ્રિયોનો વિષય વધારે સેવશે અને એક દિવસ આહાર ત્યાગનો થઈ રહ્યો કે પારણાને દિવસ રસવાળા વધારે પદાર્થો લઇ લેવાથી સરવાળે સરખું થઇ રહેશે; કારણકે આહારની ઇચ્છાનો વિષય રસેંદ્રિના વિષયમાંથી ઉદ્‌ભવે છે તે રસેંદ્રિનો જય કર્યા વિના ગમે તેટલા આહાર ત્યાગરૂપ ઉપવાસ કરો તો પણ ઉપવાસરૂપે ઉપવાસ થશે નહિ અને તેનું ફળ શાસ્ત્રોમાં કહ્યું છે તે પ્રાપ્ત થશે નહિ; માટે રસેંદ્રિના વિષયનો ત્યાગ કરવા પૂર્વે કષાય, લોભનો ત્યાગ કરવો જોઇએ.

અર્થાત્ પ્રથમ સંતોષ, પછી રસેંદ્રિના વિષયનો ત્યાગ, પછી આહાર ત્યાગ, આમ ત્રણે કરવાથી આપણો આત્મા પોતાના સ્વરૂપમાં–જ્ઞાનદર્શન ચારિત્ર આનંદ વીર્ય આદિ ગુણમાં રમી અત્યંત આનંદ પામશે. આનું નામ તે આચાર્યશ્રીના કહ્યા પ્રમાણે ઉપવાસ; આત્મગુણો પાસે વાસ. આમ ઉપવાસ કરવામાં આવે તો પછી ઇંદ્રિયોપર કે શરીરપર અર્થાત્ મનપર પણ જય મેળવી સંસારનો કંટાળો જઇ મુક્તિસુખનો ઉપવાસદિથી અહીં પણ આનંદ લેવાય,

ત્રીજું દષ્ટાંત ઉપયોગપૂર્વક સામાયિકનું લઈએ.

समता सर्वभूतेषु संयमः शुभभावना
आर्तरौद्रपरित्यागस्तद्धि सामायिकं मतं ।

ભાવાર્થ—પ્રથમ સર્વ પ્રાણીમાં સમભાવ એટલે પોતાના સરખા ગણવા તે, આમ થતાંજ મનનો સંયમ થાય અને સંયમ થાય કે મૈત્રી ભાવના સર્વ જીવમાં ઉદ્‌ભવે. ગુણે જ્યાં ન્યૂન હોય ત્યાં કરૂણા આવે પણ તિરસ્કાર નહિ, કારણકે સમાન છે એટલુંજ નહિં પણ મિત્ર છે અને ગુણોમાં અધિક હોય ત્યાં પ્રમોદ થાય પણ દ્વેષ નહિ, કારણ મિત્ર છે, આમ થયું કે જે ધ્યાન થઇ રહેછે તે પણ આર્ત નહિ પણ ધર્મ, અને રૌદ્ર નહીં પણ શુકલ. આવા અભ્યાસ પૂર્વક બે ઘડી સમાયિક એક વખત પણ થાય તો હાલ થતી વખારો ભરીને સામાયિક કરતાં પણ આ સમભાવ સામાયિક વધે? અને શુદ્ધ શ્રાવકને પગલે આપણને ચલાવે?

સંપવડે જૈનતા.

લાલન તરફથી જણાવવામાં આવ્યું કે આપણે આપણી શક્તિ નહિ સમજવાથી, જે આપણે વશ હોવા જોઇએ, તેને આપણે વશ થઇ રહ્યા છીએ અને તેથીજ કર્મ કર્મ કહી જન્મારો પૂર્ણ કરીએ છીએ. વળી તેમજ ઘણાંઓના મુખથી સંભળાય છે અને તેમ માનવાથી ઘણાં આળસુ પણ બનાય છે. જો ધારીએ તો તે સહેજમાં વશ થઇ શકે તેમ છે. માત્ર મન જો સમજે તો પાંચ ઈંદ્રિયોરૂપી ઘોડા નકામા થઈ પડે. મન સારથી જ્યાંસુધી પોતાના વિચાર પ્રમાણે હાંકે છે, ત્યાં સુધી તે રથમાં બેઠેલો જીવ તદનુકુળ ગમન કરે છે. પણ મન વશ થવાથી, ઇંદ્રિયો વશ થાય છે. ઈંદ્રિયોના વશથી કુટુંબને વશ કરી શકાય છે. અને કુટુંબ વશ થવાથી સગાંઓ વશ થાય છે. તેવીજ રીતે જ્ઞાતિ વિગેરેના લોકો વશ થાય છે. આ રીતે સર્વ પ્રાણી એક થાય છે. અને તેને લઇને સર્વત્ર સંપ નજર આગળ તરે છે. અને તેથી આખા જગત્ને જૈન સહેલાઇથી બનાવી શકાયછે.

આ માત્ર જ્યાંસુધી કહેનારાને કહેવામાં અને શ્રોતાઓને સાંભળવામાં છે, ત્યાંસુધી તેનો ફલિતાર્થ આપણે કોઈ રીતે નજરે દેખનાર નથી. પરંતુ જ્યારે ક્રિયામાં આવીશું ત્યારેજ આ વ્યાખ્યાનના પરિશ્રમની સફળતા થશે, એ વાત ઉપર દરેક શ્રોતાએ ધ્યાન રાખવાની જરૂર છે. અને તેથી કહેનાર અને સાંભળનારનો આટલો બધો વખત નકામો ન જાય, અને સર્વ યથાશક્તિ શ્રવણની સાર્થકતા કરે તો લાભપ્રદ છે.

ઐક્યની વખાર અને તેનું વેચાણ.

(Store of equality and its sale.)

આ ત્રણ જગત્ના પરમાત્માને નમન કરી, આ આપણી સંમુખ બિરાજેલા તેમના વડિલ પુત્રરત્નોને વંદન કરી, આપશ્રી બાં-

ધવોને પ્રણામ કરી, આચાર્ય શ્રી પ્રભાકરની આજ્ઞાનુસાર ઐક્ય સંબંધી બે બોલ બોલવાની **લાલન** અભિલાષા રાખે છે.

ઐક્ય—અનુપમ ઐક્ય—કલ્પ વૃક્ષ સરખું ઐક્ય અને મનવાંચ્છિત આપે એવાં ચિંતામણિરત્નથી પણ અધિક એવું ઐક્ય જેનું વર્ણન અસરકારક રીતે શાસ્ત્રશ્રી સુશોભિત વચનોવડે મહારાજશ્રીએ કર્યું તે ઐક્ય—તમારે જોઇએછીયે? ખરેખર તે મેળવવાની તમારી ઇચ્છા થઈ છે? જો થઇજ હોય તો **લાલનને** જાહેર કરવા દો કે તેણે હમણાંજ એક દુકાન ખોલી છે અને તેની અંદર જે માલ ભર્યો છે તે બીજો કંઈ નથી, પણ તમને જોઈતું—ઉપયોગી ઐક્ય છે. આપ બાંધવરત્નોને ટુંક સમયમાં બધો માલ દેખાડી શકાય નહિ માટે એ માલનો કંઈક નમુનો દેખાડે છે અને આપ સર્વ **વી**રપરમાત્માના લઘુ પુત્રો—શ્રાવકો વ્યવહારકુશળ હોવાથી એ નમુનો યોગ્ય લાગે તો મૂલ્ય આપી ખરીદ કરશો. પરંતુ મારી સમક્ષ ઉભેલા સર્વ બાંધવોમાં કોઇપણ બાંધવને ખબરતો હશેકે "ઐક્ય ચિંતામણિરત્ન જેવું છે, અને તે અમને મફત મળેતો અમે લઇએ." માટે એ ચિંતામણિરત્ન જેવું ઐક્ય મફત લેવા ઈચ્છનાર ગ્રાહકોને વિવેક ખાતર કહેવું પડે છે કે મારી દુકાનમાંથી તમને તે મલે એમ નથી. કિંમત આપો અને લઈ જાઓ. માલ પસંદ ન પડે અને આપને ના લેવો એમ જણાય તો ભલે નહિ લેતા.

તમે પૂછશો કે તેની કિંમત શી છે? તો હું તમને જાહેર કરૂં છું કે આપ મારા સર્વ બાંધવોમાંથી કોઈ એવી એક પણ વ્યક્તિ હાલ અહિં હાજર જોવામાં નથી આવતી કે તે ખરીદ ન કરી શકે કિંમત થોડી છે અને વસ્તુ જે પ્રાપ્ત થાય છે તે સર્વ પ્રકારની સિદ્ધિ આપનારી છે.

ઐક્યતા કહો કે સંપ તે એકજ છે. હવે એવા સંપની

કિંમત શી છે? કેટલાક બાંધવોને તે માલમ નહિ હશે, હોયતો તેઓ એ સંપને લે કેમ નહિ? જુઓ થોડા શબ્દોમાંજ હું આપને બતાવું છું કે સંપનું કેવું સૌન્દર્ય છે!

એક પથરો અહીંથી પાંચ હાથને છેટે છે, બીજો દશ હાથને છેટે છે, ત્રીજો પચીશ હાથને છેટે છે, ચોથો પચાશ હાથને છેટે છે, અને પાંચમો પાંચ માઇલને છેટેછે. એમ અનેક જૂદા જૂદા આકારવાળા અને પ્રમાણુવાળા પથરાઓ જૂદી જૂદી દિશામાં જૂદે જૂદે અંતરે ત્યાંને ત્યાં ગબડતા પડયાછે. પરંતુ એ બધા પથરાઓ ભેગા થવાથી આ મકાન[1]—ધર્મસ્થાન કેવું સુંદર બન્યું છે? પ્રથમ આ મકાનની ભવ્યતા જુઓ!

આપણી સમક્ષ આ દિવાલ ઉપર આ આ દેવાંગનાઓએ પોતાના હસ્તમાં કેવું તોરણ ધર્યું છે? ધર્મસ્થાનના અલંકારરૂપ સર્વ ધર્મને માનનીય અમૃતરૂપ 'अहिंसा परमो धर्मः,' એવું તોરણ; એટલુંજ નહિ પરંતુ એ તોરણના લોલકરૂપ આ બીજું વાકયરત્ન જુઓ. यतो धर्मस्ततोयः। જ્યાં ધર્મ ત્યાં જય. જુઓ આ કાચની બારીઓ–તેના પર ચિત્રેલાં ધર્મ વાકયો; ધર્માધર્મના ફળો સૂચવતાં જૂઓ આ ચિત્રો; એકલુંજ નહિ પરંતુ ટુંકામાં મહારાજશ્રીનું પધારવું, ધર્મોપદેશ થવો, એ બધું આ સુદર મકાનને ઉદ્દેશીનેજ છે.

એ સુંદર મકાન જૂદે જૂદે અંતરે પડેલા પથ્થરોનું ઐકય થવાથી–સંપ થવાથી બન્યું છે. આશ્ચર્યની વાત એ છેકે, જે નથી હવે એકેન્દ્રિય, નથી બે ઇન્દ્રિય કે નથી તેરેદ્રિય વા ચૌરેંદ્રિય, કિંવા નથી તિર્યંચ પંચેંદ્રિય કે મનુષ્ય કે દેવતા પંચેદ્રિય–એવા જડ પથ્થરો પણ એક સંપે રહેવાથી આવું સુંદર સ્થાન બની તેમાં સુન્દરતર કે સુન્દરતમ કાર્ય કરાવી આપણને આટલો બધો આનંદ આપે છે,

---

૧ મુંબઈ હીરાબાગમાંનો વ્યાખ્યાન હૉલ.

તો પછી જૂદા જૂદા ભાગમાં દૂર દૂર વસેલા મનુષ્યો-જેને શાસ્ત્ર સર્વ જીવોમાં સર્વોત્તમ ગણેછે. એવા મનુષ્યો એકત્ર થઇને શું નહિ કરી શકશે ? જો મનુષ્યો આવા પથરાપરથી પણ ઉદાહરણ લઇ ઐક્ય કરવાનું **પણ** લે, તો આવાં સ્થાનો સ્વર્ગીય આવાસો બને અને મનુષ્યો દૈવી સૌન્દર્યથી નિરૂપમ સુખ ભોગવેજ.

૧૮૯૩માં આપણે જેને અનાર્ય કહીએ છીએ,-જેને અજ્ઞાન કહીએ છીએ,-આપણે જેને ધર્મજ્ઞાનમાં બહુ કાચી સમજના માનવો સમજીએ છીએ-તેવા દેશમાં અમેરિકન લોકોએ આખું જગત્ જેને અશકય ગણે છે તેવું એક કાર્ય કર્યું છે, અને જગત્‌ના પ્રાચીન મહા સત્તાવાળા દયાળુ ધર્મોને પણ શરમાવું પડે છે, એવું કાર્ય કરી દેખાડયું છે. એ વર્ષમાં **અમેરિકા** ખંડના એક પ્રખ્યાત નગર **ચિ**કાગોમાં જગત્‌ના તમામ જૂદા જૂદા ધર્મોની એક પાર્લામેન્ટ મળી હતી, ઘણાં પરસ્પર વિરૂદ્ધ વિચારવાળાં પણ **ક્રિ**શ્ચયન ધર્મના લોકો એકત્ર મળ્યા હતા; તે ઉપરાંત **બૌદ્ધ** ધર્મવાળાં, **મુ**સલમાન ધર્મવાળાં, **જૈ**નધર્મવાળાં, **હિં**દુ ધર્મવાળાં કૉન્ફ્યુશીઅસ નામના અસલી **ચી**ન દેશના ધર્મવાળાં, **લા**ઓટઝી-**સિ**ન્ટોઝ વગેરે નવસોને વીસ ધર્મવાળાં એકત્ર થયા હતા. અને તેઓનાં ભાષણો રોજ ૧૨ થી ૧૮ હજાર માણસોએ અઢાર દિવસ સુધી સાંભળ્યાં-અપૂર્વ શાંતિથી સાંભળ્યાં.

જ્યારે અનાર્ય-અનાડી-પાશ્ચાત્ય અમેરિકન લોકો અને અંગ્રેજ લોકો **સર્વ ધર્મ સમાજ** (Parliament of Religions) આખી દુનીયાના ધર્મના ઐક્યથી મેળવી શકે, તે વખતે આપણાં જૈનો કે હિંદુઓ માત્ર પોતાનાજ ધર્મની કૉંગ્રેસ આ મહારાજશ્રીએ ઉપદેશેલા ઐક્યતાના પુણ્ય પ્રભાવે શું ન મેળવી શકે ?

એકજ પિતાના ત્રણ પુત્રો હોય, અને તે એક કંપાઉન્ડમાં ત્રણ બંગલા અને મધ્યમાં મહેલ રચી ન રહી શકે ? હા. એક પુત્રને

ઘણાં પુત્રો હોય તથાપિ મહેલમાં રહેનાર મૂળ પુરૂષના એ ત્રણ સગાં પુત્રો છે. તેમજ આપણે જૈનો દેવ, દાનવ, ચક્રવર્તી એ સર્વને વંદનીય એવા ત્રણ લોકના નાથશ્રી **વીર** પ્રભુના ત્રણ આત્મપુત્રો છીએ. એક સ્થાનકવાસી, બીજા દિગંબર અને ત્રીજા શ્વેતાંમ્બર; આમ આપણે ત્રણે જૂદા બંગલામાં રહેનારા પરંતુ વચમાં આવેલા કોંગ્રેસના મહેલમાં રહી આપણ સર્વ-ત્રણે ભાઇઓને અને તેના પુત્રોને જે સામાન્ય વિષયો છે-તે લઈ **ચિ**કાગોની ધર્મ પાર્લામેન્ટની રીતિએ સુભાષણો, સુચર્ચાઓ કરી આખી જૈન કોમના કલ્યાણનો માર્ગ શું નહિ લઇશું ?

આપણે પણ આપણી ત્રણે સંસ્થાના-અર્થાત્ દિગંબર, શ્વેતાંમ્બર અને સ્થાનકવાસી વિભાગના-સામાન્ય વિચારો લઇ, સુધારો વધારો સર્વ એકત્ર મળી કરી શકીએ. આપણે ત્રણે સંસ્થાવાળા મળી હાલ આખી પૃથ્વીપર સ્હાડા ચૌદ લાખ જૈન કહેવાઇએ છીયે તે બધા આપણે એકજ **વી**ર પરમાત્માના આત્મપુત્રો છીએ. સાધુ-સાધ્વીઓ એ આપણાં ધર્મ કુટંબમાં મોટાં ભાઇ-બ્હેનો મોટેરાં હમેશાં નાનાંને-નાનકડાંને ઉચ્ચ માર્ગમાં-પ્રભુશ્રીએ પિતાશ્રીએ દર્શાવેલા માર્ગમાં વહન કરાવે છે. અને આપણે શ્રાવક-શ્રાવિકાઓ તેમના નાના પુત્રપુત્રીઓ છીએ. લૂલાં-લંગડાં, આંધળાં, બહેરાં મુંગાં વગેરે દુઃખી પશુઓને જોઇને આપણ સર્વ જૈનોનું હૃદય તેઓને દુઃખે દુઃખીયું થઈ-દયાર્દ્ર બની જાય છે; તથાપિ આપણાં ભાઇઓમાં કોઇ લૂલો-લંગડો કે પાંગળો હોય તેને જોઇને દયાતો આવતીજ નથી એટલુંજ નહિં પરંતુ તિરસ્કાર આવેછે. આ વાત સાંભળતાંજ આપણામાંના કેટલાંએક બાંધવોને આશ્ચર્ય લાગશે કે એમ કેમ હોય ?

માણસોમાંની પ્રત્યેક વ્યક્તિમાં ક્ષમોપશમ પ્રમાણે ન્યૂનાધિક ગુણ-દોષો હોય છે. આપણે, જે નીતિમાં-વર્તનમાં-આચારમાં લૂલાં લંગડા કે મૂક-અંધ હોય તેના પર દયા કરતા નથી; પણ

તિરસ્કાર કરીએ છીએ. એક દુઃખી તો છે તેના ઉપર વિશેષ દુઃખનો પ્રહાર કરીએ છીયે ! પડયાપર પાટુ મારીએ છીએ ! નહિ બાંધવો આમ નહિ થવું જોઇએ. પિતાશ્રીના આગમ વચન એ છે કે દુઃખીપર દયા પણ તિરસ્કાર નહિ !–તેજોલેશ્યાની સામે શીતલેશ્યા પણ કૃષ્ણ નહિ !!!

એજ પ્રમાણે આપણાં બાંધવોમાંથી કોઈ પોતાના પુણ્યવડે બલે, પરાક્રમે, વિદ્યાએ, જ્ઞાને, ધને કે વૈભવે ચઢીયાતો હોય તો તેની અનુમોદના કરવી જોઇએ, પણ તેની ઇર્ષ્યા કરવી નહિ. ઈર્ષ્યા કરનારને જેની ઈર્ષ્યા કરેછે તેનાં ગુણ કે ધન પ્રાપ્ત થતાં નથી, અને કદાચ પ્રાપ્ત થાય તોપણ એ ગુણનું કે ધનનું સુખ મળતું નથી, કેમકે ઈર્ષ્યા કરનાર માણસ ક્ષણભર પોતાના હૃદયભાગમાં નજર કરશે તો માલમ પડી આવશે કે ત્યાં એક મોટી જ્વાળા લાગી રહીછે, અને તેમાં પોતે પોતાના સ્વાભાવિક ગુણો સહિત બળી મરતો દેખાઈ આવશે. કારણકે ઈર્ષ્યા આપણે કરીએ છીયે બીજાની, પરંતુ થાય છે તે આપણાં હૃદયમાં ! ઈર્ષ્યારૂપી અગ્નિ ફેંકવાને આપણે યત્ન કરીએ, પરંતુ એ યત્ન ઘણો ખરો આપણો વિફલ જઇ તે પ્રગટાવેલી હોળીમાં આપણેજ બળી મરીએ છીયે.

એજ પ્રમાણે આપણાં બાંધવોના ઉંચ ગુણો કે ધન વૈભવ જોઇને આપણે ઈર્ષ્યા ન કરીયે અને રાજી થઇએ, એટલે તેની અનુમોદના કરીએ તો આપણા હૃદયમાં શાન્તિ રહેછે, એટલુંજ નહિ પરંતુ અનુમોદનાથી પ્રગટેલા ઉત્સાહવડે થોડીજ વખતમાં જે ગુણની કે જે ધનની કે જે વૈભવની અનુમોદના કરી હોય, તેવા ગુણ વિગેરે દૈવી સામગ્રી આપણને પ્રાપ્ત થાય છે. આપણામાંના ત્રણે વર્ગમાંથી કોઇનો દોષ જણાય. ત્યારે તિરસ્કાર થઈ આવતાં તેનાપર કરૂણા થાય, અને કોઈ વર્ગમાં અધિક ગુણ જણાય. ત્યારે ઈર્ષ્યા ન થતાં અનુમોદના કરાય, અર્થાત્ 'દોષવાન્ ઉપર કરૂણા' અને 'ગુણવાન્

ઉપર પ્રમોદ ' એ બે કિંમત જો આપ આપો તો પછી આપણાં ઘરમાંથી—સમગ્ર જૈન સંઘમાંથી કુસંપને દેશવટો મળે કે જગત્વટો તે તમે પોતેજ કહો ! અને ઐકયતા—ધર્મ—ઐકયતા સર્વ સુખને આપનારી અને દુઃખોને દુર કરનારી કામધેનુ જેવી ઐકયતાને આપણે લેવા જવી પડે કે જૈનશાસન રૂપી મહા સૌંદર્ય મ્હેલને જોઇ તે પોતેજ દોડી આવે ? આટલું બોલી હું આ વિષય સમાપ્ત કરૂં છું.

समुदायमांथी समाज केम बनी शके !

અત્રેના માંગરોળ જૈન સભાના હોલમાં ' જૈન વકતૃત્વ કળા પ્રસારક સભા ' તરફથી પંડિત **લાલને " સમુદાયમાંથી સમાજ કેમ બની શકે ?** એ વિષય ઉપર મી. **મકનજી જુઠાભાઈ** મહેતા. હાઇકોર્ટ પ્લીડર[1]ના પ્રમુખપણા હેઠળ આપેલું અગત્યનું ભાષણ.

પંડિત **લાલને** પોતાનો વિષય શરૂ કરતાં જણાવ્યું હતું કે આપણામાં જે જે ગુણો છે તેમાં વધારો કરવાથી આપણે ઘણું કરી શકીએ તેમ છે. આજનો વિષય " સમુદાયમાંથી સમાજ કેમ બની શકે છે ? " તે છે. જે જગત્માં આપણે રહીએ છીએ, તેના અંદર એટલા બધા વિચારો, એટલા બધા ધર્મો, એટલી બધી પ્રવૃત્તિઓ છે કે માણસ ગુંથાયા વિના રહેતો નથી. આ જગત્માં મનુષ્ય ગુંથાય એમાં પણ નવાઇ નથી. સંસારના જૂદા જૂદા પ્રકારના મનુષ્યો વિગેરેનાં વર્ણનો વાંચવાથી સંસાર દુઃખથી ભરેલો હોય એમ આપણને લાગે છે, અને તેથી જેમ એક રાક્ષસને જોઈને બીહી જઇએ, તેમ તેના સ્વરૂપથી આપણે બીહી જઇએ છીએ. આ દુઃખમાંથી મુક્ત થવાના જુદા જુદા માર્ગો છે. જો એકલાથી દુઃખ મુક્ત ન થવાય તેમ હોય તો સામટાઓ સાથે મળીને પણ સંકટ-મુક્ત થવાનો પ્રયત્ન કરી શકે છે. પ્રમુખ સાહેબે જણાવ્યા મુજબ

[1] હાલ બારિસ્ટર.

આજનો વિષય નવીન વિષય છે. પશુ વિગેરે યોનિઓને બાજુએ મુકતાં મનુષ્યના સમુદાયમાંથી જેટલાઓ જણાયલા છે, તે સંબંધી કાઢેલી વસ્તિપત્રક ઉપરથી જણાય છે કે મનુષ્યોની કુલ્લે સંખ્યા આજે પોણા બે અબજની ગણાય છે. પથ્થરોના સમુદાયમાંથી તેઓને ગોઠવીને તેઓના જેમ મહેલ બનાવવામાં આવે તેમ મનુષ્યના સમુદાયમાંથી કોઇ એવી યોજનાથી તેઓને એકત્ર કરી સુવ્યવસ્થા સર ગોઠવી અરસપરસ મદદ કરતા થઈ પડે તેવા બનાવી શકાય છે. પ્રત્યેક વ્યક્તિ જ્યારે સમુદાયમાંથી સમાજમાં ગોઠવાય છે, ત્યારે જે સંકટો એકલાથી હઠતા ન હતાં, તે અમુક આકારમાં ગોઠવાયલા સમુદાય કે જેને આપણે સોસાયટી કે સમાજ કહીશું, તેવડે હઠાવી શકાય છે. એ સમાજમાં જીવનના કામની વહેંચણી થાય છે, અને એ વહેંચણી વડે પ્રત્યેક વ્યક્તિ અનેક પ્રકારના પોતાના સંકટો દૂર થયેલા જુએ છે એટલુંજ નહિ પરંતુ બેસુમાર સુખો પણ હાંસલ કરી શકે છે. પછી તે સુખ સોસાઇટી–સમાજથી–માણસ મેળવી શકે છે અને લોકો આ લોક ઉપરાંત પરલોકનો પણ વિચાર કરી શકે છે. પરતુ જંગલી લોકો આ સમાજને ખાવા પીવાનું પણ પૂરૂં પાડી શકતા નથી, અને પોતાનું પશુવત્ દુઃખી જીવન ગાળેછે. કારણકે સમાજની કળા તેઓને પ્રાપ્ત થઈ નથી, જુઓ! એક પુરૂષને રોટલીનો કકડો જોઈતો હોય, તો તેને માટે દાણા વેચનારા જોઇએ, દાણા દળનારા જોઇએ, રોટલી ઘડનારી જોઈએ, ખેતર ખેડનારા જોઇએ, કાપણી કરનારા મજુરો જોઈએ. ઘંટીનાં પથરા માટે ખાણો ખોદનારા જોઇએ, લોખંડના સામાન માટે લુહારો જોઇએ, વગેરે દરેક વ્યક્તિની જરૂરવડે છે. ત્યારે જુદી જુદી વ્યક્તિઓના એકત્ર થવાથી યાતો અરસપરસ મદદ મળવ થીજ સંસાર સુખમય થઇ શકે છે. જો એક બે ઉત્તમ ઉદાહરણો લઈને તે ઉદાહરણ પ્રમાણે વર્તન થાય તો સંસાર સુખરૂપ થાય વ્યવહાર

જીવન અને પરમાર્થ જીવન સાથે સાથેજ રહેવું જોઇએ. આપણે ગરજ પ્રત્યેકની છે, તેમ આપણી ગરજ પ્રત્યેકને છે. માણસના અંગના અવયવો છૂટા છૂટા પડયા હોય તો કંઇ પણ કામ કરી શકતા નથી, પણ સઘળા અંગો ભેળાં થાય તો કેટલું મોટું કામ કરી શકે છે! તેઓ અમુક રચનાની અંદર ગોઠવાય તોજ કામ થઇ શકે છે. આપણી પાસે ગમે તેવા હીરા હોય, પણ આપણે સહરાના રણમાં ગયા હોઇએ અને ખોરાક તથા પાણી જ્યાં ન મળતું હોય ત્યાં હીરાની કિંમત કેટલી? તેમ માણસ ગમે તેવું બુદ્ધિશાળી હોય, ભલું હોય, પરંતુ સમાજમાં ન હોય તો સહરાના રણના હીરાના જેટલી પણ કિંમત ન થાય. આ ઉપરથી જણાશે કે અમુક સમાજમાં પ્રત્યેક મનુષ્યની શક્તિઓનો શ્રેષ્ઠ ઉપયોગ જીવનના કામમાં ગોઠવાવું, તેનો લાભ સમાજની સર્વ અન્ય વ્યક્તિઓને આપવો, તેમજ તેજ મુજબ રચાયલી અન્ય વ્યક્તિની કાર્ય શક્તિથી ઉત્પન્ન થએલ ચીજોનો ઉપયોગ પોતે કરવો. સમાજના જૂદા જૂદા ભાગોમાં તેના જૂદા જૂદા કામો વહેંચાઇ જાય તો સમાજ તનદુરસ્ત અને સુખરૂપ રહેછે. સમાજના કેટલાક માણસોને, બીજા માણસો કામ નથી કરતાં ત્યારે તેઓના કામના વધારાનો બોજો ઉઠાવવાનો હોવાથી કામના અસહ્ય બોજાને લીધે તેઓ થોડા વખતમાં અશક્ત થઈ જાયછે, અને છેવટે તેમનો નાશ થાય છે શ્રીમહાવીર પ્રભુએ સંઘના ચાર ભાગ પાડયા છે. શ્રાવક, શ્રાવિકા, સાધુ અને સાધ્વી. શ્રાવક કોણ કે બારવ્રત ધારી તે. શ્રાવિકા કોણ કે બારવ્રત ધારી તે. સાધુ અને સાધ્વી કોણ કે જે પંચમહાવ્રતધારી તે. બીજાએ જે વ્રત નથી પાળતા, તેઓ સભાસદો નથી પણ માત્ર **Associates** માત્ર દીલસોજી ધરાવનારા છે—અનુમોદક છે. સમાજના મેમ્બરો નથી. મનુષ્ય એ સુંદર પ્રાણી છે, પણ તેમાં જીવ ન હોય તો તે શું કામનું? જો સમાજ જીવન વિનાની હોય તો તે ચાલતી નથી પણ ઘસડાય છે. સમાજનું જીવન સંપ છે.

આપણી સમાજમાં જે અવ્યવસ્થા થઇ રહેલી છે, તે દૂર કરવા માટે કેટલાક વિદ્વાન્ માણસોએ ભેગા થઇ જૂદી જૂદી જ્ઞાતીઓના સંબંધમાં વિચાર ચલાવવો જોઇશે. દાખલા તરીકે જ્ઞાતીમાં લગ્ન, જમણવાર, કેળવણી, ઉદ્યોગો, વેપાર, ધંધો; એ વગેરેની સ્થિતિ સંબંધી ન્યાતિના ગૃહસ્થોએ તપાસ ચલાવવી જોઈએ. યુરોપાદિ દેશોમાં સ્વતંત્રપણું છે, અને સ્વતંત્રપણાને લીધે માણસ સ્વાશ્રયી રહે છે, પણ માણસે સ્વતંત્ર થવા સાથે અરસપરસને મદદ કરવી અને સામાને સન્માન આપવું. સમુચ્ચય (સમષ્ટિ) અને વ્યક્તિ બંનેનું સન્માન જળવાય તો ઘણું સારૂં, અને તે ગુણ આપણા લોકોમાં છે. અને તે ગુણ તે લોકોએ આપણી પાસેથી શીખવો જોઇએ. એક માતા પોતાના છોકરાને આંગળી પકડી ચલાવે છે, ત્યારે તે ચાલવાની શક્તિ તે બાળકમાં હતી, પણ માતાની મદદને લીધેજ તે શક્તિ બહાર આવી હતી, તેથી મા તરફ જેટલું માન રાખીએ તેટલું ઓછું છે. સ્વાશ્રયનો ગુણ આપણે અંગ્રેજ લોકો પાસેથી શીખવો જોઇએ છીએ, અને સ્વતંત્ર વિચાર કરવાનું બળ મેળવવું જોઇએ. સ્વાશ્રય વિના આપણી કદી પણ ઉન્નતિ થઈ શકે તેમ નથી. એ દેશમાં ઉન્નતિ પરસ્પર સહાય સાથે રહેવાથી થાય છે. હવે આપણે જો ઉન્નત ન થઇ શકીએ તો તેની સોબતમાં રહ્યાથી ફાયદો શું છે ? ભેદ પડવાનું કારણ અજ્ઞાન નથી પણ જ્ઞાન છે. પણ એ જ્ઞાન ભેદનું જ્ઞાન છે. જે જ્ઞાનથી છુટા હોય તે સંધાય તે જ્ઞાન અભેદનું જ્ઞાન છે. જેઓમાં ભેદ અને અભેદ બંનેનું જ્ઞાન હોય છે, તેઓ હમેશાં સફળ થાય છે. અભેદ જ્ઞાનવાળાઓ હમેશાં બંધનો ભાગી નાંખી એક બનાવે છે, કુદરતમાં હમેશાં વિવિધતા હોય છે. અને વિવિધતામાં રમ્યતા રહેલી છે. આપણે tolerance ખામોશપણાનો ગુણ રાખી, વિરૂદ્ધતા બાજુએ મૂકી દેવી જોઇએ. સમાજની અંદર ફાંટાઓ પડે ત્યારે તે ફાંટાઓ નથી પણ આકની શાખાઓ છે, એમ સમજી ભેદની સાથે અભેદનું જ્ઞાન રાખવું.

એટલે કે એકતાની સાથે વિવિધતાનું જ્ઞાન જોઈએ. નેપોલીઅન બોનાપાર્ટે ચોર લુટારૂઓને પણ કામે લગાડી દીધા હતા. અમે દેરાવાસી, સ્થાનકવાસી એમ જુદા જુદા છીએ, પણ જો વીરપ્રભુ અત્યારે દર્શન દે તો સઘળાઓ તેને નમી પડે. આપણે જૈનો ૧૩, લાખ છીએ પણ ૧૩, કરોડ કાં ન હોય, પણ તેઓનો સમાજ થઈ શકે છે. જૈનોનાં મૂળ સિદ્ધાંત દયા છે. આપણે એક દયા વિશિષ્ટ–સમાજ કે (Humane Society) બનાવી શકીએ. જે જે ગુણોની અંદર સોસાયટી બનાવવી હોય, તે તે ગુણની અંદરથી બનાવી શકાય છે. અંગ્રેજ લોકોમાં જે Organization છે, તેવું આપણા લોકોમાં જોવામાં આવતું નથી. અગ્રેજ લોકોમાં આત્મિક ધર્મ નહિ પણ પોતાની ચોક્કસ ફરજો ને ધાર્મિક રીતે વળગી રહેવાનો ગુણ છે. વ્યક્તિઓનાં માન અપમાન તરફ નજર નહિ રાખતાં કાર્યો કરવા તરફજ પ્રીતિ રાખવાથી હેતુ જલદીથી સફળ થઇ શકે છે. મુંબઇના વણિકો એક મંડળ કરી, જુદી જુદી જાતના રીતરીવાજો વગેરે જોઇ, સહેલથી પાળી શકાય અને જેથી ઉન્નતિ થઇ શકે, તેવા બેચાર નિયમો રચે તો તેથી લાભ થાય તેમ છે. પશ્ચિમ એ એવું મોહક છે, તેના મોહમાં અંજાઈ ન જવાની સાવચેતી રાખવાની છે. સોશીઓલોજીના સ્થાપક કોમ્ટે જડવાદથી તેને સ્થાપન કરી છે. આપણી શક્તિઓ વડે આપણો ધર્મ પણ આપણે ખીલવવો જોઇએ છે. અને તેમ કરવાથી આપણે ઘણું કરી શકીએ તેમ છે. સોસાયટીની અંદર " સર્વ સર્વનું છે. " એ સૂત્ર ખાસ લક્ષમાં રાખી વેપારના મંડળો, ઉદ્યોગના મંડળો, વિદ્યાવૃદ્ધિનાં મંડળો વગેરેથી સમાજમાં આપણાથી અરસપરસ મદદ થઇ શકે છે. એ એ લોકોનું બધું બધું નકલ કરવાનું નથી. ખોટી નકલ કરવાથી આપણને તેઓ હસે છે. તેને બદલે આપણે તેઓના ઉત્તમ ગુણો લેવાના છે. આપણે કોનફરન્સો કરવા લાગ્યા છીએ; પણ કોનફરન્સો

કેવી રીતની જોઇએ, અને તેમાં કેવા ધોરણે કામ લેવું જોઇએ તે વિષે વિચાર ચલાવવો જોઇએ.

' सुसंपकळा.

શ્રી જૈનવક્તૃત્વકળાપ્રસારકસભા તરફથી ગઇ પરમ દિને રાત્રિના શ્રી જૈન એસોશીએશન ઓફ ઇન્ડીઆના હોલમાં **પંડિત ફ**તેહચંદ કપુરચંદ **લાલ**ને મી. **મ**ણીલાલ **હુ**કમચંદ ઉદાણી એમ. એ. ના પ્રમુખ પણા હેઠળ " સુસંપકળા " એ વિષય ઉપર એક **મનન** કરવા યોગ્ય ભાષણ આપ્યું હતું. **પંડિત લાલને** ભાષણ શરૂ કરતાં જણાવ્યું કે કુસંપ રૂપી રોગ આપણામાં એવો જડ ઘાલી બેઠો છે કે, આપણે સંપની દવા વારંવાર ઉપરા ઉપરી લેવી જોઈએ, અને તે સંપની દવા સાથે એક ' ટોનીક ' શક્તિની દવા તરીકે સુસંપની દવા જોઇએ અને એ સુસંપ કઇ કળાથી કરવો તે હાલના વખત માટે ઉપયોગી થઈ પડશે. એ દવા લાગુ પડે તેને માટે હવા પણ અનુકૂળ જોઇએ અને હાલના જમાના રૂપી હવા હાલમાં એવી છે કે આપણા રોગ ઉપરની સુસંપ રૂપી દવાને ઘણીજ માફક થઇ પડે તેવી છે. જે પાશ્ચાત્ય દેશો હિંદસાથે સંબંધમાં આવ્યા છે, તેઓની દોડ એટલી જલદ છે, કે આપણે તેઓની બરાબરી કરી શકીએ તેમ નથી. પણ હાલ આપણે માટે વખત ઘણો અનુકૂળ છે. આપણા દેશમાં હાલ કોળીની કોન્ફરન્સ, મોચીની કોન્ફરન્સ, ભીલોની કોન્ફરન્સ વીગેરે શુદ્ર ગણાતી કોમોની કોન્ફરન્સો ભરાવા લાગી છે. જ્યારે તેઓ સુધારાઓ કરી તે સુધારાઓ અમલમાં મેલવા લાગ્યા છે, ત્યારે આપણી ઉંચી ગણાતી કોમો તેવા સુધારાઓ યા તેવા સુસંપમાંનુ કાંઇ કરી શકતી નથી. હાલ આપણામાં તો જુદાં જુદાં તડો અને પેટા તડો થવા લાગ્યાં છે, અને

કુસંપ રૂપી ઉકરડાઓ કેટલેક ઠેકાણે વધવા લાગ્યા છે. જુદી જુદી ન્યાતોમાં મિત્ર મંડળો થવા લાગ્યાં છે, અને તે મિત્ર મંડળો ઐકય બળ વધારી જુદા જુદા સુધારા વધારા કરે છે. જ્યારે આપણે યુરોપીઅનોની વાતો વાંચીએ છીએ, તે સમયે તેઓના જેવી ઝડપથી આપણે કેમ આગળ વધતા નથી તે વિષે આપણને વિચાર થાય છે. પણ આપણામાં તેવી પ્રવૃત્તિ હજી થઈ નથી. ન્યુયોર્કમાં રોજ સંખ્યાબંધ સભાઓ મળે છે. (૯૦થી ૧૦૦) અને દરેક સભામાં બેથી ત્રણ હજાર માણસો ભેગા મળે છે અને તે લોકો નોંધણુકો લઇને સભામાં જે અગત્યનું કહેવામાં આવ્યું હોય તેની નોધ લઇ લે છે. આપણે જાણીએ છીએ કે રેલ્વે ટ્રેનો હમેશાં નિયમિત વખતે ઉપડે છે. પણ આપણા લોકો બરાબર વખત સર પહોંચવાને બદલે અર્ધો યા પોણો કલાક અગાઉ જઇને બેસે છે, એટલે કે તેટલો ટાઇમ તદ્દન નકામો ગાળે છે. હવે આપણા જીવનમાંથી જેટલો વખત આપણે નકામો ગુમાવીએ તેનું મુલ્ય તેટલું સોનું ગુમાવીએ તેથી વધારે છે. વળી તે લોકોમાં ભાષા એક હોવાથી તે લોકો એક બીજાઓના વિચાર જલદીથી જાણી શકે છે. અમેરીકામાં બફેલો કરીને શહેર છે, ત્યાં આગળ હું જતો હતો જે વેળા શ્યામ વર્ણના યુરોપીઅન ડ્રેસના એક માણસે પછવાડેથી આવીને મને પુછયું કે " કેમ છો ? " હવે એક આપણા દેશીનો સ્વર આપણી પોતાની ગુજરાતી ભાષામાં સાંભળવાથી કેટલો આનંદ થાય છે ! તે કરાંચી તરફનો મુસલમાન હતો. કુસંપથી ઘણા નુકશાનો થયા છે અને થાય છે, તે વિષે કાંઇ નહિ બોલતાં, સંપના લાભો વિષે હું થોડુંક બોલીશ. એકેકો મનુષ્ય વેપાર કરે, તે રૂઢી થોડા વર્ષમાં નિર્મૂળ થઈ જણાશે. અમેરીકા અને ઇંગ્લંડમાં ટ્રસ્ટ અને કંપનીઓ થઇ સામાન્ય વેપારીઓને મળી જાય છે અને છુટા છવાયા વેપારીઓનું ઝાઝું ચાલતું નથી. વહેવારમાં ધર્મમાં અને વેપારમાં પણ સંપથીજ કાર્યો થાય છે. જેમ બને તેમ મનુષ્યમાં

તફાવત (Differences) ઓછો જોવા અને મળતાપણું (Harmony) વધારે જોવું એ કર્તવ્ય છે. શાસ્ત્રો જે વેળા રચાયા તે વેળાએ હિંદુસ્તાનની અંદર સઘળો વહેવાર ચાલવાનો છે, તે દ્રષ્ટિબિંદુથી તે રચવામાં આવ્યાં હતાં. હવે જમાનો ફરવા સાથે આપણે યુરોપ અમેરિકા વગેરે દેશો સાથે સંબંધ જોડવો પડશે છે. અને તેથી આપણે તે શાસ્ત્રો રચવાના હેતુઓ લક્ષમાં રાખી તે હેતુઓ પ્રમાણે વર્તવું જોઇએ.

હિંદ કે જેને અન્ય લોકો " Mother of Religions" " Mother of Philosophy " ગણે છે, તે દેશને માટે અમેરિકામાં એવું બોલાય છે કે જે લોકમાં બબે અને ત્રણ ત્રણ સ્ત્રીઓ કરવાનો ચાલ પ્રચલિત હોય તે લોકો નીતિમાન કેમ હોઈ શકે ! આ ઉપરથી તેઓ આપણને ઘણા હલકા ગણે છે. હવે આ બાબતમાં આપણે સુધારો કરવો જરૂરનો છે શાસ્ત્રો મનુષ્યોથી રચાયાં છે, અને મનુષ્યોજ નવાં શાસ્ત્રો રચી શકે; વિદ્વાનોની કોન્ફરન્સ મેળવી સુધારા કરો. સુસંપ હું તેને કહુ છું કે જ્યારે આખા દેશના બલકે આખી દુનિયાના મનુષ્યો જનસમાજના સામાન્ય લાભો માટે અરસ પરસ સુખ દુઃખમાં ભાગ લે. બ્રીટીશ રાજ્યના શાહેનશાહ જે દુનિયાના ત્રીજા ભાગ ઉપર રાજ્ય કરે છે, તેને માત્ર એક સ્ત્રી છે, જ્યારે આપણા હિંદુસ્તાનના નાના ઠાકોરો અને બીજા રાજાઓ તેઓને એક એકને પાંચ પાંચ સાત સાત રાણીઓ હોય છે. હવે તેઓનો દાખલો આપણે લેવાનો; ત્યારે હવે આપણી નૈતિક ઉન્નતિ કેમ થાય ? તેઓને એક ભાષાનો ફાયદો અને પોતાના દેશનું કેમ ભલું થાય તે માટે તીવ્ર જીજ્ઞાસા. આપણામાં તો કોઈ ભાઇ ન્યાત જમાડે ત્યારે આપણે જમવાને તૈયાર, પછી ભલે ગમેતો ન્યાત કરતાં તેનું ઘર ઘરેણે મુકાય. હવે આપણે એમ નથી વિચાર કરતાં કે કાલે મારે ત્યાં વારો આવશે. હવે પોતાની શકિત કરતાં વધારે ખર્ચ ક-

રચો તે ક્યાં સુધી નભી શકે ? આપણે ત્યાં બ્રાહ્મણોમાં છોકરાને જનોઈ દેવાનો અર્થાત્ વિદ્યાભ્યાસ કરવાનો અને બ્રહ્મચર્ય પાળવાનો સંસ્કાર કરવામાં એઓ ત્રણસો ચારસો રૂપિયાનો ખરચ કરે છે, છોકરો તે વેળા માત્ર દસ ડગલાં ન ગયો હોય ત્યાં તો મામો તેડી લાવે છે, ત્યારે માત્ર ફારસ કરવામાંજ રૂપીઆ ત્રણસોનો ધુમાડો. જો છોકરો બ્રહ્મચર્ય પાળે અને વિદ્યા ભણે તો તો રૂપીઆ ખર્ચ્યા છે તે સાર્થક, પણ આતો નકામો ખરચ. આપણામાં લગ્ન પ્રસંગે મોટા ખરચો કરવાનો રીવાજ અને દાગીના માગી લાવી પહેરવાનો આલ, તે ફારસ નહીં તો બીજું શું ? લોકો કાંઈ ઠગાતા નથી કે તેણે માગીને દાગીના ગળામાં નથી ઘાલ્યા. કરજ કરીને ખરચ કરવો અથવા ઘર સાફ થઈ જાય તેટલો ખરચ કરવો તે મૂર્ખાઈ નહીં તો બીજું શું કહેવાય ?

તે (પાશ્ચાત્ય) લોકોનું સુસંપનું બળ ઘણું વધારે છે, તે લોકોના ખ્રીસ્તિ ધર્મનો ફેલાવો ઘણો થયો તેનું કારણ સુસંપ છે. આપણામાં દિગંબરો અને શ્વેતાંબરો એક બીજાને તોડી પાડવામાં રાજી. જ્યારે તેઓમાં સામાન્ય હિતને વળગી રહી અરસપરસ મદદ આપવામાં આવે છે. દેરાવાસીઓ પ્રતિમાદ્વારાએ પ્રભુ ભજે અને સ્થાનકવાસીઓ નામથી પ્રભુને ભજે તેમાં આપણે મતાંતરક્ષમા (Principle of tolerance) રાખવી જોઇએ. દિગંબરો કહે કે સ્ત્રીઓ મોક્ષે જઇ શકે નહીં, જ્યારે શ્વેતાંબરો કહેકે મોક્ષે જઈ શકે. તે નાના મતભેદ માટે લડી પડવું જોઇએ નહીં, પણ મોટું દીલ રાખી અરસપરસનું સામાન્ય જોઇ એક બીજાપર પ્રેમ રાખતાં શીખવું જોઈએ. દિગંબર શ્વેતાંબર અને સ્થાનકવાસી એ ત્રણેને સામાન્ય રીતે લાગુ પડે તેવાં પુસ્તકો લખવાં જોઈએ, તેની સાથે દિગંબર શ્વેતાંબર અને સ્થાનકવાસી ધર્મનાં ખાસ પુસ્તકો રચવાં જોઇએ પણ તેમાં અન્ય મતની નિંદાનું એક પણ વાક્ય ન હોવું જોઇએ.

એક તરફથી વિલાયતના લોકો જૈન થાય છે, જ્યારે અત્રેના કોઈ જૈનો દારૂ પીવા લાગે છે. હવે આ વખત એવો અનુકુળ છે કે આપણે એક બીજાને મદદરૂપ થઇ શકીએ, અને દિગંબર, શ્વેતાંબર અને સ્થાનકવાસી તે દરેક મતનું એક મંડળ થવું જોઇએ અને સાથે સાથે હિંદુઓ તથા બીજાઓને પણ સામાન્યપણું ધ્યાનમાં લઈ આપણી સાથે જોડવા જોઈએ. આપણામાં એક બીજામાં મળતાપણું વધે તેવાં શાસ્ત્રો અને આચાર વિચારો વધવાં જોઈએ. આજે મેં વાંચ્યું કે નાગરોનું પરિષદ્ મળ્યું, તેમાં એક વિસનગર મળ્યું અને એક અજમેર મળ્યું. નાગરોના હજારો ભાગ ભેળા મળી માત્ર બેજ ભાગમાંજ વહેંચાઈ ગયા, તે આનંદદાયક છે. આ જમાનામાં એકલા ટકી રહેવાય તેમ નથી અને તે માટે સામાન્ય તત્ત્વોનો જેમ બને તેમ અભ્યાસ કરવો ગમે તો સ્થાનકવાસી હોય કે દેરાવાસી હોય, પણ વીર પ્રભુને માનનારા સઘળાઓ મારા બંધુ છે. એ રીતે ધર્મમાં ઐક્ય થશે. તેવી રીતે જુદા જુદા માગોથી ગુણ દૃષ્ટિથી સંપ સાધી શકાશે. સોસાયટીનું બળ એટલું બધું છે, કે તેની વિરૂદ્ધતા હોય તો આપ જે સાચી વાત જણાય તે પણ કરી શકતા નથી. દરેક સમાજનો ઉદય તેની વ્યક્તિના ઉદય પર રહેલો છે, તે વ્યકતીનો ઉદય તેના આચરણ પર રહેલો છે. જ્યારે બાર વરસ પર મારે ઈંગ્લાંડ જવાની વાત થઇ, ત્યારે લોકો મને મારવાને તૈયાર હતા, પણ અત્યારે અપમાન પત્રોને બદલે મને માનપત્રો મળેછે. અત્યારે સમય એવો છે કે જો ત્યાં માંસાહાર વીગેરે ન કરવાની શરત એટલે કે માત્ર વેજીટેરીઅન (વનસ્પતિનો) ખોગક લેવાની સઘળી સગવડો સાથે જો ઇંગ્લંડમાં વિદ્યાર્થીઓને ભણાવવાનો અને તેઓને ત્યાં લાવ લઇજા કરવાનો સઘળો ખર્ચ આપવામાં આવેતો ૭૫ ટકા વિદ્યાર્થીઓ હાલ ત્યાં જવા તૈયાર થશે; તો ન્યાતની સત્તા ક્યાં રહી ?

मनुष्य जन्म दुर्लभ छे के अलभ्य छे?

અનેક જન્મોમાંથી મનુષ્ય જન્મ કયારે પ્રાપ્ત થાય છે?

જૈન સિવાય અન્ય આર્ય દર્શનીઓ એમ કહે છે કે, જ્યારે જીવના પુણ્ય અને પાપ, એટલે સારાં કર્મ અને માઠાં કર્મ સમતોલ થાય છે, ત્યારે મનુષ્ય જન્મ આવે છે. તેમાં એવું ઉદાહરણ આપે છે કે, એક મીઠાઇ વેચનાર હલવાઇને ત્યાં આપણે મીઠાઇ લેવા જઇએ, આપણને તે ચાર "શેર" ચાર શેરની ધારણ કરી ઘણીકવાર આપે, પરંતુ એવું કોઇક વખત બને કે ત્રાજવાંના એક પલ્લામાં ચાર શેર મીઠાઇ મુકે અને બીજા પલ્લામાં ચાર શેરનું વજન મુકે એ બે સમતોલ થાય.

જો મીઠાઇ ચાર શેરના વજનથી વધે તો કહાડવી પડે અને ઘટે તો નાંખવી પડે. તેમ પાપ કરતાં પુન્ય ઘટે તો મનુષ્ય શરીરથી નીચેના એટલે જનાવર, જીવ, જંતુ, વનસ્પતિ વીગેરે દેહમાં જાય અને પાપથી પુણ્ય વધે તો દેવતા થાય, પરંતુ પાપ અને પુન્યનું વજન બરાબર—સમતોલ વધ્યા વગર તો જવલેજ રહે. એમ છે તો સારાં કામ અને માઠાં કામ સમતોલ થાય એવો મનુષ્ય જન્મ કોઇકજ વેળા આવે માટે દુર્લભ છે. પરંતુ—

જૈનો એમ માને છે કે, પાપથી પુન્ય વધે તોજ મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય.

પૃથ્વી, પાણી વગેરે જીવોમાં દુઃખ અત્યંત, જંતુઓમાં એથી ઓછું, જનાવરોમાં સુખ કરતાં દુઃખ ઘણું, મનુષ્યમાં દુઃખ કરતાં સુખ ઘણું, અને દેવતામાં સુખ, આ ઉપરથી જણાશે કે, મનુષ્ય કરતાં ઉંચે દેવતામાં સુખ અને મનુષ્ય કરતાં નીચે જનાવર વિગેરેમાં દુઃખ, તથાપિ મનુષ્યમાં સુખ દુઃખ હાજર છે, એટલુંજ નહિ પરંતુ દુઃખ કરતાં સુખ વધારે છે. આમ હોવાનું કારણ એજ છે કે,

જ્યારે માણસને સાતાવેદનીય એટલે શુભ કર્મનો ઉદય વિશેષ હોય ત્યારે મનુષ્ય જન્મ પામે છે. અને એ સાતાવેદનીય પુન્ય કર્મનું પરિણામ છે, માટે જૈનો એમ માને છે કે માઠાં કર્મ કરતાં સારાં કર્મ કંઇક વધે તોજ મનુષ્યને યોગ્ય કર્મ જીવ પામી શકે. આમ કહેવાનું કારણ બીજું એવું છે કે, જાનવરો વિગેરેને વાચા નથી. અને મનુષ્યને તે હોવાથી મુખદ્વારાએ વાણી રૂપ નળની મારફતે પોતાનામાં રહેલું જ્ઞાન બીજાને આપી વધારી શકે છે. અને પોતાના કર્ણ દ્વારાએ બીજાના વાણી પ્રવાહમાંથી જ્ઞાનને ગ્રહણ કરી શકે છે. પણ પશુ વિગેરેથી એમ બનતું નથી, કારણ કે તેને વાણી નથી. બીજું મનુષ્યમાં મન સ્ફુરેલું છે તેવું ઇતર પ્રાણીઓમાં સ્ફુરેલું નથી. એમ એ વાત સર્વ માનનીય છે. અલબત પ્રાણીઓ પોતાના રહેઠાણો કે પોતાના માલીક વિગેરેને તેમજ એક બીજાનાં બચ્ચાંને ઓળખે છે. પરંતુ જેટલો વ્યવહાર પોતાની સ્મરણ પેટીમાં રાખે છે, તેટલો પશુ આદિથી બનતો નથી. માટે મનુષ્ય પ્રાણીઓ મનને લીધે વિશેષ જ્ઞાનવાન હોવાથી સુખના ઉપાય શોધવાને અને શોધેલા ઉપાય વાણીવડે બીજાને જણાવવામાં તેમજ દુઃખની અડચણો દૂર કરવાને સમર્થ હોવાથી તે વધારે સુખી છે, એમજ કહેવું જોઇએ અને વધારે સુખ પ્રાપ્ત કરવાને શક્તિમાન છે, એમ માનવું જોઇએ. આમ જ્યારે માઠાં કર્મ કરતાં સારાં કર્મ વધે છે, ત્યારે તે મનુષ્યપણું પ્રાપ્ત કરી શકે છે. આમ કહેવાથી—

મનુષ્યપણું દેવતાને અને જાનવરોને દુર્લભ કરી શકે છે. પરંતુ મનુષ્યપણું મનુષ્યને પાછું પ્રાપ્ત કરવું તે સુલભ છે.

જૈન દ્રષ્ટિથી જોતાં વિશેષે કરી પશુ આદિ મૂઢ દિશામાં વર્તે તેથી મનુષ્યને યોગ્ય એવા કર્મની ભાવના પણ તેઓ બિચારા ભાગ્યેજ કરી શકે છે. આ તો સિદ્ધજ છે કે, **જેવી ભાવના તેવો હવે પછી થનારો અવતાર.** આમ પશુ આદિ મૂઢ દિશામાં ડુબેલાં હોવાથી જેમ મનુષ્યપણું સહેલાઇથી મેળવી

શકતાં નથી, તેમ દેવતા આદિ વિષયોમાં મગ્ન હોવાથી ઘણુંકરી પોતાના ભવિષ્ય જન્મ તરીકે મનુષ્યપણામાં આવી શકતાં નથી. કારણ કે પશુપણામાં વિષયાશક્તિનું ફળ વિષય ભોગ વિશેષ સેવી શકાય છે. મનુષ્યમાં નહિ આ અપેક્ષાથી જોતાં મનુષ્યપણું જનાવર વિગેરેને પ્રાપ્ત કરવું દુર્લભ જણાય છે. તેમજ દેવતાને વિષયાસક્તિને લીધે અહીં આવવાની ઇચ્છા ન થવાથી તેઓ પણ અહીં આવી શકતાં નથી, માટે દેવતાને પણ મનુષ્યપણું દુર્લભ એમ શાસ્ત્રમાં કહ્યું છે.

ત્યારે મનુષ્યપણું સુલભ કોને ? મનુષ્યપણું મનુષ્યને ફરી મેળવવું સુલભ છે. કારણ કે મનુષ્યપણામાં માણસ ઇદ્રિઓના વિષયમાંજ રહે તેમ નથી, પરંતુ પાંચ ઈંદ્રિયો ઉપર એ પાંચ ઇંદ્રિયોનો રાજા મન તે ધરાવે છે અને એ મનવડે પાંચ ઇંદ્રિયો કર્મો કરી શકે છે તેમજ અશુભ કર્મને અટકાવી શકે છે. આમ શુભ કર્મના બળવડે માણસ સાતાવેદનીય એટલે સુખની અધિકતાના ઉદયવાળો મનુષ્ય જન્મ પાછો પામે છે. ધર્મ ધ્યાન અને શુકલધ્યાન જૈનમાં કહ્યાં છે તે પણ ઘણું કરી મનુષ્ય જન્મમાંજ મનુષ્યને આવી ભેટે છે માટે મને તો એમ લાગે છે કે મનુષ્યપણું દેવોને અને તિર્યંચ એટલે જનાવરોને પ્રાપ્ત કરવું દુર્લભ છે. પરંતુ મનુષ્યપણું મનુષ્યને મેળવવું સુલભમાં સુલભ છે.

માણસ, દેવતા અને જનાવર એ બેઉ કરતાં ઉત્તમ છે. આ જગતમાં અવલોકન કરીએ તો મોટાં મોટાં જનાવર જે વાઘ અને સિંહ જેને લોકો વનરાજ કહે છે તેને પણ માણસ વશ કરે છે. કેવળ શરીર બળથી સિંહ આદિ પશુઓ જનાવરોમાં રાજા જેવાં છે પરંતુ માણસમાં શરીર બળ કરતાં ઘણું જ ઉત્તમ એવું મનોબળ છે. અને તેથી તે સઘળાં પશુઓના રાજા સિંહને પણ પોતાના કાબુમાં રાખી શકે છે, તો પછી બીજાં પશુઓ તો શા હિસાબમાં ?

વળી સકળ જીવના નાયક એવા તીર્થંકર પણ મનુષ્યમાંજ

થાય છે, તીર્થંકર એટલે આ જગતના સર્વ જીવને તારનાર તેમને ઉત્તમમાં ઉત્તમ માર્ગે દોરનાર; એવા **તીર્થંકર**–મહા પુરૂષને દેવતાના દેવ એવા ઇંદ્ર પણ નમે છે, આમ હોવાથી મનુષ્ય પોતાના સાધારણ નજીવા બલથી પશુઓના રાજા સિંહને વશ કરે છે, અને પોતાના અસાધારણ બળથી દેવતાના રાજા ઈંદ્રને પણ નમાવે છે માટે સર્વ જગતના જીવોમાં મનુષ્યપણું ઉત્તમમાં ઉત્તમ છે.

मनुष्य केवळ स्वाधीन छे के केवळ परीधान !

ઉપોદ્ઘાત—મનુષ્ય કેવળ સ્વાધીન નથી, તેમ કેવળપરાધીન પણ નથી, સ્વાધીન પણ છે અને પરાધીન પણ છે, પૂર્ણ પરાધીન છે અને પૂર્ણ સ્વાધીન પણ છે.

મનુષ્ય કેવળ શરીર નથી, પરંતુ મનુષ્યમાં રહેલો જીવાત્મા શરીર, મન, અને અંતઃકરણ એ ત્રણેનો બનેલો છે, એટલા માટે આ વિષયનો વિચાર કરતાં તેની શારીરિક પરાધીનતા અને સ્વાધીનતાનો, તેમજ માનસિક પરાધીનતા અને સ્વાધીનતાનો, અને આંતરિક—અથવા ધાર્મિક પરાધીનતા અને સ્વાધીનતાનો વિચાર કરવો જોઈએ. આમ વિચાર કરતાં શારીરિક પરાધીનતા, સ્વાધીનતાની સાથે રાજ્યકીય પરાધીનતા–સ્વાધીનતાનો પણ સમાવેશ થાયછે.

સૂક્ષ્મ વિચાર કરતાં મનુષ્ય જેમ જેમ પરાધીનતામાંથી છૂટી સ્વાધીનતામાં આવતો જાયછે તેમ તેને પોતાનેજ માલુમ પડતું જાયછે. કે કોઇ એક મારામાં એવી શક્તિ રહેલી છે કે જે આખા જગતના સર્વ માનવ બાંધવોમાં આ શક્તિ હાલ પ્રગટ નથી, તેમજ તેઓમાંના પ્રત્યેકમાં કોઈ એવી શક્તિ પ્રગટે છે કે બીજી કોઇ વ્યક્તિઓમાં નથી. માટે એ પ્રગટ થયેલી શક્તિને માટે હું સર્વ મારી માનવ પ્રજાનો રાજાધિરાજ છું, તેમજ તેઓમાંના પ્રત્યેકમાં જે

શક્તિ પ્રગટ છે, તે માટે તે પ્રત્યેક વ્યક્તિ રાજાધિરાજ છે અને તેઓમાંના પ્રત્યેકની હું પ્રજા છું. હવે જેમ પિતા પુત્રને પોતાના સમાન બનાવવા, પોતાથી અધિક સામર્થ્યવાળો જોવા—જાણવા ઇચ્છે છે, તેમ હું પણ આ શક્તિ જે મારામાં પ્રકટ છે તે શક્તિ મારી પ્રજામાં પ્રાદુર્ભવાવા, તેઓને મારા સમાન બનાવી, મારાથી અધિક, જોવા જાણવા ઇચ્છુછું. આ કાર્ય થઈ રહ્યા પછી જે શક્તિને માટે હું હાલ હું રાજા છું, તે શક્તિ બીજા સર્વમાં પ્રગટાવ્યા પછી, મારા સમાન કરવા પછી, હું મારામાં તેથી ઉચ્ચ શક્તિની શોધ કરવા મંડુંછું. તો તે પણ શોધતાં પ્રથમની પેઠે તે પણ અનુપમ સામર્થ્યવાળી છે, અને તેનું દાન, શિક્ષણ આદિ પ્રજાને આપી મારા સદશ કરવા કે જેને લીધે તેથી પણ ઉચ્ચતમ સ્થિતિએ હું ચડું.

ઉદાહરણ.

જુઓ બાલક બચપણમાં માની કેડપર બેસે છે. તે પોતાની મેળે કયાય પણ જઇ શકતું નથી. જો માતા તેને લઈ જાય તોજ તેનાથી જવાય છે, દીવાનખાનની મધ્યમાં આવેલા ટેબલપર એક સુંદર રમકડું છે તે પારણામાં પોઢેલું બાળક તેને જોઇ શકે છે અને તેને લેવાનું મન થાય છે, પારણામાંથી બહાર આવી તે ટેબલપરથી રમકડું તેને લેવું છે; છતાં કેમ લેવાય? પોતાળાં તેટલી શક્તિ નથી તેથી આખરે રડવા લાગેછે, આ તેની પરાધીનતા જોઇ કોઇને દયા આવી અને તેથી તેણે તેને બહાર મુકયું તોપણ તે બાળક ટેબલ પાસે જઈ શકતું નથી, ઉભું રહી શકતું નથી આ જોઇ કદાચ તેની સઘળી પરાધીનતાપર દયા લાવી અથવા તેના રડવાથી કંટાળી તેને રાજી રાખવાની ફરજ સમજી, તેને ટેબલ પાસે પોતાની કેડપર કે હાથ પર ઉચકી લઇ આવે તો તે બાલક કદાચ તે રમકડું લે, લે તોપણ પોતાના હાથમાં પકડી ન શકે, તેથી તે રમકડું પડી જાય, અને પડી જતાં વળી રડે. આવી પરાધીનતા જોઇ તેને પ્રે-

તાના હાથમાં રમકડું રાખી રમાડે આમ બાલક શરીરે **પ્રથમ** પરાધીન છે,

પછી તે જ્યારે ચાલવા શીખે છે ત્યારે તે પોતાની વહાલી માતાનો હાથ પકડી ચાલે છે કંઇક ચાલવા શીખ્યા પછી તેની માતાની આંગળી પકડી ચાલેછે, એમ કરતાં કરતાં છેવટે પોતાની માતાની મદદ વિના ચાલવા શીખે છે.

હવે આપણે વિચાર કરીશું તો માલુમ પડશે કે અત્યાર સુધી તે બાળકને ઘરમાંથી કંઇ વસ્તુ જોઇતી હતી તો તે મા, બ્હેન, ભાઇ કે કોઇ માણસ મદદ આપતું ત્યારેજ તે તેને મળતી અર્થાત્ જે કામ તેનાથી ચાલી ન થતું તે કામ બીજાને ચાલી કરી આપવું પડતું, એટલે કે તે ચાલવાની ક્રિયામાં પરાધીન હતું હવે તે **સ્વાધીનતા** પામ્યું. તે ચાલી શકે છે, ઘરમાં જ્યાં સુધી હાથ પહોંચે ત્યાં સુધી સ્વાધીનતાએં ગ્રહણ કરી શકે છે, આમ પરાધીનતામાંથી ચાલવા સંબંધી સ્વાધીનતામાં આવ્યું.

હવે શું આ ચલનશક્તિ ચાલવાની ક્રિયા બચ્ચાના માબાપે આપી ? નહિં, એમ નથી. ચાલવાની શક્તિ તો તે બાળકના પગમાં હતીજ, પરંતુ તે પ્રચ્છન્ન-ગુપ્ત—હતી, તે શક્તિ પ્રગટ થઇ બહાર આવી.

હવે વિચારો કે મા બાપે, આ ચલન શક્તિ બાલકના પગમાં હોવા છતા તે બહાર આણી શકાતી ન હતી તે શક્તિ, પોતાની સહાયથી બહાર આણી, બચ્ચાંને આભારી કર્યો નથી ?

જે બાળક ચલનક્રિયાને માટે પરાધીન હમણાં નથી પણ અત્યાર સુધી હતું, તે બાળક માતાપિતાની સહાયથી ચલન ક્રિયામાં સ્વાધિનતા પામ્યું, તથાપિ અંહી કહેવું જોઇએ કે પરાધીનતામાંજ સુખ માનનારા બાળકો " મા મને તેડને, મા મને તેડને, મા મને

તેડને " એમ કરી પોતાની માની કેડે તેડાવી તેડાવી પોતે ચાલે નહીં, તેથી પગની કસરત વિના પગ પાતળા થઈ ચાલવાને અશક્ત થઇ પડે છે અને આખરે ઘસાઈ જાય છે.

આમ ચલનસ્વતંત્રતા તેમજ વસ્તુ ગ્રહણ સ્વતંત્રતા પ્રાપ્ત થવાથી બાળક પૂર્ણ સ્વાધીનતા પામી જતું નથી—જેમ કે દુધ, પાણી માટે માતાનો, તેમજ ખોરાક માટે માતાપિતાનો આધાર લેવો પડે છે. ક્ષુધાનું દુઃખ મટાડવાને તેમનો આધાર લેવોજ પડે. આમ બાળ અવસ્થા પછી કિશોર અવસ્થા પણ પસાર કરી. યુવાન થતાં જેમ શરીરથી સ્વાધીન થયો તેમ શરીરને પોષક એવા અન્નાદિની પ્રાપ્તિ માટે પણ પિતા–કે વાલીની સહાયથી શીખી સ્વાધીનતા પામે છે, અને પરાધીનતામાંથી છૂટે છે. આજ પ્રમાણે ટાઢ ને તડકાના સુસવાટ અને ઉકળાટથી બચવાને માટે જોઇતાં, જાડાં, પાતળાં વસ્ત્રો પણ પોતાની સ્વાધીનતાના ઉદ્યોગના ખજાનામાંથી પૈસા પ્રાપ્ત કરી મેળવી શકેછે.

આમ શરીર સંબંધી સ્વાધીનતા પ્રાપ્ત કરેછે. અને એ **સ્વાધીનતા** પ્રગટ કરવામાં જે માતાપિતાએ મદદ આપેલી હોય છે, તેનો તે બાળક–કિશોર–યુવાન સદાને માટે એહસાનમંદ કે ઋણી થઈ રહે છે. સુપિતા પણ પોતાનો બાળક, સ્વાધીન થયો, પોતે કમાઇ ખાતો થયો, પોતાના પગ પર ઉભવા લાગ્યો–પોતાના પગે ચાલવા લાગ્યો–પોતાનું બાહુબળ અજમાવા લાગ્યો એ જોઈ–દેખી આનંદ પામે છે, પણ ઈર્ષ્યા કરતા નથી–ઇર્ષ્યા કરતા નથી, એટલુંજ નહિ પણ પોતાના કરતાં તે વધારે ચઢિયાતો થાય તે જોવા ઇચ્છે છે.

માનસિક સ્વાધીનતા–પરાધીનતા.

આજ પ્રમાણે આપણા વિદ્યાગુરૂ પણ આપણા માતા યા પિતા છે, એટલુંજ નહીં પરંતુ આ વિદ્યાગુરૂ વિચારગુરૂ ખરા

માતાપિતાજ છે. કારણ કે માતાપિતાએ કરેલો ઉપકાર તે પણ ગુરૂરૂપ માતા પિતાથી સમજાય છે, એટલુંજ નહિ પણ તે ઉપરાંત મનુષ્યનું મુખ્ય સ્થાન શરીર નથી પરંતુ વિચાર છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, જંતુ અને પશુ એ ઘણાં શરીરમાં જઇ વસેછે; પરંતુ મનુષ્યનું સ્થાન શરીર નથી .પણ મન છે. મનુષ્ય શબ્દનો અર્થેજ **મનન** કરનાર–વિચાર કરનાર એવો થાય છે. એ-ટલા માટે જે વિદ્યા ગુરૂ શિષ્યને વિચાર કરતા નથી શીખવતા તે ગુરૂ નથી. તેમજ જે માણસ વિચાર કરતાં નહિ શીખ્યો તે માણસ નહિ, પણ પશુ રહ્યો.

આવા શરીરની સ્વતંત્રતાવાળા–સ્વાધીનતા વાળા માણસો ઘોડા-હાથી તો શુ પણ છેવટે સિંહને પણ તેમના પોતાના વિચાર બળથી પરાધીન કરી મુકે છે. હજારો માણસ જેઓ વિચારના નિર્બળ હોય છે, અને શરીરમાં બળવાન્ હોય છે, તેઓ વિચાર નિર્બળ હોવાથી વિચારબળવાળાના આધીન તો શું પણ ગુલામ થઇ રહેછે.

તો વિદ્યાગુરૂ–વિચારગુરૂ–તત્વવેત્તાઓનું કર્તવ્ય છે કે માણસ, જે તેમનું વિચાર બાળક છે તેમને પ્રથમ હાથ, પછી આંગળી ઝાલી વિચારરૂપી–મનરૂપી પોતાને પગે ચાલતા શીખવવા, નિરંતર પરાધીન ન રાખવા. જેમ સુપિતા પોતાના પુત્રમાં અધિક દ્રવ્ય પ્રાપ્તિ કરવાની શક્તિને પ્રગટ થયેલી જોઈ આનંદ પામે છે, તેમ સુગુરૂએ પોતાના વિચારપુત્રને અધિક સમજુ જોઇ જોઇ રાજી થવું જોઇએ. એમ ન કહેવું જોઇએ કે શું તું મારા કરતાં વધારે સમજુ થઇ આવ્યો ? પરંતુ વધારે સમજનાર–શિષ્યરૂપ પુત્રને જોઇ સુપિતાની પેઠે હર્ષિત થવું જોઇએ.

મારે અત્યારે કહેવું જોઈએ કે શરીરના માતાપિતા તો પોતાની

ફરજે હાલ કંઇક બજાવે છે પરંતુ વિશેષ ઉપકારી એવા વિશેષ ઉચ્ચા દરજ્જાના એવા માતાપિતા, અમને વધારે વિચારવાન્ બનાવવા પુસ્તકો ભણાવે છે, પરંતુ વિચાર કરતાં શીખવતાં નથી.

તેઓ જેમ નર્સ ફીડીંગબોટલમાંથી દુધ પીવડાવે છે તેમ અમારા જેવા વિચાર બાળકોને પુસ્તકરૂપી ફીડીંગ બોટલમાંથી બીજાના વિચારો પાય છે—સમજાવે છે. વળી કોઈ એક નર્સ જેમ પોતાના દુધનું સ્તનપાન કરાવેછે; તેમ કોઇ એકજ વિદ્વાન્ પોતાનાજ વિચારરૂપ દુધ પાઇ અમને કુદરતી દુધના વિચારરૂપી દુધ પાઇ બળવાન કરે છે, પરંતુ જેમ ફીડીંગ બોટલમાંથી દુધ પાનારી નર્સો કરતાં, પોતાનું દુધ પાનારી નર્સો જુજ હોય છે તેમ મનોનર્સરૂપી વિદ્વાન્ તો તેટલાં પણ નથી. લાખો તો શું પણ કરોડો વિદ્વાનોમાંથી પણ એક ભાગ્યે પોતાના વિચાર—તત્ત્વો રૂપી દુધ પાઈ પોતાનાથી વધારે પુષ્ટ બાળકને કરતું હોય.

આને લીધે આપણી દુનિયામાં તેમાં પણ આ હિંદુસ્તાનમાં પોતેજ વિચાર કરનાર વિદ્વાનો, પ્રભાવિક ગુરૂવિના ક્યાંથી પ્રાપ્ત થાય ? સઘળા બીજાના વિચારરૂપી દુધ પીનારા બાળકો છે. પોતાના વિચાર કોઈ કરતુંજ નથી.

કોઈ પુસ્તકો વાંચી વાંચી એટલે પુસ્તકો રૂપી કેડપર બેસી બેસી ફરનારા ખરા વિદ્વાનો નથી, પણ માની કેડમાં બેસી ફરનાર બાળકો છે. આવા તે શું પંડિત નામને યોગ્ય છે ? આમ મૂળ વિચાર કરનાર ગુરૂ જોઈએ, અને વિચાર કરનાર આપણે થઇએ, એવું ઇચ્છીએ છીએ. કેવળ વિચારરૂપ દુધમાં નહી પણ ગુણમાં પરાધીનતા છે, તો પછી સ્વાધીનતા ક્યાંથી સંભવે ? સદ્‌ગુરૂનું સ્થાન મન નથી પણ હૃદય છે. અને સદ્‌ગુરૂની શાળા એ શાળા નથી, પણ ગુણનુ ઘર છે. ઘણાતો ગુરૂ કહે તેમજ ચાલે છે—ગુણમાં

પરાધીન છે. પોતાના ગુણરૂપ પગવડે તેઓથી ટટાર ઉભા રહેવાતું નથી.

સદ્ગુરૂએ આપણને પગે ચાલતા શીખવવું જોઈએ. જેમ બાપ પોતાના પુત્રને પોતાના જેવો કરે છે કે જેથી તે પુત્ર તેના સમાન સ્વાધીન થયા પછી પોતે પિતા થાય-પિતા જેવો થાય એ-ટલે પોતે પણ પુત્રનો બાપ થાય. અહીં પૌત્રને જોઈ પિતા વધારે રાજી થાય છે, પરંતુ ગુરૂતો પોતાના જેવા કરતા નથી; અને પોતેજ સદા ગુરૂ બની રહે છે.

આજ પ્રકારે રાજા એ પિતા છે અને પ્રજા એ પુત્ર છે. તો રાજાએ પ્રજાને-રાજા બનાવવી જોઇએ, જો તે એમ નહીં કરેતો તેના છોકરાના-તેમની પ્રજાના રાજ્યરૂપી પગ ઘસાઇ જશે-રાજ્ય-દ્વારી પગ ઘસાઈ જશે. પરંતુ રાજા પ્રજા રાજ્ય કરવા સમર્થ થતી જોઇ ખુશી ન થાય તો તે રાજા એ રાજા નથી-પણ આપખુદ-જુલ્મી પોતાના પુત્રની ઇર્ષ્યા કરનાર હોઇ તે કુરાજા છે. તેમ જે રાજાએ શીખવ્યું, તેનો ઉપકાર આ જન્મ તો શું પણ જન્મો જન્મ ન ભૂલવો જોઇએ.

ઉપસંહાર.

શરીર પિતાએ-શરીર સમાન વિચાર પિતાએ-વિચાર સમાન સદ્ગુરૂ પિતાએ-સદ્ગુરૂ સમાન	પુત્રોને કરવા જોઇએ.

આજ પ્રમાણે સઘળી કળામાં થવું ઘટે એટલુંજ નહી, પણ પોતાથી અધિક બળવાન્ શરીરવાળા, વિચાર બળવાળા અધિક ગુણ-વાળા બનાવવા જોઇએ કારણ કે—

सर्वतो जयमाकांक्षेत्पुत्रात्शिष्यात् पराजयं

સર્વ કોઇનો જય કરવો-પરંતુ પુત્રને અને શિષ્યને તો એવા બનાવવા કે આપણે તેનાથી હારી જઇએ.

જેમ પુત્ર સ્વાધીન થતાં પિતા વાનપ્રસ્થ (retired) થાયછે, જેમ શિષ્ય સ્વાધીન થતાં ગુરૂ વાનપ્રસ્થ થાય છે, જેમ પ્રજા સ્વ-રાજ્ય ચલવે છે કે રાજા રીટાયર્ડ—વાનપ્રસ્થ થાયછે, તેમ મનુષ્ય સ્વાધીન થતાં—અર્થાત્ ઇશ્વિર થતાં ઇશ્વિરે રીટાયર્ડ થઈ પરમેશ્વર થવા અન્ય વિશ્વનું પ્રભુત્વ પ્રાપ્ત કરવા જવું જોઈએ. સ્વાધીન કરનાર નિરંતર સ્વાધીન થતો જાયછે; પરાધીન રાખનાર વિશેષ પરાધીન-તામાં ઉતરી પડેછે.

યુરોપી વિશાળમતિમાંથી લેવા યોગ્ય શિક્ષણ.

(યૂરોપની બીજી મુસાફરીમાંથી શું શું પ્રાપ્ત કર્યું તેનો અનુભવ અને તેમાંથી આપણે લેવાનો સાર, તે સંબંધી **પંડિત લાલને માં**ગરોળ સભામાં શ્રી **મુંબાઇ માંગરોળ** સભા તરફથી પોતાનું પાંચમું વ્યાખ્યાન શેઠ **પ્રે**મચંદ ઘેલાભાઇના પ્રમુખપણા નીચે આપ્યું હતું. સ્ત્રીઓને માટે પણ ગોઠવણ રાખવામાં આવી હતી.)

વ્યાખ્યાનની શરૂઆત પહેલાં **પંડિત લાલને** જણાવ્યું કે કેટ-લાક ઉત્સાહી બંધુઓ તરફથી એવી માંગણી કરવામાં આવી છે કે જે જે મુદ્દાઓ ભાષણમાં જાહેર કરો, તે તે મુદ્દાઓ પાઠના આકારમાં એક વર્ગ કાઢી શીખવો તો બહુ સારૂં, તો તેમાં દાખલ થવા ઇચ્છીએ છીએ.

આ દરખાસ્તને **લાલને** અનુમોદન આપ્યું હતું, અને આવતી સભામાં જે બાંધવોને તેમાં દાખલ થવું હોય તેનાં નામ લખવામાં આવશે, એવું જણાવવામાં આવ્યું હતું.

આપણી સાંસારિક અને પારમાર્થીક સ્થિતિ પરસ્પર સહાયક

બાદ આપણી સમગ્ર અભિવૃદ્ધિ કેમ થાય તે સંબંધી જે જે વિચારો મારા બંધાયા છે, તે આપની સમક્ષ રજુ કરવામાં આવશે. આપ તેઓના પર ઉહાપોહ કરી નિર્ણય થયા પછી મૂળ હેતુને વળગી દેશ કાળ પ્રમાણ અનુકૂલ પ્રવૃત્તિ કરશો તો ખચીત તમને અપૂર્વ લાભ થશે, એમ લાલન તરફથી જણાવવામાં આવ્યું હતું.

પૂર્વની સભામાં જણાવ્યા પ્રમાણે બાકી રહી ગયેલા પ્રશ્નોના લખાઈ આવેલા પ્રશ્નોના ઉત્તર આપતાં લાલને જણાવ્યું હતું કે કોઇ પણ સભા કે સમાજનો મૂળ ઉદ્દેશ તેની ભાવના ઉપર હોય છે. તે ઉદ્દેશ એક કે બે દિવસમાં સિદ્ધ થતો નથી. છતાં તે ઉદ્દેશની પ્રવૃત્તિમાં આપણી ક્રિયા કેટલે અંશે આવી છે અને હવે કેટલું ચડવાનું છે, તે નક્કી જણાઇ આવે તો તે સભામાં દાખલ થવામાં લાભ છે, એમ લાલન પોતાને માટે વિચાર રાખે છે. ત્યાર પછી ભાષણનો મુખ્ય વિષય હાથ ધરવામાં આવ્યો હતો.

વિષયનો પ્રારંભ.

નવા સુખની પ્રાપ્તિ કરવાને, કોઇ પણ કોમની બગડેલી કે દુઃખી સ્થિતિ સુધારવાને, તેમની સુખી સ્થિતિ કાયમ રાખવાને, વિચારો કરવાની પ્રથમ આવશ્યકતા છે,

ઉદાહરણ તરીકે માણસે પ્રથમ ત્રણ પ્રકારના વિચારો કર્યા. ખાવાની ઇચ્છા ઉત્પન્ન થતાં તેણે ખાવાના પદાર્થો મેળવવા માંડ્યા. ખેતી વગેરેની શોધ તેથીજ ઉત્પન્ન થઇ. ટાઢ તડકામાંથી બચવાની ઇચ્છામાંથી ઉત્પન્ન થએલા વિચારોએ ચામડાં, પછી ઝાડોની છાલ પહેરવાનું શોધવા માંડ્યું, અને છેવટે ઉનના, સુતરના અને રેશમના કપડાં શોધાયાં. આશ્રય લેવાની ઇચ્છામાંથી ઉત્પન્ન થએલ વિચારે પ્રથમ પર્ણકુટી, પછી મઢુડી, પછી ઝુંપડી, પછી ઝુંપડું, પછી ઘર, બંગલા અને મેહેલ, ઉત્તરોત્તર બનાવ્યા. એટલે કે પહેલે જે

બનાવ્યાં તેથી વિશેષ વિશેષ સગવડવાળાં આશ્રયો બનાવ્યાં, અને હવે હવામાં રહેવાના વિમાનો પણ બનાવવાની તૈયારીઓ યૂરોપ, અમેરિકામાં જોશભેર ચાલી રહી છે.

આ ત્રણે પ્રકારના દૃષ્ટાંત ઉપરથી જણાશે કે માણસે પ્રથમ વિચાર કર્યો. પછી તે વિચાર જેમ જેમ ચડતો ગયો, તેમ તેમ તેના ખાવાના પદાર્થોમાં, ઓઢવાના વસ્ત્રોમાં, અને રહેવાના સ્થાનોમાં સુધારો, વધારો થતો ગયો છે. અને હજી પણ સુધારો વધારો સુધરેલા દેશોમાં અભિવર્ધક વિચારો વડે ચાલી રહ્યા છે.

જીવમાં જ્ઞાન અનંત છે, શક્તિ અનંત છે, માટે એ જ્ઞાન વડે પ્રોગ્રેસીવ-Progressive (અભિવર્ધક) વિચારો કરીને અડચણો દૂર કરવી એટલું જ નહિ પરંતુ સુખાભિવૃદ્ધિ પણ કેમ થાય તેના વિચારો ખોળી કાઢવા.

આ ઉપરથી જણાશે કે વિચાર ચડતાં આપણો ઉદ્દેશ ચડશે, આપણો ધર્મ ચડશે, આપણી કોમ ચડશે અને વિચાર પડતાં સર્વ પડશે. હાલ વિચાર છે ત્યાં સ્થિર રહ્યા, તો તે સ્થિતિમાં સ્થિર રહેવાશે. માટે અભિવૃદ્ધિના ઇચ્છક દેશે વિચારો કરવાની કળા પ્રાપ્ત કરવી એ પ્રથમ જરૂરનું છે.

જેમ પૂર્વકાળમાં આપણા પૂર્વજો વિચાર કરતા હતા અને દેશમાં, ધર્મમાં, કળા ઉદ્યોગમાં નાના પ્રકારની અભિવૃદ્ધિ કરતા હતા, તેમ પશ્ચિમની દુનિયા એવો ખ્યાલ આપે છે કે વિચારોવડે આપણે પોતાની અભિવૃદ્ધિ કરી શકીએ છીએ.

માત્ર કોલરની અંદર પોતાનું બટન નાંખતાં એક જણને બહુ મહેનત પડતી હતી તેથી તેણે એક સાધારણ હુક (hook) શોધી કાઢયો, આથી તે માણસે પોતાનો ટાઇમ બચાવ્યો, ત્યાંના હજારો લોકોનો ટાઇમ બચાવ્યો, અને પોતે કરેલી શોધને માટે પેટંટ મે-

ળવવા પામ્યો. આ બધું શાથી થયું ? વિચાર કરવાથી. બંધુઓ ! એ વાત ખાસ અગત્યની છે કે કોલરને બટન લગાડવાથી કઠિણુતાને લઇને કંટાળી તેને ફેંકી ન દીધો, પરંતુ વિચાર કર્યો; તેમ દુઃખથી–કષ્ટથી હારી ન જતાં દુઃખને–કષ્ટને હઠાવવાનો પ્રથમ વિચાર કરતાં શીખવું અગત્યનું છે.

નાશ પામેલી વસ્તુને ફરીથી ઉત્પન્ન કરવાની શક્તિ વિચારમાં છે.

વિચારનું આયુષ્ય વસ્તુના આયુષ્યથી વધારે હોવાથી, વિચારવડે તે વસ્તુ પ્રાપ્ત ફરીથી કરી શકાય છે.

જેમ **ચિ**કાગો નગર **અ**મેરિકામાં અને **લં**ડન ઇંગ્લાંડમાં મોટા આગમાં બળી ગયા હતા. પરંતુ લોકોના મનમાં તે કાયમ હતા તેથી, તેજ સ્થળે આજે બળી ગયેલા **ચિ**કાગો અને **લં**ડન ફરીથી બિરાજી રહ્યાં છે.

લાલન અઢી આનાની ટોપી પહેરતો હતો, તે ટોપી ફાટી જવાથી, ત્રણ આનાવાળી, તેમાંથી દશ આનાવાળી, તેમાંથી રૂપિયાવાળી, તેમાંથી બે રૂપિયાની પાઘડી, તેમાંથી હાલ સાડાચાર રૂપિયાની અને હવે તેનાથી પણ વિશેષ પહેરશે. એ બધું વિચાર કરવાની અભિવૃદ્ધિનું કારણ છે. જેમ મહિને ચાર આના પછી આઠ રૂપિયા, પછી સાડા નવ રૂપિયા, પછી પચીશ, પચાશ, પોણોસો, સવાસો રૂપિયા વિચાર અભિવૃદ્ધિથી લાલન કમાય છે, તેમ જગતના માણસો તેને માટે નાના પ્રકારનાં અન્ન. વસ્ત્ર, સ્થાન, વાહન, પણ શોધવાના વિચાર કરી રહ્યા છે. આ ઉપરથી આપણી વ્યવહાર ઉન્નતિનાં કારણોનો પાયો વિચાર કરવો એ છે. તેજ પ્રકારે ધર્મના અન્ય માર્ગો આપણે જોઇએ છીએ, તે પણ સાધુ-પુરૂષોના વિચારોમાંથી ઉદ્‌ભવ્યા છે.

આપણો દેશ હાલ મોટે ભાગે વિચાર શૂન્ય થઇ ગયો છે. એટલું જ નહિ પણ પૂર્વે કરેલા આ દેશના મહાન્ પંડિતોના વિચારોને પણ આપણે ખોવા માંડ્યા છે. હાલ પાશ્ચાત્ય દેશ વિચાર કરતો આગળ વધ્યો જાય છે, છતાં વિચાર કરવાની ટેવ આપણે ગ્રહણ કરતા નથી, એ આપણી પડતીનું મુખ્ય કારણ છે. એ કારણને દૂર કરવાનો વિચાર કરવો અને પછી દેશની ચડતીના વિચારો પણ કરતા જવા જોઇએ.

આપણી હાલ ચાલતી પ્રવૃતિઓ કેવી છે !

કોઇ પ્રણ સમજુ માણસ એમ નહિ કહેશે કે આપણું તે સર્વસ્વ ખરાબ અને પશ્ચિમ દેશનું તે સર્વસ્વ સારૂં. જે બીજાનું જોઇ મોહ ન પામતા હોય, પણ જેઓને જ્ઞાનવડે નાના પ્રકારના ચડતીના વિચારો સુઝતા હોય, તેવા માણસો પૂર્વ પશ્ચિમની પ્રવૃતિઓમાં સારૂં જોઇ શકે છે. તથાપિ વિચાર શૂન્ય થવાથી કે હેતુ વિનાની પ્રવૃતિથી શું બને છે તેને માટે એક બે ઉદાહરણ અત્રે આપીશ.

ગુજરાતના લંડન (અમદાવાદ) તરફ લાલન ગયો હતો. જેમ આખી દૂનિયાનું મુખ્ય નગર લંડન છે, તેમ જનોમાં કોનઝરવેટીવ (સ્થિતિ ચુસ્ત) લોકોનું મુખ્ય નગર આ જણાય છે, આમાં બધા જુની પ્રવૃત્તિવાળા છે. અને તેઓ દેશ કાળને અનુસાર ફેરફાર નથીજ કરતા એમ કહેવાનો એકાંત હેતુ નથી. હેતુને ભૂલી જતાં પ્રવૃત્તિ કોઈ વખતે કેવી થાય છે, તેના અનેક દષ્ટાંતોમાંથી એક બેની અગત્ય જણાય છે.

આપણા જૈન લોકમાં સત્તર ભેદી પૂજા ભણાય છે. ત્યારે કેટલાક લોકો અઢારમી પૂજા એટલે પૂજા પછી જમણ કરે છે. કેટલાક નહિ પણ ઘણાક એવા પણ જોવામાં આવેલા છે કે સત્તર પ્રકારની

પ્રભુ પૂજાના સમયે પણ અઢારમી ભોજનપૂજાપર વિશેષ ખ્યાલ આપનાર હોય છે. જેમકે નૈવેદ્ય પૂજા ચાલે છે, અને તેમાં ઝાંઝ પખાજ કે હાર્મોનિયમ અને સારંગી વાગે છે તેની સાથે લલકારીને ગવાય છે કે—

"અણુહારી પદ દીજીએ, હો વાલા,
અણુહારી પદ દીજીએ"

આમ એક બાજુએ ગવાય છે, પોતે પણ રાગ તાણી મોટે મોટે પ્રભુ પાસે પૂજા ગાતો જાય છે, તેમાં લક્ષ કાંઈ પણ રાખ્યા વિના પાસે બેઠેલા માણસોને પૂછે છે કે હવે કેટલી પૂજા રહી? નીચે રસોઇ તૈયાર થઈ કે નહિ? આમ પૂછાતું જાય છે, અને ફરી ગવાતું પણ જાય છે કે—"અણુહારી પદ દીજીએ ઓ વાલા, અણુહારી પદ દીજીએ." આમ ઉપયોગશૂન્ય જે વખતે અણુહારી પદ માગે તેજ વખતે આહારની ઇચ્છા કરતો હોય એવું આપણે નથી જોતા? એટલુંજ નહિ પણ સત્તર ભેદી પૂજા ભણાઇ રહ્યા પછી ભોજન ચાલતું હોય ને તેમાં એક પણ વસ્તુ ઓછી હોય તોપણ કજીઆ થતા જોવાય છે અને કહેવામાં આવે કે ભાઇ જરા એક વસ્તુ ઓછી આવે તો શું થયું! આપણે અણુહારી પદ પ્રભુ પાસે માગ્યું છે, તો ઉત્તર એવો મળે કે શું પૂજામાં મફત આવ્યા છીએ? નોતરૂં દીધું તો આવ્યા છીએ. રૂપિયા ભર્યા છે! એ તો વ્યવહાર ટાણે વ્યવહાર, અને નિશ્ચય ટાણે નિશ્ચય. જો કહેવાય કે, 'ભાઇ દહેરામાં પૂજા ભણવાની વખત નીચે લાડુ તૈયાર છે એમ પૂછવાની શી મતલબ?' ઉત્તરમાં એમ કહેવાય કે તમે શું સમજો. આ પ્રમાણે "અણુહારી પદ દીજીએ"ની સ્થિતિ છે. (હસાહસ) આવું પ્રભુના મંદિરમાં આપણું ઉપહાસ્ય થાય છે. જે પદ માગીએ છીએ તેથી ઉલટીજ આપણી મૂર્છા પ્રવર્ત્તે છે. આ ઉપરથી એમ કહેવાનું નથી કે સ્વામીવત્સલ ન કરવો, એ તો કરવો; પરંતુ પૂજન કરવાની જ્યારે

મુખ્યયોગે પ્રવૃત્તિ મળી તો તેમાં સમજવું પણ ખરૂં કે નહિ? તમે એમ ધારો છો કે સમજ્યા વિના પણ અણુહારી પદ મળશે? લાલન કહે છે નહિ. આવી ક્રિયા આપણે સેંકડો વર્ષો થયાં કરીએ છીએ. દિવસે દિવસે વિચાર શૂન્યતા વધે છે અને પ્રકાશ વિના તે દેખાતી નથી. અંધકારમાં એકને બદલે તદ્દન ઉલટુંજ કરતા તમે અને હું જણાઇએ છીએ. ભાઇઓ! ભૂખનું ઓસડ અનાજ નથી એતો થીગડું છે. જો ખરૂં ઓસડ હોત તો ૫૦ વર્ષ થયાં અન્ન ખાતાં લાલનની ભૂખ કાં ન મટી! ભૂખનું ઓસડ વ્રત કે ધ્યાન છે, આત્મસ્થિતિ છે, અને તે જેમ જેમ થતી જાય છે તેમ તેમ તેમ મૂર્છા ઓછી થતાં અણુહારી પદ પામી મોક્ષ મેળવાય છે.

હેતુ જાળવવામાં પ્રવૃત્તિ ફેરવવાની અગત્ય.

પ્રવૃત્તિમાં ફેરફાર કરવો પણ હેતુને છોડવો નહિ, પૂર્વે તેમાં ફેરફાર થયા છે. કેટલાક ફેરફાર અમદાવાદમાં પણ થાય છે. અને કેટલીક પ્રવૃત્તિ દેશકાળ ફરતાં તદ્દન પણ ફેરવવી પડેછે. જેમકે—

સાધુ મુનિરાજ વહોરવા પધારે, ત્યારે જો ઘીનો છાંટો નીચે પડે તો મહારાજ વ્હોરે નહિ. પાછા ચાલ્યા જાય; કારણકે એવો લેખ સંભળાય છેકે ઘીનો છાંટો પડતાં કીડી ત્યાં આવે. કીડી મારવા બિલાડી આવે, બિલાડીને મારવા કુતરો આવે, અને કુતરાને મારવા કોઈ પાડોશીનો કુતરો આવે, તેને લાકડી મારતાં તેના માલેકો અને પછી આપણા સગાં વહાલાં, મારા મારીમાં પડે, આમ બધાં કપાઇ મરે. આમ થતાં સાધુ મહારાજનું પ્રથમ અહિંસાવિરમણ વ્રત ખંડાય. માટે હિંસા ન થાય તેવું કરવું. આ એક પક્ષ ઉપરથી સમજાશે કે હિંસાની નિવૃત્તિને અર્થે સાધુ મહારાજે ઘીનો છાંટો પડે તો વ્હોરવું યોગ્ય નથી, માટે એ પ્રવૃત્તિ યોગ્ય ઠરેછે.

હવે બીજી બાજુએ જોઇએ—એવું સાંભળેલું છે, કે એક વેળા

એક સાધુ મુનિમહારાજ કોઇ સ્થળે વ્હોરવા ગયા, સાસુ સસરો જુદે જુદે સ્થળે ઘરમાં કામ કરતા હતા, સાધુ મુનિરાજને વહુએ વ્હોરાવ્યું, વ્હોરાવતાં ઘીનો છાંટો પડયો. સાધુ મુનિરાજ તેથી ચાલ્યા ગયા, સસરાએ જાણ્યું, વહુને ગાળો ભાંડી, સાસુએ આવી ગાળો ભાંડવા ઉપરાંત તેને મારી, એટલામાં ધણી આવ્યો, તેણે સ્ત્રીનો ઠાર કાઢયો—સ્ત્રી લોહી લોહાણ થઇ. સ્ત્રીએ કુવે પડવા વિચાર કર્યો. આ ઘરઘોડાની વાત પેલા મુનિરાજ પાસે ગઈ. વિચિક્ષણ મુનિરાજે કહ્યું કે મારે લીધે હેરાન થનારી બાઇને તેના સાસુ–સસરો ને ધણી ખમાવે તો હું વ્હોરવા આવું. આ વાત ત્યાં પહોંચી અને ત્રણે જણાએ કબુલ કર્યું. સાધુ મહારાજ વ્હોરવા પધાર્યા, વ્હોર્યું અને સર્વને આનંદ થયો.

આ ઉપરથી જોશો કે જો કે મહારાજ પહેલાંથી જાણે કે અહીં આટલી હિંસાનું—મહા દુઃખનું—આર્ત રૌદ્રનું પરિણામ નીપજશે, તો વિચિક્ષણતાથી પોતે ઘીનો છાંટો પડયાં છતાંપણ વ્હોરે. ફરીથી તેવું ન થાય એવો ઉપદેશ કે પ્રાયશ્ચિત આપે. કહેવાનો હેતુ એ છે કે હિંસા ન થાય, રક્ષા વધે, એ નિશાન—હેતુ—ઉપર લક્ષ આપી સાધુ મુનિરાજ પણ પોતાની પ્રવૃત્તિ ફેરવે, તેમ હેતુને લક્ષમાં રાખી આપણે પણ પ્રવૃત્તિ કરવી. મુખ્ય લક્ષ્ય હેતુ સિદ્ધ કરવા ભણી જોઇએ. ત્રણને બેએ ગુણો કે બે ને ત્રણે ગુણો પરંતુ ગુણાકારનું પરિણામ ૭ આવવું જોઇએ.

આ પ્રમાણે જોશો તો હાલ હજારો પ્રવૃત્તિઓ એવી ચાલે છે કે જેમાં હેતુને હવે જાળવવાને શક્તિવતી નથી. જે કાળે તે નીકળી ત્યારે સંજોગોને લઈને હેતુને પહોંચતી હતી; હાલ તેથી ઉલટું જ કરે છે. તેવી પ્રવૃત્તિનો અભ્યાસ કરી તેમાં પણ ફેરફાર કરવો ઘટે.

દુનિયામાં સુધરેલા દેશમાં આમ થયું છે, અને થાયછે; તેથી

તે લોકો પોતાના હેતુ સંપાદન કરી શકેછે. પરંતુ તેમાં પણ વિચાર કરવાની કલા પ્રાપ્ત થતી હોય તોજ તે બને છે. જામનગરના વિશા ઓસવાલની નાતમાં રાયશીશા વર્ધમાનશા શેઠ હતા, તેમણે એવો રિવાજ કર્યો, કે આપણી નાતમાં પરણનાર પુરૂષે સ્ત્રીને આઠસો કોરીનો એટલે બસો રૂપિયાનો દાગીનો કરવો જોઇએ. હાલ ઘરેણાંનું પરિમાણ વધ્યું, કદાચ તે પરણનાર પુરૂષનું મરણ થાય તો બસેં રૂપિયાનો જૂનો દાગીનો વેચતાં રૂ. ૧૭૫ ને ૧૫૦ આવે. તેના વ્યાજમાંથી દશ બાર આના આવે, તો તેમાંથી કેમ નિર્વાહ ચાલે! તો હાલ પંદરસો–બે હજારનો દાગીનો હોય તો સાત આઠ રૂપિયા વ્યાજના આવે, માટે રીત વધારવી જોઇએ. એ છતાં તમે શું રાયશીશા વર્ધમાનશા કરતાં ડાહ્યા થઇ આવ્યા કે તમે બસો રૂપિયાના દાગીના લેવાને ના પાડો છો? આવા જ્ઞાતિશાસ્ત્રનાં સૂત્રો મનાય છે. પરંતુ પોતાની છોકરી કે બ્હેન હોય અને આ પ્રમાણે પરિણામ આવે ત્યારે કર્મનો હવાલો આપી દેવાયછે. આવા નિર્વિચારી માણસોને હેતુને ભૂલી પ્રવૃત્તિનું પૂછડું પકડી પાયમાલીયે પ્હોંચતાં આપણે જોઇએ છીએ. માટે જેટલી જેટલી પ્રવૃત્તિ છે, તે હેતુ સિદ્ધ માટે છે કે નહિ તેનો અભ્યાસ પ્રત્યેક જ્ઞાનીએ, પ્રત્યેક ધર્મ સંસ્થાએ, પ્રત્યેક વ્યવહારિક વર્ગે કરવો જોઇએ અને તેનાપર ખૂબ વિચાર કરી તે પ્રવૃત્તિ ફેરવવી ઘટે તો ફેરવવી, સુધારવી ઘટે તે સુધારવી, અને વધારવી ઘટે તો વધારવી, પણ હેતુને ભૂલવો ન જોઈએ. ઇંગ્લાડ વિગેરે સુધરેલા દેશો આગળ ચહડતા જાયછે તેનું કારણ હેતુની સિદ્ધિપર પ્રવૃત્તિઓમાં સુધારા વધારા છે. પરંતુ જુની પ્રવૃત્તિને પકડી રાખી, હેતુની પાયમાલી કરી, દુઃખ પડતાં કર્મને હવાલા આપવાની રીત હવે જૈનોને છાજતી નથી, પણ પરાજૈનીને છાજે છે. કર્મનાં જિતનારને નહિ પણ કર્મના ગુલામોને છાજેછે.

आपणे हाल अने हवे पछी*

દરેક સંસારી પ્રાણીને સુખની વાંછના હોવાથી આજે જે પોતાને સુખ છે તેથી વિશેષ સુખ પામવાને દરેક માણસ પ્રવૃત્તિ કરતા હોય એમ જણાય છે, સુખની વાંછના ઉપરાંત દુઃખની નિવૃત્તિ કરવાના સામર્થ્યનો ઉપયોગ દરેક માણસ કરે છે. પરંતુ સુખની વૃત્તિ અને દુઃખની નિવૃત્તિને માટે આપણે હાલ કેવી સ્થિતિમાં છીએ તેનું આપણને લક્ષ નથી.

આ જગત્ ઉપર ઉભા રહેવાથી માલૂમ પડે છે કે તેના ઉપર અનેક જીવો નજરે પડે છે. એ બધા જીવોમાં હાલ આપણે તે કોણ અને હવે પછીના મનુષ્યો તે કોણ તેનો આપણે વિચાર કરીએ તો જણાય છે કે જ્યારે મનુષ્ય વિચાર નથી કરતો ત્યારે તેની પ્રવૃત્તિ એવી જણાય છે કે તે ચારે તરફ પોતાની સ્થિતિના ભાન વગર દોડા દોડ કરી રહ્યા હોય છે. પરંતુ જેટલે અંશે હું કોણ એનું તેને જ્ઞાન થાય તેટલે અંશે તેને પોતાની સ્થિતિનું ભાન થાય છે. એક ઠેકાણે કહ્યું છે કે એક રાજાને ઘેર એક કરતાં વધારે સ્ત્રીઓ હતી. તેમાંથી એકને પુત્ર અવતરતાં બીજાઓની ખટપટથી તે કુંવરને ભીલને ત્યાં અને ભીલની છોકરીને રાજાને ઘેર અદલબદલ કરવામાં આવ્યાં હતાં, તેથી તે છોકરો ભીલને ઘેરજ ઉછરી મોટો થવાથી પોતે જંગલમાંજ રહી જંગલનું જ્ઞાન ધરાવતો અને ભીલપુત્ર હોવાનું સમજતો હતો. તેને જ્યારે ગામ બતાવવામાં આવ્યું ત્યારે તેને બહુજ આશ્ચર્ય લાગ્યું, પરંતુ રાજાની અંતાવસ્થાએ બીજા પુત્રના અભાવે રાજા આ વાત જાણતો હોવાથી આ છોકરાને બોલાવી રાજ સોંપ-

* મુનિશ્રી ચારિત્ર વિજયજીના પ્રમુખપણા નીચે કોટમાં આપેલું ભાષણ.

વામાં આવ્યું ત્યારેજ તેને પોતાની ખરી સ્થિતિનું ભાન થવા પામ્યું હતું અને તે સ્થિતિમાં લાયક નિવડયો હતો. તેવીજ રીતે આપણું મનુષ્ય કઇ સ્થિતિમાં છે અને આપણે કોણ છીએ તેની આપણને ખબર નથી. પરંતુ જો આપણને કોઇ આપણી સ્થિતિનું ભાન કરાવે તો આપણને ખબર પડે. રાજરજવાડામાં જોશો તો જણાશે કે તેઓ પ્રધાન અને હજુરીઆને વશ થઇ ગયા હોય છે. તેવીજ રીતે આપણો આત્મા રાજા છે છતાં હજુ સુધી આ ઇંદ્રિયો અને મનરૂપી પ્રધાન કરે તેમ આત્માને કબુલ કરવું પડે છે. આશ્ચર્ય થાય છે કે જેઓ એમ કહે છે કે અમે જૈન એટલે ઇંદ્રિયોને જીતનારા છીએ તેઓ ઇંદ્રિયોને આધીન થઇને કેમ રહે છે? જાગ્રત્ થએલા ગાયકવાડશ્રી કાંઈ પ્રધાન કે હજુરીઆના કહેવા પ્રમાણે નહિજ કરે. તેવીજ રીતે આત્મા જો જાગ્રત્ હોય તો ઇંદ્રિયો અને મનની પ્રવૃતિને તે કેમ આધીન થઇ રહે ! આપણે જીતનારા થવાને બદલે ઉલટા જીતાએલા રહીએ છીએ. હું કોણ છું ? એ વિચાર આવવાની સાથેજ દરેક માણસને પોતાની શક્તિનો ખ્યાલ આવે છે. સિંહ છે તે વનનો રાજા છે કહેવાય છે અને તેને જીતનાર પણ મનુષ્ય છે તો જો મનુષ્ય સિંહથી પણ બળવાન છે તો બીજા બધા પ્રાણીઓથી બળવાન હોય એમાં નવાઇ શું ?

એમ કહેવાય છે કે પશુઓ એકેક ઇંદ્રિયોને વશ થઇ પ્રાણને ગુમાવે છે. પરંતુ મનુષ્ય જે સિંહનો રાજા છે તેની પાસે પાંચે ઇંદ્રિયો વશ કરવાની શક્તિ છે એમ છતાં માણસ જો ઇંદ્રિયોનો નિગ્રહ ન કરી શકે તો પાશવમનુષ્ય કેમ ન કહેવાય ? અને તે ઉપરથી મનુષ્યે એટલું સમજવું જોઇએ કે જો આપણે ઇંદ્રિઓ ઉપર કાબુ મેળવી શકીએ તોજ મનુષ્ય કહેવાઇએ. હવે મનુષ્ય કહેવાયા પછી આગળ વિચાર કરીએ કે હું કોણ ? એ વિચાર કરતાં કુલનો પ્રથમ વિચાર કરીએ. જે ઉત્તમ કુલમાં જન્મ પામેલો

હોય તેને ઉત્તમ સંસ્કાર પડી રહે છે. પ્રત્યક્ષ જોઇએ છીએ કે જૈનના છોકરામાં દયા હોય છે અને મુસલમાનના બચ્ચાંમાં કુદરતી નિર્દયપણું હોય છે. તો આપણે જે વિચાર કરીએ છીએ તે શબ્દ, વચન અને વિચારમાં દયા રહેલી છે પરંતુ વર્તનમાં તે ઘણે અંશે ઓછી જણાય છે. જો આપણે શબ્દથી દયાનો પોકાર કરીએ તો તેથી જીવની દયા થઈ શકતી નથી. જેઓ સમસ્ત જીવો ઉપર દયા ભાવથી જુવે છે તેઓના તરફ જગતનું માન કેટલું હોવું જોઇએ ? પરંતુ આપણે દયાનો પોકાર કર્યાં છતાં માણસની દયાને તો ભૂલી જ જઇએ છીએ. ઝીણાં જંતુનો બચાવ કરવો અને મનુષ્યની દયા નહિ કરવી એ જૈનોનો ધર્મ નથી, માટે મનુષ્યની દયા કરવાનો આપણે બહુ ખ્યાલ રાખવો જોઇએ.

હાલ જૈન પ્રજા તરફ દૃષ્ટિ ફેરવતાં એમ જણાય છે કે જૈન-ભાઇઓ કર્મને પ્રધાનપણું આપે છે તે એટલે સુધી કે કર્મને રાજા તરીકે માને છે અને તે જેમ કરે તેમ થાય એમ કેટલાક માને છે. પણ એમ નથી જાણુતા કે કર્મનો કર્ત્તા કોણ છે ? કેમકે જે કર્મને કરે છે તે કર્મનો ક્ષય પણ કરી શકે. પણ જ્યાં સુધી કર્મના કર-નાર અને નાશ કરનાર આપણે પોતેજ છીએ એમ ન સમજાય ત્યાંસુધી આપણે નામધારી જીતનારાજ છીએ. નવતત્ત્વમાં પ્રથમજ શિખાય છે કે જીવ કર્મનો કર્ત્તા, ભોક્તા અને હર્તા છે, પરંતુ આ વાત હૃદયમાં ઉતરેલી હોતી નથી.

હવે કર્મમાં જે બળ છે તેના કરતાં આપણામાં વધારે શક્તિ છે, એમ જ્યારે આપણે સમજીએ ત્યારેજ આપણે કંઈ જૈન કહે-વાઇએ. પણ આપણા પોતાના કંઈ પડછાયા રૂપી કર્મથી આપણે ડરી જઇએ તો આપણે જૈન શી રીતે થઈ શકીએ ? આશ્ચર્ય છે કે આજતો કર્મ ગ્રંથના શીખનારા પણ કર્મથી બીએ છે અને મોહની

કર્મની સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ સાંભળે છે ત્યાં ભડકી ઉઠે છે. એનું કારણ એ જ છે કે એમને કર્મનું જ્ઞાન થયાં છતાં પણ કર્મના કર્તાનું જ્ઞાન નથી, કેમકે જો તે સમજાય તો કર્મ ક્ષય કરવાં સહજ સાધ્ય છે. આપણે ગાડીમાં બેઠા છતાં જો લગામ કાબુમાં ન રાખીએ તો સારથી અને ઘોડા તેની મરજીમાં આવે તે માર્ગે ગમન કરે તે આપણને તે પાલવી શકે ખરૂં કે ? આવી રીતોના ગમનથી કદી પણ ધારેલ સ્થાને પહોંચી શકાતું નથી.

आपणा विजयनी कुंची कइ ?

(શ્રી જૈન વકતૃત્વકળા પ્રસારક સભા તરફથી ગ્વાલીઅરવાલા શેઠ નથમલજી ગુલેચ્છાના પ્રમુખપણા નીચે આપેલું ભાષણ.)

તિર્યંચ, દેવતા અને પશુ એ સર્વેથી પણ મનુષ્ય જીવ ઘણોજ ઉંચો છે અને તે મળવો ઘણો દુર્લભ છે; એ છતાં આપણામાં કેટલાક મનુષ્ય એવા હોયછે કે જેઓ નારકી અને તિર્યંચ જીવો કરતાં પણ વધારે ખરાબ કર્મો કરેછે. વળી આપણે દુનિયાની મોટી મોટી પ્રજાઓ તરફ નજર કરીએ તો માલુમ પડશે કે યૂરોપ અને અમેરિકાના લોકો જ્યારે ઉદ્યોગ અને પુરૂષાર્થને મુખ્ય જગ્યા આપી ગમે તેવાં કામ સામે બાથ ભીડતાં યા તે કરવાને હિંમતવાન થતાં ડરતાં નથી, ત્યારે આપણે હિંદુઓ નસીબને, મુસલમાનો કીસમતને, અને જૈનો કર્મને મુખ્ય સ્થાન આપીએ છીએ. વળી આપણા ભાઇઓ જણાવે છે કે " અમે શું કરીએ ? કર્મમાં હતું તે બન્યું." " આપણે પામર પ્રાણી છીએ, ઇશ્વર કરે તે ખરૂં ! નસીબમાં હશે તે બનશે " વગેરે ઉદ્ગારો કાઢી પોતાની હાલત સુધારવા પ્રયત્ન કરતા નથી. એવું કહેનારા ભૂલી જાય છે કે જેવો જીવ મહાવીરનો

હતો તેવોજ જીવ આપણો છે અને જે મહાવીર કરી શકયા હતા તે આપણે પણ કરી શકવાની શક્તિ ધરાવીએ છીએ. આપણે **વીર** પુત્ર કહેવડાવીએ છીએ, પણ જે **વીર**ને સિંહનું લાંચ્છન હતું, તેના જેવા સિંહના કામ કરવાને બદલે આપણે બેસી રહીએ છીએ, અને બહારથી ધર્મની ઉપલક ક્રિયાઓ કરતાં હોઇએ એવો દેખાવ કરી જે ઉપદેશ **વીર** પરમાત્માએ કર્યો હતો તે ઉપદેશ ભૂલી જઇએ છીએ. ભાઇઓ! એ કારણથી આપણું આત્મિક બળ અને હૃદય બળ ખીલવવાની મોટી જરૂર છે. અને જો તે બળ ખીલવવામાં આવશે તો આપણી દરેક રીતની ઉન્નતિ થશે.

सर्वत्र संपनी सुशक्यता.

(શ્રી જૈન વકતૃત્વ કળા પ્રસારક સભા તરફથી શેઠ **શં**કરલાલ ઘીયાના પ્રમુખપણાનીચે આપેલું ભાષણ.)

સુખની ઇચ્છા સર્વને છે તો સંપની ઇચ્છા પણ સર્વને સ્વાભાવિક હોવીજ જોઇએ, કારણ કે સુખ સંપમાં રહેલું છે. બે જણ સાથે હોય છે તો સુખ થાય છે તે પ્રમાણે સગાં, નાત, ગામ, કોન્ફરન્સ, કોંગ્રેસ તેમજ પાર્લમેંટમાં એકત્ર થતાં તો અપૂર્વ સુખ થાય છે એ સિદ્ધ થાય છે; પરંતુ આપણામાં એવી ટેવ પડી ગઈ છે કે, આપણે વાર્યા વળતા નથી પણ હાર્યા વળીએ છીએ અને તેથી અનેક અગવડો પછી સંપની જરૂર સ્વીકારવાની ટેવ પડી ગઇ છે. કોઇમાં પ્રથમ તો કોઇમાં પરિણામે સુખ હોય છે. પણ સંપમાં પ્રથમ, મધ્યમ અને અંતમાં પણ સુખજ હોય છે અને તેથી સંપ એ સંસારમાં સ્વર્ગ છે.

મૂળાક્ષર રૂપી જડ અક્ષરોના યુક્તિ પૂર્વક સંમેલનથી પરમાત્મા જેવું નામ ઉત્પન્ન થઈ શકે છે તો પછી મનુષ્યરૂપી ચૈતન્યના

સંમેલનથી પરમાત્મા શા માટે ઉત્પન્ન ન થાય! તે સમજી શકાતું નથી. સંપ અને લક્ષ્મીનો ધર્મ એવો છે કે તે પોતાની મેળે આવી મળે છે. પણ આપણામાં ઇર્ષ્યા અને તિરસ્કારરૂપી બે દુર્ગુણો હોવાથી તે આવી શકતા નથી, માટે તે બંને દુર્ગુણોને દૂર કરવામાં આવે તો સંપનું રાજ્ય અહીંજ થાય. અહિંનોજ દાખલો લ્યો કે કોટમાં મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયજી આપણને હંમેશાં ભગવતી સૂત્રની પ્રસાદી આપે છે. તે વખતે આપણે ઉપરના બંને દોષોને છોડીને જઇએ છીએ તો આપણને કેટલો લાભ થાય છે. જો આપણામાં જૈનત્વ હોય તો આપણી કોમ જેટલો ભાગ્યેજ કોઇ સંપ કરી શકે. તમે કદાચ એમ શંકા કરશો કે સ્વભાવ જુદો જુદો છતાં ઐક્યતા કેમ હોઇ શકે? તો જરા વિચાર કરો કે અગાઉ આપણે જોયું તેવા સ્વર વ્યંજનના ઉચ્ચાર અને આકાર જુદા જુદા છતાં તે કેવી સરસ રીતે જોડાય છે. એ પ્રમાણે મનુષ્યની સંકલતાથી સુસંપ તથા ઉદય કાં ન થાય?

જેમ તબલાની સાથે સારંગીનો અવાજ સમયોચિત કરવાથી રાગની મીઠાસ વધે છે તેમ મનુષ્યમાં પણ કદાચ કોઇ બટક બોલી પ્રકૃતિનો હોય તેને પણ અન્ય સારા સાથે ગોઠવીએ તો ઉલટો રસ મેળવી શકાય છે.

સંસાર ચક્રમાં જોઇશું તો સંપથીજ વ્યવહાર ચાલે છે અને સર્વ કાર્યોમાં તે અગ્રપદે જોવાય છે.

કુસંપના પરિણામે મોટી મોટી લડાઇઓ થવા પામે છે, અને તે સૃષ્ટિક્રમની વિરૂદ્ધના થતા પ્રસંગને લઇને મનુષ્યનો જે મુખ્ય ધર્મ છે, કે માણસ માણસને મારવા માટે નહિં પણ બચાવવા માટે છે, તેનો ભંગ કરાય છે.

કુસંપમાં સુખ નથી. એક લાખ રૂપિયા તમો કોઇને ઠગી

મેળવો તો, તે લાખ રૂપિયા તમો સુખે ભોગવી શકશો નહિ તો પછી સુખ વગરના તે લાખ રૂપિયા શા કામના? અમેરિકા ખંડ આખો મારો છે અને સર્વનો આખો છે તેમ આપણે આ અમારૂં ને તે તમારૂં છોડી બધું બધાનું સમજતાં શીખવું જોઇએ.

पंच परमेष्टिना गुणो आपणामां केम आवे?

રસ્તામાં એક ભટકતા ભીખારીને આખા દિવસ ભટકવા છતાં કંઇ પણ પ્રાપ્તિ ન થઇ, હવે તે બીજા દિવસે રાજા થવાની ઇચ્છા કરે અથવા એક નાનો ઠાકોર બીજેજ દિવસે ચક્રવર્તિ થવાને કે ચક્રવર્તિ ઇંદ્ર થવાને ઇચ્છા કરે, તેવી રીતે એક પામર જીવ રાજા નહિં પણ જલદી ઇંદ્ર અને તેના પણ પૂજ્ય તીર્થંકર થવાને ઇચ્છા કરે તે વાત સિદ્ધ થવી દુઃશકય છે, તેમ કદાચ કબુલ કરીશું પણ અશકય તો મનાશે નહિ અને તેથી તેવી ઇચ્છા ન થાય તેમ બનતુંજ નથી. આ પ્રમાણે જે દુઃશકય છે તેમ હું કહું છું. તેનું કારણ આપણામાં તેટલી હિંમત આવી નથી પરંતુ વસ્તુતઃ તે ધારે અને વિશ્વાસ રાખે તો સહેલું છે.

તમોને ચિકાગોનું બ્યાન કોઇ કરે તો તમોએ જો કે તે જોયું ન હોય તો પણ તેના ઉપર શ્રદ્ધાથી તે માનવું પડેછે અને જો તમો ત્યાં જાઓ અને સાંભળેલું નજરે જુઓ તો તમારા પૂર્વના વિચારો ખોવાઇ ન જતાં પુષ્ટિ મળે છે. તેમ શાસ્ત્રાધ્યયનથી પ્રત્યક્ષ દર્શન જેવો લાભ થશે. પંચપરમેષ્ટિમાં રહેલા ૧૦૮ ગુણો આપણામાં કેમ આવે એટલે તે બહારથી આવવાના નહિ પરંતુ પ્રગટ કેમ થાય? તે કહેવાનો મારો ઉદ્દેશ છે. હવે આપણે પંચપરમેષ્ટિના ગુણની સંખ્યાનો સરવાળો કરીશું તો ૧૦૮ થાય છે; અને તે ઉપરથી નૌકારવાલીમાં ૧૦૮ મણકા રાખવામાં આવ્યા છે. હવે નૌકા-

સ્વાલીના ૧૦૮ મણકાનો જાપ બરાબર એક દિલથી કરીએ તો આપણને તે ૧૦૮ ગુણનું બરાબર ભાન કેમ ન થાય ? અલબત થાયજ. પંચપરમેષ્ટિના વર્ણો અને ગુણ પ્રમાણે નૌકારવાલીના મણકાને ગોઠવો, અને તેથી પ્રથમ અર્હંતના બાર ગુણ શ્વેતવર્ણા હોવાથી બાર સફેત સ્ફટિક વર્ણના પારા, ત્યાર પછી સિદ્ધના આઠ રક્ત વર્ણના, ત્યારબાદ આચાર્યના છત્રીશ પીતવર્ણના, ઉપાધ્યાયના પચીશ નીલવર્ણના, અને છેલ્લે સતાવીશ શ્યામ વર્ણના પારાની એમ પચરંગી ૧૦૮ પારાની નૌકારવાલી તમારા હાથમાં લ્યો, અને પછી પછી પ્રથમ પારો પસાર કરવા પૂર્વે અરિહંતના બાર ગુણ પૈકીનો પ્રથમ ગુણ રાગ દ્વેષનો ત્યાગ છે, તેથી રાગદ્વેષ અપાય અને તેનો ત્યાગ—પાછાં ડગલાં ભરવાં તે અપગમ સબબ અપાયાપગમાતિશય એ શબ્દનું સ્મરણ કરી તમો પણ તે વખતે તમારા હૃદયમાંથી એટલો વખત રાગદ્વેષને દૂર કરો, અને તે રીતે જ્યાંસુધી તમારા મનમાંથી રાગદ્વેષનો ત્યાગ ન થાય ત્યાંસુધી ફરીફરીને એક બે નહિં પણ હજારો, લાખો અને અસંખ્ય વખત તેનો તે જાપ કર્યા કરો, અને તેને આચારમાં લાવવા પછી બીજો મણકો ઉપાડો, તે પછી તમોને તે ગુણનું જ્ઞાન થવામાં શું વાર છે ? હું કહું છું કે તે નૌકારવાળી પુરી થતામાંજ તમો પોતાને સિદ્ધ થયેલા જોશો. તમે સ્વભાવે સરલ છો, અને તેથી સ્વભાવે ચાલવાથીજ પંચ પરમેષ્ટિમાં રહેલા ગુણો સહજ પ્રગટ થાયજ અને તેથીજ તે સ્થિતિ પામવી સર્વથી સહેલ છે, પરંતુ ખરૂં પુછો તો વિભાવે ચાલવું તેજ મુશ્કેલ છે. વિચાર કરો કે પાછલ પગલે ચાલવું તે વધારે દુષ્કર છે, પછી ભલે લાંબા વખતની પડેલી ટેવથી તે સરળ લાગતું હોય, તે પ્રમાણે આત્માને વિભાવે ચલાવે તે તેની સ્વાભાવિક ટેવ નથી તે નક્કીજછે. અને તેથી આત્માના મૂળ સ્વભાવ તરફ વળતાં કદાચ ક્ષણિક અગવડ જણાય તો તે ક્ષણિક સમજી તેથી ડરવા સિવાય સરલ માર્ગે પ્રયાણ કરવું ઉત્તમ છે.

રાત્રી ભોજન નહિં કરનારા આપણે છીએ, છતાં કોઇ જૈન રાત્રી ભોજન કરતો જોવાય તો તેને શાસ્ત્રાનુસારે પદ્ધતિસર ઉપદેશથી સુધારવા જરૂર છે. રાત્રી ભોજન કરતો હશે તો તે ખોટું કરેછે તેમ તો તે સમજતો હોવો જોઇએ; અને તેજ તેનામાંનો જૈન સંસ્કાર છે, તો યોગ્ય ઉપદેશથી તે અવસ્ય સુધરશેજ.

લાલનનો જીવ પચાસ વર્ષ પૂર્વે લાલન નહિં હતો, અને ભવિષ્યમાં તે લાલનથી ભિન્ન થવાનો છેજ. તેવા વિચારપર આવવું તેજ આપણા યત્નની શિદ્ધિ છે અને તેમ માનવાને તીર્થંકરના વચનો તૈયાર છે. અને તેવા વચનરૂપ સાધનો આપણે માટે અનુકુલ છતાં જો તે સમજવામાં મંદ રહીશું તો તે પ્રમાદનું કારણ કહેવાઈ શકાય.

તીર્થંકરો અઢાર દૂષણ રહિત છે.

પણ યાદ રાખવું કે તે દોષનીજ સંખ્યા છે. પરંતુ તે દોષ જવાથી ગુણ કેટલા બધા પ્રગટ થાય છે, તેની સંખ્યા અગાધ અને અસીમ છે. આપણી શક્તિ પણ તે તરફ વાળવાને અશક્ત છે. આપણે જૈન છીએ, જીતનારા છીએ, લડવૈયા છીએ, આપણા પરમાત્મા વીર છે. કમાન્ડર ગૌતમસ્વામી છે અને જ્યારે આપણા રાજા મહારાજા અને કમાન્ડરે મોહ રાજા આદિ શત્રુનો જય કર્યો છે તો આપણે પણ કરેલો હોવોજ જોઇએ. આપણી તીજોરી ભરેલી છે. પરંતુ તેને બંધ કરી તાળું મારી રાખીએ તો જેમ છતાં પૈસે ગરીબ થઇ પડીએ, એવું થવા વખત આવે છે. આવી લડાઈમાં ઉતરનારના લાગતા વળગતા તે જીતીને આવે તો ઠીક તેમ ઇચ્છે છે. તેવી રીતે અન્ય દર્શનીય તમારી પેઠે મોહાદિ શત્રુને જીતવાને લડાઇમાં ઉતરવા તૈયાર ન હોય તો, તેથી તેના ઉપર નાખુશ ન થતાં પૂર્ણ સંસ્કારમાં અથવા તો સરલ સ્વરૂપમાં આવવા તેઓની ન્યૂનતા છે તેમ સમજવું જોઇએ છે. અને તેથી તેઓ તમારી

લડાઈની ફતેહ ઇચ્છશે. ગુણાવગુણમાં જે વધારે મળતાપણું હોય તે તરફ આપણે દુર્લક્ષ રાખતાં જોવાઇએ છીએ, તે ઠીક થતું નથી. જો થોડું મળતાપણું હોય તો પણ ઉમદા પુરૂષે મધ્યસ્થ ભાવનાથી જોવું જોઇએ, ત્યારે ગુણમાં વધારે મળતા હોઇએ તો તે તરફ પ્રીતિ રાખવા જરૂર છે. નવકારના નવ પદમાંના દરેક અક્ષરો અને માત્રા મળવા પછી "હોઇ અને હવઇ" માં એક અક્ષરની સંખ્યા વધી ઘટી તો તેમાં બાકીના ૬૬ અક્ષરોની એકતા શામાટે ભુલી જવી જોઇએ ?

સાધુના સતાવીશ ગુણ પૈકી એકને નવ ગુણ પ્રાપ્ત થયા હોય ને બીજાને છ થયા હોય તો છ–વાળાપર નવગુણવાળાએ ક્રોધ નહિં પણ દયા કરવી જોઇએ. અને આ પ્રમાણે દરેકમાં ન્યૂન સ્થિતિવાળા ઉપર આગળ વધેલાઓએ દયા દૃષ્ટિથી જોવું જોઇએ છે.

માનને માટે જોઇશું તો બાહુબલને અગાધ તપશ્ચર્યા કરવા છતાં માનને ખાતરજ કેવલ પ્રાપ્ત થયું નહોતું અને જ્યારે તેમણે માન છોડયું ત્યારે તે સહજ મળ્યું હતું.

શોકને માટે જોઇશું તો એક વસ્તુ પ્રથમ મારી છે તેમ માનવું તેજ શોક છે. જે વસ્તુ પ્રથમ નહોતી ને હવે નથી તેમાં શોક શાનો ? છેવટ કહેવાનું એજ કે પંચ પરમેષ્ટિના ૧૦૮ ગુણ ઉપર ૧૦૮ પાઠો અને તેના નીચે ૧૦૮ કવિતા લખવા જરૂર છે. કેમકે જેમ કોઇને ઘેર જતાં, તેના રીત રીવાજને અનુકુળ થવાથીજ આપણું અતિશય સંભવે છે તેમ સિદ્ધ થવા માટે સિદ્ધના કર્તવ્યને અનુકુળ થતાં શીખવું જોઇએ છે. પૂર્વે આમ થયા પણ હવે તેમ ન થવાય તેવી શંકા કેટલા એક કરે છે. પરંતુ આ પાંચમાં આરામાંજ હેમચંદ્રાચાર્ય કહી ગયા છે કે મને તો પાંચમાં આરોજ અનુકુલ છે. હું કહું છું કે અત્યારે આપણને પરમાત્માના ગુણનું

સ્મરણ કરવાને પ્રતિમાનુ સરલ સાધન છે, અને તેથી તેમાં તલ્લીન થતાં આપણે તેવા થવાને યોગ્ય થતાં જઇશું. [1]

પ્રમુખે તેના ઉપર વિવેચન કરતાં છેવટ જણાવ્યું કે તું તારા આત્માને પસંદ કર અને સહેજે તું તે થઇશ.

पश्चिमनो अनुभव.

(મી. ફતેચંદ કપુરચંદ લાલન ઇંગ્લંડની ટુંક મુસાફરી પુરી કર્યા બાદ મુંબઈથી ગયા અઠવાડીઆમાં અમદાવાદ આવી પુગ્યા હતા. તેમણે નાગોરી શાળાના મકાનમાં ગઇ તા. ૧૦ મી તથા ૧૧ મી એ રાત્રે બે ભાષણો આપ્યાં હતાં અને ત્રીજે દિવસે તેઓ મુંબઈ તરફ ઉપડી ગયા હતા.)

વિલાયતમાં મળેલા અનુભવ ઉપર ઘણું બોલાયું હતું. અને શ્રોતા વર્ગ પર તેની ઘણી સારી અસર મુકતા જવા તેઓ ભાગ્યશાળી થયા હતા. પહેલા દિવસનું ભાષણ કે જે " સાંસારિક અને આધ્યાત્મિક જીવનમાં વિજય કોણ પામશે ? " એ વિષય પર હતું, તેમાં તેમણે જણાવ્યું હતું કે:—

આ જગત્ એ એક શાળા છે. પોતાની સ્થિતિ કાયમ રાખીને આખા જગતનું પર્યટન કરવું જોઇએ. જેમ મનુષ્ય દુનિયામાં વિશેષ ફરે છે તેમ તેનો અનુભવ વિશેષ વૃદ્ધિ પામે છે. મુકાબલો કરવાને એક દેશની સ્થિતિ સાથે બીજા દેશની સ્થિતિ સરખાવી હૃદયને વિશાળ બનાવવાને દેશાટન જેવો બીજો એક પણ માર્ગ નથી. આપણો સ્યાદ્દવાદ ધર્મજ અપેક્ષાએ વસ્તુઓ વિચારવાનું

---

1 શેઠ. અમરચંદ તલકચંદને 'પાંચ પરમેષ્ઠિ ગુણ રત્નમાળા' તૈયાર કરી આપેલ છે.

આપણને જણાવે છે; તેથીજ શ્રી આદીશ્વર ભગવાનને એક વિશેષણ એવું આપવામાં આવ્યું છે કે તે ' સ્યાદ્‌વાદ વિદ્યાલય ' છે. આપણી ઉન્નતિને વાસ્તે જે ગુણોની આપણને જરૂર છે તેમા મુખ્ય સુસંપ (**Harmony**) ' મતાંતર સહિષ્ણુતા ' અને ' ગુણ દૃષ્ટિ ' છે. મનુષ્યની અપેક્ષાએ વિચારતાં લંડનના મનુષ્યો પણ આપણા માનવ બંધુઓ છે. આપણે અનુભવની આંખથી જોઇએ છીએ ત્યારે જગત્ જુદુંજ ભાસે છે. જો આપણે ત્યાંના લોકો તથા અહિંના લોકોને સરખાવીએ તો તેમના લોક પાસેથી ઘણું શીખવાનું મળી આવે છે. તેમનું સર્વ સારૂં છે એમ હું કહેતો નથી. તેમ આપણું સર્વ ખોટું છે તેમ પણ હું જણાવતો નથી; પણ સાર ગ્રહણ કરવાને હું તમને જણાવું છું. તે લોકોમાં ગુણ દૃષ્ટિ વિશેષ છે. તે લોકો સારૂં ગ્રહણ કરવામાં જેટલા તત્પર છે, તેટલાજ ખોટાનો ત્યાગ કરવાને ઉત્સુક છે. અમેરિકાના કરતાં યુરોપના લોકો બહુ વિચારશાળ છે. તે લોકોમાં વણિકબુદ્ધિ બહુજ છે. આપણે વણિક કહેવરાવીએ છીએ છતાં જો આવી ગુણદૃષ્ટિ ન રાખીએ, ' સારૂં એ મારૂં ' એ સૂત્ર ન ગ્રહણ કરીએ તો આપણે વાણીઆ કહેવરાવવાને લાયક નથી.

બ્રાહ્મણો જ્યારે પોતાના ગુણકર્મ ભુલી ગયા-બ્રહ્મ-આત્મચિંત્વન કરવાનું કામ ચુકી ગયા ત્યારે હવે રસોઇ કરતા થયા અને લોકોની નિંદાને પાત્ર થતા ગયા, તેમ આપણે જૈન હોઇએ પણ જૈનના ગુણ આપણામાં ન હોય તો આપણે જૈન નામને લજવીએ છીએ. વાણીઆમાંથી 'વિચારો' ગયા, તેમ જૈનમાંથી " કર્મને જીતવાનું" ચાલ્યું ગયું ! કર્મ ભારી નથી. જેમ પાણી પાતળું દેખાવા છતાં ભારે ભારે પથ્થરોને તોડી નાખેછે, તેમ આત્મા પોતાના બળથી અનેક કર્મોનો નાશ કરી શકેછે. જૈનોનો જય આત્મામાંજ છે; આત્મસ્થિતિની વાતો કરવામાં નથી. જેટલી જેટલી આત્મસ્થિતિ જ્યાં જ્યાં પ્રગટ થાયછે, ત્યાં ત્યાં તેટલો તેટલો વિજય થાયછે. આ

સ્થળે એ પ્રશ્ન વિચારવો જરૂરનો છે કે આપણે ઉંચે ચઢીએ છીએ કે નીચે ઉતરીએ છીએ ? આપણી ઉન્નતિ થાયછે કે અવનતિ ? જેમ બાટલી ઉપરના લેબલથી બાટલીમાં શું છે તેની ખબર પડેછે, તેમ આપણે જૈન નામ ધરાવીએ છીએ, પણ અંદર શું છે તે વિચારવાનું છે. લંડનવાસીઓને કાંઇ શીંગડાં છે અને આપણને નથી એમ નથી પણ તેમના જેવી સત્ય શોધવાની તથા સત્ય જણાયે તે પ્રમાણે વર્તવાની ઉલટ આપણામાં નથી. લોકોએ સ્વતંત્ર વિચાર કરતાં શિખવું જોઇએ. સારા વિચારોને ઉત્તેજન આપવું જોઇએ, નઠારાને દાબી ન દેતાં તેનાં કારણો સમજાવી તે ત્યાગવાને ઉપદેશ આપવો જોઇએ. ઉન્નતિનો પાયો ' વિચાર ' છે. વિચારને દબાવનારા પંથો, ધર્મો અને જ્ઞાતિઓએ આપણા દેશનું સત્યાનાશ વાળ્યું છે. મનુષ્ય એટલે વિચાર કરનાર પ્રાણી (' મન્ to think વિચાર કરવો, એવો તેના ધાતુનો અર્થ છે) શરીર ઉપરથી, ધન ઉપરથી કે ઉમ્મર ઉપરથી મોટાઈ ગણવાની નથી, પણ વિચાર ઉપરથી મનુષ્યનું મહત્વ સમજવાનું છે. ' કથા સાંભળી ફુટયાં કાન ' તેના જેવું ઘણું થયું છે. જો ધર્મ સાંભળી તમારામાં ગુણ દૃષ્ટિ ન આવી, મતાંતર ક્ષમા ન આવી તો પછી તે સાંભળવાનું પ્રયોજન કયાં રહ્યું ? અરે ! તમને ધર્મમાં શ્રદ્ધાજ નથી. તમે જૈન ધર્મમાં જન્મ્યા માટે જૈન ધર્મને માનો છો પણ પરીક્ષા કરી તે સ્વીકારો તો તેની કીંમત તમને ઓરજ ભાસશે. સર્વે નયોથી વિચારતાં સર્વ ધર્મોનો જૈનમાં સમાવેશ થાયછે.[1]

ત્યાં વિલાયતમાં જે organizations છે.–બંધારણો છે, અહીં એવા અર્થ સુચવનાર શબ્દો પણ જડી આવતા નથી. બંધારણ અથવા વ્યવસ્થા એ બે શબ્દો માત્ર જડી આવે છે. પણ તે પણ પુરતો અર્થ સૂચવતા નથી. જૂદા જૂદા પત્થરો ગોઠવવામાં

૧ પરંતુ હાલ તો પોતામાં આવેલા તે પણ સમાવી શકે એટલો વિસ્તારવાળો નથી.

આવ્યા તેમ કોમ્ કે જ્ઞાતિના મનુષ્યો મળેલા હોયછે, અથવા તો જૂદાં જૂદાં પુષ્પ માફક આમ તેમ પડેલા હોયછે, પણ તે પત્થરનો મહેલ બનાવવામાં આવે અથવા તો તે પુષ્પોની માળા રચવામાં આવે તેમ જ્યારે બધા એકદિલથી પોતાની યોગ્યતા મુજબ ગોઠવાઈ કામ કરવા માંડે ત્યારે ખરેખરી સમાજ કહી શકાય. અહીંતો કોમનો હેતુ શું છે ? કોમના મનુષ્યો બીજાને મદદ કરવામાં પોતાનું બળ વાપરતા નથી, પણ ઉંચે ચઢતા રોકી નીચે પાડવામાં અથવા તેમની નિંદા કરવામાં તેઓ પત્થર તરીકેનું કામ કરેછે. વિલાયતમાં જોઇએ તો ૧૨૦૦ દયાનાં ખાતાં છે, તેમાંના પચાસની મેં મુલાકાત લીધી છે, ૨૪ નો અભ્યાસ કર્યો છે; અને બારનો તો હું સભાસદ છું. આપણામાં દયા ઘણી છે, પણ તે પૂર્વ પુણ્યથી પ્રાપ્ત થઇ છે પણ તેમાં વૃદ્ધિ કરીએ છીએ કે કેમ તે સંશય છે. દયાનાં ખાતાં ત્યાં કેવી રીતે ચાલે છે તેનો અભ્યાસ કરવાથી આપણને ઘણું જેવાનું શિખવાનું મળી આવેછે. ત્યાં " Our dumb friends' league " છે, એટલે " આપણાં મુંગા મિત્રો (પ્રાણીઓ)ને સહાય કરનારૂં મંડળ " છે. તમે સાંભળીને આનંદ પામશો કે લંડનમાં પાંજરાપોળ છે અને ત્યાં પશુઓની ઘણી સારી સંભાળ લેવામાં આવેછે.

પશુઓની સારવાર કરનારી આયાઓ રાખવામાં આવેછે, ત્યાં પશુઓની મનુષ્ય માફક દવા કરવામાં આવેછે. પ્રસંગે શીશી પણ સુંઘાડવામાં આવેછે. ત્યાં પાંજરાપોળના મનુષ્યો ગામમાં ફરી રખડતાં કુતરાં, ઘોડાં, વિગેરે લાવી તે પાંજરાપોળમાં તેમની સારવાર કરેછે. રસ્તામાં ખાડા પડયા હોય તો તે પાંજરાપોળના મનુષ્યો સુધરાવે છે. તેમનો આમ કરવાનો હેતુ એ હોય છે કે તે રસ્તે થઈ જનારી ગાડીઓના ઘોડા બલદ વગેરેના પગે ઠોકરો ન વાગે. જગતના ઇતર પ્રાણી સુખી હોયતો આપણે સુખી થઇ શકીએ, એવો દયાનો ઉંચ સિદ્ધાંત તેઓ શિખવા લાગ્યા છે. ત્યાં કેટ-

ટલાક વખતથી પ્રાણીઓ ઉપર અખ્તરા કરવાની ઘાતકી પદ્ધતિ ચાલુ થયેલી છે, પણ તે અટકાવવાને પણ મોટાં મોટાં મંડલો ઉભાં થયેલાં છે. હમણાં થોડાજ સમય ઉપર તેવા વિચાર ધરાવનાર પુરૂષોનું ડોકટરો વગેરેનું એક મોટું મંડલ મળ્યું હતું; અને દશ માઇલ લાંબી સહીઓ કરવામાં આવી હતી. અને તેમાં જણાવવામાં આવ્યું હતું કે તમે જીવતાં પ્રાણી ઉપર આજે પ્રયોગ કરોછો તો આવતી કાલે મનુષ્યો ઉપર અથવા ગાંડા માણસોપર પ્રયોગ કરતાં પણ શીખશો, અને પશુ હિંસા પ્રમાણે મનુષ્ય હિંસા પણ કરશો.

ત્યાંની પાંજરાપોળો એવી રીતે ચલાવવામાં આવે છે કે તેઓ પોતાની મેળે નભી શકે છે. લોકોમાં જીવ દયા ઉત્પન્ન થાય તે માટે પ્રાણીઓનો વધ કેવી રીતે કરવામાં આવે છે, તેનાં ચિત્રો મેજીક લેન્ટર્ન વડે બતાવવામાં આવે છે, અને તેની એવી જાદુઇ અસર થાય છે કે બાળકોમાં નાનપણથી દયાનાં બીજ પોષાય છે, અને ઘણા જુવાનો, મનુષ્યો તથા બાળકો માંસાહારનો ત્યાગ કરે છે. આપણ મુસલમાનભાઇઓને, પારસીઓને અથવા ખ્રીસ્તિ ધર્મ પાળનારાઓને ફલાહારી કે અન્નાહારી બનાવવા આપણી પાંજરાપોળો તરફથી આજે કેટલો પ્રયાસ થયેલો છે? તે સંબંધમાં ઉત્તમ નિબંધો લખવામાં આવેછે તથા વિના મુલ્યે અથવા થોડી કીમતે તે વેહેચવામાં આવે છે. ત્યાંના લોકો પૈસા ઉઘરાવતાં જરા પણ શરમાતા નથી. યુરોપીઅન લોકો સ્વતંત્ર છે તેમજ ગુલામ છે, તેઓ વિચારમાં સ્વતંત્ર છે, ઘણા ભાગનો જે વિચાર હોય તે માન્ય રાખી તે પ્રમાણે વર્તે છે, પણ જ્યાં એકવાર ઉદ્દેશ નકી થયો પછી તેઓ તે ઉદ્દેશના ગુલામ બને છે. તેઓને સત્ય વાત ઠસતાં વાર લાગે છે, પણ ઠસ્યાં પછી તેઓ તેને આચારમાં મુકતાં વાર લગાડતા નથી અને તે સત્યને ફેલાવવા પોતાનાથી બનતું કરે છે. તેઓએ જ્યાં દયાનું કામ ઉપાડયું પછી તેને સારુ પોતાનો બનતો જંગી ભોગ આપે છે. પોતાની ગમે તેવી ઉચ્ચ સ્થિતિ સમજવામાં

હોય, છતાં તે દયાનો સેવક સેવિકા કહેવરાવવા ઇચ્છે છે. દયાના કામમાં કોઈ આગળ હાથ ધરતાં જરા પણ તે શરમાતો નથી. આવા ઉચ્ચ ગુણોને લીધે તે પ્રજાનો વિજય થાય છે. આપણે આ બાબતમાં તેમનું અનુકરણ કરવું જોઇએ. જે કામ પોતાને સારૂ લાગ્યું તેમાં તેઓ પોતાની લાખો રૂપિયાની મીલકત અર્પણ કરી દે છે. તેઓ કહે છે કે અમારાં છોકરાં તો કમાઈ ખાશે તેઓ દયાને ગુણ માનતા નથી પણ જ્યારે દયા પ્રમાણે વર્તન થાય અથવા દયા કાર્ય રૂપે પરિણમે ત્યારે જ તેને તેઓ ગુણ તરીકે લેખે છે. "Sympathy without relief is musturd without bread." દયાનું કામ કર્યા સિવાયની દયા એ રોટલી વિનાના મરચાં તુલ્ય છે. માટે જરા પણ દયાનું કામ કરતાં શિખો, કામ વિનાની દયા લુખી છે. ત્યાં પણ ભીખારી નથી એમ નથી પણ ત્યાંના ભિખારી **અન્ન** માગતા નથી પણ **કામ** માગે છે. કામ એજ તેમનું ઉદર–પોષણનું સાધન છે. નાતની અંદર કેટલાએ પોતાની નાત વાળાને તાર્યા? કેટલાએ નાતમાં રીબાતા સીઝાતા સ્વામી ભાઇઓને ઉત્તેજન આપ્યું? જ્યાં સુધી આ ગુણ નથી ત્યાં સુધી પ્રજા કેવી રીતે વધી શકે? નાતો ગમે તેવા શુભ આશયથી સ્થપાયેલી હોય પણ તે જો નાતિભાઇઓનું સુખ કાયમ રાખતી ન હોય અને દુઃખ ઘટાડતી ન હોય અથવા સુખમાં ઉમેરો કરતી ન હોય તો પછી તેવી નાતનું શું કામ છે? "મોટા જીવને મારવો અને નાનાને ઉગારવો" એવો આક્ષેપ જે જૈન પ્રજા ઉપર મુકવામાં આવે છે. તે આક્ષેપને આપણા કાર્યોથી આપણે ઉત્તેજન આપીએ છીએ. જો પ્રાણી વર્ગ વાસ્તે જેટલું કરીએ છીએ તેના પ્રમાણમાં વિધવાઓ વાસ્તે અને અનાથ બાળકો વાસ્તે કાંઇ ન કરીએ તો આપણે જૈનના મોટા બિરૂદને લાજ લગાડીએ છીએ. મારો કહેવાનો ભાવાર્થ એમ નથી કે પ્રાણીઓની દયાનું કામ ન કરવું. પણ પ્રથમ મનુષ્ય બાંધવોની દયા કરીને ક્રમે ક્રમે ચાલવું એ લાભ કારક છે. નાતના

શેઠીઆઓ નાતી જનોને ઘણો અવગુણ કરે છે. નાતના માણસોનું ભલું કરવાનું તો દૂર રહ્યું, પણ સીધે રસ્તે ચાલનાર ગરીબ નાતીભાઇને કચડવામાં બાકી રાખતા નથી. હે યુવાનો! તમે આમ ક્યાં સુધી કચડાઈ રીબાઇ મરશો? આત્મવીર્યમાં શ્રદ્ધા રાખો. પ્રજા મત કેળવો અને નાતો જેવાં ખોખાંઓ જેથી દેશનો અધઃપાત થયેલો છે તેનું નિકંદન કહાડો. મોટાઈ કાંઇ ધન કે કુળ ઉપર રહેલી નથી, પણ સદ્ગુણ કે વિદ્યા ઉપર રહેલી છે. માટે ઉન્નતિની આડે આવનારા શ્રીમંત વર્ગના રૂઆબમાં દબાઈ ન જતાં જે તમારી માગણીઓ હોય તે સ્વતંત્ર રીતે દર્શાવો. અને તે બાબતમાં જાહેર મત કેળવો. સ્વતંત્ર વિચારના અને સદ્ગુણી યુવાનોની વિવેક પુરસ્સર થયેલી અરજી ઉપર ધ્યાન આપ્યા વિના શ્રીમંતોને ચાલશે નહિ. વખત બદલાયો છે. જો તેઓ તેમ નહિ કરે તો પછી તેમને કોણ માનવાનું હતું?

આટલું પ્રસંગોપાત કહ્યા પછી હવે આપણા મધ્યમ વર્ગના લોકો તરફ નજર કરીએ. મજુર વર્ગ સારી રીતે કમાય છે. તેઓ આઠ આઠ દશ દશ રૂપિયા કમાય છે. પણ મધ્યમ વર્ગનું શું? તેઓ ધંધા રહિત હોઇ જોટા જેવા હલકા ધંધામાં પોતાની શક્તિ વાપરે છે, અને દેશને કે પોતાને કાંઇ પણ લાભ કરતા નથી. આપણામાં વિચાર કરનારાની બહુ ખોટ છે અને જ્યાં સુધી જ્ઞાન નથી ત્યાં સુધી ચારિત્ર નહિ, જ્યાં વીર્ય નહિ ત્યાં વર્તન નહિ, પણ જ્ઞાન અને વીર્યને કેળવો અને હે યુવાનો! તમે નીતિ પુરઃસર લડત ચલાવો, છેવટે તમારો વિજય છે. બાળલગ્ન કરવામાં આવે છે. બાળકની તો ક્રીડા હોય પણ લગ્ન ન હોય! એતો લગ્ન નહિ પણ વ્યભિચાર છે. ધણીને પતિ કહેવામાં આવે છે; જે પોતાનું ભરણ ન કરી શકે એવો બાળક પત્નીનું શું ભરણ કરવાનો હતો? ધર્મગુરૂઓ તરફ નજર કરીએ તો આપણને જણાય છે કે આપણ અહિંના ગુરૂઓ અપરિગ્રહી અને નિસ્પૃહી હોય છે, ત્યારે ત્યાંના

ધર્મગુરૂઓને મોટા મોટા પગાર મળે છે. પણ જ્યાં સર્વ સામાન્ય સવાલ આવ્યો ત્યાં બધા ધર્મ ગુરૂઓ એક થાય છે. પણ અહીંના નિસ્પૃહી ધર્મ ગુરૂઓ સર્વ સામાન્ય લોકોપયોગી વિષયમાં પણ એકત્ર ન થાય એ જોઇ મને આશ્ચર્ય લાગે છે. માટે ઉદયને અર્થે ઘણા પ્રશ્નો વિચારવાના છે. વખત ઘણો થયેલ હોવાથી યુવાનોને ફરી એક વાર આત્મબળમાં શ્રદ્ધા રાખવાનું સૂચવી હું મારો વિષય સંપૂર્ણ કરૂં છું અને આશા રાખું છું કે હંસની માફક આપ આમાંથી સારભૂત તત્ત્વો ગ્રહણ કરી લેશો.

सासारिक अने धार्मिक जीवनमा कोण विजयपामशे?

(જૈન વક્તૃત્વ કળા પ્રસારક સભા તરફથી માંગરોળ જૈન સભાના હોલમાં શેઠ. ગુલાબચંદજી ઢઢા, એમ. એ. ના પ્રમુખ પણા નીચે, પંડીત લાલને " Who will succeed in life, both spiritual and social. " (કોણ વિજય પામશે, સંસારિક અને ધાર્મિક જીવનમાં ?) એ વિષય ઉપર ઇંગ્રેજીમાં એક ભાષણ આપ્યું હતું.)

પંડિત લાલને પોતાનો વિષય રજુ કરતાં પ્રથમ મહાવીર પ્રભુના મંગળ નામનું સ્મરણ કરી જણાવ્યું કે સાંસારિક અને ધાર્મિક જીવનનો સવાલ એટલો ગહન છે કે તે એક બે યા અનેક ભાષણોમાં સંપૂર્ણ રીતે ચર્ચી શકાય તેમ નથી. જીવન શું છે ? તેનો શું હેતુ છે ? આ વિષય પર માત્ર થોડો વખત ચર્ચા ચલાવતાં આપણને જીવનને લગતા એવા વિકટ અને ગુંચવણ ભર્યા સવાલોમાં ઉતરવાનું થશે કે જેનો છેડો આવવો મુશ્કેલ થઇ પડશે.

આજના પ્રશ્નનો જવાબ હું શરૂ આતમાંજ એવી રીતે આપીશ કે જેઓ વર્તમાન જીવન ગુજારે છે તેઓજ આખરે વિજય પામશે.

હું દરેક જાતના જીવન વિષે બોલું છું. જેઓ વર્તમાન જીવન સાંસારિક અને ધાર્મિક રીતે ગાળે છે, તેઓ ખચીતજ વિજય પામશે. ભૂત એ ગત કાળ છે, અને ભવિષ્ય હવે જન્મવાનો છે, તેથી જો વર્તમાનમાં આપણે જીવન ચલાવીએ, માત્ર શ્વાસોશ્વાસથી નહીં પણ ખરી રીતે જીવન ગાળીએ, તો આપણે વિજયવાન્ થઈશું. જેઓ એમ માને છે કે પોતાના બાપ દાદાઓ મહાન્ પુરૂષો હતા, તેઓ મહાન્ ઋષિઓ, મહાન્ ધાર્મિક પુરૂષો હતા, અને એમ માનીને જો તેઓ ઉન્નત જીવન ગાળવા પ્રયત્ન ન કરે તો તેઓની ઉન્નતિ થઈ શકશે ખરી કે ? ભૂત કાળના જીવનના પડઘા આપણે વર્તમાનમાં જોઇ શકીએ છીએ. યુરોપમાં લોકો આર્થિક બાબતો ઉપર ઘણું ખરૂં લક્ષ આપે છે. આપણા દેશમાં લોકો સઘળા સવાલોનો નિર્ણય કર્મનેજ સોંપી દે છે. આ દેશમાં લોકો જે રીતે જીવન ગાળે છે, તેથી સાંસારિક તેમજ ધાર્મિક જીવનના સવાલોના નિર્ણય થયા વિનાના તેઓ રહે છે. હિંદના માણસોના મનમાં ત્રણ મોટા ભૂત **કીસ્મત, કર્મ** અને **નશીબ** છે. નસીબ ઉપરજ લોકો આધાર રાખીને જેમને તેમ પડયા રહે છે. દાખલા તરીકે આપણે વિધવા વિવાહના સવાલનું નિરાકરણ કરી શકયા નથી, જ્યારે યુરોપમાં વિધવાઓ માટે પવિત્ર જીવન ગાળવાને ઘણા આશ્રમો છે.

જ્ઞાતિ અને તેનો ઉપયોગ.

આપણામાં જ્ઞાતિઓ છે. શું જ્ઞાતિઓ એ બંધારણ નથી ? જો જ્ઞાતિઓ સવાલોનું નિરાકરણ ન કરે તો પછી તે શા કામની ? યુરોપમાં જુદાં જુદાં બંધારણો છે, અને તેઓ જુદા જુદા સવાલોનો નિર્ણય લાવે જાય છે. ન્યાતો આપણને મદદ આપવાને બદલે આપણને બંધનમાં લાવે છે. આપણે ન્યાતને લીધે કાંઈ કરી શકતા નથી. શું તમારા પગ જ્ઞાતિથી બંધાઇ ગયા છે એમ શું તમને નથી જણાતું ? લોકો આગળ વધે છે, પણ જ્ઞાતિ આગળ નથી વધતી. આપણા શેઠીઆઓ ખાનદાન અને શ્રીમંત કુટુંબના હોય

છે, પણ પોતાની શ્રીમંતાઇની સાથે તેઓમાં બુદ્ધિનું પ્રમાણ અતિ ન્યૂન હોવાથી તેઓએ જ્ઞાતિના સુજ્ઞ પુરૂષોના હાથમાં થોડા વખતને માટે જ્ઞાતિનો કારોબાર સોંપવો જોઇએ. મંડળની અસર ઘણી મોટી છે. આપણે જોઇએ છીએ કે મુંબઇનું ભાટીયા મિત્રમંડળ જ્ઞાતિ કરતાં સારૂં કામકાજ બજાવે છે. આપણામાં દશા, વીશા, અને પોરવાડ એક ભાણે બેસી જમી શકે, પણ તેઓમાં કાંઈ ભેદ વિના તેઓની ન્યાત જુદી જુદી છે ત્યારે માત્ર નામમાં જુદા શા માટે રહેવું? આપણે આ કૃત્રિમ ન્યાતો શા માટે જોડી દેવી ન જોઇએ? જ્ઞાતિનો મૂળ હેતુ દુઃખ ઓછું કરવું, સુખ વધારવું અને જીવનને ઉન્નત બનાવવાનો છે.

રોબીનસન ક્રુઝો.

તમે રોબીનસન ક્રુઝોએ જે પ્રકારનું જીવન ગાળ્યું તે વિષે વાંચ્યું હશે. જીવનની જરૂરીઆતો માટે એટલે ખોરાક, કપડાં, અને ઘર યાતો આશ્રમ સ્થાન માટે પ્રયત્ન કરવામાંજ તેને પોતાની આખી જીંદગી ગાળવી પડી હતી. જો તે શહેરમાં રહ્યો હોત તો જીવનની જરૂરીઆતો મેળવવા ઉપરાંત તે વધુ ઉન્નત જીવન ગાળી શકત.

ભાવનાઓ.

જો આપણે માટીના બનેલા છીએ એમ જણાવવાને બદલે આપણે કાંઇક ઉન્નત ભાવનાઓની સિદ્ધિને માટે નિર્મિત થયેલા છીએ એમ જણાવવામાં આવે તો આપણે વધુ ઉન્નત જીવન ગાળી શકીએ એમાં કાંઈ શક નથી.

કર્મોવડે માણસ જે સંજોગો હેઠળ મૂકાયો છે તે કરતાં તે ઘણોજ ઉન્નત છે. જો આપણે પાંચ ઇંદ્રિયોનોજ વિચાર કરીએ અને તે ઇંદ્રિયોને ઉન્નત સ્થિતિપર પહોંચવાને મદદગાર બનાવીએ તો આપણે વિજયી થઇશું.

સંસાર દુઃખમય છે, પણ મનુષ્યે સંસારમાંજ રહી સંસારથી વિરક્ત થઇ આધ્યાત્મિક જીંદગી તરફ દોરાવાનું છે; આપણે, ધર્મ-શાસ્ત્રમાં જે જીવન ગાળવાનું લખ્યું છે, તે ગાળી શકતા નથી. ઘણા ખરા મુનિઓ આ ઘર, આ મિલકત આ છોકરો મારો છે, એવી લોલુપતામાં રહે છે. “ अशक्तिमान् भवेत् साधुः ” એ કહેવત પ્રમાણે તેઓ સાંસારિક જીવન ચલાવવાને અશક્ત હોવાને લીધે સંન્યાસ ધારણ કરેછે. અને એવો ભાવ રાખે છે કે આ મારો ઉપાશ્રય, આ મારૂં પુસ્તક, આ મારો શિષ્ય; જે સાંસારિક અને ધાર્મિક જીવનના અત્યંત તીક્ષ્ણ કલહ સમાન છે. આપણા જે વિચારો હોય તે વિચારોથી આપણુ જીવન બંધાય છે. તેથી વિ-ચારોને નિયમમાં રાખી તેઓને ઉન્નત કરી જીવન સુધારવાની જરૂર છે. સાંસારિક અને ધાર્મિક જીવનોને જૂદાં રાખવાથીજ સિદ્ધિ થાયછે. વિચારોને એવી રીતે ગોઠવવા જોઈએ કે તે એક બીજાથી વિરૂદ્ધ ન હોય.

સાંસારિક સુખી જીંદગી.

આપણા લગ્ન પછીની જીંદગીથી અથવા ખરૂં કહીએ તો **બાળલગ્ન** કે જેને હું લોકસંમત **વિષયલંપટતા** કહું છું, તેથી આપણા શરીરોને ઘણી મોટી હાનિ થાયછે. અને તેથી આપણું જીવન ઉન્નત થઇ શકતું નથી યા તો આપણી સાંસારિક જીંદગી સુખી થઇ શકતી નથી.

દશ વરસના છોકરાને બાપ થવાની શું લાયકાત છે? આવાં છોકરાંના લગ્નની મીજલસમાં જવું, તે શ્મશાનમાં આભડવા જવા જેવું થાયછે. કારણકે કુમળી વયમાં થયેલા લગ્નોથી શારીરિક બાંધાનો નાશ થઈ છોકરો હમેશાં થોડો થોડો મરી થોડા વખતમાંજ પૂર્ણ મરવાને શરણ થાયછે. ત્યારે તેના અડધાં મૂડદાંને બાળી નાંખ-

વામાં આવેછે. અને બાકીનું અડધું એટલે તેની વિધવા જે મુએલી હોય પણ બાળેલ નહોય તેવી નજરે દેખાઈ આવેછે.

જો યુવાન લોકો આત્મિક જીંદગી ગાળવાનું હાલ કરતાં વધુ સારી રીતે જાણતા હોતતો આપણે વધુ વિજયી થાત. આપણે જોઇએ છીએ કે યુરોપીઅન લોક ભૂત ભવિષ્યની જીંદગીનું કાંઇ જાણતા નથી, તોપણ તેઓ વર્તમાનમાં સારી રીતે જીવન ગાળતા હોવાથી ફતેહમંદ થઇ શકેછે.

જે ધર્મ બીજા ધર્મ તરફ ધિક્કાર બતાવતાં શીખવે છે; જે ધર્મ બીજા ધર્મનો દુશ્મન છે, તે ધર્મ આખર જતાં નાશ થવાનો-જ. જો તમે ધાર્મિક જીવનમાં ફતેહમંદ થવા ચાહતા હો, તો ધાર્મિક સિદ્ધાંતોનો અભ્યાસ કરો. આપણે કર્મને માનીએ છીએ અને પોતાને જૈન કહેવરાવીએ છીએ, જેનો અર્થ કર્મનો જીતનાર છે. આત્માની જીંદગી સૌથી પહેલાં શીખવાડો. સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર એ આત્મિક જ્ઞાન મેળવવાના ત્રણ ધોરી માર્ગો છે.

મી. ઉદાણીએ ત્યાર બાદ વિવેચન કરતાં જણાવ્યું હતું કે ભાઈઓ તરીકે આપણી ઉન્નતિ કરવાનો હવે સમય આવી લાગ્યો છે. શું ત્રણ જૈન સંપ્રદાયો એક બીજા સાથે લડી મરે અને કોર્ટે જાય એ શું શકય છે ? હું જણાવીશ કે મતભેદ હોય છતાં આપણે સંપથી કામ કરી શકીએ તેમ છીએ. જો કોમમાંથી કુસુંપ દૂર કરીએ તો કોમની ઉન્નતિ જલદીથી થઈ શકે. ત્રણ ત્રણ જુદી જુદી જૈન કોન્ફરન્સો મલી છે અને દરેકમાં એકજ મતલબના ઠરાવ પસાર થયાછે. જયાં કોમના લાભનો સવાલ આવે ત્યારે સઘળાઓએ એક સંપથી કામ લેવું જોઇએ. જુદા જુદા વિભાગોથી કામ લેવાને લીધે જૈન કોમ પોતાનો એક પ્રતિનીધિ ગવરનરની લેજીસ્લેટીવ કાંઉસીલમાં મોકલવાનો હક મેળવી શકી નથી. કોમ-

ના હાલના જીવો ભવિષ્યના નેતાઓ છે, અને તેઓ જો એક સંપથી કામ લેશે તો તો કોમની ઉન્નતિ વહેલી થશે. પ્રોફેસર મેક્ષમુલરે હીંદી સીવીલયનોને કહ્યું હતુ કે હીંદ એ દુનીયાનું સ્વર્ગ છે.

પ્રમુખે ભાષણ કરતાં જણાવ્યું કે આજનો સવાલ સાધારણ માણસથી ચર્ચાઇ શકે તેવો નથી. ભાષણકર્તાએ કહ્યું છે કે જે વર્તમાન જીવન ગાળશે તે વિજય પામશે. પણ વર્તમાન શું તે જોવાનું છે. ભૂતકાળ એ સમયની શરૂઆતથી હાલ સુધીનો વખત છે, જ્યારે ભવિષ્ય એ હાલથી સમયના અંત સુધીનો વખત છે. જ્યારે વર્તમાન એ ભૂતમાંથી ભવિષ્યમાં જવાનો transition વખત છે. પણ પંડિત લાલનના જણાવ્યા મુજબ આપણા જીવનના કોઇપણ ભાગમાં ક્રિયા કરવાના વખતને વર્તમાન કહીએ તો ચાલી શકે એમ હું ધારૂં છું. ભૂતના અનુભવથી ડહાપણ અને જ્ઞાન મેળવવાનું છે. જ્યારે ભવિષ્યનો પણ આપણે વિચાર કરવાનો છે.

હું જણાવીશ કે ભૂતના અનુભવનો લાભ લઇ વર્તમાનના સંજોગો ધ્યાનમાં લઇ સૌથી સરસ રીતે વર્તન કરે તેજ વિજયી થવાનો. સત્ય ત્રણે કાળમાં સત્ય છે, પણ તેને લાગુ પાડવામાં તફાવત છે. લગ્નની વયનો ફેરફાર પણ સંજોગોને આધીન હતો. આપણી ઉન્નતિ માટે જ્ઞાન અને બંધારણની જરૂર છે.

"आपणुं हृदय शेमां रह्युं छे !"

૭ આંધળા માણસોએ જેમ હાથીનાં જુદાં જુદાં અંગો તપાસીને કોઇએ હાથીને ભુંગળા જેવો, કોઇએ કોઠી જેવો કોઇએ થાંભલા જેવો કહ્યો હતો, તેવી રીતે ધર્મનું આપણે જે અંગ પકડયું હોય તેજ અંગ આખો ધર્મ છે એમ માનવું ભુલ ભરેલું છે. તેને સર્વ દૃષ્ટિથી તપાસવો જોઇએ.

જેમ વ્યંજનમાં ભરેલો સ્વર લંબાવી શકાય છે, પણ વ્યંજનને લંબાવી શકાતો નથી, તેમ આપણા આત્માનું અસ્તિત્વ લંબાયેલું છે, પણ શરીર લંબાયેલું નથી. જન્મ ધારણ કરવામાં પોતેજ પોતાનો કર્ત્તા છે તેથી અવનતિ અને ઉન્નતિ બંને માણસના પોતાનાજ હાથમાં છે.

લંડનનુ એક અનાથાશ્રમ ખાસ અભ્યાસ કરવા જેવું છે. તેમાં ૮૦૦૦ બાળકો છે અને રોજનું ૨૪૭ પાઉંડ ખર્ચ છે. ત્યાં બાળકોને જુદા જુદા ધંધા તથા સંસારનાં કામ કાજ શિખવવામાં આવે છે. તેના મેમ્બરો આત્મભોગી છે અને તેઓ દરેક ૪૦ ૭ પેન્સો મેળવવાને બંધાએલા છે. હાથી દાંતના ચુડાની જગાએ વાપરવા માટે બનાવટી દાંત મેળવવાને મેં ઘણા પ્રયાસો કર્યા છે. કેટલા અખતરા નિષ્ફળ ગયા પછી છેવટે દુધના સત્ત્વમાંથી એક બનાવટી દાંત એક મનુષ્ય બનાવી શકયો છે, જેના નમુના થોડા વખતમાં બહાર પડશે. ઇંગ્લાંડના વેજીટેરીઅનો તો જોડા પણ બનાવટી ચામડાના વાપરે છે. આવી રીતે જો ખરૂં કહીએ તો ઇંગ્લાડ ખરી અને વાસ્તવિક દયામાં બહુ આગળ વધતું જાય છે.

नात जातमां सुधारा करवाना व्यवहारु उपाय कया छे ?

આપણા કટાઈ ગયેલા કેટલાક બંધનો દેશકાળ બદલાયાં છતાં ફરતાં નથી. અને આપણી અભિવૃદ્ધિને અટકાવી દિવસાનુદિવસ અવનતિએ ઘસડી જાય છે; તેમાંથી બચી ઉન્નતિએ ચડવું હોય તો આ પ્રમાણે કરવું.

પ્રત્યેક જ્ઞાતિના સમજુ ભણેલા લોકોએ પોતાની જાતનાં મિત્ર-

મંડળો બાંધવા. જેમકે ભાટીઆ મિત્રમંડળ અને ' એવા મંડળોમાં કેટલાંક વ્યવહારૂ ક્રમ પુરઃસર પગલાં ભરવાં એટલે જે સહેલાં તે પ્રથમ, પછી જરા કઠિણુ એમ ચડતાં ક્રમે સુધારણા કરતા જવી. તેવા મંડળોમા યુવાનો અને વિદ્વાનોને વધારતા જવા. એ બળ જ્યારે નાતના જેટલું થાય એટલે નાતના સાજનમાં સુધારાની દરખાસ્ત મુકવી, ના પાડે, તો તમારા મંડળને નાત બનાવી દેવી. આ પ્રમાણે પ્રત્યેક નાતવાળાએ કર્યા ઉપરાંત—

ભાણે ભળતી નાતની સમાજો કરવી.

તેમાં જે સર્વને સામાન્ય હોય તેવા સુધારા કરવા અને તેમ કરતાં થોડાં વર્ષોમાં જે નાત માત્ર નામની હોય એટલે ગુણે વધતી ન હોય તેવી નાત ભાગી નાખવી. મંડળોના ગૃહસ્થોએ પરસ્પર લગ્ન કરવાં એટલે ભોજન વ્યવહારે બેટી વ્યવહાર થશે. અને સર્વ સ્વાર્થી ધોળ બાંધનારાનો અંત આવશે.

એક સ્ત્રી જીવતાં છતાં બીજી કરવાનો દુષ્ટ અને પાપી અને અધમાધમ રિવાજ માત્ર હિંદીઓમાંજ ચાલે છે.

માત્ર હિંદીમાં એક સ્ત્રી જીવતાં છતાં બીજી કરવાનો ચાલ છે. તેનાં અઘટિત ફળો આપણી પ્રજા ભોગવે છે. પ્રમાણમાં પૂર્વે કરતા હતા તેજ વાત લાવવામાં આવે છે. તથાપિ યુરોપ અમેરિકા એટલુંજ નહિ પણ હિંદ સિવાય આખી દુનિયાની દૃષ્ટિથી જીવતી સ્ત્રી કે જીવતા પતિએ બીજી સ્ત્રી કે બીજો પુરૂષ કરવો તે અનીતિ કે વ્યભિચાર ગણાય છે. યુરોપના રાજા, અમીર, કે શ્રીમાન્ લોકો પણ બે સ્ત્રી કરતા નથી. ત્યારે હિંદમાં આગળ થઈ ગયેલા, હાલના રાજાઓ અને શ્રીમાન્ એક પર બીજી સ્ત્રી કરવામાં પાપ નથી ગણતા. આગળ ગમે તેમ હો, તોપણ હાલનો દેશ કાલ જોતાં રાજા હોય કે પ્રજા હોય, પરંતુ એકપર બીજી સ્ત્રી કરવી કે બીજો

પતિ કરવો એ બંને પશ્ચિમના દેશને તેમજ **લાલનને** પણ સર્વસંમત છીનાળું (authorised debauchery કે ઉઘાડો વ્યભિચાર લાગે છે. ખરે લગ્નનો સંબંધ તો મહારાજા **રામ સીતાનો** છે, તેમજ **નેમરાજુલનો** છે. આઠ ભવ સુધી સાથે રહીને છેવટે મોક્ષમાં પણ સાથેજ.

ઉચ્ચતા યોગ્યતામાં છે, વિધિમાં નથી.

• દેશના સર્વ ગુણમાં એક ગુણ એ છે કે જ્યારે આપણા દેશમાં લગ્નવિધિ કોઇ સ્ત્રીપર કરવામાં આવે તો તે પુરૂષની પત્નિ ગણાય. હવે **લાલન** પૂછવા માગે છે કે કોઈ એક માણસ જેને ડાકટરી વિદ્યાનો અભ્યાસ કર્યો નથી, તેને ડાકટરનો ઝભ્ભો પહેરાવવામાં આવે, તેને ડીગ્રી આપવામાં આવે, અને તેને ડાકટરી ફરજ શું છે તે કહી સંભળાવવામાં આવે, તેથી તે ડાકટર થયો ગણાય? જો ગણાય તો રોજ માણસોનાં ખુનો કરે. તેમ જેનામાં લગ્નની યોગ્યતા નથી તેનાપર વિધિ કરવાથી તે લગ્ન થતાં નથી, પણ વ્યભિચારે જોડાયેલા આ પાપીઓ દેશનું રોજ રોજ ખુન કરતા જાય છે. તમે પૂછશો કે તે ખુન શાનું? **લાલન** કહે છે પ્રજાની શક્તિનું ખુન, નીતિનું ખુન, દ્રવ્યનું ખુન, અને કુદરતી કાનુનનું ખુન, એ નાનપણે લગ્નકૃત વ્યભિચારથી થાય છે. એ ખુન કરનારા તે વિધિ કરનારા છે, એવાં લગ્ન કરનારા પાપીઓ **લાલન**દૃષ્ટિથી ખુનીઓ છે. પોતાના બાળકના વરઘોડા અને તેમાં ભાગ લેનારા ઇશ્વરના અનિવાર્ય ગુન્હેગાર છે. તે ખુનીના ભાગીદારો છે. શરીર શક્તિના, મનોબળના, હૃદયબળના, જ્ઞાનના, સંપતિના, સુખના તેઓ ખુની છે. હિતેચ્છુ નહિ. પણ ઇશ્વરને માનવાવાળી પ્રજાએ તો જાણવું જોઇએ કે એવા અયોગ્ય લગ્નને લગ્ન માનનારા, ઇશ્વરના પુરા દ્વેષી છે, અને સંસારને જીવતા નર્ક બનાવનારા છે.

મ્હારે કહેવું જોઈએ—હવે કોઇ દેશ બીજા દેશથી છૂટો પડી

ચાલી શકે એવું નથી. આખી દુનિયા હજારો પ્રકારના સંબંધથી જોડાયલી છે. અને જે અયોગ્ય હશે તે મરવાનું જ. માટે ભાઈઓ! હવે ચેતો-બાળના લગ્ન કરવાની વિધિને આન્ડામાનના ટાપુમાં (કાળા પાણીએ) મોકલાવો. લંડનમાં યુવક લગ્ન જોઈ, વિચાર કરતાં એમ જણાયું કે જો ઈંડિયામાં આ પ્રમાણે બાળ લગ્ન ચાલ્યાં કરશે તો પચીસ વર્ષમાં દેશ મરી જશે. માટે આવા દેશ ઘાતક રિવાજો દૂર કરો કે દેશ બચે.

બીજાના કમાયેલા ધનપરની ઇચ્છા આ દેશમાં ઘણી જોવામાં આવે છે. સગાં વહાલાં તેના ધનપર ત્રાપી રહે છે, ત્યારે તે દેશના પુત્રો પણ એવા નીકળે છે કે પિતાએ કમાયેલા ધનપર અમારો હક્ક નથી, દેશનો છે, તે દેશ સેવામાં ખર્ચાઓ. અમને આપેલી કેળવણી વડે અમે પેદા કરીશુ. ધન, ધનવાનો પાસેથી વારસોએ લેવું તેના કરતાં પૃથ્વી વસુંધરા, અને દ્રવ્યને ધારણ કરનારી પૃથ્વી પાસેથી મહેનતથી લેવું એ નીતિ તે દેશની છે. જુઓ! અમેરિકા ૧૫૦ વર્ષ પહેલાં કેવું હતું? અને શું થયુ. જ્યાં જમીન વેરાન હતી ત્યાં તેના યુવક પુત્ર પુત્રીઓએ આજે ઈંદ્રપુરી જેવાં શહેરો પેદા કર્યાં અને કરે છે.

છેવટે મનોબળ કેવું છે, અને તેની અસર શરીર વગેરે પર કેવી થાય છે તેનો વિચાર પણ તેઓ કરે છે. શરીર બળવાન હોય, તો શરીરની અસર મનપર થાય છે, અને મન બળવાન હોય તો મનની અસર શરીર ઉપર થાય છે.

દાખલા તરીકે ગાય ઘાસ ખાય છે, તો તેમાંથી દૂધ બને છે, અને કોઢીઓ સારા પદાર્થ ખાય છે, છતાં તે બગડી જાય છે. તેજ પ્રમાણે મહાત્મા પુરૂષોનાં-શ્રી તીર્થંકર પુરૂષોનાં હૃદયબળ મનોબળ એવાં હોય છે કે તેમના શરીરમાં પરમાણુ પણ વિશુદ્ધ થઇ જાય છે. ભક્તામર સ્તોત્રમાં કહ્યું છે કે શુદ્ધ પરમાણુઓ જો કોઈ હોય તો તે આ-

પના શરીરના છે. તીર્થ યાત્રા કરવી, પવિત્ર પુરૂષોના નામોચ્ચાર કરવાં, એ સર્વનો હેતુ મનની શુદ્ધિ છે એટલામાટે સત્સંગને શાસ્ત્રમાં વખાણ્યો છે.

ત્યારપછી પ્રમુખ સાહેબની આજ્ઞાથી, વક્તાને શ્રોતાજનો તરફથી પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા. જેના ઉત્તર મળવાથી સભા રંજન થઇ હતી. પ્રમુખ સાહેબનો ઉપકાર માની સભા વિસર્જન વખતસર કરવામાં આવી હતી.

" आपणामां धार्मिक ज्ञान केम वधे "?

હાલમાં આપણામાં પૂજા, પ્રતિક્રમણ, સામાયક વિગેરે ક્રિયાઓ હરહમેશ કરવામાં આવે છે, છતાં તે આત્મજ્ઞાન વગર થતી હોવાથી એકડા વગરના મીંડા જેવુંજ થાયછે. લાલને જણાવ્યું કે એક ગામથી બીજે ગામ જવું હોય તો મોટે રસ્તેથી, સડકપરથી, આગગાડીમાં, મોટરકારમાં અને છેવટે બલુન અને વિમાનમાં પણ બેસીને જવાય છે. ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવાના ઘણા માર્ગ છે. કોઇ સહેલાઇથી સધાયછે અને કોઇતો મુસ્કેલીમાં પસાર થયા પછી પ્રાપ્ત થાયછે. આપણામાં ધાર્મિક જ્ઞાન છે તેને માટે નિરંતર પ્રયાસ ચાલુ છે. શ્રદ્ધાળુ ભાઇ-બ્હેનો નિત્યની ક્રિયામાં મગ્ન રહેછે. પણ તેની જોઈએ તેટલી અસર થયેલી હોય એમ જણાતું નથી. જુઓ ઉદાહરણ તરીકે આપણા સમાગમમાં આવતા અન્ય દર્શનીઓની ધર્મક્રિયાની અસર આપણા ઉપર થાયછે. પણ આપણી ધર્મક્રિયાની છાપ તેઓનાપર નથી પડેલી તેનું કારણ એટલુંજ કે જે ધર્મક્રિયા આપણે કરીએ છીએ તેનો હેતુ આપણે પોતે જાણતા નથી, તોપછી બીજાને સમજાવીને તેનાપર છાપ કેવી રીતે પાડી શકાય.

પ્રતિક્રમણમાં અતિચાર ઘણી સહેલી અને ગુજરાતી ભાષામાં આપેલા છે. તેમાં આજની શીળીસાતમને સમ્યકત્વના અતિચાર રૂપે કહેલી છે. છતાં જ્યારે શીળીસાતમ આવી પહોંચેછે, ત્યારે તેનું સેવન થાયછે, ટાઢું ખવાયછે, શીતળાના દર્શન પૂજા પણ બીજી સ્ત્રીઓની સાથે કરાય છે. આ ઉપરથી પ્રતિક્રમણ કરનારા અને અતિચાર બોલનારાને ધાર્મિક જ્ઞાનની જરાપણ અસર થયેલી નથી, એમ સિદ્ધ થાયછે. પ્રતિક્રમણમાં પાપનું આલોવવું થાય છે કે કેમ તે ઘણો ભાગ સમજતું નથી. ખરૂં કહીએ તો ધાર્મિક જ્ઞાનના સંબંધમાં આપણે પોપટને સ્થાને છીએ. અતિચાર સહેલી ભાષામાં છે. તેનો અમલ કેમ થતો નહિ હોય ? સિદ્ધાચળપર ચડવાને બે ત્રણ માર્ગ છે. પરંતુ જે રસ્તો સિદ્ધો છે તે રસ્તો સરલ માર્ગ ગણાય છે. તેમજ ધર્મજ્ઞાન પામવાના માર્ગ ઘણા છે. પણ તેમાં અમુક એક ધોરી માર્ગ જોઈએ.

આપણે પંચપરમેષ્ટીના ગુણો જાણીએ–અનુભવીએ, આપણામાં તેવાજ ગુણો છે, એમ સમજતા થઇએ. પ્રભુની અને આપણી સરખામણી કરતાં શીખીએ, આત્મા સરખો છે, નિશ્ચયેથી પરમાત્મા છે એમ એકતા પ્રાપ્ત કરી આત્માની મૂળ સ્થિતિને પ્રાપ્ત કરીએ તેવા અભ્યાસની જરૂર છે. અગાઉની પદ્ધતિમાં પ્રથમ ગોખણમાળા આવતી. પછી આશય સમજાવવામાં આવતો અને છેલ્લે એનો અમલ થતો. હાલ પદ્ધતિ બદલાઇ છે. પ્રથમ વસ્તુ બતાવી પછી તેનું જ્ઞાન અપાયછે, પ્રથમ અર્થ અને પછી શબ્દ એવો ક્રમ પાશ્ચાત્ય પ્રજાને લીધે હાલ જોવામાં આવે છે. મોટર ગાડી મળતી હોય છતાં એવી હઠ કરીએ કે મારે તો ગાડામાંજ મુસાફરી કરવી છે તો તે અઘટીત ગણાય. પૂર્વની પદ્ધતિ તજી દેવા યોગ્ય છે એમ મારૂં કહેવું નથી. પરંતુ આપણે જે વસ્તુ પ્રાપ્ત કરવી છે તે બીજી પદ્ધતિથી થોડી મુદતમાં બની શકતું હોય તો તે પદ્ધતિ શામાટે શરૂ ન કરવી !

સિત્તેર વર્ષના ડોસા થઇએ ત્યાંસુધી પ્રતિક્રમણ કરીએ અને ભવો-ભવ સુધી તેમ કર્યાજ કરીએ, મેરૂપર્વત જેટલા ઓઘા મુહપતિયો અને પાર વગરના ચારિત્ર પાળીએ છતાં આપણે વસ્તુ તત્ત્વને પામીએ નહિ એને શું ધર્મજ્ઞાન કહી શકાય કે? પણ જે પદ્ધતિથી સિત્તેર વર્ષને બદલે સાત વર્ષ, સાત માસ, સાત દિવસ સાત સેકન્ડમાં આપણે ધર્મ જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ, આપણે પોતાને ઓળખતાં શીખીએ તો તે પદ્ધતિથી ધર્મજ્ઞાનનો કેમ વધારો ન થાય? હું ધર્મનો જ્ઞાની નથી, તોપણ સઘળાં દર્શનમાં જૈન દર્શન સર્વોપરી છે એમ નિષ્પક્ષપાતપણે કહુંછું. આખા માર્ગને સરળ માર્ગ દેખાડવાને જૈનદર્શન સૌથી ઉત્તમ છે, પણ જ્યારે આપણે પોતાને વિષે અજાણ છીએ તો પછી બીજાને શી રીતે સમજાવી શકીએ! હું જે પદ્ધતિથી ધાર્મિક જ્ઞાન વધારવાનું ધારૂંછું એ પદ્ધ-તિથી ધાર્મિકતાનો ફેલાવો થાય તો ભવ્ય પ્રાણીઓનું શીઘ્ર કામ થાય તેવું છે, એટલે કે **પહેલો અર્થ અને પછી શબ્દ**.

બીજી રીતે ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરવું. જૈનદર્શન બીજાં દર્શન કરતાં કઠણ છે, કેમકે તે એકાંતવાદી છે. વનસ્પતિમાં, અગ્નિમાં અને પૃથ્વીકાયમાં પણ જીવ છે એમ માનનારા પ્રોફેસરો હાલ જર્મ-નીમાં છે. અને ધીમે ધીમે તેઓ આપણી માન્યતાને મળતા થશે. સાંખ્યમાં એક, એક ન્યાયમાં એક બૌદ્ધમાં એક, એમ બધાં દર્શન એક નયને માને છે, પણ જૈનદશન બધાને માનેછે **षड् दर्शन जिन अंग भणीजे.** એ સ્તવનમાં **આનંદઘનજી** મહારાજે બધા દર્શનને જિન-દર્શનના અંગો—અવયવો કહ્યા છે.

હાથી અને આંધળાના દૃષ્ટાંતપરથી આ વાત સમજી શકાય છે. પણ જ્યાં પક્ષપાત છે ત્યાં **वादे वादे जायते तत्त्वबोधः** એમ થવાને બદલે વાદે વાદે માથાફોડ થાયછે, એવી સભાઓ મેં ઘણી જોઈ છે. મોટા મોટા વિદ્વાનોને માધવબાગમાં મેં પાડાની પેઠે લડતા

જોયા છે, પણ વિવાદમાંથી-વિખવાદમાંથી વેર વધવા સિવાય બીજો અંત આવ્યો નથી. તેનું કારણ માત્ર એટલુંજ કે તેઓ એક નયે જોનારા છે. પણ જૈનદર્શન તેવું નથી તે સાગર છે, તેથી સાગરમાં જેમ નદીઓ વહે તેવી રીતે બધા દર્શનરૂપી નદીઓ જૂદે જૂદે માર્ગે થઈ સાગરમાં મળેછે. તેમ જૈનદર્શન કહે છે કે "બધાઓ આવો! બધાને માટે અમારે ત્યા આશ્રયસ્થાન છે," બધી બાજુ જોવાની શક્તિ જૈનદર્શનની છે. આપણામાં તત્ત્વજ્ઞાનીઓની ખોટ છે. શાસ્ત્રમાં બધું છે, દોલત આપણને મળી છે, પણ તેનો ઉપયોગ કંથવા કરે છે. આપણે તે સમજતા નથી. સાત નયનું જ્ઞાન મેળવવાને વ્યાકરણ અને ન્યાય શીખવું જોઇએ પણ તેમાં એકલી ગોખણપટ્ટીની પદ્ધતિ ચાલે અને ત્રીશ વરસે તેનું કાંઇક જ્ઞાન થાય તેથી એ પદ્ધતિ હાલ આપણને જોઇએ તેવી લાભકારક નથી. તેમજ હવેની પ્રજા ખામોશવાળી છે, તેથી તેને સુધરેલી પદ્ધતિની જરૂર છે, તેમાં બધાં દર્શનનાં તત્વોની નયની અપેક્ષાથી ખૂબી જાણી લેવી પણ પોતાનું પકડીને વિખવાદમાં ઉતરવું નહિ, કારણ તેથી વિરોધ ઓછો કરી શકાયો નથી, પણ વિવાદથી ઉલટો વધ્યો છે. નયની અપેક્ષાથી બધાની સત્યતા જોઇ લેવી, એ પ્રમાણેની શિક્ષણ પદ્ધતિ જોઇએ.

जैनधर्म साथे आपणो संबंध.

આજનો વિષય કેવો છે તે ઉપર આવતાં જણાવીશ કે આપણી સ્થિતિ કેવી છે તે જ્યારે આ વિષયને છેડે આવીશું ત્યારે જણાશે.

જૈન એસોસીએશન ઓફ ઇંડિયાને અઢાર વર્ષ થયાં, પાઠશાળાઓ, બનારસ પાઠશાળા, કોનફ્રન્સ વગેરે સ્થપાયાંને ચાલુ થયાં અને યશોવિજય પાઠશાળાથી તો મને એવી આશા ઉત્પન્ન થઇ હતી કે આપણે હવે યશોવિજયજી જેવા ઘણા યશોવિજયજી બનાવીશું.

આવાં ઘણાં ખાતાઓ સ્થપાયાં પણ તેઓને ખરી પૂર્ણ સ્થિતિએ પહોંચાડવા માટે જે આત્મભોગની જરૂર છે તે જણાતો નથી.

ઘણાઓ સભાઓમાં કે ખાતાઓમાં મોટી મહેનત લેતા જણાય છે. તેઓ તેમાં પ્રીતિથી કામ લેતા માલૂમ પડે છે, પણ જરા અપમાન થતાં તેઓનો સંબંધ તે ખાતાઓ સાથેથી છુટી જાય છે. ત્યારે તેઓને જે પ્રીતિ છે તે ધર્મની કે માનની? મુસલમાન, કે ખ્રિસ્તિ ભાઇઓની પ્રીતિ સાથે આપણી પ્રીતિની સરખામણી કરો, જુઓ તે પોતાના ધર્મથી ડગે છે? પણ આપણામાં તો જરા લાલચ મળી કે તરત જ સ્થિતિ ડગમગતી થાય છે. કદી પણ ભૂલવું જોઇતું નથી કે સંસારની દરેક દરેક વસ્તુ કરતાં ધર્મ વધુ કિમતિ છે. ધર્મની પ્રીતિને સૌથી ઉંચી જગ્યા મળવી જોઇએ. તે માટે ગમે તેટલો ભોગ આપતાં ડરવું ન જોઇએ. શરીરમાં હૃદય વિના જેમ બીજા ભાગો નકામા થઇ જાય છે, તેમ ધર્મને ગણો, કેમકે હૃદયની શુદ્ધિ કરનાર પણ એજ ધર્મ છે.

ધર્મની પરીક્ષા.

નવ તત્વ, જીવ વિચાર વગેરેના અભ્યાસીઓ જાણી શકે છે કે દરેક જીવ જુદી જુદી યોનિમાં જન્મે છે, તેનો પણ સબબ હોય છે. અને તે અમુક કુળ અને અમુક ઠેકાણે જન્મે છે, તેનો પણ સબબ હોય છે. આપણો જૈન કુલમાં જન્મ ફક્ત આ જન્મના સંબંધથી હોય એમ નથી. તે જન્મ પરંપરાના—પૂર્વેના ઘણા ભવોના સંબંધથી થયો છે. જૈન માબાપને ત્યાં જન્મ એજ સાબીતી છે કે આપણી એ ધર્મપરની પૂર્વની પ્રીતિ હોવી જોઇએ. પુન્યથીજ જૈન કુલમાં જન્મ મળ્યો છે પણ સુપુત્રની માફક હવે તે દોલતમાં વધારો કરવાની જરૂર છે. આપણામાં જન્મથીજ દયા હોય છે. મુંબઇમાં દેરાસરોમાં નહાવાની જે સગવડ છે તેવી કોઈ

પણ ઠેકાણે નથી. તે સગવડો પૂજાને માટે કરવામાં આવી હતી. મુખ્ય પૂજા હતી ને સાથે સાથે નહાવાનું હતું. પણ હમણાં કોઇને પૂછીશું કે ક્યાં ગયો હતો? તો કહેશે કે **નહાવા ગયો હતો.** આપણે આપણી ધર્મ પુંજી એ રીતે વધારતા નથી પણ ઘટાડીએ છીએ. આપણો હાલનો સંબંધ આવો છે. તેમાં સુધારો થવો જોઇએ અને ધર્મ મુખ્ય થવો જોઇએ. **લીંગાયતો કોણ છે!** લીંગાયતો કોણ છે તે તમે જાણો છો? અગીઆરસેં વર્ષ પૂર્વે **પાંડય** રાજાના વંશમાં **કુંજ પાંડય** નામે રાજા તે વંશનો છેલ્લો રાજા થયો થયો. તે દક્ષીણ દેશમાં જૈનધર્મી રાજા રાજ્ય કરતો હતો, તેને અમુક દર્દ થતાં તે કોઇ મટાડી શકયું નહિ. પણ એક શિવ ધર્મીએ તે મટાડયું. આથી તેણે સર્વ જૈન દેરાસરોનો નાશ કરી તેની જગ્યાએ શિવાલયો બાંધવા હુકમ કર્યો ને પોતાની પ્રજાને શૈવ ધર્મ અંગીકાર કરાવ્યો. દક્ષિણમાં રહેતા લીંગાયતો અસલ જૈન હતા, હજી પણ તેઓ ઘણા જૈનના આચાર પાળે છે, તેઓ પોતે અગાઉ જૈન હોવાનું કબુલે છે, આ રાજાને ધર્મ વહાલો હતો, કે દર્દ સારૂં થવાનું વહાલું હતું? શું આપણામાં વૈદક શાસ્ત્ર નથી? વૈદ્ય **પ્રભુરામ જીવણરામ** જેવાએ **સારંગધર** જેવા વૈદ્યગ્રંથનો અભ્યાસ કરેલો તે **સારંગધર** કોણ હતો! તે જૈન હતો. ગોરજીઓ તમારા વૈદ્યકજ્ઞાનને ટકાવી રહ્યા છે. શું તેઓ વૈદ્યકના ધંધા કરતાં કરતાં જૈન ધર્મની રક્ષા કરતા નથી? તેઓએ ઘણું કર્યું છે અને હજી કરી શકશે. આપણને જે **જિનેશ્વરે** નહિ કરવા કહ્યું છે તેને જોર આપીએ છીએ. આપણે આપણા "હું" આત્માને જોર આપવાને બદલે કર્મને પ્રધાન પદ આપી કહીએ છીએ કે શું કરીએ? કર્મની ગતિ! પણ શા માટે કર્મનું એટલું બધું જોર માનોછો? શામાટે તમો તમારા હું–પુરૂષ ભાગને સર્વ શક્તિમાન માનતા નથી? શા માટે વીર પ્રભુના શત્રુને તમે સમર્થ પદ આપો છો? જે પ્રભુના શત્રુઓ તે આપણા પણ શત્રુઓ; પ્રભુ આપણા સેનાપતિ છે; આપણે એના સૈનિકો છીએ.

જિનેશ્વર હવે તેજ થયા કે જેણે સર્વ શત્રુને જીત્યા છે! કર્મને પણ જીત્યા છે! આપણે ત્યારે કર્મને પણ જીતનાર થવું જોઇએ, જૈનને તો આત્મબળની ખબર હોવીજ જોઇએ.

ઈશ્વર સાથે વાત.

એક અંગ્રેજ ગ્રંથકાર કહે છે કે આગળના વખતમાં લોકો ઇશ્વર સાથે વાત કરતા હતા અને હાલ આપણે તેઓનાં હાડકાં ચુંથીએ છીએ. એ હડકાં ચુંથવાનું કામ પણ સારૂં છે. કેમકે તે હાડકાં પણ કહે છે કે તમે પણ ઇશ્વર સાથે વાત કરી શકશો. ત્યારે શા માટે તેઓને ચુંથીને ઇશ્વર સાથે વાત કરવાની શક્તિ નહિ મેળવવી? અનંત ગુણાનુબંધી આત્મા કોની પાસે નથી? દરેક પાસે છે, અને તે સાથે સાધનો પણ છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય આજ આ પંચમ કાળમાં ઇશ્વર દર્શન મેળવી શકયા છે, તો આપણે પણ કેમ નહિ મેળવી શકીએ. ભેદ ભાવ ન રાખતાં સર્વને પોતાના જેવા કરવા ઇચ્છનાર ઇશ્વર ધરાવે છે તે માટે આત્માને ઓળખો. વીર ભગવાન્ પોતાના સૌથી મોટા શિષ્યને મોક્ષ આપી શકયા ન હતા પણ તેમને પોતાનો આત્મા ઓળખતાં મોક્ષ તરતજ પ્રાપ્ત થયું. એ માટે પુસ્તક કે બીજી વસ્તુપર આધાર રાખી બેસી ન રહો. ને પુસ્તકના અસલ કરતાં મૂળ સાધનને શોધી કાઢો ને તે સાધન તમે પ્રાપ્ત કરો, ત્યારે તમે પણ ઇશ્વર—હું—સાથે વાત કરી શકશો. હાલ આપણે જૈનધર્મ સાથે કેવો સંબંધ છે તે આ ઉપરથી જણાશે.

વ્રતથી થતા ફાયદા.

વ્રત લેવાથી ઘણા ફાયદા થાય છે. એક બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનાર એક ઈંદ્રિયના વિષયનો ત્યાગ કરે છે, પણ તેથી તે સ્ત્રીનો ત્યાગ કરી, આખી દુનિયાની સ્ત્રીઓને બ્હેન માફક ગણે છે. આથી તે અર્ધા સંસારથી મુક્ત થાયછે. સ્ત્રીથી મુક્ત થતાં તે બીજી ઇંદ્રિયોના સુખ તરફ પણ લક્ષ ન આપતાં તે-

ઓના વિષયનો પણ ત્યાગ કરતો જાય છે, અને આખરે સઘળા વિષયોથી મુક્ત થઈ મોક્ષ મેળવે છે. કેટલાક એમ માને છે કે **દ્રવ્ય વગર** ભાવ ઉત્પન્ન થઇ શકે નહિ, પણ સર્વથા તેમ છેજ નહિ. કિંચિત્ ભાવ હોય તોજ દ્રવ્ય સાથે વધુ ભાવ ઉત્પન્ન થાય, ભાવને લઇનેજ દ્રવ્ય ક્રિયા થાયછે. તે માન ત્યાગ થતાં આત્મા ઉંચી સ્થિતિ પ્રાપ્ત કરેછે. એ માટે નિશ્ચય પૂર્વક દ્રવ્ય ક્રિયા કરો. તમો એક ડાયરી રાખી શીખો કે તમો દિવસ રાત્ર કેવી રીતે પસાર કરો છો ને લીધેલા વ્રત સંક્ષેપી જુઓ કેટલા અંશે પાળો છો ? દર રાત્રે પોતાના કાર્યના હિસાબ લેનાર કેટલા છે. જો આપણે ચોક્કસ નિયમ લઇને તેનો કેવી રીતે અમલ થાયછે તે તપાસીએ તો હમેશાં આપણી ભૂલો સુધરતાં **આત્મશાંતિ** પ્રાપ્ત થશે. આપણે ચોક્કસ ધોરણની ગેરહાજરીમાં કંઇ કામ સાંગોપાંગ પાર ઉતારી શકતા નથી. જો કે આપણામાં દયા, ન્યાય અને ધર્મનાં તત્ત્વો વિશેષ પ્રમાણમાં છે. આપણે આપણા જૈન સંસ્કારો છોડવા જોઇએ નહિ. જ્યાંસુધી આપણે અજ્ઞાન હતા ત્યાંસુધી તેનો ઉપયોગ ન થયો તે વાત દરગુજર થાય એવી છે. પણ જ્યારે તમારા દરેક સંસ્કારની વિધિ તમારી પાસે છે ત્યારે કેમ તેનો ઉપયોગ નથી કરતા ? બીજા ધર્મવાળાઓના આપણે સખ્યાબંધ સંસ્કારો ગ્રહણ કર્યાછે. જેવાં કે શિતળા સાતમ, નાગપાંચમ, સોમવાર, ગણેશ ચતુર્થિ વગેરે ક્રિયાઓ આપણી નથી. તમે જેમ બીજાઓના સંસ્કારો ગ્રહણ કરો છો તેમ શું બીજાઓ તમારા સંસ્કારો ગ્રહણ કરે છે ? હિંદુ, મુસલમાન કે પારસીઓ શું તમારા સંસ્કારો, તમારા વિચારો કે આચારો પાળે છે ? તમે **વીર**નો ધર્મ ઉત્તમ રીતે પાળો, સુપુત્ર તે કે જે પોતાના પિતાનો પૈસો કે દોલત વધારે છે ને તેનો સદુપયોગ કરે છે. તમે પણ તે રીતે કરવા તત્પર થાઓ. તમે તેવા સુધારાઓ વિજળીક વેગે ગ્રહણ કરો.

जीवदया.

(પાટણની ચોથી જૈન કોન્ફરન્સ વખતે ' જીવદયા ' ના વિષય ઉપર લાલને આપેલું અનુમોદન)

મી. મોહોલાલે જણાવ્યું કે પેથાપુર પાંજરાપોળ સારી સ્થિતિમાં નહોતી અને નાણાંની તે માટે જરૂર હતી તે નાણાં મેળવવા માટે આ (બતાવીને) મી. શરૂપચંદ પુનમચંદે રૂ. ૫૦ હજાર એકઠાં ન થાય ત્યાં સુધી માથે પાઘડી ન પહેરવાની બાધા લેઇ તે મેળવવા મુસાફરી કરી હતી ને તે નાણાં મેળવી પાંજરા પોળના કામમાં મદદ કરી છે. આવા જુવાનો જ્યારે જીવદયાના કામમાં ખુશીથી કામ કરવા મેદાન પડશે ત્યારે જીવદયાનો સવાલ સહેલો થઈ પડશે.

બાદ મી. ફતેહચંદ કપુરચંદ લાલને આ દરખાસ્તના અનુમોદનમાં જણાવ્યું કે જે ધર્મમાં દયા પ્રાધાન્ય નથી તે ધર્મ ન કહેવાય. પશ્ચિમાત્ય લોકોની વસ્તીની ગણત્રી પ્રમાણે દુનિયામાં પોણા બે અબજની માણસની વસ્તી છે, તેમાંના ઘણાઓ સ્ત્રી જાતી ઉપર દયા રાખનારા છે. બીજા કેટલાકો પોતાનાજ મંડળમાં દયા વર્ષાવે છે, બાકીનો ભાગ માણુસ જાત ઉપર દયા રાખે છે. આ લોકો સઘળા ડાહ્યા છે. દરેક ધર્મમાં દયાનો અંશ છે. એક માણસને બીજો માણુસ મારી નાંખે તો તેને ખુની ગણી ખુન માટે ખુન લેવામાં આવે છે, પણ જે માણુસ હજારોનાં ખુન કરે તે બહાદુર લડવૈયો ગણાય છે, માટેજ લડાઈઓ બંધ પાડવી જોઈએ. બાહાદુરીના નામે માણુસોની કતલ થાય છે. હિંદુપ્રજા માણુસનો શું પણ પ્રાણીઓનો પણ વધ કરતી નથી અને છેવટની ભૂમિકામાં તો એવો વર્ગ છે કે દરેક પ્રાણીને તેઓ આત્મવત્ માને છે. પણ દયાના શીખર ઉપર જો કોઇ પણ ધર્મ બિરાજતો હોય

તો તે ધર્મ જૈન ધર્મ છે. આવા ઉત્તમમાં ઉત્તમ ધર્મના અનુયાયિઓને લાજમ છે કે તેઓએ ઉપદેશકો રાખી દયાનો સિદ્ધાંત અન્ય માણસોને સમજાવવો. પ્રાણીઓ પ્રત્યે દયા રાખી સર્વમાં સમાન ભાવથી પ્રેમ ઉત્પન્ન કરવો, એ આપણું જૈનોનું કર્ત્તવ્ય છે. બુદ્ધ અને ક્રાઇસ્ટના કરતાં પણ તીર્થંકર ભગવાનનો ધર્મ દુનિયામાં ફેલાય તો દયા ફેલાશે. જુનાગઢવાળા મી. લાભશંકર પોતે જૈન નથી પણ બ્રાહ્મણ ધર્મમાં ઉત્પન્ન થઇ જીવ દયાનો ઉપદેશ આપવા પાછળ જીંદગી વ્યતીત કરે છે એ ઉપરથી જૈનોએ શિખવું જોઈએ. ગુજરાતી બીજી ચોપડીમાં દેડકાંને છોકરાની વાત છે તેમાં છોકરાં પથ્થર નાંખી રમત કરે છે પણ દેડકાંના પ્રાણ જાય છે; કચ્છ જામનગર તથા સુરત તરફ બેલગાડી દોડાવનારાઓ પોતાના મોજની ખાતર બળદોને આર ભોંકી ગાડીઓ દોડાવે છે, પણ તેથી બળદોને લોહી નીકળે છે તેનો વિચાર થતો હોય તો આવા મુંગા પ્રાણીઓ તરફ આવી નિર્દયતા વપરાય નહી. આપણે ખ્યાલ કરવો જોઇએ કે આપણેજ જો બલદ હોઈએ તો શું થાય ? પાંજરાપોળોમાં બેદરકારીથી ઘણા જીવો મરે છે. હું ઇંગ્લંડમાં હતો ત્યારે એક બાઇએ મને કહ્યું હતું કે હિંદીમાતા તેઓનાં છોકરાઓને બેદરકારીથી મારી નાંખે છે. માતાનો પ્રેમ કેવો નિર્મળ છે. છતાં માતાઓ અભણ હોવાથી પોતાના બચ્ચાંની જોઇએ તેવી માવજત લેઇ શકતી નથી ને તેથી બાળકો મરી જાય છે. જૈનોનું હૃદય દયાર્દ્ર છે પણ યોજનાની ખામીને લીધે પાંજરાપોળમાં જાનવરો સચવાતાં નથી, માટે વાસ્તવિક રક્ષણ કેમ થઈ શકે તે બતાવવું જરૂરનું છે. દયા પ્રાધાન્ય આ દેશના મુંબાઇ આદી શહેરોમાં કુતરંઓને ઝેર આપી મારી નાંખવામાં આવે છે પણ માંસાહારી અમેરીકાના મુલકમાં તેમ થતું નથી. હું ત્યાં હતો ત્યારે તપાસ કરતાં મને જણાયું હતું કે અમેરીકામાં " દયાવિશિષ્ટ " મંડળી છે, જે મંડળીના સભ્યો કોયેલાં

કુતરાંઓને શોધી તેમને નવરાવે છે, દવા ચોપડે છે ને તે સારાં કરી ઉપયોગી બનાવે છે. અને આવા કુતરાંઓને આ મંડળી તરફથી વેચવામાં આવે છે. પ્રાણીઓ નકામાં છે એવો વિચાર ન રાખતાં તે પ્રાણી માણુસ જાતને મદદ કરનારાં છે એમ ગણી આપણુને ઉપયોગી થઈ પડે તેવાં બનાવવા યત્ન કરવો જોઇએ. પરદેશથી આવતી મીણબત્તીઓમાં પ્રાણીઓની ચરબી હોય છે અને તે વાપરવાથી પ્રાણીઓના વધને આપણે ઉત્તેજન આપીએ છીએ માટે તે ન વાપરતાં શુદ્ધ વનસ્પતની બનેલી મીણબત્તીઓ જે આપણા જૈન બંધુ **મોતીલાલ** કુશળચંદ બનાવે છે તે વાપરવી યોગ્ય છે. પરદેશી ખાંડને સાફ કરવાના કામમાં બળદનું લોહી વપરાય છે અને આવા લોહીથી સાફ કરેલ ખાંડ આપણે જમણુમાં વાપરીએ છીએ. માટે આવી ખાંડ ન વાપરતાં દેશી ખાંડ વાપરવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ,. જ્ઞાન પુર્વક દયાનો ફેલાવો કરવાથી વધુ ફાયદો થાય છે ને તેમાંથી કદી પાછા હઠાતું નથી. આ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

પુસ્તક ભંડાર.

આ દરખાસ્તને ટેકો આપતાં મી. ફતેહચંદ કપુરચંદ **લાલને** જણાવ્યું કે આપણે કેમીસ્ટ્રી શીખતા ત્યારે કોહીનુરને પ્રકાશનો પર્વત જાણુતાં. આ કોહીનુર કૃષ્ણ, **અર્જુન, નાદીરશાહ** પાસે થઇ હાલમાં મહારાજાધિરાજ સાતમા એડવર્ડના તાજમાં શોભી રહ્યો છે. આ કોહીનુરની કીમત રૂ. ૩ કરોડની છે. આના કરતાં પણ વધુ કીમતી કોહીનુર માણુસની બે આંખો છે. કારણ કે આંખો ન હોત તો કોહીનુરની કીમત કોણ કરી શકત. આ કોહીનુર કરતાં આંખો ઉમદા કોહીનુર રત્નો છે, ને તે કરતાં પણ પરમાત્માનાં વચનો જગતને શોભાવનાર ઉમદા હીરાઓ સમાન છે.

આ વાણી પુસ્તકોમાં ગુંથાએલ છે. આ પુસ્તકોમાં તીર્થંકર

કોણ છે, જ્ઞાન શું છે એ જણાવેલ છે. જો તમારે શરીર ઉત્તમ બનાવવું હોય, શ્રેષ્ઠ પ્રકારનું વકતૃત્વ–પ્રાણીઓ સમજે તેવું કરવું હોય ને જ્ઞાન–દયા મેળવવાં હોય તથા સઘળાં પ્રાણીઓ તમારા તરફ અનુકંપાથી વર્તે તેવું કરવું હોય તો તે માત્ર પરમાત્માની વાણીથીજ થાય છે અને એ વાણી પુસ્તકોમાંજ છે, માટે પુસ્તકો સાચવી રાખવાની જરૂર છે. ભૂત તથા ભવિષ્ય બન્ને કાળોનું દર્શન પુસ્તકરૂપી આયનામાં જોવાથી થાય છે. આ પુસ્તકો આજ સુધી કંથવા વાંચતા હતા. કુંભારના હાથમાં હીરો આવવાનું ચિત્ર મેં મુંબાઈમાં બતાવ્યું હતું. જે જોતાં મુનિમહારાજશ્રી આત્મારામજીની આંખમાંથી આંસું પડયાં હતાં, પુસ્તકોદ્ધાર કેવી રીતે થવો જોઇએ ? પહેલાં પુસ્તકો પથ્થરો ઉપર ઇટો ઉપર અને તામ્રપત્ર તથા તાડપત્ર ઉપર લખાતાં હતાં, તે પછી કાગળોપર લખાવા માંડયાં. ત્યારથી તેની જીંદગી ઓછી થવા માંડી. મારા જેવો દુનિયામાંથી ચાલ્યો જાય તો તેની ખોટ જણાય નહીં, પણ તીર્થંકર ભગવાન કેટલા કાળ પછી મળે માટે પુસ્તકો પણ એવાં સાધનોપર લખવાં જોઇએ કે તે કાળના ઝપાટા સાથે નાશ થાય નહીં. એવી વસ્તુ અમેરીકાની મીસ મોડ નામની ત્યાં જીવ દયા વિષે ભાષણો આપનારી બાઇએ મારા ઉપર મોકલેલ છે ને તે “એલ્યુમીનીયમ” નામની ધાતુનાં પત્રાં છે. એક ઇંચના પત્રાની અંદર બે હજાર પાનાં રહી શકે છે. આ પત્રાં ઉપર અમેરીકામાં પુસ્તકો લખાવા લાગ્યાં છે. આ પત્રાં વાપરતાં કોઇપણ જીવની હિંસા થતી નથી. આ ધાતુપર સહેલાઇથી છાપી શકાય છે ને તે એટલાં તો મજબુત છે કે તેને કટાવાની કે ક્ષય થવાની દહેશત નથી. આપણાં જીર્ણ પુસ્તકો આ ધાતુનાં પત્રાં ઉપર છપાય તો તે સલામત રહી શકશે. અમેરીકા શોધાયો ત્યારે કોલંબસને યુરોપની પ્રજા મૂર્ખ કહેતી હતી. આપણામાં પણ એક કોલંબસ છે અને તેણે પહેલા કોલંબસ કરતાં ઘણું ઉમદા કામ કર્યું છે. તે ગૃહસ્થ તે મી. ઢઢ્ઢા છે તેમના પ્રયાસથી જેસલમીરના જૈન ભંડારની ટીપ થવા પામી છે.

છેવટે મી. લાલને એકત્ર થએલા સંઘને સાગરની ઉપમા આપીઆ કામ પર પાડવા વિનંતી કરી હતી

શીલા લેખો.

પંડિત લાલને આ દરખાસ્તના સમર્થનમાં જણાવ્યું કે મદ્રાસના પ્રોફેસર ઓપર્ટોએ શાકટાયન વ્યાકરણ-જપાવ્યુંછે. આરનોલ્ડ તેની પ્રસ્તાવનામાં લખે છેકે બુદ્ધ ધર્મનો ફાંટો જૈનધર્મ છે. પણ આ વિચારો મેક્ષમુલરના વિચારો પછી ચાલ્યા ગયાછે. બદલાયા છે. મેસર્સ પીટરસન તથા ભંડારકરે જણાવ્યું છેકે પાણીની પહેલા પણ શાકટાયન વ્યાકરણ હતું આ શાકટાયનનું નામ વેદમાં છે ને શાકટાયન જૈન હતા. તો તે વેદ પહેલાં પણ હોવા જોઇએ. બુદ્ધમાંથી જૈનધર્મ નીકળ્યો છે, એ વિચાર યૂરોપીઅનોના મગજમાંથી નીકળવા લાગ્યો છે. એ પ્રતાપ જુના લેખો વગેરેની ગેરહાજરીનો છે. માટે આ ઠરાવ પાસ થવો જોઇએ. બાદ મત લેવાતાં આ ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.

ધાર્મિક હિસાબની તપાસણી.

અત્રે મી. લાલને જણાવ્યું કે મુનિ મહારાજશ્રી કાન્તિવિજયની આજ્ઞાથી હું દાખલો આપું છું કે જ્યારે મુની મહારાજ ગઢ ગામમાં વિહાર અર્થે હતા ત્યારે તેમના ઉપદેશથી ૮૦ વર્ષોના હિસાબો ચોખ્ખા કરાવી જોતી તેની પાસેથી વ્યાજ સાથે નાણાં કઢાવ્યાં હતાં, આ દાખલાથી બધા ગામના લોકોએ ધડો લેવાનો છે. ને મુનિ મહારાજોએ પોતાના વિહારના ગામોમાં મુનીશ્રી કાન્તિવિજયજીની માફક ઉપદેશ આપવો જરૂરનો છે.

સંપ.

આં દરખાસ્તને વધુ અનુમોદન આપતાં મી. ફતેચંદ કપુરચંદ

લાલને જણાવ્યું કે મારી કોમમાં સંપ સાધારણ થાય તેવું ઇચ્છું છું. જે કામ બળથી નથી થતું તે કામ કળથી ઝટ થાયછે. પશ્ચિમના દેશોમાં દરેક કામ કળથી કરવામાં આવેછે. એ કળ હું તમોને ભવિષ્યમાં બતાવું છું. માનો કે એક ગોળ ચક્ર છે. તેના ગોળાકારમાં માણુસો ઉભાં છે. તેમની સફેદ પીળા, તથા ગુલાબી રંગની પાઘડીઓ છે. આ ગોળાકારમાં જૈન ભાઇઓ તથા બ્હેનો છે. તેના મધ્યમાં તીર્થંકર ભગવાનની મૂર્તિ છે. આ બધા તરફ દ્રષ્ટિ છે. માણસોમાં સંપ રાખવામાં પ્રથમ દર્શનનો પછી જ્ઞાનનો અને ત્યાર પછી ચારિત્રનો ઉપયોગ કરવામાં આવે તો સંપ જલદી થાય, એટલે ભેદ દ્રષ્ટિ દૂર થવી જોઇએ. જેમ બધાના ચહેરા જુદા છે તેમ બધાના નામો એકજ હોત તો ઘરમાં પણ લડાલડી થાત. શબ્દ માત્ર સંજ્ઞા છે. વિશેષ ઉપયોગ જ્ઞાનનો છે. આવી સમજ હોય તો સંપ થાય. દોષ હોય ત્યાં ગુણ શી રીતે રહે. પણ વીતરાગ ભગવાન ઉપર દ્રષ્ટિ હોય તો દોષ જઇ દયા ઉત્પન્ન થાય. એક મિત્રે મને પૂછ્યું કે તમે કંદમૂળ ખાઓ છો મેં કહ્યું હું કંદમૂળ ખાતો નથી, કદી ખાધું નથી કદાચ ખાધું, તો લાલને ખાધું. આ બાબતમાં વાદવિવાદ કરવાથી સંપ રહેતો નથી, વૉલંટીયરોએ સંપથી સંઘની સેવા બજાવવી છે.

આ ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.

अखूट धन क्यां छे ?

(શેઠ ફકીરચંદ પ્રેમચંદના પ્રમુખપણા નીચે શુભેચ્છક મિત્રમંડળમાં આપેલું ભાષણ).

પંડિત લાલને આ વિષય ઉપર પોતાનું ભાષણ શરૂ કર્યું હતું અને જણાવ્યું કે દુનિયામાં સર્વને અખૂટ ધન ઉપર પ્રેમ હોય છે. પણ એ અખૂટ ધન ક્યાં છે, તે તેમને ખબર પડતી નથી. શું પે-

સામાં, પૃથ્વીમાં, દરિયામાં, ખાણોમાં, કે ઘરમાં, કે અવર ઠેકાણામાં અખૂટ ધન છે ? ના તેમ નથી, એ દરેક સ્થાનનું ધન ખૂટી જાય છે. ત્યારે એ ધન કયાં છે ?

એ ધન સ્વયંભૂ રમણ સમુદ્રમાં છે.

દરેક માણસ એ ધન દૂર જઇ શોધે છે. પણ તેમ તે ધન નહીં મળે, એ ધનતો સ્વયંભૂ રમણ સમુદ્રમાં છે. એ સ્વયંભૂ રમણ સમુદ્ર દુનિયાની સઘળી નદીઓ કરતાં તેમજ સઘળા કૂવાઓ ને ઝરાઓ કરતાં પણ મોટો છે.

એ સમુદ્ર આગળ આખી દુનિયામાં પાણી કાંઇજ નથી અને એ સ્વયંભૂ રમણ સમુદ્ર દરેક માણસ પાસે છે. ત્યારે કોઇ કહેશે કે એમ કેમ ? દરેક માણસ પાસે એ સમુદ્ર છતાં કોઇ રાજા તો કોઇ ગરીબ હોયછે, કોઇ ભીખારી તો કોઇ સુખે ખાનાર હોયછે. કોઇ ભોંયપર સૂવેછે, તો કોઈ પલંગમાં પહોઢે છે, કોઇ ગાડીમાં બેસે છે, તો કોઇ પગે ચાલે છે, એ બે જીવતો સરખા છે. ત્યારે **આ જુદી જુદી હાલતનું શું કારણ?** એનું કારણ—

વીર્ય બરાબર સ્ફુર્યું નથી,

એ છે. **અ**મેરિકામાં બસો વર્ષ ઉપર જંગલીઓ હતા ત્યાં આજે એવો ફેરફાર થઇ ગયો છે કે **અ**મેરિકનો દુનિયામાં સૌથી વધેલા કહેવાયછે. તેમણે આળસમાં બેસી ન રહેતાં, વીર્ય સ્ફુરાવવાથી અને ઉદ્યોગ કરવાથી જમીનના પેટામાંથી, હવામાંથી, વીજળીમાંથી વીગેરે અનેક સ્થાનોમાંથી ધન મેળવી પોતાની સ્થિતિ સુધારી છે, અને એ ધન મેળવવાની બુદ્ધિ તેમના હૃદયમાંથી નીકળવાથી એ ધન ત્યાંથીજ મળ્યું એમ કહેવામાં કાંઇ ખોટું નથી. પણ એ ધન અખુટ નથી, ઈંદ્ર અને ચક્રવર્તિ રાજાઓની પાસે પણ

અખૂટ ધન નથી; તેઓને તે ધન નાશ થવાનો ભય છે, ત્યારે અખૂટ ધન તે ક્યાં છે? સ્વયંભૂ રમણ સમુદ્રમાં.

એ ધન કેમ મળે.

એ ધન મેળવવા ઇચ્છનારે પોતાના હૃદયમાં જોવું ને પૂછવું કે હું કોણ? જેને પોતાનો વિચાર આવે છે, તેનેજ એ ધન મળે છે. બાકી બીજું કાંઇ નથી, અને એ વિચાર કરતાંજ હૃદયમાંથી, પોતામાંથી, જે ધન મળશે, તેને સુખ દુઃખનો ભય નહિ રહેશે. તેને કદી જીવવા મરવાનું દુઃખ દેખાશે નહિ; અને તે અખુટ એવા ધનને મેળવશે. દ્રવ્યમાંજ જે અખુટ ધન ધારતા હોય, તેને ઉંડા જોવાથી સમજાશે કે કેટલીક વખત દ્રવ્યવાનની હાલત ઘણી દયાજનક હોય છે. અને તેઓ પાસે અખુટ ધન નથી. પણ તે ધન આપણી પાસેજ છે, અને તે સર્વ આત્મગુણો ગ્રહણ કરી ગુણમાંજ રમણ કરવાથી પ્રાપ્ત થશે. શરીર નાશવંત છે, જ્યારે આત્મા સ્વસ્વરૂપે છે. તે આત્માનું જ્ઞાન મેળવવાથી અખુટ ધન મળશે.

સામાયીક પ્રતીક્રમણના અર્થ.

કોઈ ચીજનો નાશ થવાથી કોઈ ચીજ ચોરાઇ જવાથી, કે બળી જવાથી ઘણાક રડે છે. તે મરવા પણ તયાર થાય છે, પણ તેમને ખબર નથી કે તેઓની પોતાનીજ પાસેજ અખુટ ધન છે, જેનો ઉપયોગ કરવાથી તે મળી શકશે.

આપણા લોકો સામાયીક કે પ્રતીક્રમણ કરતાં આવડે કે, એમ ધારે છે કે હવે તેમને બધું મળી ગયું; પણ તેમ નથી, તેઓએ પ્રતિક્રમણના બરાબર અર્થ શીખવા-સમજવા જોઇએ, અને તેથી અખુટ ધન કયું અને તે ક્યાં છે, તે માલમ પડશે. અને પછી તે ધન મળવાથી આપણે અખુટ ધનવાળાં થઇશું.

પછી પ્રમુખ શેઠ ફકીરચંદ પ્રેમચંદે કેટલુંક વિવેચન કર્યા બાદ સભા વિસર્જન થઇ હતી.

યુરોપીય વિશાળ મતિ, તેમાંથી આપણે શું શિખવાનું છે?

કેટલાક આ દેશમાં કીસ્મતનાં ફાંસામાં ફસાય છે, કેટલાક નશીબના અને આપણે જૈનો કર્મના ગુલામ થયા છીએ. યુરોપ, અમેરિકા દેશમાં ડેવીલ (devil) કે સેતાનને તે લોકોએ મારી નાખ્યો છે. તેઓ કહે છે કે ડેવીલ કે સેતાન મરી ગયો બાકી **ઇવીલ** (evil) દોષ એટલે તેની રાખ રહી છે. અને તે અમે બુદ્ધિપુર્વક વિશાળ વિચારપૂર્વક નીતિના પવનવડે ઉડાવીએ છીએ, અને ઉડાવીશું.

સેતાન-કર્મ-કે નસીબ તે લોકોને નડતો નથી. તેમનો વિચાર પણ કેટલાકને આવતો નથી. કેહેવાનું તાત્પર્ય એ છે કે શાસ્ત્રમાં દેખાતું કર્મ જીતવાનું બળ ભુલી ઉલટા તેના ગુલામ આપણે થયા છીએ. કર્મને વશ આપણે એ માન્યતા ખોટી છે; કર્મનો કર્તા આત્મા છે. માટે આત્માને વશ કર્મ કરવાં. અને નહિં તો તેને મારી હઠાવવાં, એ બળ આપણામાંથી શોધી તેનો ઉપયોગ કરવો ઘટે છે.

આપણા દેશમાં બુદ્ધિવાનો છે તથાપિ મોટો ભાગ મનુષ્ય નથી. દ્રવ્યના સંબંધમાં પણ માણસ નસીબને પ્રાધાન્ય આપે છે, ઉદ્યમને નહિં. પૂર્વ ઉદ્યમ તેજ પુણ્ય છે, અને હાલનો ઉદ્યમ તે હાલનું પુણ્ય છે. એ દેશ ઉદ્યમપ્રાધાન્ય હોવાથી સર્વ વાતે ચડે છે અને ઉદ્યોગની ઉત્પતિ વિચાર કરવાની કળા ઉપર રહી છે.

ઉદ્યોગ પરાયણતા.

ઉદ્યોગ પરાયણતા એ દેશનો બીજો સદ્ગુણ છે. આપણા દેશમાં નશીબને, કર્મને સેતાનને અર્થાત્ દૈવને હણવાનું કહી ધ્યાન

કરવાનું કહ્યું છે. પરંતુ તેવી ઉત્તમ નીતિનો અર્થ પણ કેટલાક આળસુ નસીબપ્રધાન સ્થિતિવાળા માણસે ઉલટો કર્યો છે. જે આ શ્લોકપરથી જણાશે.

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मीः
दैवेन देयमिति कापुरुषा वदंति ।
दैवं निहत्य कुरु पौरुषमात्यशकत्या
यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोषः ॥

આ શ્લોકનો સાર એવો છે કે પુરૂષમાં સિંહ જેવા બળવાન ઉદ્યોગી માણુસને લક્ષ્મી આવીને પરણે છે. અને દૈવ—નસીબ અમને આપે છે એવું કહેનારા બાયલા છે. (કારણ કે નસીબનો કર્તા પોતે છે) એટલા માટે દૈવ ઉલટું હોય તો તેણે હણીને આત્માની શક્તિ પ્રમાણે યત્ન કર, અને યત્ન કરતાં સિદ્ધ ન થાય તો જોવું કે એમાં ભુલ કયાં છે ? આવો અર્થ હોવા છતાં યત્ન કરતાં સિદ્ધ ન થાય તો પછી કોનો દોષ ? એવો ખોટો અર્થ આ દેશના વ્યાકરણ નહિં ભણુનારા એવા શાસ્ત્રીઓ કરે છે. આ પરથી જણાશે કે **આપણો દેશ ઉદ્યોગપરાયણ હતો** અને તેને લીધેજ જાહોજલાલી ભોગવતો હતો. પરંતુ કાલાંતરે કર્મપ્રધાન નસીબ-પ્રધાન કીસમત-પ્રધાન થઈ ગયો. દેશ પાયમાલીએ પહોંચી અને સુખ હોય તો જાય છે, તેવે વખતે નીતિજ્ઞ મહાપુરૂષે આપણી સુધારણા કરવાને સિંહ નાદ કરી કહ્યું છે કે તમે દૈવને—નસીબને હણો અને આત્મશક્તિ (જે અનંત છે) તેને અવલંબી ઉદ્યમ કરો. યત્ન કરો અને ભુલ આવે તો સુધારો પણ યત્ન કરો. હવે સમય આવી પહોંચ્યો છે માટે ચેતો, કર્મને હઠાવો—હણો અને તેનાપર રાજ્ય ચલાવો. તમારી પાસે ઉદ્યમના ફળો દેખાતા રહેશે. યુરોપ,

અમેરિકા, આસ્ટ્રેલિયા, ન્યુઝીલાંડ ઉદ્યમવાન ઉભા છે અને તમારા પુર્વ પુરૂષોની તેમાં સંમતિ છે. કર્મને નહિં પણ આત્માને માનો અને કર્મ દુઃખ આપતાં હોય તો તેને હણો. તોજ તમે જૈની, નહીં તો પરાજૈની–હારનારા કહેવાશો. આ વાત વ્યવહાર પરમાર્થ ઉભય સ્થિતિમાં ઉપયોગમાં લેવી.

કેટલાક લોકો કહે છે કે પંચમ કાળ છે માટે શું કરીએ. કેટલાક કહે છે કે કલીયુગ છે. નીતિશાસ્ત્ર કહે છે કે **कालः कालो न वक्तव्यं लोकः कालस्य कारणं** કાળ કાળ નહિ બોલો કાળનું કારણ લોક છે. લોકો ઉદ્યોગી હોય, સારા હોય તો કાળ પણ સારો ગણાય. દુકાળ પડે તો શું કરવું ? જુઓ અમેરિકામાં કાં નથી દુકાળ પડતો ? કારણ કે દુકાળને હઠાવવાને પૈસો છે અને પૈસાને ખેંચી લાવનાર ઉદ્યમ છે. માટે ઉદ્યમ કાળને–કલિકાળને–પંચમકાળને દુકાળને દુર કરી સુકાળ બનાવે છે.

સેલ્ફ હેલ્પનું પુસ્તક જોશો તો માલમ પડશે કે ઉદ્યમે શું કર્યું છે ? ઉદ્યમનું અર્થશાસ્ત્ર–ઉદ્યોગનું બાઇબલ એ પુસ્તક છે. માટે યુરોપે ઉદ્યોગથી શું કર્યું છે, અને શું કરશે તે વાંચો.

પડતીથી દબી જનારા પ્રત્યેક દેશના ગૃહસ્થોએ ઉદ્યોગ એ ધર્મ દેખાડનારા ધર્મ પુસ્તકનો અભ્યાસ કરવો જોઇએ. જેમને ઇંગ્રેજી ન આવડતું હોય તેમણે તે પુસ્તકનાં ભાષાંતર ‘સ્વપરાક્રમ’ અને ‘જાત મેહેનત’ વાંચવા, તેનો અભ્યાસ કરવો અને જોવું કે પોતાપર આધાર રાખનાર માણસ વડે દેશનો કાળનો ઉદય થાય છે કે કેમ ?

योगविद्या.

આપણે સંસારી પુરૂષો આપણા પ્રવર્તનથી શો લાભ થશે તે સમજ્યા સિવાય કોઈ પણ પ્રકારનો ઉદ્યમ કરવા તત્પર થતા નથી;

તો પછી યોગ વિદ્યા પ્રાપ્ત કરવાથી લાભ શો ? તેનું ફળ શું ? એ પ્રશ્ન સ્વાભાવિક રીતે આપણા હૃદયમાં ઉઠે એમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી. યોગ વિદ્યા સૌથી ઉત્તમ લાભ આપે છે; આત્માને પોતાના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન કરાવનાર યોગ વિદ્યા છે. જાણેલા દેશ કરતાં પણ વધારે વિશાળ કોઇ દેશ છે એવું જ્યારે કોલમ્બસને ભાન થયું ત્યારે તેને હસી કાઢવામાં આવ્યો હતો. અને જ્યાં ત્યાંથી તેને પાછા ફરવું પડયું હતું, પણ પોર્ટુગાલની ઈસાબેલા રાણીએ તેને ઉત્તેજન આપ્યું, અને તે અમેરિકા ખંડ શોધી શકયો. જે દેશ આપણે ન ગયો હોઇએ તે દેશની કોઈ વાત કરે તો આપણે શાંત મનથી સાંભળવી અને તે દેશ કેવી રીતે મેળવી શકાય તેનો માર્ગ ગ્રહણ કરવો. યોગીઓ સમાધિમાં ઉચ્ચ ભૂમિકાઓ અનુભવે છે, જાણે છે, અને જ્યારે તેઓ આપણને તે બાબત જણાવે છે, ત્યારે આપણે તેમને હસીએ છીએ. તે અનુભવ આપણને પણ થાય તે સારૂ મહર્ષિ પતંજલિએ અષ્ટાંગ યોગ બતાવ્યો છે. તે ઉચ્ચ ભૂમિકાઓ અને ઉચ્ચસ્થિતિ પ્રાપ્ત કરવાનું વ્હાણ છે. અમેરીકામાં એમેઝોન નામે એક મોટી નદી છે, તેમાં થઇ એક સ્ટીમર પસાર થતી હતી, તેવામાં સ્ટીમરમાં જળ ખુટયું, તે નદી એવી મોટી અને વિશાળ છે કે સમુદ્ર અને નદીમાં ભેદ જણાતો નથી, તે લોકો મીઠા જળને વાસ્તે બુમો માર્યા કરે, પણ મેળવે કયાંથી ? નદી તેમને સમુદ્ર રૂપ ભાસી તેવામાં કોઇ બીજી સ્ટીમરવાળો આવી પહોંચ્યો; તેણે તે લોકોને જણાવ્યું કે તમે સમુદ્રમાં નથી, પણ મીઠા જળવાળી નદીમાં છો, તેમાં તાંબડી નાંખો એટલે મીઠું જળ તમને મળશે. એમ આત્મ સુખ પાસે હોવા છતાં આપણે અજ્ઞાનથી તે અનુભવી શકતા નથી. સંસારરૂપ ખારા સમુદ્રમાં આપણે ફરીએ છીએ, મનુષ્યયોની એ રૂપ મીઠા જળવાળી નદી છે, અને ઘણા પુણ્યથી આપણને આ મનુષ્યદેહ મળેલ છે, પરમાત્મપદ મેળવવાને મનુષ્યજ લાયક છે, માટે

દેવો પણ મનુષ્યભવની વાંચ્છના કરે છે. જો આપણે નજરે જોયાવિના ન માનીએ તો ઈતિહાસ સર્વે ખોટા પડે. તમે જોયાવિના અમેરીકા કેમ માનોછો! કારણકે તેના અનુભવીઓએ ભૂગોળનો નકશો દોરી અમેરીકાની સ્થિતિ, અને તે કેવીરીતે પ્હોંચી શકાય તેવો માર્ગ બતાવ્યો છે; તો તેજરીતે યોગીઓએ પણ અનુભવ માર્ગ બતાવ્યો છે. એકને ખરૂં માનોછો તો બીજાને શાસારૂ મિથ્યા માનોછો? જેવીરીતે તમે અમેરીકા જઇશકો તેવીરીતે તમે પરમાત્મપદ યોગથી પ્રાપ્ત કરી શકો. કોઇપણ બાબતને ખોટી કહેતાં પહેલો વિચાર કરો.

"અમે જાણતા નથી, જાણીશું ત્યારે માનીશું" એ કહેવું ન્યાયપૂર્વક છે. યોગીઓએ માર્ગતો બતાવ્યો છે, પણ તે વાસ્તે પુરૂષાર્થની જરૂર છે. આત્મા અને પરમાત્મા વચ્ચેનો સંબંધ ત્રણ પ્રકારનો છે, પ્રથમ **સેવ્યસેવક** ભાવ, બીજો પિતા પુત્રનો સંબંધ અને ત્રીજો એક સ્વરૂપનો સંબંધ છે. ત્રણલોકના નાથનો સેવક! અહા કેટલું મોટું માન! પરમાત્માનો સેવકછું એ જાણવું એપણ થોડો લાભ નથી; રાજાના મહેલમાં રહેનાર સેવક પણ કેટલે અંશે રાજ્યસુખ ભોગવે છે. तवैवाहम् હું તારોછું. પિતા પુત્રનો સંબંધ સેવ્યસેવક ભાવ કરતાં અધિક ઉન્નતિસૂચક પર્યાયું છે. જો આપણે પરમાત્માના વારસ છીએ તો આ દુનિયા આપણી છે; ત્રણલોકનું રાજ્ય આપણું છે. કોઈ રાજાના છોકરાને જન્મતાંવાર કોઈ ઉપાડી લેઈ ગયું. પણ તે વખતે તેની માતાનું પ્રસૂતિ કર્મ કરનાર સૂયાણીએ તેના પગનું ચિન્હ ઓળખી રાખ્યું હતું. તે ભિલને ત્યાં ઉછર્યો, મોટો થયો, અને તે એક વૃક્ષતળે સૂતો હતો. તે માર્ગે થઈ પસાર થતી સૂયાણીની નજર તેના પગ પર પડી, તરત તેને ઓળખ્યો. પછી સૂયાણી તેને શહેર તરફ લેઇ ગઈ. જેમ જેમ નવી નવી વસ્તુઓ તે જોતો ગયો તેમ તેમ તે હેરત પામવા લાગ્યો. છેવટે આખા શહેરમાં જોવા લાયક વસ્તુઓ બતાવી આખરે રાજ્યમહેલમાં તેને

તે લેઇ ગઈ. પછી તેને જણાવ્યું કે આ રાજ્ય તારૂં છે, તું એનો સ્વામી છે; તે વખતે તેને એકાએક પોતાની અસલ સ્થિતિનું ભાન આવ્યું. તેજ ઉપનયનો જો વિચાર કરીએ તો આપણને જણાશે કે જગત રાજ્ય છે; જીવાત્મારૂપ રાજ્યપુત્ર ભિલ્લના સહવાસરૂપ અજ્ઞાનીઓમાં રહેવાથી પોતાનું રાજત્વ ભુલી ગયો છે; પણ યોગીઓ રૂપ સુયાણીઓ જે ખરેખર આત્માને ઓળખે છે,–પિછાણે છે, તેઓ જયારે તેની ઉચ્ચ પદવીનો ખ્યાલ આપે છે, ત્યારે આત્માનો ભ્રમ ટળી જાય છે; અને પોતાનામાં પણ ત્રણ ભુવનના નાયક થવાની સત્તા છે તેનું ભાન આવે છે. યોગવિદ્યા સર્વ શાસ્ત્રો અને સર્વ ધર્મોએ માન્ય રાખેલી છે; પાશ્ચાત્ય દેશના લોકો જયારે યોગમાર્ગમાં આગળ વધવા પોતાનું પુરતું સામર્થ્ય વાપરે છે ત્યારે યોગવિદ્યાની જન્મભૂમિ જે આ હિંદુસ્થાન, તેમાં વસવા છતાં–તેમાં આપણે ઉત્પન્ન થયેલા હોવા છતાં, તેનો અનાદર કરીએ એ ખરેખર આપણી અવનતિનું ચિન્હ છે. મન વશ કરવું એ કામ અતિકઠિણ નથી, આ શરીર મુંબાઇથી અત્રે આવ્યું તે મનની આજ્ઞા પ્રમાણે વર્તવાથીજ આવ્યું છે. માણસ ધન કમાવવા કેમ મનને તલ્લીન રાખી શકે છે ! જેવી પ્રીતિ ધનમાં. ઇન્દ્રિયોના વિષયના ઉપભોગમાં છે તેવી પ્રીતિ જો હરિ, રામ, તીર્થંકર, પરમાત્મામાં હોય તો તે પણ મળી શકે; જેમ ભાંગ પીવાથી એક જાતની ખુમારી રહે છે, તેવીજ રીતે સંસારનાં કાર્ય કરવા છતાં, અંતરમાં અનુભવેલા આનંદની ખુમારી યોગિલોક અનુભવે છે. એક યોગી પટેલને ત્યાં પધાર્યા. પટેલે તેમની બહુજ ભાવસહિત ભક્તિ કરી. અને તેમને જોઇતાં અન્નપાન આપી યોગીને સંતોષ આપ્યો. યોગીએ જતીવેળા કાંઇ પણ માંગવાને પટેલને કહ્યું. પટેલ કહે હું સર્વવાતે સુખી છું, મારે કાંઇ પણ વસ્તુની ઇચ્છા નથી. યોગી થોડે દૂર ગયા પછી પટેલને કાંઇક વાતનુ સ્મરણ આવ્યું હોય તેમ લાગ્યું, અને તે યોગીની પાછળ દોડયો, યોગીને ઉભા રાખી તેણે કહ્યું

"સાહેબ મહેરબાની કરી આપની ઝોલીમાં ભગવાન્ હોય તો બતાવો, યોગીએ તેનો ભદ્રિક સ્વભાવ ઓળખ્યો. અને તેનાપર અનુગ્રહ કરવાની બુદ્ધિથી તે પાછા ફર્યા અને જણાવ્યું કે એક માસમાં હું તને ભગવાન્ બતાવી આપીશ. મનની એકાગ્રતા અને સંયમ સિવાય પરમાત્મા મળી શકે નહિ, અને ધ્યાન કરવા યોગ્ય પદાર્થ ઉપર રૂચિ હોય તો મનની એકાગ્રતા થઇ શકે છે. માટે તેની કોના ઉપર રૂચિ છે તે જોવાને યોગીએ તેને અનેક પ્રશ્ન પુછ્યા અને તે ઉપરથી તેણે નક્કી કર્યું કે પટેલનું મન ભેંસ ઉપર છે; સર્વ વસ્તુઓ કરતાં ભેંસ તેને મન અધિક છે, સર્વ વસ્તુઓનો નાશ ભલે થાય, પણ તેની ભેંસ કેવી રીતે બચે તે વિચાર તેના મનમાં પ્રધાનપદ ભોગવતો હતો. ભેંસના દરેક અંગનું, શરીરપરના આંકાનું શરીરના વાળની સંખ્યાનું પણ જ્ઞાન તે પટેલને હતું; જેમ માનું હેત બાળક ઉપર એટલું બધું હોય છે કે મા બાળકમાં જીવે છે એમ કહી શકાય, તેજ અર્થમાં પટેલ ભેંસમાં જીવતો હતો; એટલો બધો પ્રેમ પટેલનો ભેંસપર હતો. પછી તે ભેંસ ઉપર રૂચિવાળા પટેલને એક ઓરડામાં બેસાડી તેની વ્હાલી ભેંસનો વિચાર કરવાને તે યોગીએ કહ્યું. આખી ભેંસનો ચિતાર તે પટેલને એકદમ આવી શકયો નહિ. પણ પ્રથમ દિવસે તેનાં શિગડાં, બીજે દીવસે મોઢું, ત્રીજે દીવસે શરીર, ચોથે દિવસે પગ, પાંચમે દીવસે પગની ખરી એ રીતે દિન પ્રતિદિન તેનું એકેકું અંગ વધારે વધારે દેખાવા લાગ્યું અને છેવટે પંદર દિવસમાં આખી ભેંસ તેની નજરે પડી. આબેહુબ ભેંસ પોતાના સન્મુખ ઉભી છે :એવો તેને ભાસ થયો, આ પ્રમાણે ભેંસનું ધ્યાન કરતાં કરતાં તે એટલો બધો તે વિચારની સાથે એકાગ્ર અને તલ્લીન થઇ ગયો કે પોતે ભેંસ છે એમ તેને લાગ્યું. અને જ્યારે તે બારણામાંથી બ્હાર નીકળવા માંડયો ત્યારે રખેને પોતાનાં શિંગડાં અટકી પડે તેથી વાંકો થઈ બ્હાર નીકળ્યો. આ ઉપરથી સાર એ છે કે માણસને જે વિષયમાં રસ પડે તેનું તે ધ્યાન કરતાં

જીવ તદ્રૂપ બની જાય છે. તો પરમાત્માનું ધ્યાન કરીએ તો આપણે પણ પરમાત્મા સદૃશ બની શકીએ. સર્વ વિદ્યાઓ મીંડા સદૃશ બની છે, અને આત્મવિદ્યા અથવા યોગ વિદ્યા તે એકડા સમાન છે. એકડા એકલા કામના છે, પણ મીડાં એકડા વગર નકામાં છે, તેમ આત્મવિદ્યાવડે સર્વ શાસ્ત્રો કામનાં છે નહિ તો તેઓની કીંમત નહિ જેવી છે. આપણે યોગ વિદ્યાસારૂ એકઠા મળ્યા છીએ તે એક આનંદની વાત છે. અને સ્વયંપ્રકાશાનંદ જેવા યોગી આપણા આર્યવર્ગમાં હયાતી ધરાવે છે, તેથી યોગવિદ્યા સજીવન થવાની આશાના ચિન્હો દેખાય છે; માણુસ તે મનન કરનાર, વિચાર કરનાર પ્રાણી છે. સર્વ જાનવરોમાં ઘોડો હાથી, અને સિંહ મુખ્ય છે, પણ માણુસ ઘોડાને કેળવી શકે છે, હાથીને અંકુશમાં લાવી શકે છે અને સિહંને પાંજરામાં પુરી શકે છે, તે પરથી સિદ્ધ પ્રાય છે કે માણુસ ઘોડા હાથી અને સિંહ કરતાં પણ મોટો છે. કારણકે માણુસમાં મનનું બળ છે. મનોબળ શરીરબળ કરતાં અનંતગણું છે, અને આત્માનું બળ મનોબળ કરતાં અનંતગણું છે. માટે તે આત્મબળને પ્રકાશમાં લાવવા યોગમાર્ગનો આશ્રમ કરવો એજ ઉચિત છે.

योगविद्या.

મી. લાલનનું બીજા દિવસનું ભાષણ.

પરમાત્માના ગુણ એટલા બધા છે કે સરસ્વતી દેવી પૃથ્વી જેવા પત્ર ઉપર, કલ્પવૃક્ષની લેખણવતી સમુદ્રરૂપ શાહી વડે લખવા ધારે તોપણ લખી શકે નહિ. ચંદન ઉપર સર્પો આવી વીંટાઇ જાય છે, તેમને કુહાડાથી મારી નાંખવામાં આવે છતાં તે ચંદનનો ત્યાગ કરતા નથી, પણ મયૂરનો ટહુકાર થતાંજ તેઓ ભાગી જાય છે, તેજ રીતે કર્મરૂપ શત્રુનો નાશ કરવાનો ઉત્તમોત્તમ માર્ગ પરમાત્મસ્મરણ છે. આ સંસારનો ફક્ત બે તત્ત્વોમાં સમાવેશ થાય છે. મન જડ વસ્તુ ઉપર પ્રધાનપણું ભોગવી શકે છે, તેજ રીતે આપણી

અંદર રહેલો અંતર્યામી પરમાત્મા માયા—અજ્ઞાન ઉપર વિજય મેળવે છે. ઇંદ્રિયો અશ્વો છે, શરીર રથ છે, મન સારથી છે, અને રથમાં બેસનાર રથનો સ્વામી આત્મા છે. ઇંદ્રિયોરૂપી ઘોડા બ્હેકી ન જાય, અને શરીરરૂપી રથને વિષમ માર્ગે ફેંકી ન દે માટે તે ઘોડાને કેળવીને સંયમમાં આણવાની જરૂર છે; માટે ઇન્દ્રિયોને નિગ્રહમાં લાવવાને ઉપવાસ વગેરેની જરૂર છે, પણ જેમ ઘોડાને આપણે મારી નાંખતા નથી, તેમ શરીર જે ધર્મનું પ્રથમ સાધન છે, તેને મારી નાખવાનું નથી; પણ આપણા નિગ્રહમાં લાવવાનું છે. મનરૂપી ગાડીવાનને રથમાં બેઠેલો આત્મા જેવો હુકમ આપે તે પ્રમાણે ઇન્દ્રિયોને ચલાવવી જોઇએ. મેં **લાલનને અમેરીકા** મોકલ્યો તેવીજ રીતે હું **લાલન** પાસે ગમે તે કામ કરાવી શકું, પણ હાલ સ્થિતિ એવી થઇ છે કે **કીડીએ કુંજર ગળ્યો** એટલે આત્મારૂપ હાથી કીડીરૂપ મનને વશ થઇ ગયો છે. મન જેમ નચાવે તેમ આત્મા નાચે છે. **મારો દેહ** એ શબ્દોમાં દેહ અને દેહનો અધિષ્ઠાતા આત્મા જુદા છે. જુદા છે એ ભુલવું જોઇતું નથી. આપણે ગીરનાર પર્વત ઉપર ચઢી શકીએ છીએ માટે આપણો પગ ગીરનાર પર્વત કરતાં પણ મોટો છે, તેમ કડીયો પચાસ ઘર બાંધે છે. માટે તેનો હાથ ઘર કરતાં પણ મોટો છે; સારાંશ એ છે કે શરીરના અવયવો બ્હારના પદાર્થો કરતાં વધારે શક્તિમાન્ છે, અને તેમને નિગ્રહમાં લાવનાર મન વધારે સામર્થ્યવાળું છે. અને મનને નિગ્રહમાં લાવનાર આત્મા તેથી પણ અધિક શક્તિવાળો છે. આત્મા કર્મનો કર્તા હર્તા અને ભોક્તા છે.

મીચીગાનના સરોવર ઉપર બહુજ મોટો પૂલ છે, જે પૂલ ઉપર મોટી ટ્રામવે ચાલે છે; હવે તેવો મોટો પૂલ એક બાર વર્ષનો નાનો બાળક ફેરવી શકયો. આ કામ શાથી થયું ! મનોબળથીજ. પણ મનોબળ સર્વનાં એક સરખાં હોતાં નથી. **નૈ**પોલીયન **બો**નાપાર્ટ **ગ્લા**ડસ્ટન, **જોન**મોરલી, **પ**તંજલિ, **દા**દાભાઇ **ન**વરોજજી એ સર્વેના

મનોબલમાં ભેદ છે: જેઓ મન સંયમ વધારે કરી શકે તેઓનું મનોબળ વધારે સામર્થ્યવાળું હોય છે જ્યારે સમુદ્ર ઉપર મોજાં ઉછળતાં હોય છે, ત્યારે તે ઉપર પડતો સૂર્ય કકડા રૂપે ભાસે છે, તે મોજાંને બદલે નાના કલ્લોલો ઉત્પન્ન થાય છે ત્યારે સૂર્ય જરા સારી રીતે દેખાય છે, વળી જેમ લહરીયો નાની નાની થતી જાય છે, તેમ તેમ અધિક અધિક પ્રકાશ પડતો જાય અને સૂર્યનો ગોળાકાર વધારે દેખાય છે પણ જો સમુદ્ર તદન શાંત હોય તો સંપૂર્ણ સૂર્યનું પ્રતિબિંબ જળમાં પડે છે, તેજ રીતે મન અને આત્માનો સંબંધ છે; જેમ મન વધારે શાંત, સ્થિર, ઉદ્વેગ રહિત, તેમ આત્મ પ્રકાશ ગ્રહણ કરવાને તે વધારે યોગ્ય બને છે. બાહ્યનો ત્યાગ કરી, અંતરથી મનનો સંયમ કરતાં મન સ્થિર થાય છે. તેજ વખતે આત્મિક આનંદ થાય છે. ન્યુયોર્કમાં લીલીડેલ (પદ્મખીણ) માં લાલનને આ બાબતનો કાંઈક અનુભવ થયો હતો, અને તે અનુભવ દર્શાવવાને રચેલાં પદો સવીર્યધ્યાનની ચોપડીમાંથી તેણે વાંચી સંભળાવ્યાં હતાં. અને તે પછી એક પદ રા. રા. શીવજીભાઇએ સુસ્વર કંઠે શ્રોતાવર્ગ આગળ ગાઈ બતાવ્યું હતું. તે પછી હૃદયની શુદ્ધિની શી જરૂર છે તે ઉપર ચિત્રકાર અને વિચિત્રકારનું દૃષ્ટાન્ત હૃદયભેદકરીતે મી. લાલને સમજાવ્યું હતું. ચિત્રકાર અને વિચિત્રકાર નામના બે ચિતારા એક રાજસભામાં ગયા, ત્યાં રાજાએ તેમના ધંધા સંબંધી પૂછતાં એકે જણાવ્યું કે હું ચિત્ર બનાવું છું. બીજાએ કહ્યું કે હું વિચિત્ર બનાવું છું. તે ઉપરથી રાજાએ બન્નેની પરીક્ષા કરવાને નવા બનાવેલા મહેલના દિવાનખાનાની બે સામી ભીંતો ઉપર દરેકને પોતાની ચિત્રકળા બતાવવાને ફરમાવ્યું. ૭ માસની મુદત તેઓએ પોતાના કામ સારૂ માગી હતી. તે બે દિવાલો વચ્ચે એક પડદો નાંખવામાં આવ્યો હતો કે એક બીજાનું કામ કોઇ જોઇ શકે નહિ. ચિત્રકારે તો ભીંત સાફ કરી એક ઉપવનનો (સીન) દેખાવ ચિતર્યો; અને તેમાં અનેક વૃક્ષો, ફૂલફુલથી ઝઝુમી રહેલાં,

તેમજ પાસે થઇ વ્હેતો ઝરો, અને વૃક્ષો ઉપર કલ્લોલ કરતાં પક્ષીઓ, અને ઝરામાં પડતો ચંદ્રનો પ્રકાશ વગેરે ચિતર્યા.

પ્રેક્ષકનું મન રંજિત થાય, અને જોવામાં તેનું મન તલ્લીન થાય તેવો વિવિધ રંગોથી ભરપૂર આ દેખાવ તેણે ચિતર્યો. પણ પેલા વિચિત્રકારે તો છ માસ સુધી ભીંતને પૉલીશ polish કર્યાજ કરી અને આદર્શમાં જરા પણ ભેદ ન રહે તેવી ભીંત તેણે બનાવી. દરેક વસ્તુનું પ્રતિબિંબ, આબેહુબ તેમાં જણાય તેવી દીવાલ તેણે બનાવી. અને તે વધારેને વધારે પ્રકાશવાળી થાય, તે સારૂ તે લેલાવતી તેને સફાઇદાર છેક સુધી બનાવતો હતો. છ માસ પુરા થયે રાજા ત્યાં આવી પહોંચ્યો અને ચિત્રકારનું દોરેલું ચિત્ર જોઈ તે આનંદમાં મગ્ન થયો, પછી વિચિત્રકારનું કામ જોવાને ગયો. ત્યાં પ્રથમ તો તેણે પોતાની છબી આબેહુબ જોઈ, પછી તેં શું વિચિત્ર કામ કર્યું એમ વિચિત્રકારને પૂછતાંજ તેણે પડદો ખસેડી નાંખ્યો. અને ચિત્રકારે રચેલું સઘળુ ચિત્ર વિચિત્રકારે શુદ્ધ કરેલી દીવાલઉપર દેખાયું. તેજ સમયે રાજાના હર્ષનો પાર રહ્યો નહિ. આપણે ગમે તેટલું જ્ઞાન મેળવવા મથીએ, છતાં દુનિયાના પદાર્થો એટલા બધા છે કે તેમનું સંપૂર્ણ જ્ઞાન આપણે મેળવી શકીએ નહિ. પણ જો દીવાલ શુદ્ધ હોય તો તેના ઉપર સર્વ વસ્તુઓનું આબેહુબ ચિત્ર પડે છે, તેમ હૃદય શુદ્ધ થતાં સર્વ પદાર્થોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે; કારણ કે સર્વ જ્ઞેય છે, અને આત્માનો પ્રકાશ નિર્મળ હૃદય ઉપર પડતાં આપણે સર્વ પ્રકારનું જ્ઞાન મેળવવા સમર્થ થઇએ છીએ. માટે હૃદયને શુદ્ધ બનાવવું.

योगविद्या.

(૩)

આપણે સાધ્ય વસ્તુને વાસ્તે પ્રયત્ન કરીએ તે સારૂ યોગાચાર્ય પતંજલિ તેનું ફળ કહે છે. યોગનું ફળ જ્ઞાન દીપ્તિ અથવા અવિવેકનો નાશ છે. ચારે પાસે અંધકાર વ્યાપી રહ્યું હોય તેમાં તણખલું સળગાવ્યું હોય તો તે જરા પ્રકાશ આપે છે; કોડીયામાં દીવેટ અને તેલથી સળગાવેલો દીવો તેથી અધિક તેજ આપે છે, ગ્યાસલેટનો દીવો તેથી અધિક પ્રકાશ આપે છે, કોલસામાંથી નીકળતી હવા (ગ્યાસ)નો પ્રકાશ તેથી અધિક હોય છે. વીજળીના દીવાનો પ્રકાશ તેથી અધિક હોય છે, વળી પેરીસનો એફીલટાવર જે ૯૩૬ ફુટ ઉંચો છે, તેમાં એવી ગોઠવણ કરવામાં આવી છે કે તેનો પ્રકાશ આઠથી દશ માઇલ સુધી પડે છે, વળી હાલમાં નવી શોધી કાઢેલી રેડીયમનું તેજ સૂર્યના તેજ સદૃશ છે. આ બધાં કૃત્રિમ પ્રકાશનાં સાધનો છે. હવે પ્રકાશનાં સ્વાભાવિક સાધનોનો વિચાર કરીએ, આગીયા કીડાનો પ્રકાશ, તારાનો પ્રકાશ, ચંદ્રનો પ્રકાશ, સૂર્યનો પ્રકાશ વગેરે પ્રકાશનાં સાધનો છે; સૂર્યનો પ્રકાશ પણ રાત્રે પડી શકતો નથી, માટે એવો પ્રકાશ જે નિરંતર પડયા કરે તેવા પ્રકાશની જરૂર યોગાચાર્ય પતંજલિ જણાવે છે; સૂર્ય વગેરે પદાર્થો જેના દ્વારા આપણે જોઇએ છીએ તે જ્ઞાનદીપ્તિ છે; જ્ઞાનનો પ્રકાશ આપણા આત્મામાંજ રહેલો છે, પણ પ્રયત્નના અભાવે, અને સાધ્ય વસ્તુ પ્રાપ્ત કરવાના સાધનના જ્ઞાનના અભાવે આપણે તે જોઇ શકતા નથી; સર્વ ધર્મોનો વસ્તુતઃ સાર આ જ્ઞાનદીપ્તિ પ્રકટ કરવાનો છે; સર્વે ધર્મો શરીરરૂપ છે, પણ તેમનો આત્મા તે યોગમાર્ગ છે. મુસલમાન ક્રીશ્ચીયન, ઝોરોસ્ટ્રીઅન, બુદ્ધિસ્ટ, હિંદુ, જૈન, શીખ વગેરે ધર્મવાળા એક બીજા સાથે મારા મારી કરે છે. તેને બદલે પોતાના ધર્મમાં બતાવેલા માર્ગ પ્રમાણે દરેક ચાલે તો

સાધ્યવસ્તુની સમીપમાં તેઓ આવતા જાય છે; અને જેમ હારમોનીયમના સપ્તકની દરેક કળનો જુદો રાગ છે, પણ જો સાથે વગાડવામાં આવે તો તેમાંથી મધુર અને કર્ણપ્રિય સ્વર નીકળે છે, તેમ તેમ ધર્મોના હારમોનીયમનું ખરેખર સુંદર ગાયન ઉત્પન્ન થઈ શકે. જ્ઞાન, ભક્તિ, દયા, કર્મયોગ વગેરે જુદા જુદા સ્વરો છે; સર્વ ધર્મો દયા કબુલ કરે છે, તો બધાએ એકઠા મળી દયાનું ગીત શા સારૂ ન ગાવું જોઇએ ? અંતરમાં જેમ જેમ આપણે આગળ વધીએછીએ તેમ 'તેમ દરેક ધર્મ સત્યની કેટલો બધો સમીપ છે, તેનું આપણને ભાન થતું જાય છે; અને આગળ વધવાનો માર્ગ સ્વયમેવ સ્ફુરી આવે છે. જાણેલી વસ્તુ ઉપરથી અજાણી વસ્તુનું જ્ઞાન મેળવવું એ જ્ઞાન મેળવવાનો માર્ગ હાલ સ્વીકારાયેલો છે. તો એ રીતે આપણે જેને અંગ્રેજીમાં Merrygo–round કહે છે, અને ગુજરાતીમાં જેને ચક્ર, ચકડોળ કે ફજેત ફાલકો કહે છે તેનો વિચાર કરીએ. આ ચક્રમાં વચ્ચે એક સ્થંભ હોય છે, તેના ઉપર તંબુના જેવું ગોળ લુંગડું નાંખવામાં આવેલું હોય છે, તેને જુદા જુદા સળીયા હોય છે, અને સળીયાને છેડે જુદાં જુદાં રમકડાં હોય છે, જે રમકડાં ઉપર બાળકો બેસી આનંદ ભોગવે છે; તે ઉપનયન આપણે સર્વ ધર્મોને ઘટાવીએ. અહિયાં જે સૂર્યનો પણ સૂર્ય જે પરમાત્મા તે મધ્ય બિન્દુ છે; જેની આસપાસ સાતગ્રહો ફરે છે, તે સાતગ્રહો તે ક્રાઈસ્ટ, મહમદ, મહાવીર, વ્યાસ. બુદ્ધ, ગુરૂનાનક, અને ઝોરોસ્ટર છે. તે જ્ઞાનગ્રહોની આસપાસ કેટલાક ઉપગ્રહો છે. તે ધર્મના જુદા જુદા ગચ્છો, સંપ્રદાયો, અને મતો તે સર્વે ઉપગ્રહો (Satellites) છે. આ સર્વે જો મધ્યબિન્દુ તરફ ઉંચે દૃષ્ટિ કરે, તો જે ધર્મને નામે મારામારી, ઝગડા અને કલેશ થાય છે, તેનો હમેશને વાસ્તે અંત આવે. મધ્યબિન્દુ તે આત્મપ્રકાશ છે, જ્ઞાન દીપ્તિ છે. મધ્ય બિન્દુ તરફ જ્યાં સુધી દૃષ્ટિ ગઈ નથી. ત્યાં સુધી યોગવિદ્યાનું રહસ્ય તે સમજ્યો નથી. યોગવિદ્યાદ્વારા પ્રાપ્ત થયેલા આત્મજ્ઞાનથીજ શ્રીમન્મહાવીર સ્વા-

મીએ કહ્યું હતું કે ' સવિ જીવ કરૂં શાસનરસી, એસી ભાવ દયા મન ઉલસી. ' જૈનોએ દયાનો માર્ગ પ્રવર્તાવ્યો, અને હિંદુઓએ ભક્તિમાર્ગને પ્રધાનપદ આપ્યું. પણ આખરે બન્ને માર્ગ આપણને એક બિન્દુ તરફ લેઇ જવા સમર્થ છે. પણ સંસારનું સ્વરૂપ જોતાં આપણને ખેદ થાય છે કે પરમાત્માના મહેલમાં રહેનારા આપણે બધા આપણી આસપાસ રહેલું સુખ ભોગવવાને બદલે આપણા અમૂલ્ય સમયનો ૯૫ ટકા જેટલો ભાગ બીજા મતોનું ખંડન કરવામાં ગુમાવીએ છીએ અને પાંચ ટકા જેટલો પણ પોતાના ધર્મે બતાવેલા માર્ગ તરફ પણ ખરચાતો નથી. તમે સર્વે પોતપોતાના ધર્મને માન આપો, પણ તમારા બાંધવોના ધર્મનું ખંડન કરવામાં તમારી શક્તિનો નિરર્થક વ્યય કરતા નહિ. ખરેખર પ્રેમ, દયા, અને ભક્તિ મનુષ્યના હૃદયમાં જાગૃત થયાં નથી તેનુંજ આ પરિણામ છે. કોઈ લંગડા કુતરાને ભુખે મરતું જોઇ આપણું હૃદય ચિરાય છે, પણ જે અનાચાર છે, જેઓને શુદ્ધ જ્ઞાન નથી, અને જેઓ નીતિની અપેક્ષાએ ખરેખર લંગડા, બ્હેરા અને આંધલા છે, તેમનું દુઃખ દુર કરવાની, અને તેમનાપર દયા લાવવાની વાત તો કોરે રહી, પણ ઉલટા આપણે તેમને લડીએ છીએ, અને તેમની નિન્દા કરીએ છીએ શું આ આપણી દયા છે ? તે અસન્માર્ગે ચાલવાથી પીડાતો હોય છે, તેને તમે નિન્દા કરી પીડાછો, એ શું ઓછું નિર્દય કાર્ય કરો છો ?

કાર્ય કારણમાં તિરોભાવરૂપે રહેલું છે, એમ હાલનું સાયન્સ પણ સિદ્ધ કરે છે, તો જે કારણથી માણસ ભવિષ્યમાં લુલો લંગડો અથવા અંધ બને તેવા અનાચારનાં કારણો તેમાં જોઇ શું આપણું હૃદય તેના માટે દ્રવવું જોઇએ નહિ ? શું તેને સુધારવાને પ્રયત્ન કરવો એ આપણી આપણા માનવ બાંધવ તરફની ફરજ નથી ?

બંધુઓ ! દયાના અનેક પ્રકાર છે. નોર્થ અમેરીકાના ઇંડિયનો મનુષ્યાહાર કરે છે; પણ તે પણ તેમની સ્ત્રી અને બાળક તરફ

દયાળુ છે; તેના કરતાં આગળ વધેલા કેટલાકો પ્રાણીના માંસનો આહાર કરે છે, પણ મનુષ્ય જાત તરફ દયાળુ છે. તેથી આગળ વધી કેટલાક ધર્મવાળા વનસ્પતિમાં જીવ માને છે, અને તે બચાવવા મથે છે, આ રીતે દયાનાં જુદાં જુદાં પગથીયાં છે. પણ મનુષ્ય, પ્રાણી, અને વનસ્પતિ ઉપર દયા બતાવી અટકવાનું નથી, તેથી પણ આગળ દયાનાં અનેક પગથીયાં છે; જો મને મારા બાંધવ ઉપર પ્રેમ હોય તો મારાથી કપટ કેમ થાય ? હું તેના માલની કેમ ચોરી કરૂં ? શું તેથી ભાવ પ્રાણનો નાશ નથી થતો ? શું તેથી તેનું હૃદય દુભાતું નથી ! બીજાના ચિત્તને ઉદ્વેગ થાય તેવાં કાર્યો તે ખરેખર હિંસા છે. **अहिंसा क्षेत्रमन्येषां** બધાં સદ્‌ગુણોને ખીલવાની જમીન અહિંસા–દયા છે; સર્વ સદ્‌ગુણોનો આધાર દયાપર છે.

વૈષ્ણવધર્મમાં ભક્તિ શ્રેષ્ઠ છે; કૃષ્ણ પરમાત્માને આપણે બાળભાવે પૂજીએ છીએ. પુત્રને સુખી રાખવાને માતા કેટલું બધું દુઃખ સહન કરે છે ? આપણે બધા બાળક, અને કૃષ્ણ પિતા, અહા ! કેટલો બધો આનંદ. એક પિતાના પુત્રો વચ્ચે કેવો ભ્રાતૃભાવ, પ્રેમ હોવો જોઇએ, જ્યારે બધા મારા ભાઈઓ ત્યારે મારે તેમની સાથે કેવી રીતે વર્તવું જોઈએ ! ખરેખર પ્રેમથી; જ્યારે સર્વ મનુષ્યો તરફ પ્રેમ આવ્યો ત્યારે રાગદ્વેષને કોઈ સ્થળે પણ સ્થાન મળશે નહિ અને સમભાવ સર્વમાં વ્યાપી રહેશે. તેજ સમભાવને જૈનો મોક્ષ મેળવવાના ઉત્તમ માર્ગરૂપ કહે છે. કહ્યું છે કે શ્વેતાંબર હોય, યા દિગંબર હોય, બૌધ હોય, યા કોઈ અન્ય ધર્મવાળો હોય, પણ જેના આત્મામાં સમભાવ,–સમદૃષ્ટિ રહેલી છે તેજ મોક્ષ મેળવે છે, એમાં સંદેહ નથી. હવે વેદાન્તનો વિચાર કરીએ. તે જ્ઞાનમાર્ગ દ્વારા મોક્ષ બતાવે છે. ઓળખાણ પછી મૈત્રી થાય છે; મિત્રતામાંથી અત્યંત પ્રેમ બંધાતાં સુહૃદ્‌ભાવ થાય છે; જ્યાં સુહૃદ્‌ભાવ થયો ત્યાં મિત્રથી કાંઈ છાની વાત રાખવામાં આવતી નથી. જેમ કોઈ વહુઘેલો થાય, જેમ કોઈ વરઘેલી થાય, તેમ આ મિત્રઘેલો

થાય છે. મિત્રમાંજ સર્વસ્વ જુએ છે; તે પ્રમાણે જો સર્વ પદાર્થો સાથે આપણે મૈત્રી કરીએ તો તેઓ આપણાથી કાંઇ છુપું રાખે નહિ. પોતાનું રહસ્ય આપણને જણાવી દે, સર્વ પદાર્થોનું રહસ્ય જાણવું તેનું નામજ સર્વજ્ઞપણું સમજવું; આ પ્રમાણે આત્મા જ્ઞાનનો દૃષ્ટા બને છે. આત્માવડે સર્વત્ર જ્ઞાન છે, મધ્યબિન્દુ આત્મા છે, પણ તેનું પરિધ ક્યાંય પણ નથી. જૈનધર્મ પ્રમાણે આત્મા સંપૂર્ણ છે; યોગવિદ્યા તે સુખ મેળવવાનું ઉત્તમ સાધન છે; યોગનું જે ફળ–જ્ઞાનદીપ્તિ જાગૃત થતી નથી તેનું એક કારણ આપણા લોકોની દોષ દૃષ્ટિ રાખવાની ખરાબ ટેવ છે. **અ**મેરીકામાં **મી**સીઝ **ઓ**લ્કોક નામની એક બાઇની શેત્રંજી ઉપર તેના પુત્રે સહીનો ખડીયો ઢોળ્યો; તેથી આખું જગત્ તેને કાળું ભાસવા લાગ્યું; કારણ કે તેની દૃષ્ટિ આગળ તે શેત્રંજીનો ડાઘજ જણાવા લાગ્યો; શેત્રંજીનો બીજો ભાગ બહુ સુંદર હતો છતાં તેની દૃષ્ટિ તે મલીન ભાગ તરફ ખેંચાઇ, તેવીજ રીતે આ જગત્માં અનેક સુંદર પદાર્થો છતાં આપણી દૃષ્ટિ અવગુણ ઉપર ઝટ પડે છે; આવું સુંદર જગત્ છતાં આપણે સુખ ભોગવી શકતા નથી તેનું કારણ આપણામાં ગુણદૃષ્ટિની ઓછાશ છે. આપણે પરમાત્માના પુત્ર છીએ, અને આ જગત્ આપણા પોતાના વાસ્તે છે, તે જ્ઞાન મેળવવાની શાળા છે, તેમાં નિશ્ચિંતપણે દેવરૂપે ફરવું જોઇએ. Man is a latent God, all powers lie hidden in him માણસ એ છુપો ઇશ્વર છે, સર્વ શક્તિઓ તેનામાં તિરોહિત (છુપી) રહેલી છે. તેને ખીલવવાની જરૂર છે. જેમ ગૌતમ સ્વામીએ અષ્ટાપદ પર ચઢી **મ**હાવીર ભગવાનનુ દર્શન કર્યું તેમ યોગના આઠ અંગથી સમાધિ પ્રાપ્ત કરી જ્ઞાનદીપ્તિ પ્રગટ કરવી એજ સાર છે; આ બાબત સાંભળી વિસારી દેવાની નથી, પણ તેને હૃદયમાં ઉતારી, મનન કરી તે પ્રમાણે ચાલવાને પ્રયત્ન કરવો એજ **લાલન**ના અંતઃકરણની પ્રાર્થના છે.

प्रोफेसर गेरीनो अने जैन धर्मज्ञान.

પંડિત લાલને ભાષણ શરૂ કરતાંજ જણાવ્યું હતું કે આ ભાષણનો હેતુ મારે તમને જણાવવો જોઇએ. આપણે એકલાં રહીને આપણો ઉદય કરી શકીએ એ વાત હવે ચાલવાની નથી. યૂરોપના દેશો તથા બીજા પાશ્ચાત્ય દેશો જેમ એક સાથે મળી પોતાની ધાર્મિક, નૈતિક, અને પારમાર્થીક ઉન્નતિ સાધે છે. તેજ પ્રમાણે હિંદુસ્તાને પણ બીજા સાથે એકત્ર રહીને ઉન્નતિ સાધવી ઘટે છે. જૈનોએ, વૈષ્ણવ, શૈવ વિગેરે ધર્મીઓથી અલગ થઈ જવું જોઇતુ નથી. બીજા દેશોમાં જૈન ધર્મનો પ્રચાર કેવો થાય છે, અને હિંદુ-દુસ્તાનમાં જૈન ધર્મના જ્ઞાનનો પ્રકાશ નિસ્તેજ થઈ ગયો છે; તે સંબંધી હું તમારૂં ધ્યાન ખેંચવા માગુંછું. કાઉન્ટેસ માર્ટીનો સા-સારાસ્કો દયાના માર્ગ માટે કેટલું કરે છે, તે સંબંધી હું, અન્ય પ્રસંગે બોલીશ. પ્રો. ગેરીનોએ Bibliography મારફતે યુરોપમાં જૈન ધર્મના જ્ઞાનના કરેલા પ્રચાર સંબંધી તમારૂં ધ્યાન ખેંચવા માગુંછુ. ડા. પીટર્સને જૈનધર્મ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. તેઓએ જ્યારે હેમચંદ્રાચાર્ય વિશે ભાષણ આપ્યું ત્યારે તેમણે એક શબ્દને ઘણોજ ભારે જણાવ્યો. તે શબ્દને જ્યારે તેમણે પંચ પચખાણ તરીકે જણાવ્યો ત્યારે મી. વીરચંદ ગાંધીને ઘણું હસવું આવ્યું. ડા. પીટર્સન મજકુર શબ્દનો ગુઢ અર્થ ન સમજ્યા હોય તે તદ્દન સંભવિત છે. તેથી આપણે બીજાના મત માટે ક્ષમા રાખવી જોઇએ. દયાના સિદ્ધાંતો બીજાઓ માનતા હોય તેઓ સાથે આપણે જોડાઇને કામ લેવું જોઇએ. આશરે ઈ પૂ. ૫૯૯ વરસની ઉપર એક વ્યક્તિનો આ દેશમાં જન્મ થયો, તે વખતે પાર્શ્વનાથની ભક્તિનું પરીબળ ઘટયું હતું. તે વ્યક્તિ નામે વર્ધમાન સિદ્ધાર્થના પુત્ર હતા. તેમના માત પીતા ગુજરી ગયા પછી તેમણે પોતાના ભાઈ નંદીવર્ધનને કહ્યું કે મારે સંસારનો ત્યાગ કરવો છે. તેમના ભાઈ-

એ તેમને એક બે વરસ થોભવા કહ્યું અને મોટા ભાઇનું કહેવું તેમણે માન્ય કર્યું. તેઓ તે વેળા સંસારમાં આસક્ત નહિ પણ વિરક્ત હતા, એટલે કે તેઓ શ્રમણોપાસક હતા તેમ મારૂં માનવું છે. પ્રો. ગેરીનોનું કહેવું એવું છે કે, તે વખતે બ્રાહ્મણ ધર્મનું પરિબળ હતું. એક વરસ સુધી તેઓએ તપ કીધું અને બાર વરસ સુધી શાસ્ત્ર અધ્યયન કર્યું, જે દરમ્યાન તેઓને ઘણાં ઘણાં ઉપસર્ગીય દુઃખો આવી પડયાં. તેર વરસ સુધી દુઃખ સહન કર્યા પછી તેઓને અર્હત, વીર, મહાવીર વિગેરે ઉપનામો મળ્યાં, એમ ગેરીનો લખે છે. ગેરીનો લખે છે કે તેમના શિષ્યો હતા જે ગણધર કહેવાતા હતા. મેં વાંચ્યું છે કે ક્રાઇસ્ટ જીવતો હતો ત્યારે ૧૩૬ જણાએ ખ્રીસ્તી ધર્મ સ્વીકાર્યો હતો, પણ હાલ દુનિયાની વસતીનો લગભગ ચોથો ભાગ તે ધર્મ માને છે, તો આ પ્રમાણે જૈનધર્મનો ઉદ્ધાર કરવો જોઇએ. બૌદ્ધ ધર્મને હીંદમાંથી જવું પડયું, પણ જૈન ધર્મ હીંદમાં ટકી રહ્યો છે. જૈનધર્મ આત્માને માને છે. ગેરીનો કહે છે કે જૈન ધર્મ આચરણ તેમજ સિદ્ધાંતમાં એક હતો, જ્યારે બ્રાહ્મણ ધર્મમાં ક્રિયાઓ વધારે, તેમજ સિદ્ધાંતમાં અને આચરણમાં બ્રાહ્મણો ઐક્ય રાખતા ન હોવાથી બ્રાહ્મણો તરફનું માન ઘટતું જતું હતું. વળી બ્રાહ્મણો અમેજ મોક્ષના અધીકારી છીએ, એવો દાવો કરતા હતા. ગેરીનો કહે છે કે ઇશ્વરને કર્તા માનનારાઓ સઘળી જોખમદારી ઇશ્વરના ઉપર ઢોળી પાડે છે, જ્યારે બૌધ ધર્મ અને જૈન ધર્મના માનનારાઓ તેથી વિરૂદ્ધ મતના હોવાથી, લોકો તે ધર્મ સ્વીકારવા લાગ્યા. મહાવીર પ્રભુના શિષ્યો એમ બતાવતા હતા કે વ્યક્તીઓ જુદી જુદી છે પણ સમષ્ટિ કરતાં તેનું બળ ઓછું નથી, આવું સ્વાશ્રય બળ Spirit of selfreliance જૈન ધર્મ શીખવે છે. હું હાઇકોર્ટમાં ભાષણ સાંભળવા જતો ત્યારે મને ત્યાં અઢીહજાર વર્ષ પૂર્વેના આપણા વિચારોનું પુનરાવર્તન થતું લાગતું અને મને એવો ભાસ થતો કે અરૂણોદય પાછો થવા માંડયો છે. ગેરીનોએ

જૈન ધર્મનાં જ્ઞાન, દર્શન, અને ચારિત્રનાં ત્રણ રત્નો વિગેરે સંબંધી ઘણું લખ્યું છે. આ સંબંધી બીજા વિદ્વાનો પોતા તરફથી બનતું કરશે. આપણે દયા ધર્મનો ફેલાવો કરવાનો છે જેથી જગતનું કલ્યાણ થાય તેમ છે. અને સાથે સમભાવનાનો પ્રચાર થાય તેમ છે. હીંદુ ધર્મમાં "અહીંસા પરમો ધર્મ" માનવામાં આવેલો છે, અને આખી દુનીઆના સમગ્ર પ્રાણીઓ તરફ દયા રાખતાં શીખવવાનો કોઇ પણ વખત આપણને હોય તો તે આજ વખત છે. હિંદુસ્તાન ધર્મની બાબતમાં સર્વે દેશોનો શિરોમણી છે, અને આપણે હવે જાગ્રત્ થઇ આપણું તેમજ બીજાઓનું કલ્યાણ સાધવા દયા ધર્મના ફેલાવો કરવો જોઇએ.

બાદ મી. ગુલાબચંદજી ઢઢ્ઢાએ પ્રસંગને અનુસરતું વિવેચન કરતાં ધર્મના જ્ઞાનનો છુટથી ફેલાવો કરવાનો બોધ આપ્યો હતો.

બાદ પ્રમુખે આગલા જમાનાના બ્રાહ્મણોની ઉન્નત સ્થિતિ અને હાલની તેઓની અધમ સ્થિતિનો ખ્યાલ કરાવી, બ્રાહ્મણનો મુળ અર્થ બ્રહ્મ જાણનારા એવો થાય છે. એમ જણાવ્યું હતું. હાલ તો આપણે બ્રાહ્મણો મટી આપણા બદલે જર્મનો બ્રાહ્મણો થઈ આપણી સઘળી વિદ્યા લઇ બેઠા છે. બ્રાહ્મણોએ રચેલા વેદનું જ્ઞાન ઘણું ઉંડું અને ગહન છે અને તેઓનો સૌથી ઉંચો સિદ્ધાંત અદ્વૈતપણાનો "Spirit of oneness" નો છે, તેમાં ભેદપણાનો ભાવ નથી. આપણા હીંદના સઘળા ધર્મ પોતાની અંતીમ નેમ મોક્ષ મેળવવાની રાખે છે અને તે મેળવવાના માર્ગો ધર્મ શાસ્ત્રોમાં લખ્યા છે અને લોકો પોતાની રૂચિ અનુસાર માર્ગ પસંદ કરે છે.

બાદ ભાષણ કર્તા તથા પ્રમુખનો ઉપકાર માની સભા વિસર્જન થઇ હતી.

पांच अणुव्रत अने तेनी कसोटी.

અણુ એટલે નાના, અને વ્રત એટલે નિયમ, અણુવ્રત એટલે નાનાં નિયમ. આવા નાના નિયમો પાંચ છે, માટે પંચઅણુવ્રત કહેવાય છે. આ પાંચ અણુવ્રતને નાના વ્રતો કે નિયમો કહેવાનું કારણ એ છે કે બીજાં નહિ પણ એજ નિયમો મોટા કે પૂરેપૂરા પણ હોય; અને એ જ્યારે પૂરેપૂરાં એટલે મોટાં વ્રતો કે નિયમો થાય એટલે તેમને મહાવ્રત કહે છે.

આપણે જૈન છીએ એટલે જિન ભગવાનની આજ્ઞાને અનુસરનારા છીએ. શ્રી જિનભગવાનની આજ્ઞાને અનુસરનારા હોય તે બધા જૈન સમુદાયમાં ગણાય. કેટલાક આમાં એવા પણ હોય છે કે આ આજ્ઞા શ્રી જિનભગવાનની છે એવી તેમને ખબર પણ ન હોય છતાં તેઓ અનુમોદે છે. આવા જૈનો પોતે જાણતા નથી કે અમે જૈન છીએ, તેવા જૈનોને આ લેખક સ્પષ્ટ સમજની ખાતર (Unauthorised Jains) લોક સંમત નહિ એવા[1] જૈનો, અને બીજાને (Authorised Jains) લોક સંમત જૈન ગણે છે. આ બન્ને પ્રકારના જૈનોમાં કેટલાક એવા પણ હોય છે કે જિન પ્રભુની પરમ ઉપકારી આજ્ઞાને અનુમોદન આપવા ઉપરાંત તેમને માથે ચડાવી, તદનુસાર પોતાનું વર્તન યથાશક્તિ ચલાવે છે અને જે પોતાની શક્તિ છે તેને વિશેષ ફેરવીને ક્રિયામાં પણ મૂકે છે. અર્થાત્ જિન ભગવાનની આજ્ઞાને સર્વાંશે કે થોડે અંશે ક્રિયામાં મૂકનાર ચારિત્રવાન્ ગણાય છે. આ નાના મોટા ચારિત્રવાનોજ શ્રી જિન સંઘ કે જૈન સમાજમાં આવેલા કહેવાય. આના ચાર પ્રકાર છે. તેમાં બે પ્રકાર ગૃહસ્થ ચારિત્રવાનના છે અને બે સાધુ ચારિત્રવાનના છે. ગૃહસ્થ ચારિત્રમાં શ્રાવક અને શ્રાવિકાઓનો સમાવેશ થાય છે. અને સાધુ ચારિત્રવાનમાં સાધુ તથા સાધ્વીનો. ગૃહસ્થો વ્રતોનો એક દેશ પણ

૧ જેમ અન્ય લિંગે સિદ્ધ હોય તેમ અન્ય પ્રકારે જૈન.

પાળનાર હોવાથી તેઓ અણુવ્રતધારી એટલે નાના ચારિત્રવાળા અને સાધુઓ સર્વથા વ્રતોને પાળનાર ગણાવાથી મહાવ્રતવાળા કે આખા ચારિત્રવાળા લેખાય છે.

જગતની મહાન્ જીવ રાશિયોમાં માનવો શિરોમણી છે. માનવરાશિમાં હાલ પૃથ્વીપર પોણાબે અબજ મનુષ્યો છે. આ પોણાબે અબજ મનુષ્યોમાં જાણ્યે અજાણ્યે લોક સંમત અથવા ઇતર કેટલાક માણસો જૈન હશે? જાણવામાં આવેલા સાડાતેર લાખ અને અજાણીતા સાડાતેર કરોડ આ લેખકના સ્થૂલ અનુમાન પ્રમાણે હોય તેવો સંભવ છે.

એવા મહાન્ સમુદાયમાંથી જૈન સંઘમાં જૈન સમાજમાં કોણ ગણાય? પૂર્વે કહ્યું તેમ જે અણુવ્રતધારી કે મહાવ્રતધારી હોય તે. જે સાધુ અને સાધ્વી, જે શ્રાવક અને શ્રાવિકા વ્રત પાળતા હોય તેજ જૈન સંઘમાં ગણાય. જે વ્રતધારી નથી તે પ્રભુએ સ્થાપિત કરેલા ચતુર્વિધ સંઘમાં ન હોવાથી સંઘ બાહ્ય લેખાય, પણ જૈન સમુદાયની બહાર તેઓ નથી; કારણ કે તેઓ પણ જીન આજ્ઞાના અનુમોદક તો ખરા. જેમ એક સભામાં કેટલાક સભાસદો એટલે મેમ્બરસ (members) હોય, અને કેટલાક અનુમોદક એટલે એસોસીએટસ્ (Associates) હોય છે તેમ અનુમોદકો જૈન સમુદાયમાં, અને આજ્ઞા પાળનાર જૈનસમાજમાં સમાવેશ પામે છે.[1]

સાધુ શ્રાવક અને જૈન જેમ ત્રણ વર્તુલ એકબીજાની અંદર આવેલાં હોય તેમ સૌથી મોટાં વર્તુલ કે કમ્પાઉંડમાં જૈનો, એ કમ્પાઉન્ડમાં આવેલા મેહેલની ગેલેરીમાં શ્રાવકો અને મેહેલના દિવાનખાનામાં સાધુઓ હોય એમ સમજાય છે.

---

૧ શાસ્ત્રમાં શ્રાવક શબ્દનો અને ઉપાસક શબ્દનો પ્રયોગ ૧૨ વ્રતધારી માટે થાય છે.

કોણ સાધુઓ અને કોણ જૈનો એ વિષયનો આ પ્રસંગ ન હોવાથી આપણે કોણ ? શ્રાવકો—એટલે અણુવ્રતધારીઓ અને તેની ઓળખાણ કસોટી પરીક્ષા શી છે એટલા પુરતુંજ વિશેષે કરી અહીં જણાવવાનો આ પ્રયાસ છે. તથાપિ અણુવ્રત કે નાના વ્રતવાળાઓની ઉત્પતિ જૈનોમાંથી છે, માટે જૈન કોણ તેની ટુંકી વ્યાખ્યા આપવાની તથા એ અણુવ્રતવાળા પોતાના સ્થાનથી ઉંચે કેમ ચડે એટલે મહાવ્રતધારી થવાને શા નિશાનપર હોય એ કહેવાની પણ તેટલીજ અગત્ય હોવાથી ટુંકામાં આપણે જૈન અને સાધુની વ્યાખ્યા માત્ર અહીં જોઈશું.

જિન ભગવાનના ઉપદેશને અનુમોદનારા તે જૈન. અનેક ઉપદેશોમાંથી દાખલા તરીકે આપણે અહીં એકજ પણ મુખ્ય ઉપદેશ લેઈશું, એટલે કે જિન ભગવાન કહે છે કે વસ્તુ માત્રના બે વિભાગ છે, એટલે જીવ અને અજીવ. આત્મા એટલે જ્ઞાન હોવાથી એ જ્ઞાનવડે અનાત્મા એટલે જડનો જય કરી, જ્ઞાનમાં રમનાર તે જિન. અને જ્ઞાનથી ઇતર એટલે જડમાં રમનાર તે જિનથી ઇતર. જૈન શબ્દનો વ્યુત્પતિ અર્થ જીતનાર એવો થાય છે. શાને જીતનાર? પોતે આત્મા એટલે જ્ઞાન સ્વરૂપ છે તેથી ઈતર એવાં જડોને—કર્મોને જે જીતનાર તે જૈન અને જડથી કે કર્મથી હારનાર તેને સ્પષ્ટતાની ખાતર કહેવું જોઇએ કે પરાજૈન જડથી—કર્મથી હારનારા છે.

શ્રી જિનેશ્વર ભગવાનના ઉપદેશથી કે પોતામાં પૂર્વ ભવના ઉપદેશ—સંસ્કારની જાગૃતિથી કે આત્મવિચારથી જેણે આત્મા એટલે જ્ઞાન એમ સમજી તેની પ્રતીતિ કરી છે, તેનેજ આપણે અહીં જૈન ગણીશું. આવા જૈનમાં જે પોતાને જ્ઞાનરૂપ માત્ર માને અને પરરૂપ એવા જડ કે કર્મને જીતવાનો પ્રયત્ન કરે તેને આપણે જૈન કહ્યાં. ત્યારે એતો ચોખ્ખું છે કે પોતાનું જ્ઞાન સ્વરૂપ કે આત્મ સ્વરૂપ માન્યા પછી, પોતાથી એટલે જ્ઞાનથી ઈતર એવા જડને સમ્પૂર્ણ

જીતવાના પ્રયત્ન કરે તે સાધુ કે મહાવ્રતવાળા અને કોઈ અંશે અંશે જીતે તે શ્રાવક કે અણુવ્રતવાળા.

અહીં પરીક્ષા કે કસોટીવડે આપણે અણુવ્રતને કે અણુવ્રતધારી શ્રાવકને ઓળખવા છે. માટે મહાવ્રતધારી સાધુઓની પરીક્ષા શી હોય તે આપણા કોઇ મહાવ્રતધારી સાધુ મુનિરાજ પોતાનો અનુભવ જાહેર કરશે તો વિશેષ કૃતાર્થ થઇશું. એટલુંજ નહી પણ એ આપણા મોટા ભાઇઓની નિશ્રાયે ઉપર ચડવાનું આપણને ઘણુંજ સરલ થઇ પડશે.

આ અણુવ્રતધારી શ્રાવકોમાં લેખકના વિચાર પ્રમાણે પોતાના બંધુ વીરનંદી હર્બટ વોરનનો પણ સમાવેશ થાય છે. જેમ એક મુનિરાજ સાત પ્રતિક્રમણ ઉપર પોતાની રાહ જૈન પત્રમાં પ્રગટ કરે છે, તેમ લેખક અણુવ્રત પરીક્ષા સંબંધી પોતાના આત્માનુકૂળ, શાસ્ત્રાનુકૂળ અને અનુભવાનુકૂળ વિચારો બાંધવાના હિતને અર્થે પ્રગટ કરે છે. તે બુદ્ધિગમ્ય થાય એમ હોય અને હિતાવહ જણાય તેમજ શાસ્ત્રના મૂળ આશય સાથે અવિરૂદ્ધ હોય તોજ માન્ય કરવા, કારણ કે તે પ્રમાણેજ માન્ય કરનાર અને ક્રિયામાં મુકનાર, વ્રત ચમત્કૃતિના નાના પ્રકારના અનુભવો પામે છે.

ચાલતો પ્રસંગ વ્રત વિશે સમગ્ર નહિ હોવાથી એ વિશે અંહી ઘણું થોડું આવશે. પરંતુ એ વ્રતો વિશે જે કંઇ થોડું આવશે તે વ્રતો કંઇક યથાર્થ પલે છે યા નહિ, તે તેમાંથી ઉદ્‌ભવતી અતિશય સિદ્ધિની (Spiritual powers સ્પીરીચ્યુઅલ પાવર્સની) જાગૃતિવડે માલમ પડી આવશે. જેમ સુવર્ણને કસોટી પર ચડાવતાં કે છેદ મારતાં કે અગ્નિએ તપાવતાં તે કેટલા ટચનું છે તે સ્પષ્ટ જણાઇ આવે છે, તેમ આ વ્રતોને લીધે આત્મા—જીવ કેટલો વિશુદ્ધ, કેટલો વીર્યવાન્ કે અતિશયવાન્ થતો ચાલે છે તે પણ જણાઇ આવે છે.

કોઇ કહેશે કે અણુવ્રત એટલે નાનકડા સરખાં વ્રતોથી શો લાભ ? તો લેખક કહે છે તેના પ્રમાણુમાં, જેવડાં વ્રત તેવડો લાભ.

જુઓ, જરા સરખો પ્રકાશ કેટલા બધા અંધકારનો નાશ કરે છે. જુઓ જરા સરખું જ્ઞાન કેટલા અજ્ઞાનને પોબારા ગણાવે છે, હું આ ચૌદરાજની મહાન્ જીવરાશિયોમાં મનુષ્ય છું, એવા જ્ઞાનના પ્રકાશની સાથેજ દેવ, નારકી અને તિર્યંચ રાશિયો કરતાં હું શ્રેષ્ટ છું, આવું પ્રભાતના પ્રકાશ જેવું જ્ઞાન થાય છે. જરા સરખી માન· સ શક્તિથી મનુષ્ય આખા તિર્યંચ વર્ગના મુખ્ય અને બળવાન્ ઘોડાને કેળવી શકે છે, મદોન્મત્ત હાથીને પાળી શકે છે, અને વિકાળ સિંહને પાંજરામાં પૂરે છે.

આ સામર્થ્ય તિર્યંચ કરતાં મનુષ્યનું શ્રેષ્ઠપણું પ્રગટ નથી ક-રતું ? અત્યંત કષ્ટની તીવ્ર અગ્નિમાં બળતા અને વારંવાર તેથી મૂર્છા પામતા નારક જીવો અને વિષયમાં રહેલા વિષથી પોતાના જ્ઞાન સ્વરૂપનું ભાન ભૂલતા દેવતાઓ કરતાં માનવનું શ્રેષ્ઠપણું કોને નહિ માલુમ પડે ? ગમે તેમ હો, પરંતુ લેખકને તો એવી પ્રતીતિ થાય છે કે મનુષ્યનું જરા સરખું જ્ઞાન ઘણાં ઘણાં અજ્ઞાનને, મનુષ્યનું જરા સરખું દર્શન, ઘણાં ઘણાં અંધકારને, મનુષ્યનું જરા સરખું (આત્મ) સુખ, ઘણાં ઘણાં દુઃખોને, મનુષ્યનું જરા સરખુ પરાક્રમ ઘણા ઘણા બાયલાપણાને–હિચકારાપણાને દૂર કરે છે. ટુંકામાં અણુવ્રત ધારીની અલ્પ શક્તિ પણ આધિ (માનસિક પીડા) ને ટાળી સમાધિ કે સંવર રૂપતા કરે છે, ઉપાધિને પુણ્યભોગ કે અલંકાર બનાવે છે, અને વ્યાધિને પાપક્ષય કે રોગ નિવૃતિરૂપ કરે છે. જ્યારે આધિને સમાધિ, ઉપાધિને અલંકાર અને વ્યાધિને રોગ-નિવૃતિ અણુવ્રત ધારી કરતો દેખાય ત્યારે તેની કસોટી કોનાથી અવી દુર્લભ છે કે તેનું મૂલ્ય નહિ આંકી શકાય ?

વળી આત્મા એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને વીર્યરૂપ પો-

તાના રૂપનંજ-સ્વભાવને અનુકુળ વર્તતાં અણુવ્રતધારીના મન, વચન, અને કાયા, તે જ્ઞાનાદિથી સુવાસિત થઇ કેવાં અદ્દભુત કાર્ય કરી શકે છે? જ્યાં સુધી હું જ્ઞાન સ્વરૂપ છું, કે હું વીર્ય રૂપજ છું એવું શ્રી જિનોપદેશવડે અથવા નૈસર્ગિક કે સ્વાભાવિક જ્ઞાનવડે આવ્યું ન હતું, ત્યાં સુધી તેની શી સ્થિતિ હતી. અને જાણ્યા પછી એટલુંજ નહિ પણ જાણ્યા પછી તદનુસાર મન, વચન, અને કાયાને પ્રવર્તાવતાં શી અદ્દભુત્ સ્થિતિ લાગી તે કેમ છાનું રહી શકે? જુઓ વાચકં મિત્રો! વરાળ જે લાખો અને કરોડો ટન વ્યર્થ રીતે રાત્ર દિવસ ચાલી જાય છે, તેને જ્યારે બોઇલિરમાં ભરી-એકત્ર કરી સંયમિત કરી એનજીનમાં મોકલાવાય છે ત્યારે તેની પ્રેરણાવડે કેવાં અદ્દભુત કાર્યો તે સંયમ પામેલી વરાળ કરી શકે છે, તેજ પ્રમાણે આત્મામાં રહેલા અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત ચારિત્ર અનંત વીર્યને હૃદયમાં મનમાં, તનમાં, વચનમાં સંયમિત કરતાં શા શા કાર્યો કરે છે અને અન્યને પણ કેવાં કલ્યાણપ્રદ તે કામો બને છે, તે હવે આપણે જોઇએ.

અહિંસા-અણુવ્રત પહેલું.

વ્રત એ સંયમ છે. મન, વચન, અને કાયાનો સંયમ છે. એ સંયમ આત્માના અનંત ગુણોમાં મન, વચન, કાયાને પ્રવર્ત્તાવવાથી-રમાડવાથી થાય છે.

સર્વ પ્રકારના રત્નોમાં કૌસ્તુભ કે કોહિનૂર શ્રેષ્ટ છે અને સર્વ રત્નોની કિંમત તેમાં સમાવેશ પામે છે, તેમ અનેક વ્રત રત્નોમાં અતિશય રૂપ મૌલ્યનો અહિંસા (અનુકમ્પા-દયા-ક્ષમા) નામના વ્રત કૌસ્તુભમાં સમાવેશ થાય છે.

યોગાચાર્ય પતંજલિ પણ કહે છે **अहिंसा क्षेत्रमन्येषाम्** બીજાં સત્યાદિ વ્રતોનું ક્ષેત્ર (ઉત્પત્તિ સ્થાન) અહિંસા છે.

अनुकम्पते इत्यनुकम्पा. જેવું કમ્પન પોતાને સુખ દુઃખ વડે થાય છે, તેવું બીજાને જ્યારે થતું હોય, ત્યારે પણ પોતાને થવું એનું નામ અનુકમ્પા. એ અનુકમ્પાને દયા, રક્ષા ઇત્યાદિ પર્યાયો- વડે ઓળખવામાં આવે છે.

પહેલા અણુવ્રત-અહિંસાની પરીક્ષા.

જેમ માતા હોય અને પોતાના બાલકોનું તે નિરંતર રક્ષણ ચિંતવે, અને રક્ષણ કરે તેમ અહિંસા અણુવ્રતધારી માનવરત્ન સકલ જીવરાશિની રક્ષા ચિંતવે, અને મનુષ્યોની પોતાના ઔરસ બાલ જેવી રક્ષા કરે, તેમને હિતમાર્ગ દેખાડે એટલુંજ નહિ પરતુ તેઓ નાના હોય ત્યાં સુધી તેમના હિતકાર્ય પણ કરે.

ભયભીત પ્રાણીઓ સકલ જીવની રક્ષાવાલા અણુવૃત્તિવાનને જોઇ પોતાની બીકને નસાડે છે. જેઓ અણુવ્રત ધારી હોય છે તે- મનાથી કજીયા, કંકાસ દૂર નાશી જાય છે. જે ઘરમાં હોય, જંગ- લમાં હોય, જે સભામાં હોય, ત્યાંના મનુષ્યમાંથી કુસંપ પલાયન પામી સુસંપ સ્થપાયેલો દેખાય છે. જેમકે કચ્છ નાગલપુરના ઠા- કરશીભાઇના અણુવ્રતનો પ્રભાવ માત્ર કહેવાતા જૈનોપરજ નહિ પણ ગામના સર્વ જૈનોપર અનકુળ અસર કરે છે, એ કયા કચ્છ- વાસી જૈનથી હવે અજાણ્યું છે?

જેને શ્રી હરિભદ્રાચાર્ય અને શ્રી હેમચંદ્રાચાર્યજ નહિ પણ શ્રી યશોવિજય ઉપાધ્યાય યોગાચાર્ય કહે છે, તે યોગાચાર્ય શ્રી પતંજલિ મુનિ યોગ સૂત્રમાં કહે છે કે-**अहिंसा प्रतिष्ठायां तत्संनिधौ वैरत्यागः**

અર્થાત્ અહિંસા વ્રતની સિદ્ધિ ત્યારે થઇ ગણાય કે જ્યારે તેમની સમીપમાં વૈર ત્યાગ થાય, એટલે મહાત્મા જેને હોય તેની પાસે સ્વાભાવિક વૈર વાળાં સર્પ નોળીયાં, ઉંદર, બિલાડી, હરણો,

સિંહ જેવા હિંસક પ્રાણિઓ પણ પોતાનું હિંસકત્વ છોડી દે, અને શાંતિથી એક બીજાની પાસે કે ઉત્સંગમાં ગેલ કરે તો પછી મનુષ્યના વૈર ત્યાગ કરાવી, સર્વમાં શાન્તિ પ્રસરાવે એમાં તે શું આશ્ચર્ય ? પરંતુ જો અણુવ્રતો હોય તો અહિંસા નામના પ્રથમ અણુવ્રતની આસપાસ આવેલા મનુષ્યો તો શાન્ત પામે. જેમ મહાવ્રતોથી સર્વ જીવો શાન્તિ પામે, તેમ અણુવ્રતીથી મનુષ્યો શાન્તિ પામે. મહાવ્રતની શુભ અસર મનુષ્ય ઉપરાંત તિર્યંચો સુધી પણ પહોંચે અને વિરોધી પ્રાણીને પણ અનુરાગી કરે; તેમ અણુવ્રતધારી વિરોધી માનવીનો પણ વિરોધ મટાડી પરસ્પર અનુરાગી કરી શાસનરસી બનાવે.

જુદા જુદા ધર્મવાળા જે સ્થૂલ દ્રષ્ટિએ દેખાય છે પરંતુ વસ્તુતઃ નય પ્રમાણે હોવાથી જિન દર્શનમાં આવેલા છે તેઓને જિન દર્શનના રસીઆ કરે. જેમ મહાવ્રત ધારી શ્રી તીર્થંકર મહારાજના સમોવસરણમા બાર પ્રકારની પર્ષદા હોય, એટલે દેવતાની, દેવાંગનાની, શ્રાવક–શ્રાવિકાની, સાધુ–સાધ્વીની, તીર્યંચની વગેરે હોય તે સકલ જીવ રાશિને પ્રભુનાં સ્વયંભૂરમણ સરખા વિશાળ હૃદયમાંથી દયાનો ઉપદેશ થતાં સર્વ જીવો દયામયપણું પામે-પાપમલ, દુઃખો, વેર–ઝેરનો ત્યાગ કરી, કરૂણામાં મગ્ન થાય. તેમ અણુવ્રત ધારી કોઈ સુભાગ્યવાન્ શ્રાવકની પરિષદ્‌માં પણ બાર પ્રકારના મનુષ્યો સકલ માનવરાશિયોમાંથી હાજર થયાં હોય જેવાં કે પરસ્પર વિરોધી દેખાતા ઇસાઇ અને ઇસલામીઓ, બૌધો અને જૈનો, વૈષ્ણવો અને શૈવો, હિંદુઓ અને મુસલમાનો, (પાશ્ચાત્ય અને પ્રાચ્યલોકો) ગમે તે હોય તે સર્વ શ્રોતૃવર્ગ સમભાવી અણુવ્રત ધારીનું વ્યાખ્યાન સાંભળી કુસંપ છોડી સુસંપ કરે છે, વૈર છોડી હેત કરે છે, વિરોધ તજી સાથે રમે છે, હળી મળી એકત્ર થઇ ઉપયોગી ધર્મકાર્ય–દયાનાં કાર્યો કરે છે, અને પોતાનું કલ્યાણ પણ આ માનવ

જન્મમાં સાધી લે છે; આટલુંજ નહીં પરંતુ પોતાને પ્રાપ્ત થયેલી અનુકમ્પાના અંશ કરતાં જ્યારે પોતાના બંધુ ધર્મીની અનુકમ્પાનો વિશેષ અંશ જુએ છે, ત્યારે તેને ગ્રહણ કરી ઉચ્ચ અનુકમ્પાવાન્ થતો જાય છે.

એટલુંજ નહીં પરંતુ પ્રભુની દેશના જ્યાં અપાતી હોય તે રમણીય સ્થાનથી બહાર ઘણાક જોજન સુધી, કેટલાક પ્રકારની પીડાઓ જઇ ઋદ્ધિઓ–સિદ્ધિઓ પ્રકટે છે. તેમ અણુવ્રત જેટલે જેટલે અંશે પળાતું હોય તેટલે તેટલે અંશે તેમના વ્યાખ્યાન મંડપની બહાર તે ગામમાં પણ કેટલાક માઈલો સુધી તેમની શુભ અસર પહોંચી શાન્તિ ફેલાવે છે. સાસુ વહુની, સસરા જમાઇની, કુટુંબ કબીલાની, નાત જાતની, ટંટારૂપી ઇતીઓ જઈ સંપરૂપી રિદ્ધિ પ્રકટે છે. વિભાવિક ક્રોધાદિક જઇ સ્વાભાવિક ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, તેતે અંશે પ્રકટતા જણાય છે. વળી અણુવ્રતધારી પોતે ક્રોધથી પરાભવ પામતો નથી. કારણ કે તે સર્વ જીવનો બંધુ છે. વળી મનુષ્યની તે નિકટમાંજ હોવાથી બંધુભાવ તેનો પરાભવ કરી શકતો નથી.

એક અણુવ્રત ધારીનું હૃદયસરોવર માનવ પ્રતિ એવું શીતળ હોયછે કે ક્રોધાદિ અગ્નિના અસ્રો તેની તરફ આવતાં તેમાં શાન્તિ પામે છે, એટલુંજ નહીં પરંતુ જે જે હૃદયમાં દ્વેષની ધુણી ધીકતી હોય, ક્રોધની તાપણી તપતી હોય, વૈરની વરાળ ધમધમતી હોય તેનાપર–સકળ જીવપર ક્ષમારૂપી આંતર પ્રીતિના સરોવરમાંથી શાંત ઉપદેશના ફુઆરા મોટા બળથી ઉડી તેમાંથી પીચકારીઓ ચાલે છે કે અન્ય હૃદયોમાં બળતી દ્વેષ, ક્રોધ, વૈરની અગ્નિઓ શાન્ત થાય છે. આમ કહેવાતા દુશ્મનો પણ ગણાતા માનવબાંધવો બને છે. આ પ્રકારના અણુવ્રત ધારીના વિચાર આન્દોલનો પણ અહર્નિશ થોડું કામ કરતા જણાઈ આવ્યા નથી. હાલ પણ કેટલાક

મહાભાગ્ય સાધુ મુનિરાજો જિન શાસનના સદ્ભાગ્યના લીધે એવા હોય છે કે તેઓ જે ગામ વગેરેમાં જ્યાં જાય ત્યાં ઉંદર બીલાડી એક બીજાને ન રંજાડે એટલું પણ જણાયુ નથી. વળી નથી જણાયું કે તે ગામના સર્વ ભિન્ન ભિન્ન ધર્મ વાળાના વિરોધ મટાડી મનુષ્યોમાં સુસંપ સાધી શાન્તિ પમાડે. નથી જોવામાં આવ્યું કે પોતાના શાસનમાં આવેલા નામ દ્વારાએ પ્રભુ પૂજકો, કે પ્રતિમા દ્વારાએ પ્રભુ પૂજકોને પોતાની દેશનામાં આકર્ષી તેમનામાં સુસંપ કરાવે, અનેક દયાના—સમભાવના ધર્મ કાર્યો કરાવી તે ગામ છોડતા હોય ! તથાપિ એટલું તો લેખકના જોવામાં આવ્યું હશે કે શ્વેતાંબર સંઘ કે ગચ્છના ટંટા મટાડી શાન્તિ ઉપજાવી સર્વના હૃદયમાંથી કલેશનો સર્વથા કેટલાકોએ નાશ કર્યો છે. આવું દષ્ટાંત એક નથી પણ અનેક છે. પરંતુ આપણે એવું તો કોઈપણ નહીં ઇચ્છીએ કે મહાવ્રત ધારીતો શું પણ અણુવ્રતધારી પણ સુસંપ શિરોમણિ જિન દર્શનમાં વૈર ઝેર ન હોય ત્યાં વૈર ઝેર કરાવે—કદિ નહિ.

આપણે એવા અણુવ્રત ધારીને જોવા ઇચ્છીશું કે જે ઉપર લખ્યા પ્રમાણે સાધુ મુનિરાજના વ્રતની શુભ અભિવૃદ્ધિ જોઇ, મનુષ્ય જાતની સર્વ મનુષ્યોમાં હિતાવહ સંક્રિયાઓ થાય, અને સાધુઓની સર્વ જીવો પ્રત્યે શુભ ક્રિયાઓ થાય.

ખરે ! અણુવ્રતધારી, સર્વ દર્શનોના વિરોધને અનેકાંતવાદે, સર્વ માનસ દયાથી, જૈનોને, સ્વદર્શનના અનુમોદક કરતા રહે તો મહાવ્રતધારી " સવી જીવ કરૂં શાસન રસી " એવા ભાવમાં હોવાથી એવા આચારમાં પણ દેખાશે અને એવા સુસાધુનું દષ્ટાંત લઇ અણુવ્રત ધારી શ્રાવકોને મહાવ્રત પર ચડાવશે, તો અણુવ્રત ધારી, જૈન દર્શન અનુમોદક સર્વ મનુષ્યોને જિન અણુવ્રત અંગીકાર કરવાને ઉત્સાહવાન્ પણ બનાવશે.

जैनमां नवीन पंथनी झांखी अने तेनुं समाधान.

(આ યુગમાં ત્રણે ફીરકાની અવિભકત જૈનતાની શકયતા.)

ચાલુ ડીસેંબર માસની તા. ૧૮ મીના "જૈન" પત્રના અંકમાં મહારાજશ્રી બુદ્ધિસાગરજી આપના પત્રમાં લખાયેલો "હાર્મની"નો લેખ જે ચાલુ માસની તા. ૧૦ મી એ આવેલો છે, તેના ઉત્તરમાં લખે છે કે--

"જૈનમાં નવીન પંથની શંકા અને તેનું સમાધાન એ નામનો લેખ વાંચી કંઈક નવું અનુભવ્યું છે"

ઉત્તરમાં જણાવવાનું કે આપે કંઇક નવું શું અનુભવ્યું ? તે ચોખ્ખું સમજાતું નથી. જ્યાં છૂટા પાડવાના પ્રયત્નો ત્રણે ફિરકાવાળાઓના ગુરૂઓથી અને વિદ્વાનોથી થતા હોય ત્યાં દેશકાલ અનુસાર અવિભક્ત જૈનતાની યુક્તિયો જોવામાં આવે અને તેથી કંઇ નવું અનુભવાય તો તે ખોટું નથી કારણકે સમગ્ર જૈનની એકતા વિના અભિવૃદ્ધિ તો દૂર રહી, પરંતુ રક્ષા પણ–થોડા કાળમાં જમાનો જોતાં જણાશે કે–વળી મુશ્કેલ છે. માટે નવું અનુભવ્યું તે પણ લેખકના વિચાર પ્રમાણે આપ દેશકાળપર દૃષ્ટિ કરશો તો અનુમોદનીય થશે એટલુંજ નહિ પણ અનુકરણીય પણ થશે.

આપ લખો છો કે—

"એ (હાર્મનીના) લેખમાં કંઇ અમારા લેખના વિચારોનું સમાધાન થયેલું જોવામાં આવતું નથી"

આપશ્રીના પ્રત્યેક વાક્યને અવતરણમાં રાખી પ્રમાણ અને દાખલા આપી આપની શંકાનું સમાધાન કરવામાં આવ્યું છે. આપે

કૃપા કરી એમ જણાવ્યું હોત કે " અમારા લેખના અમુક વિચારોનું સમાધાન કરવા 'હાર્મનીએ' પ્રયત્ન કરતાં છતાં થયું નથી" તો ઉચિત ગણાત. આપ હાલ વિહારમાં છો તેથી આપને જ્યારે અવકાશ મળે ત્યારે જે વિચારોનું સમાધાન ન થયું હોય તે જણાવશો. તથાપિ લેખકને કંઈક એવું આપના લેખ ઉપરથી લાગે છે કે જૈનમાં આપને નવીન પંથની શંકા તો હવે નથી. પરંતુ લેખકના લેખ વાંચવાથી પણ તેની " ઝાંખી " કંઈક થઇ જતી હોય એમ જણાય છે.

આપશ્રીએ લખેલો લેખ જે સપ્ટેંબર મહીનાની તા. ૨૪ મીએ ન્યાયપ્રીય સાંજ વર્તમાન પત્રમાં દાખલ થયો છે તે, અને તેના ઉત્તરરૂપે તા. ૧૦ મી ડીશેંબરના એજ પત્રના અંકમાં લેખકે લખ્યો છે તે, સાથે રાખી વાંચશો તો, અને **વિચાર વિશાળતાની** સાથે **હૃદય વિશાળતા** પૂર્વક જોવા ફરીથી કૃપા કરશો તો નવીન પંથની ઝાંખીરૂપ ભ્રાંતિ **પણ** જઇ **અવિભક્ત જૈનતાની** જ્યોતિનું અવશ્ય દર્શન થશે.

આપ આગળ જતાં જણાવો છો કે " લેખકે સારી ભાષામાં લેખ લખ્યો છે પણ તે કોણ છે તે જણાવે તો તેની યોગ્યતા પીછાની ઉત્તર આપી શકાય." લેખકને પોતાનું નામ આપવાનું કંઇ મુશ્કેલ નથી, તથાપિ યોગ્ય કારણને લઈને તેણે નામ નથી આપ્યું. ઉત્તર આપશ્રીને જે આપવાનું છે તે લેખની યથાર્થતા ઉપર છે. વળી આપને યાદ હશે કે સુરતમાં બિરાજતા મુનિમંડળે હાલ ચર્ચાએ ચડેલા પેલા **લાલનના** પુસ્તકો સંબંધી શું કર્યું ? જે પુસ્તકોને તેઓશ્રીએ " રત્નદીપિકા " જણાવી, જે પુસ્તકોને ' શાસ્ત્રાનુસાર ' જણાવ્યાં, તે પુસ્તકોનો પણ **લાલન**પર રોષ થતાં નિષેધ કરાવ્યો. જ્યારે **તોષ** ત્યારે જેપુસ્તકોની **વિધિ** અને જ્યારે **રોષ** ત્યારે તેજ પુસ્તકોનો **નિષેધ,** એ કેવો ન્યાય ! એ કેવી પરીક્ષણ શક્તિ ! એ

આપજ વિચારી લેશો. માટે મારૂં હૃદય, મારૂં કામ અને એજ પ્રમાણે મારૂં નામ આપ માનો, કે ન માનો તો પણ આપ થોડા વખતમાં જોશો કે તે હામેની છે. સુસંપ અવિભક્તતા છે, અને તે હેતુ શાસ્ત્રના મૂળ હેતુ—આશયને વળગી દેશકાળની પદ્ધતિએ માત્ર સાધેલ હોવાથી આપશ્રીને નવીનતાની ભ્રાંતિ લાગતી હશે, પરંતુ તેમાં તેવું કંઈ નથી.

લેખકને આપની નીચે લખેલી સંમતિ મળી તેથી હર્ષ થાય છે એટલુજ નહિં, પરંતુ આ યુગને છાજતા આપના વિચારોનું જેમ અનુમોદન મળ્યું છે તેમ આપની ક્રિયાનું પણ આપના ઉપદેશનું પણ આપના યોગનિષ્ટતાના અતિશયનું આયંદે અનુકરણ પણ થશે. આપ લખો છો કે—

" ત્રણે ફીરકાઓમાં પણ જેટલી બાબત મળતી આવતી હોય તેટલામાં એકતા કરીને રહે તો આનંદની વાત છે". આપના આ વિચારને આ લેખક અનેકવાર ધન્યવાદ આપી, આપને એટલી પ્રાર્થના કરે છે કે " ત્રણે ફીરકાઓમાં જેટલી બાબત મળતી આવતી હોય તેટલામાં અમે એકતા કરાવી એકતાનો શો આનંદ છે તે દેખાડીશું". આમ જો બને તો લેખક ખાત્રી પૂર્વક કહે છે કે ત્રણે ફીરકામાં જયાં વિરોધતા દેખાય છે, તે વિરોધતાની શંકા થોડા વખતમાં ઉડી જઈ, ક્ષયોપશમની " વિચિત્રતા "—કે " વિવિધતા " પ્રત્યક્ષ થશે, એટલુંજ નહિં પરંતુ આપની પેઠે બીજા મુનિ મહારાજો પણ કલેશની ઉદ્દીરણા કરવાનું નહિ ઈચ્છે તો હાલ જે આપના વિચારમાં ઐક્યતા છે તે થોડા વખતમાં સુજ્ઞજનોના વિચાર ઉપરાંત ઉપદેશમાં અને પ્રજાના આચારમાં પણ જોવામાં આવશે કારણકે બાળ કે અજ્ઞજીવો તો ઘણે ભાગે અનુકરણ કરનારા હોય છે.

" સિદ્ધાંતો વિરૂદ્ધ નવીન પંથની પ્રવૃતિ તથા તત્વવિરૂદ્ધ પ્રરૂ-

પણાને પણ સત્ય માની લઇ ઐક્યતા કરવાના હિમાયતી થઇ જવું" એ જેમ આપનો વિચાર નથી તેમ લેખકનો પણ નથી. તથાપિ સિદ્ધાંત દુઃખીપર દયા કરવાનું, ગુણવાનપર પ્રેમ રાખવાનું અને સમશીલવાળાપર મૈત્રી રાખવાનું ના પાડતા નથી. તેમજ તત્વાનુકુળ બાબતો એટલી બધી છે કે જેમાં ઐક્યતા સાધવી તે ઘણીજ ઉપયોગી થઈ પડે અને જયાં હાલ કદાચ વિરોધ દેખાય ત્યાં માધ્યસ્થતા કે કરૂણા પણ રહે.

" શ્રીમદ્ રાયચંદ્રના રાગીઓ તેમના નામનો પંથ કાઢવાની હીલચાલો કરે તો તેનો વિચાર સંઘે કરવો જોઇએ."

શ્રીમદ્‌રાયચંદ્રના રાગીઓ નવીન પંથ કાઢવાની પ્રવૃતિ કરતા હોય એવું આ લેખકના જાણવામાં નથી. તથાપિ આપ કે અન્ય મુનિમહારાજાઓ સંઘને પ્રેરણા કરે કે તમારે વિચાર કરવો જોઇએ અને કદાચ તેઓ વિચાર કરે અને રાયચંદ્રના પુસ્તકની જાહેર તપાસ વિના તેનો પણ નિષેધ કરવામાં આવે તો લેખકને ભય રહે છે કે આપે નવીન પંથ બરોબર તેમની ઇચ્છા હોય કે ન હોય તો પણ ઉત્પન્ન કરાવ્યો એમ થશે. જે તેઓમાં ભૂલ હોય ત્યાં આપ જેવા સામર્થ્યવાનને તેઓનાપર કરૂણા કેમ નથી આવતી ! જે જે તેઓમાં ગુણ હોય તે ગુણોની વૃદ્ધિને માટે તેમને ઉત્સાહ કેમ નથી આપવામાં આવતો ! આપતો સારી પેઠે જાણો છો કે તિરસ્કાર અંતરને—છેટાને વધારેછે અને કરૂણા અંતરને મટાડે છે. ગુણની ઈર્ષ્યા વિશેષ છેટું પાડે છે અને તેનો પ્રમોદ પોતાનામાં તે ગુણો પ્રગટાવી છેટાને છેદી ગુણોને સામીપમાં લાવે છે.

આપશ્રીના લખવા પ્રમાણે કદાચ નવીન પંથની શંકા આપનામાંથી ગઈ હોય માત્ર " ઝાંખી " રહી હોય તો તેનું સમાધાન કેમ થશે તે દેખાડવા લેખક યથાશક્તિ પ્રયાસ કરે છે.

દાખલા તરીકે ૨૪મી સપ્ટેંબરના સાંજના પત્રમાં આપ લખો છો કે "શું સ્થાનક વાસી પ્રતિમાને માનનાર છે ?"

આના ઉત્તરમાં લેખકે જણાવ્યું છે કે સ્થાનકવાસી આત્મારામજી, સ્થાનકવાસી રત્ન વિજયજી, સ્થાનકવાસી પદ્મવિજયજી, હાલ પ્રતિમાજીની ભાવપૂજા નથી કરતા ? તેમજ સ્થાનકવાસી પ્રમાણવિજયજી ભાવપૂર્વક દ્રવ્ય પૂજન શું નથી કરતા ? આમ શાથી થયું ! સ્થાનકવાસી મંદિરમાર્ગીના પુસ્તકોનો અને વિદ્વાનોનો પરિચય કરવાથી કે દિવસાનુદિવસ છેટું પાડવાથી–પડાવવાથી ?

વળી અનેક સમાન બાબતમાં 'અવિભક્તતા' સાધી તો જ્યાં વિરોધ દેખાય છે ત્યાં વિરોધ નહિ રહે. જ્યારે પરસ્પર મંદિરમાર્ગી અને સાધુમાર્ગી પોતાના અનેક ગુણોવડે મળશે ત્યારે–અને એવો પ્રયત્ન થોડા વખત સુધી જારી રહેશે ત્યારે–આપણે જોઈ શકીશું કે આપણા સ્થાનકવાસી ભાઈઓ પ્રતિમાને માનનાર થશે એમ નહિં, પરંતુ તેઓ શ્રીવીતરાગની પ્રતિમાની નિંદાતો નહીં કરશે કે નહિં કરવા દેશે. હાલના કાળમાં આટલા વિરોધનો લોપ થાય તો ઉભય વર્ગનું ફાજળ પડતું ધર્મબળ વિશેષ કામ આવે. લેખકનું એમ માનવું છે કે ત્રણે ફીરકાના સુજ્ઞજનોમાં આમ થવું એ દુઃશક્ય નથી.

વળી સાધુમાર્ગી નામનિક્ષેપાએ જે સાધ્યરૂપ શ્રી અરિહંતના ગુણગ્રામ કરે છે, તેજ સાધ્યરૂપ શ્રી અરિહંતને નામ ઉપરાંત સ્થાપના વડે પણ પામે, એ જોઈ કયો પ્રજ્ઞજૈન આનંદ નહિં પામે? પછી તે ગમે તે ફિરકાનો હોય તેથી શું થયું ?

નામનિક્ષેપે ઉભયની ઐક્યતા–ઉભયનું સાધ્ય જ્યારે એક છે અને સ્થાપનાવડે પણ જ્યારે તેજ સાધ્યની પુષ્ટિ થાય છે તો આપ જેવા સમર્થ યોગિયો શા માટે સાધ્યદશા ઉપર પ્રજ્ઞ પુરૂષોનું લક્ષ

ખેંચવાનો આવા અનુકૂળ યુગમાં પણ–આવા સુસંપના યુગમાં પણ પ્રયત્ન નહિં સેવતા હોય ?

આપ લખો છો કે " નવીન વેષ–નવીન ક્રિયા એજ (નવીન) પંથનો મૂળ હેતુ છે."

લેખકના વિચાર પ્રમાણે આ વાત કંઈ આગળના વખતમાં ખરી હશે, અર્થાત્ વેશ એ નવીન પંથનું કારણ ગણતું હશે. પણ સાંપ્રત વિચાર કાળ તો અમુક વેષની અને ક્રિયાની કયા એકજ વિચારમાંથી ઉત્પતિ છે તેને જોવા લાગ્યો છે. માટે નવીન પંથનું મૂળ નવીન ક્રિયા કે નવો વેષ ન હોય પરંતુ નવીન વિચાર હોય. કારણ કે વિચાર એ ક્રિયા અને વેષનો પિતા છે, તથાપિ ઐકયતા સાધવાના ઉપાયને નવીન પંથ કહેવો એતો વિચાર સંકોચતાની ઉપરાંત હૃદય સંકોચતાની પણ કંઈક "ઝાંખી" કરાવે છે.

૧ જુઓ નાના પ્રકારના રંગોવાળી સાડીઓ પહેરનાર બ્હેનોનો વેષ જૂદો હોય છે તે છતાં એકજ મંદિરમાં દર્શન કરવા જતી દેખાય છે.

૨ જુઓ ગૃહસ્થો, ગોરજીઓ અને સાધુઓ જુદા જુદા વેષોને પણ જુદા જુદા પંથ કાઢવાનું મૂળ ન ગણીને શ્રી શત્રુંજય ગિરિપર શ્રી આદીશ્વરના દર્શન કરતાં જોવામાં આવે છે–કારણ કે ત્યાં વિચારની ઐકયતા છે.

જુઓ અચળ ગચ્છવાળા શ્રી વીતરાગ પ્રભુની પૂજા કરતાં નાભિથી હૃદયપર, હૃદયથી કંઠપર, કંઠથી લલાટપર અને લલાટથી શિખાપર પૂજન કરતા જોવામાં આવે છે. ત્યારે તેજ આદીશ્વર ભગવાનની પૂજા કરતાં અન્ય અપેક્ષાને અવલંબી તપગચ્છવાળા ખભાપર પૂજન કરી પ્રથમ શિખાપર, પછી લલાટપર, પછી કંઠ

---

૧. ૨. વેશ ભિન્નતામાં પંથની શંકાનું સમાધાન.

પર, પછી હૃદયપર અને છેવટે નાભિપર પૂજન કરે છે એથી શું એક સાધ્યરૂપ વીતરાગ દેવને છોડી કોઈ અન્ય દેવનું પૂજન થયું કહેવાય ! કે નવીન ઉદ્ભવ પૂજન વિવિધતાને લીધે ગણાય ! ૧

આ લેખ લખવાનો હેતુઃ—મહારાજ શ્રી શાસ્ત્રાનુકુળ સંપભાવને પ્રશસ્ય ગણે છે તો તે વિચારને અમલમાં મૂકવાની પણ પ્રવૃતિ કરતા રહેશો અને આમ કરશો તો અવિભકત જૈનતા જેનો અરૂણોદય થયો છે તેનો ઉદય--વૃદ્ધિ પણ જોવા પામશો એટલુંજ નહિ પણ તેનો આનંદ પણ આ નવીન યુગને, આપશ્રી દેખાડશો એવી યોગનિષ્ઠ મહારાજશ્રીના શિષ્યની પ્રાર્થના.

હાર્મની **Harmony.**

जैन धर्मनो जगतने संदेशो

(A Message of Jainism.)

જૈનધર્મનું લક્ષ્યસ્થાન પ્રથમ ઈશ્વર–પ્રાપ્તિ અને પછી પરમેશ્વર પ્રાપ્તિ. ઈશ્વરને જૈનો જિન અને પરમેશ્વરને સિદ્ધ કહે છે. ઈશ્વર પ્રાપ્તિ એટલે પોતામાં રહેલ ગુપ્ત ગુણોને પ્રગટ પૂર્ણ પણે કરવા તે. જ્યારે જ્ઞાન, દર્શન, આનંદ, અને બળ એ ચારે અનંત કે પૂર્ણ અવસ્થાને પહોંચે ત્યારે મનુષ્ય પોતે ઇશ્વર કે જિન કહેવાય છે. એ ચારે ગુણોને જૈનશાસ્ત્રમાં અનંતચતુષ્ટય કહે છે.

જગતનો ઉદ્ધાર કરવાને ઇશ્વરને જગતમાં પોતાનું ઉચ્ચ સ્થાન છોડી મનુષ્યપણું લેવું પડે છે, એટલે કે ઇશ્વરને અવતાર લેવો પડે છે એ કલ્પનાને જૈન ધર્મમાં સ્થાન મળ્યું નથી પરંતુ મનુષ્ય

---

૧ ક્રિયાભિન્નતા પણ માર્ગ ભિન્નતા નથી તેનું ઉદાહરણ.

પોતે પોતાની સત્ જ્ઞાન અને સત્ક્રિયાથી ચડતો પોતે ઇશ્વર કે જિન થઈ શકે છે, આ વાત જૈનશાસ્ત્રમાં ઠામ ઠામ જણાવેલી છે. આત્મા અનંત જ્ઞાન, અનત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય (પરાક્રમ) એ ગુણોથી પ્રપૂર્ણ છે. એ ગુણો મનુષ્ય સત્ય ક્રિયાથી પોતામાં પ્રગટ કરે, ત્યારે તે મનુષ્ય ઇશ્વર કે જિન ગણાય છે. ટુંકામાં જૈનધર્મ એ માનવેશ્વર ધર્મ છે, અર્થાત્ મનુષ્ય ધર્મ છે, અર્થાત્ મનુષ્ય પોતે ઉચ્ચમાં ઉચ્ચ અવસ્થાએ ઇશ્વિર એટલે ત્રણ જગતના-સ્વર્ગ-મૃત્યુ અને પાતાળના સર્વ જીવ માત્રમાં શ્રેષ્ટમાં શ્રેષ્ટ એવી વ્યક્તિ. આ વ્યક્તિ તે મનુષ્યજ હોઈ શકે એવું જિનધર્મનું માનવું છે.

ઈશ્વર કેવો છે ?

જે મનુષ્ય, આનંદનો સાગર જાણે હોય, સામર્થ્યનો મેરૂ હોય, જ્ઞાનનો સૂર્ય હોય, દર્શનનો પૂર્ણ ચંદ્ર હોય તે મનુષ્ય અન્યજનોથી ઇશ્વિર કે જિન એવા નામથી ઓળખાય છે.

આવું ઈશ્વરત્વ મનુષ્યમાં કેમ આવે !

ટુંકામાં આ પ્રશ્નનું ઉત્તર એટલુંજ કે-**સેવાથી.** સેવા કોની ? ચોરાશી લક્ષ યોનિમાં રહેલા સર્વ જીવોની. માણસ પોતે ગમે તેવો ઉચ્ચ સ્થિતિએ ગણાતો હોય તો પણ એ મનુષ્ય રત્ન પોતે લઘુમાં લઘુ નાનામાં નાનો બની જીવ માત્રની સેવા કરવાને **સેવાધર્મ** અંગીકાર કરે એટલે તે ઇશ્વર તરફ ચડતો ચડતો અંતે મનુષ્યપણામાંજ ઇશ્વરપણું પામી શકે છે. મનુષ્ય અવસ્થામાં છેલ્લામાં છેલ્લી હદ કે ટોચ તે જિન કે ઇશ્વર છે. એ ઇશ્વર સકલ દોષથી રહિત એટલે પૂર્ણ પવિત્ર છે, અનંત જ્ઞાનવાન્ છે, અનંત આનંદવાળો છે, અને અનંત સામર્થ્યવાન્ છે. બીજી રીતિયે કહીએ તો સર્વજ્ઞ, સર્વશક્તિમાન્, સર્વાનંદ યુક્ત અને સર્વ દર્શી છે.

પરમેશ્વર કેમ થવાય છે.

પરમેશ્વર પણ મનુષ્યજ થઈ શકે છે. જેમ સર્વ જીવ માત્રની સેવા કરતાં કરતાં મનુષ્ય ઇશ્વર કે જિન થાય છે. તેમ સર્વજીવમાત્રની સાથે સમભાવ રાખતા, એટલે બરોબર પોતાના સરખા એક રતિ માત્ર પણ ઓછા યા અધિકા નહિ ગણતાં મનુષ્ય પોતે પરમેશ્વર કે સિદ્ધ થઇ શકે છે.

ટુંકામાં ચોરાશિલક્ષ જીવયોનિમાં આવેલા સર્વ જીવોથી પોતાને લઘુતમ જાણી—પોતે તેનો પૂર્ણ સેવક બને તે મનુષ્ય ઇશ્વર થાય છે અને પોતાને તે સકલ જીવ માત્ર બરોબર સરખો દેખે તે પરમેશ્વર કે સિદ્ધ થાય છે. સર્વની **સેવાથી** ઇશ્વર કે જિન થાય છે અને સર્વની સાથે **સમભાવથી** તે પરમેશ્વર કે સિદ્ધ થાય છે.

આવી ભાવનાનું ઉદાહરણ આ પ્રમાણે છે.

પ્રત્યેક મનુષ્ય જે જિનદેવ કે ઇશ્વિર થાય છે તે પોતાની એ પૂર્ણ અવસ્થા એ આવ્યા પહેલાં એવી ભાવના કરે છે કે

" સવી જીવ કરૂં શાસન રસી,
એસી ભાવ દયા મન ઉલ્લસી. "

સર્વ જીવોને હું શાસનના રસીક બનાવી ઇશ્વિરત્વ કે જિનત્વ પમાડું આ ભાવના પૂર્વક પોતાને લઘુતમ ગણી, સર્વ જીવોની મન વચન કાયાથી સેવા કરે તે ઇશ્વિર થાય છે.

પરમેશ્વર કોણ ગણાય ?

જિનશાસ્ત્ર પ્રમાણે ત્રણ પ્રકારની વ્યક્તિઓ પરમેશ્વર ગણાય. જે પરમેશ્વરત્વ પામ્યા હોય તે, જે હાલ હોય તે, અને જે હવે પછી પરમેશ્વર થવાના હોય. અર્થાત્ સર્વ જીવો પરમેશ્વર છે એવું ગણવું—માનવું—અનુભવવું અને તેની સેવા પૂજા ઇત્યાદિ ત્રિકરણે કરવી. આ રીતિએ સર્વ જીવોને પરમેશ્વર બરોબર ગણી જે મનુષ્ય તેની

ભક્તિ કરે તે પહેલાં ઇશ્વર અને પછી પરમેશ્વર થાય છે.

હાલ ખરેખર જૈનોમાં ઈશ્વર કોણ મનાય છે ?

જો કે શાસ્ત્ર ત્રણે પ્રકારના એટલે ત્રણે કાળના જીવોને પરમેશ્વર ગણવાનું કહે છે, પરંતુ જૈનલોકો ઘણે ભાગે જે ઈશ્વર થઈ પરમેશ્વર કે સિદ્ધ થયા તેની સેવા ભક્તિ કરે છે; અને થોડે અંશે જે હાલ પરમેશ્વર મહાવિદેહ ક્ષેત્રમાં છે, તેની કલ્પના કરી તેની સેવા કરે છે. અને તેથી પણ થોડે ભાગે હવે થનાર ઇશ્વર કે પરમેશ્વરની પૂજા-સેવા આદરે છે.

એની પ્રતીતિ શી ?

જુઓ ગીરનાર કે શત્રુંજય તેમજ ક્ષેત્ર નગર, ગામ, ત્યાં ત્યાં જે જે તીર્થંકરો થયા છે, અને જે જે વિહરમાન રૂપે હાલ મહાવિદેહમાં છે, તેમની પ્રતિમા કરી તેની પૂજા સેવા ઇત્યાદિ કરે છે. જેમ ભિલ્લે દ્રોણાચાર્યમાં નહિ પરંતુ તેની પ્રતિમામાં પૂર્ણભાવ રાખી ધનુર્વિદ્યા સાધ્ય કરી, તેમ જે મનુષ્યો ઈશ્વર, જિન કે પરમેશ્વર થયા અને હાલ પોતાની સમક્ષ દેહરૂપે વિદ્યમાન ન હોવાથી, તેની પ્રતિમા બનાવી, શ્વેતાંબર, દિગંબર જૈનો તેની સેવા પૂજા ઈત્યાદિ કરે છે કારણ કે "જૈનપ્રતિમા જીનવરસરખી, કહી સૂત્ર મુઝાર" જૈન શાસ્ત્રમાં જિન પ્રતિમાને જિનેશ્વર સરખી કહી છે.

ભૂતકાળમાં થયેલા આ ઇશ્વરો, જિનો, અને પરમેશ્વરને તે માને છે, પૂજે છે, સ્તવે છે અને તેમની પ્રતિમાદ્વારાએ પણ તેજ ગતકાળમાં થયેલા પરમેશ્વરને માને છે, પૂજે છે, સ્તવે છે, પરન્તુ વર્તમાનમાં જીવો દ્રવ્ય છે અને હવે ઈશ્વર કે પરમેશ્વર થવાના છે તેને હાલ ઇશ્વર જિન, કે પરમેશ્વર વિશેષ ભાગે માની-ગણી તેની સેવા કરતા નથી. હાલ જૈનો જ્યારે વિશેષ ભાગે ગત કાળના જીવોને ઇશ્વર કે જિનેશ્વર માની સેવે છે, ત્યારે લાલન વિશેષ ભાગે

ભાવી ઇશ્વર અને પરમેશ્વરને જિનરાજ ગણી સેવે છે. સર્વ જીવો ભાવી ભગવાન્ છે, **લાલન** ભક્ત છે. સર્વ જીવો સેવ્ય છે, **લાલન** સેવક છે. સર્વ જીવો રાજા છે, **લાલન** પ્રજા છે. સર્વજીવો શેઠ છે, **લાલન** ચાકર છે. સર્વજીવો ગુરૂ છે, **લાલન** શિષ્ય છે. આમ સર્વ ગુરૂતમ કે પ્રભુતમ છે, **લાલન** લઘુતમ કે અણુતમ છે.

કુદરતી નિયમ.

જે લઘુતમ છે તે પ્રભુતમ થાય છે; જે પ્રભુતમ માની લે છે તે લઘુતમ બને છે.

લઘુતાસે પ્રભુતા બઢે,
પ્રભુતાસે પ્રભુતા જાય.

આમ માનવ સેવા—જીવ માત્રની સેવા કરનાર ભાવી કાળે ઇશ્વર થાય એવું જિન શાસ્ત્રનું વચન છે અને કુદરતનો પણ કાનુન તેવોજ દેખાય છે.

પ્રથમ તો સેવા ધર્મ અંગીકાર કરનારનાં પાપ અહીંજ ભસ્મીભૂત થાય છે.

જ્યારે ન્હાનામાં ન્હાની કીડી, અને મ્હોટામાં મ્હોટો ઇન્દ્ર, ન્હાનામાં ન્હાનો ભિક્ષુ અને મ્હોટામાં મ્હોટો રાજા, એ સર્વમાં ઇશ્વર પણું, જિનપણું કે બ્રહ્મપણું જે અનન્ત ગુણથી ભરેલું છે, તે દેખાય—જોવાય, અને વર્તમાનમાંજ અનુભવાય, અને પોતાને તેના ભક્ત—સેવક ગણાય ત્યારે તેના ગુણો પર તેને પૂજ્ય ભાવ હોય. ગુણવાનની અનુમોદના પૂર્વક સેવા હોય, પણ ઇર્ષા કે દ્વેષ ન હોય, આમ કરવાથી તેનાં પાપ સર્વત્ર બળી જાય. પરન્તુ તે ગુણોની અન્દર સ્તુતિ કરતાં પોતાને તેના સમાન નહિ પણ લઘુતમ કે અણુતમ ગણતો હોવાથી એવું પુણ્ય બાંધે કે તે તીર્થંકર ગોત્ર ઉપાર્જન કરે અન્તે—ઇશ્વર કે જિનેશ્વર થાય. આમ સર્વ જીવને પુજ્યતમ ગણી પૂજત

એવા પૂજ્ય ગુણો પોતાનામાં પ્રકટે એટલે કે તેને મેરૂ જેટલાં શુભ કર્મનો પહાડ થતાં તે પોતેજ જિનત્વ પામે છે. ઇશ્વરત્વ પામે છે. આવા સમયે સર્વ જીવને પ્રત્યક્ષ કેવળ જ્ઞાનરૂપ જોઈ, પોતે અનુભવી પોતાને પણ તેમાં સમાન રાખી ભાવના કરતાં કરતાં જીવ સિદ્ધત્વ એટલે પરમેશ્વરત્વ પૂર્ણ પુરૂષોત્તમપણું પામે છે.

શાંતિનો માર્ગ.

વેર વિરોધ થવાનું કારણ સ્પષ્ટ છે. સ્વધર્મની ખુબી બતાવવા કરતાં પરધર્મની નિંદાનું એઠું ભોજન કરનાર—કરાવનાર આર્ય ધર્મી કહેતા,-કહેવાતા મહાત્માઓની જગતમાં કાંઇ ખોટ નથી, અત્રે કહેવું પડે છે કે, ગમે તેવા સદ્ હેતુથી પરધર્મની નિંદા કરવાનું ઉચિત ધારવામાં પૂર્વે આવ્યું હોય તથાપિ હાલ તેનું પરિણામ અશાન્તિમાંજ આવ્યું છે—એ સર્વ કોઇને જાણીતું છે.

સ્વસંપ્રદાય—સ્વપંથ, સ્વમાર્ગ, સ્વગચ્છ, અને પોતાનાજ ટોળાંમાંજ ચાલતા ધર્મની સુંદરતા દર્શાવવા કરતાં પર સંપ્રદાય કે બીજાના ટોળાંની ખોડખાંપણ ઉપર તિરસ્કારનો ક્રોધ વરસાવનારા પુર્વે હતા અને હાલ પણ કાંઈ ઓછા થયા નથી.

આવા વખતમાં કે જ્યારે ધર્મ પોતે મુખે ૐશાંતિઃ ૐશાંતિઃ ૐશાંતિઃ એવા ઉચ્ચારો કરે છે; તેજ સ્વમુખે અન્ય સંપ્રદાયોને શાંતિથી બોલાવવાને બદલે—ભેટવાને બદલે નાસ્તિક, મિથ્યાત્વી અનાર્ય મ્લેચ્છ, કાફર, કુસંગી વગેરે ગાળાઓ કરતાં પણ કઠોર વાણીના શસ્ત્રોવડે ધર્મ જગતમાં અશાન્તિ ફેલાવ્યા કરે છે. આવી વેળાએ આપણી ઉધરતી હિંદી પ્રજાને કઇ પદ્ધતિએ ધર્મ જ્ઞાન અપાય કે, જેમાં સ્વધર્મની લાભ દાયક સર્વને હિતકારક અને ઉત્ત-

રોજર ખુબીઓના વિશેષ વિશેષ દર્શન થયાં કરે અને પરધર્મની ઘણું કરી જ્યાં ગુણ હોય ત્યાં સ્તુતિ થાય, અને નિંદાતો નજ થાય.

નિંદા—તિરસ્કાર નહિ પણ કરૂણા પ્રમોદ.

એવી કઇ પદ્ધતિએ ધર્મનો બોધ અપાય કે પોતાથી ન્યૂન શક્તિવાળા જે ધર્મો કે સંપ્રદાય જણાય તેના ઉપર તીરસ્કાર ન થતાં; એ ધર્મ અમારો લઘુ બંધુ છે, એવું જાણી તેની તરફ કરૂણાથી વર્ત્તાય ?

પોતાથી ગુણ દ્રષ્ટીવડે જણાય કે અમુક ધર્મ કે સંપ્રદાય અધિક શક્તિવાળો છે, તો તેને પણ પોતાનો વડીલ બંધુ જાણી, તેની સાથે ઇર્ષ્યાથી ન વર્ત્તતાં પ્રમોદ વર્ત્તાવે અને સકલ ધર્મવાળા સાથે સ્નેહ રાખે.

ઘણું કરી ધર્મ જે આપણને જ્યારે આપણાથી શરીરે દુઃખી, બુદ્ધિએ અલ્પજ્ઞ, રિદ્ધિએ ગરિબ, એવા માણસ હોય તેના ઉપર કરૂણા બતાવવાનું શીખવે છે, તો પછી એ ધર્મ સમુદાય પોતા કરતાં જે ધર્મ સમુદાય અશક્ત હોય, અજ્ઞ હોય, નિર્ધની હોય, તેના ઉપર કરૂણા કાં નથી કરતો ? અને પોતાના દુઃખી અલ્પજ્ઞાની નિર્ધન બંધુ ધર્મને સુખી—જ્ઞાની—ધની કે બળવાન કાં નથી બનાવતો ! તેમજ જ્યારે આપણને આપણા કરતાં મને, તને, ધને, અને અધિકારે, જે અધિક હોય તેને જોઇને રાજી થવાનું જો ધર્મ શીખવે છે તો, તે ધર્મ સંપ્રદાય બીજા ધર્મમાં ધન, તન, મનની અધિકતા જોઈ, રાજી કેમ થતો નથી. !

માનવો એક બીજાને બંધુઓ ગણવા—માનવા અને હવે કાંઇ વર્ત્તવા પણ શીખ્યા છિયે. ત્યારે અન્ય ધર્મોને ધર્મ પોતે પોતાના સગા બંધુ ગણીને તેમની સાથે કેમ નહિ વર્તતો હોય ! ખરેખર માનવ જાતના સુપુણ્યે જ્યારે હાલ અંદર અંદરના ટોળાના, ગચ્છોના

કે સંપ્રદાયોના કલહો પીગળી જઈ કોનફરન્સો—પરિષદો થવા લાગી છે, એવે વખતે કોઈ ઉદાર ધર્મે પોતાના હિંદુસ્તાનના સર્વ બાંધવ ધર્મોને એકત્ર કરી, યુનીયન રીલીજીયસ કોંગ્રેસ(Union Religious Congress) બનાવી ધર્મ ધર્મ વચ્ચેના કલહ શા માટે પીગળાવી નાખવા ન જોઇયે ? હિંદમાં આમ કરી વિરોધતાવાળું નહિ, પણ વિવિધતાવાળું ધાર્મિક ઐકય શા માટે દેખાડવું ન જોઇએ, ? પરસ્પર લડી, સ્વધર્મ જોવાનું બળ આપણે ખોઇએ છિયે, એટલુંજ નહિ પણ અદેખા બીડના કુતરાની પેઠે પોતાનો ધર્મપણ પાળતાં પરધર્મને અટકાવીએ છિયે, એવું હાલનું આપણું ધાર્મિક કહેવાતું વર્તન કેરૂ દસરા સરખું છે ? માટે પોતાના ધર્મ બળને તેવે માર્ગે ન વાપરતાં પોતાનોજ ધર્મ પાળવામાં વાપરવું એ પણ ઠીક થઇ પડશે.

સર્વ દર્શનના જ્ઞાની પુરૂષો એમ કહે છે કે અને કહી ગયા છે કે સર્વ ધર્મ સમાન છે. એમ કહેવાનો આશય એમનો એવો નથી કે ગોળ અને ખોળ તે બંને એક સરખા છે. પરંતુ એ મીઠાં તો બંને છે. જે અવસ્થાએ જીવને ખોળ મીઠો લાગે છે, અને જે અવસ્થાએ જીવને ગોળ મીઠો લાગે છે, તે અવસ્થામાં અંતર છે, તથાપિ મીઠાસના રસીક તો બન્ને અવસ્થાના જીવો હોય છે. એટલા માટે ખોળના રસીકને ખોગ અને ગોળના રસીકને જુદા પરસ્પર કહેવા એના કરતાં ખોળની મીઠાસને રસે ગોળની અનુમોદના કરવી; અને ગોળના રસીકજનોએ ખોળનો તિરસ્કાર કરવાને બદલે પોતાની રસિકતા ઓળખાવવાને ખોળ એ સાધન છે એમ જાણી ખોળના રસીક વાળાનો ઉપકાર માનવો ઘટે. આ પ્રમાણે ન્યુન શક્તિવાળા ધર્મો ઉપર અને અધિક શક્તિવાળા ધર્મો ઉપર કરૂણાદ્રષ્ટિ, સમદ્રષ્ટિ, ઉપકારદ્રષ્ટિ, થઇ શકે છે. કોઈ ધર્મમાં કોઈ ગુણનું પ્રધાન્ય દેખાય છે; તો બીજા ગુણના વર્તનમાં ન્યૂનતા દેખાય છે. તેમજ બીજા ધર્મમાં જ્યારે પહેલા ધર્મમાં દેખાતી ન્યૂનતાવાળા ગુણની પોતાનામાં અધિકતા દેખાવ આપે છે, તો કોઈ

બીજાજ ગુણમાં ન્યૂનતા દેખાય છે' આમ વિચાર કરતાં કેટલાએક ધર્મોના ગુણોનું તારણ કરવામાં આવે તો દરેક ધર્મોના ગુણોના સરવાળાની રકમો જુદી હોય છે, તથાપિ સરવાળો એક સરખોજ થઇ રહે છે.

દાખલા તરીકે મનુમહારાજ ધર્મનાં દશ લક્ષણ જેમ કહે છે, તેમ જૈનાચાર્યો ધર્મની દશ દશ મહાશિક્ષાઓ બોધે છે. ક્રિશ્ચયનોની દશ આજ્ઞાઓ છે, અને બૌદ્ધમાં પણ તેવાંજ દશ શીલ છે વર્ત્તનમાં કોઇ ધર્મ સંસ્થા એક ગુણમાં અધિક તો બીજા ગુણમાં ન્યુન અને બીજામાં ન્યુનતો ત્રિજામાં અધિક હોય છે.

કોઇ ક્ષમામાં અધિક તો કોઇ સત્ય તેટલાજ પ્રમાણમાં બોલી શકતું નથી. કોઈ પ્રમાણીકપણામાં અધિક તો તેટલા જ પ્રમાણમાં બ્રહ્મચર્ય કે શીળ પાળી શકતું નથી, પરંતુ આમ જે એક બીજા કરતાં જે અધિક હોય, તેણે પરસ્પર લડીને પોતાનું બળ ઘટાડવા કરતાં પરસ્પર સહાય ભૂત થવું. કુદરતે પણ જેનામાં જે ગુણ સ્વાભાવિક રીતે અધિક છે, તે ધર્મને તે કાર્ય ચલાવવાનું સોંપેલું હોય એવું સ્પષ્ટ જણાઇ આવે છે. જેમ એક રાજ્યની સુવ્યવસ્થાને વાસ્તે જે માણસમાં જેટલું માનવ સામર્થ્ય હોય, તે માણસને તેટલો અધિકાર આપી, રાજા તેની શકિત પ્રમાણેના પરગણા ઉપર કે દેશ ઉપર સત્તા ચલાવવાનું સોપેં છે. તેમ કુદરતરૂપી મહારાણી પણ જે ધર્મમાં જેટલું હૃદય બળ પ્રકટેલું હોય છે, તેને તેટલો અધિકાર આપી, તેટલા જીવસમુદાયનું રક્ષા કરવાનું કાર્ય સોંપે છે. અને જ્યારે કોઈ પણ અમલદાર પોતાને સોંપેલી સત્તાનો સદ્ ઉપયોગ કરી પરગણામાં કે દેશમાં રહેનાર લોકનો સંતોષ મેળવે છે, તોજ ઉપરનો અધિકાર પામી શકે છે. તેજ પ્રમાણે કુદરતના રાજ્યમાં પણ જે ધર્મ પોતાના હૃદય બળ વડે કુદરતના અમુક ભાગમાં જીવ સમુદાયની રક્ષા કરી, સંતોષ આપે છે, તોજ તે વધારે ઉચ્ચ અધિકારને પામે છે.

ઉદાહરણ તરીકે કુદરતે દરેક ધર્મને અહિંસા કે દયા કરવાને કહ્યું છે. અને ધારો કે ક્રિશ્ચયનોને સર્વ મનુષ્યને, દયા કરવાનો અધિકાર આપ્યો હોય; હિંદુઓને પણ પશુ પક્ષી વીગેરેની રક્ષા કરવાની સત્તા આપી હોય, અને જૈનોને તે ઉપરાંત ઝીણાં જંતુઓની પણ રક્ષા કરવાનું સોંપેલું હોય, અને તેઓ પોત પોતાના દયારૂપી ક્ષેત્ર ભાગમાં બરોબર કામ ચલાવી પ્રજાની સત્તાની આડે આવ્યાવિના કામ લેતા હોય, તો આ મહા ધર્મો પોતાનું ધર્મ બળ અજમાવી સર્વ ધર્મના ઉચ્ચ હેતુ પ્રાપ્ત કરી શકે, માટે જેમ પોલીશ કોન્સટેબલ મેજીસ્ટ્રેટને મદદ આપે છે, તેમ એક ધર્મે બીજા ધર્મને મદદ આપવી જોઇએ. આજ પ્રમાણે સત્યના રાજમાં, બ્રહ્મચર્યના રાજ્યમાં, પ્રમાણીકતામાં પરસ્પર સર્વ ધર્મવાળાઓ કાંતો મદદ કરે કે પોતાનું પોતે પાળી રહે, સાચવી રહેતો,—હિંદુસ્તાનના ધર્મજગતને ઘણો મ્હોટો લાભ થઈ શકે એમ છે. અને હીંદી નેશનલ, કોંગ્રેસ Indian national congress તે હિંદી રાજકીય કોંગ્રેસ તરીકેનું કામ બજાવે છે, તેમજ ઇંડીયન નેશનલ એડયુકેશનલ Indian natoinal educational) ઇંડિયન નેશનલ ઇંડસ્ત્રીઅલ (Indian national Industrial) વિગેરે કોંગ્રેસો ભરી અંતે ઇંડિયન નેશનલ રીલીજીયસ કોંગ્રેસ(Indian national religious congress)બનાવી શકાશે.

જૈનો અને હિંદુઓ જેમ જનાવરોની હોસ્પીટલ કે પાંજરાપોળ જેવી સંસ્થાઓ બનાવે છે તેમ આપણા ક્રિશ્ચિયન બાંધવો, લુલાં, લંગડા, પાંગળાં, આંધળાં, મનુષ્યોની પાંજરાપોળો કે હોસ્પીટાલો કરીને પણ આવી દયાની લાગણી પ્રસિદ્ધ કરે છે. આવું છે તો શા માટે ધર્મો એક બીજાના વિરોધી છે એમ જણાવી હીંદના ધર્મ રાજ્યમાં અશાન્તિ દેખાડવી જોઇએ ? પરંતુ સર્વત્ર શાન્તિ, શાન્તિ, અને શાન્તિ, જેમ ધર્મો મુખે પોકારે છે, તેમજ તેમના મન, તન, અને હૃદયના વર્ત્તનમાં થવું જોઈએ.

વળી ઝીણાં જંતુઓની દયા પાળનાર જૈન ધર્મે પશુ પક્ષીની દયા કરવાનું ભુલી જવું જોઇતું નથી. તેમજ માનવ જાતની દયા કરવાનું વીસરી જવું જોઇતું નથી. તથાપિ આપણે જોઈએ છિયે કે ઉંચી દયા પાળનાર જૈન ધર્મી જનાવરોની પાંજરાપોળ કરવા માટે હાલ જેટલો પ્રયત્ન કરવાને માંડે છે, તેટલો માનવોની તથા પોતાના જાત ભાઇઓની—જૈનોની પાંજરાપોળ કરતા હોય, એવું થોડું જણાય છે. તથાપિ જ્યારે આપણા ક્રિશ્ચિયન બાંધવો જ્યારે અપંગ માણસોની પાંજપોળ કે હોસ્પીટલ બંધાવે છે ત્યારે જૈનોએ અને હિંદુઓએ યોગ્ય મદદ શામાટે ન આપવી જોઈએ ? તેમજ પ્રાણી રક્ષા કરનાર હિંદુ ધર્મને—ક્રિશ્ચિયન ધર્મની ઉચ્ચ નીતિએ ચઢનાર સંપ્રદાયે શા માટે મદદ ન કરવી જોઈએ ? પ્રત્યેક ધર્મવાળા આ પ્રમાણે સર્વ ધર્મ સાથે શાન્તિથી વર્તી શકે તો સર્વે ધર્મની એક સરખી રીતે સહજમાં વૃદ્ધિ થઇ પડે એમ છે.

આપણે ઇચ્છીશું કે આવતા વર્ષ દરમ્યાન એવો પ્રસંગ આવે કે હિંદના સર્વ ધર્મના પ્રતિનિધિઓ એકત્ર મળી એવો નિર્ણય કરે કે, મનુષ્ય હૃદયની ઉચ્ચમાં ઉચ્ચ શાંતિરૂપ ધર્મ જુદા જુદા હોવા છતાં પણ તે એકબીજાના વિરોધી છે, એવું માનનારા નહિ પણ એક બીજાની સાથે અનુકૂળ સ્વરે ગોઠવાય એવા વિવિધ સુરે એક જ શાન્તિનું ગાન કરનાર છે.

એક ધર્મ બીજા ધર્મ કરતાં શ્રેષ્ઠ તેજ ગણાય કે જે જેમ એક માણુસ બીજા માણુસને મદદ કરી શકે છે તેમ તે બીજા ધર્મને મદદ કરી શકે. ગમે તે ધર્મ ક્રિયા અને ગમે તે નામો હોય, છતાં સર્વે ધર્મે મનુષ્યોના અધિકાર પ્રમાણે આવી માનવ જાતનું ભલું કરનાર છે.

પવિત્ર અંતઃકરણવાળા થઇ પરમાત્માની સાથે એકતાનતા કરતા કોઈ પણ ધર્મવાળા ખરા ધર્મીષ્ટ તરીકે ગણી શકાય.

પરધર્મની નિંદા કરતાં જે બળનો ખર્ચ થાય છે, એ બળ સ્વધર્મ પાળવામાં—ખર્ચવામાં આવે તો આપણે ધર્મરૂપી દુનિયામાં મ્હોટામાં મ્હોટી પદવી પામી શકિયે.

ભિન્ન ભિન્ન ધર્મોએ આ જગતમાં જુદા જુદા દેશમાં રાજકર્ત્તાઓની પેઠે પોતાની વડાઇથી લડવાનું નથી. પરંતુ કોઈ એક અચિંત્ય ધર્મરાજના રાજમાં જુદા જુદા ઓદ્ધાપર રહી કોઇ એક પરમ્ હેતુ સાધ્ય કરવાને માટે સઘળાં પોત પોતાની ફરજ બજાવી રહ્યાં છે.

जातिस्मरण ज्ञान केवी रीते थाय ?

જાતિ એટલે જન્મ, "સ્મરણ" એટલે યાદ આવવું, જાતિસ્મરણ એટલે જન્મનું યાદ આવવું. આ ઉપરથી એ શબ્દોનો રૂઢ અર્થ એવો થાય છે કે પૂર્વ જન્મનું સ્મરણ. આ લાલન રૂપે જન્મ છે, તેની પૂર્વના જન્મો કે ભવોનું જ્ઞાન થવું તે. આ જ્ઞાન કેવી રીતે પ્રગટે છે તે હવે જોઈએ. ગઇ કાલની વસ્તુ આજે યાદ આવતી નથી, તો ગયા ભવની વાત તે કેમ યાદ આવે, આવો પ્રશ્ન કેટલાકને થશે. તથાપિ જાતિસ્મરણ જ્ઞાનના જે ખરા અભિલાષી છે તેને એ અશકય નથી લાગતું પણ દુઃશકય લાગે છે. અર્થાત્ કષ્ટે પણ તે જ્ઞાન સાધ્ય થઈ શકે છે. તેમને Analogy અર્થાત્ સમાનતાના નિયમથી તુરત સ્ફુરી આવશે કે ગઇ કાલની વાત અને ગયા જન્મની વાત યાદ કરવામાં કંઈ સમાનતા છે. જેમ આજ અને ગઈ કાલની વચ્ચમાં રાત્રીનો અંધકાર રૂપ પડદો છે, તેમ આ જન્મ અને ગયા જન્મની વચ્ચમાં મરણ રૂપી અંધકારનો પડદો છે. હવે ગઇ કાલનો બનાવ વચ્ચમાં

રાત્રિનો અંધકાર હોવા છતાં આપણે કષ્ટે પણ તેને ભેદી યાદ કરી શકીએ છિયે, તેમ ગયા જન્મની વાત એટલાજ નહિં પણ તેથી વિશેષ કષ્ટે પણ યાદ કરી શકીએ. જેઓ સહજ વસ્તુને યાદ કરતાં માનસિક કયા નિયમોનો ઉપયોગ કરે છે તે નિયમો (Psychology) માનસ શાસ્ત્ર દ્વારા સમજી ઉપયોગ કરતા હોય છે તેમને સહજ જણાય છે કે જ્યારે વર્તમાન એટલે આજના વિચાર સંપૂર્ણ રીતે એક ક્ષણ ભર પણ દૂર કરાય છે; કે ગઇ કાલની વસ્તુ સ્મરણ પટ પર ખડી થઇ રહે છે. આ બાબત વિશેષ સ્પષ્ટ થવા એક ઉદાહરણ લેઇશું. જેઓએ મેઝીક લેન્ટર્ન કે સીનેમેટોગ્રાફ જોયું હશે તેઓને ખબર હશે કે નાટકશાળા, તંબુ કે જે સભા કે જે સ્થાનમાં એ પ્રયોગ કરવામાં આવે છે, ત્યાં સર્વ લાઇટ (પ્રકાશ) બંધ કરવામાં આવે છે અને માત્ર એ અંધકારમાં એકજ લાઇટ રાખવામાં આવે છે. તે વડેજ ત્યાં થતો પ્રયોગ જોઇ શકાય છે. તેજ પ્રમાણે આ જન્મમાં ઇંદ્રિય દ્વારા અનુભવેલા સર્વ જ્ઞાન દીપકોને એક મુહૂર્ત કે બે ઘડી બંધ કરવામાં આવે કે, યોગ શાસ્ત્રના નિયમ પ્રમાણે તેઓનો મનમાંથી પણ પ્રત્યાહાર કરવામાં આવે એટલે પૂર્વ જન્મની પ્રવૃતિઓ સ્મરણ રૂપે પ્રગટ થવા લાગશે.

જેમ આજે જે લાલન છે તેજ કાલે હતો માટે ગઇ કાલના સંસ્કાર સ્મરણ કરી શકાય છે, તેજ પ્રમાણે આજે જે લાલન (શરીર)માં જીવ છે તેજ જીવ ગત જન્મમાં હતો. માટે જેમ ગઇ કાલના સંસ્કારો લાલન અનુભવે છે, તેમ ગયા જન્મના સંસ્કાર જીવ અનુભવી શકે છે. જેમ ગઇ કાલનો ડગલો યાદ કરવો, તેમ ગયા જન્મનો શરીરરૂપી ડગલો યાદ કરવો, જેમ ગઈ કાલની ક્રિયા તેમજ ગયા જન્મની ક્રિયા યાદ કરવી. પ્રત્યાહાર કેવી રીતે કરવો એ સંબંધી પણ પૂર્વ જન્મ સ્મરણના અભિલાષીને જણાવવું અહીં અનુચિત નહિ થશે. સ્પર્શેંદ્રિયના વિષયો, રસેંદ્રિયના વિષયો,

ઘ્રાણેંદ્રિયના વિષયો, ચક્ષુરિંદ્રિયનાં વિષયો અને શ્રોત્રેંદ્રિયના વિષયો છોડી તેમજ પગ, હાથ, વાણી, અને બે ગુહ્ય ઈંદ્રિયોની ક્રિયા બે ઘડી સર્વથા બંધ કરવી એટલુંજ નહિ પણ કોઇ પણ ઈંદ્રિય ગોચર કે અવયવોથી થતી ક્રિયાના વિચાર પણ મનમાં આ જન્મમાં અનુભવેલા યાદ આવે તો તેને દૂર કરવા, એનું નામ પ્રત્યાહારઃ જે જે ઇન્દ્રિયોના વિષયો હોય, અને અવયવોની ક્રિયા હોય, તે તે ઈંદ્રિયોને પાછી સોંપી દેવી, અને અવયવોની ક્રિયા અવયવોને પાછી બતાવી દીધી, એટલે શરીર સંબંધી સર્વ ક્રિયાથી નિષ્ક્રિયપણું પામ્યો. અને દેહ પણ ઈંદ્રિયોને દશ્ય હોવાથી દેહભાવ કે દેહઅધ્યાસ પણ મૂકવો. અને એવી સ્થિતિ બરોબર બે ઘડી રહી કે જેમાં એક પણ આ ચાલુ જન્મ સંબંધી જે દિવસે તેના જે મુહુર્તમાં તમને વિચાર ન આવ્યો તે દિવસે તે મુહૂર્તમાં પૂર્વ જન્મ સ્મરણ થવા લાગશે. દેહાધ્યાસ છોડવો એટલે જેમ લાલન એમ સમજે છે કે હું લાલન છું એ ભાવ છોડવો. પરંતુ એ તો લાલનને જાણુંછું તે છું, અને હવે તેના પરથી વિમુખ થઇ જે જીવ હમણાં લાલન ભાવ પ્રકટ કરે છે, તે જીવ પૂર્વે શો ભાવ પ્રગટ કરતો હતો, તે જીવની પૂર્વ ક્રિયાંજ મારે જોવી છે, એવો દઢ સંકલ્પ કરી રાખવો.

જેમને શ્રીમદ્ હરિભદ્રાચાર્ય, તથા શ્રી યશોવિજય ઉપાધ્યાય, યોગાચાર્ય તથા (જૈન) માર્ગાનુસારી કહે છે એવા મહાત્મા પતંજલિ પણ યોગ સૂત્રના બીજા સાધન પાદના પાંચમાં અપરિગ્રહ વ્રતની પરિક્ષામાં કહે છે કે. **अपरिग्रहस्थैर्ये जन्म कथन्ता संबोध:**

અપરિગ્રહની સ્થિરતા થતાં જાતિસ્મરણ જ્ઞાન થાય છે. જેમ પહેલા અહિંસા વ્રતની પરીક્ષા, અહિંસાવાન્ વ્રત ધારીની સમીપમાં સ્વાભાવિક વૈર વાલા પણ પોતાનું વૈર છોડી શાંતિમાં રહે છે, તેમાં

થાય છે (જુઓ યોગ સૂત્ર ૨-૩૪), તેમ અપરિગ્રહની પૂર્ણતા થતાં જાતિસ્મરણ જ્ઞાન એટલે ગત જન્મની સ્મૃતિ થાય છે. આ અપરિગ્રહ ભાવવડે જાતિસ્મરણ જ્ઞાન ભાવ પ્રાપ્ત કરનાર ત્રણ પ્રકારના પુરૂષો હોઇ શકે. સમ્યક્ત્વ જેને પ્રાપ્ત થયું હોય અને જેને દેહ ભાવની મૂર્છા-ઘેન-કે નિદ્રા ઉતરી ગઇ હોય અને પોતાને એવી પ્રતીતિ નહિ પણ અનુભવ થયો હોય કે હું જ્ઞાન છું, અને આ દેહ છે, એ મારાથી ભિન્ન છે, એવા પુરૂષ યા સ્ત્રીને થાય.

આ ઉપરથી જણાવેલ વ્યક્તિના કરતાં પણ જે સમ્યક્ત્વ પૂર્વક દેહ અને દેહને લગતાં સર્વ પરિગ્રહનો દેશથી એટલે અંશથી પણ ત્યાગ કરતો હોય, તે આ જ્ઞાન વહેલું પ્રાપ્ત કરી શકશે.

પરંતુ જે મહાનુભવને આપણે મુનિરાજના પરમ ઉપકારી નામથી ઓળખિયે છિયે, માનીએ છિયે, વંદીએ છિયે, અને નમિએ છિયે, તે મહાવ્રત ધારી જ્ઞાનાદિ આત્મ ગુણનો અનુભવ કરી, સકલ પરભાવને વોસરાવી, અહિંસાદિ ચાર મહાવ્રતની સાથે અપરિગ્રહ નામનું પાંચમું મહાવ્રત પણ વહન કરે છે. અર્થાત્, સકલ પરભાવનો ત્યાગ અનુભવે છે, એટલુંજ નહિ પણ ત્યાગ કરે પણ છે. તેઓને જાતિસ્મરણ જ્ઞાન માત્ર એક દિવસના બે ઘડીના પ્રયોગમાં પણ પ્રકટે એ દુઃશક્ય નથી. માત્ર એક મુહુર્ત બે ઘડી જેટલા કાળમાં એક પણ દેહ કે દેહને લગતો કે ઇંદ્રિય ગોચર કે અવયવોને લગતો વિચાર ન આવવા દેવો અને પૂર્વે આ જીવ જેને આપણે મહારાજ હીરવિજયજી કહીએ છીએ તે ભાવ મૂકી તે હીરવિજયજીને જાણનાર આત્મા જીવનો, એટલે પોતાનો પૂર્વનો ભવ જોવાના સંકલ્પમાંજ વ્યતીત કરે, તો થવું અશક્ય નથી, કદાચ ભાગ્યવાન્ સાધુત્વ પ્રાપ્ત છતાં પણ દેહાદિમાં મમત્વ રહી ગયું તો વિશેષ દિવસ સુધી રોજ રોજ બે બે ઘડી જાતિસ્મરણ જ્ઞાન

થવાનો સંકલ્પ કરી બેસવું. આમ કરવાથી જ્યારે આ ભવ સબંધી પૂર્ણ મમત્વપણું ખસ્યું કે જાતિસ્મરણ આ મહાભાગોની સભામાં આવી ઉભું રહેશે, અને આપના સેવકોનું અમારૂં પણ તેથી વિશેષ કલ્યાણ થવાનો સંભવ જાગ્રત્ થશે.

भाविभाव—पुरुषाकार.

* સૂર્યનો સ્વભાવ ગરમીને પ્રકાશ આપવો એ છે. હવે ગરમી અને પ્રકાશ વિના વનસ્પતિ ઉત્પન્ન ન થાય.

પરંતુ કૃત્રિમ એટલે બનાવટી વીજળીની ગરમી ને પ્રકાશથી પણ કાચના ઘરમાં જોઈતી વનસ્પતિ બનાવી શકાય છે.

ગરમી અને પ્રકાશ કે ઠંડી વિના કેટલીક વનસ્પતિ પેદા ન થાય, તો તે સ્વભાવ પ્રમાણે થવા દેવી પરંતુ, એ ગરમી પોતાને હેરાન ન કરે માટે છત્રી રાખવી અને ઠંડી હેરાન ન કરે, માટે ઉનના કપડાં કરી લેવાં. અને ગરમી, તથા ઠંડી ને પોતાનું કામ કરવા દેવું. એ નિયતિ કે ભાવિભાવ એકને નહિ, પણ ભાવિભાવને ઉદ્યમ એ બન્નેને માનનાર જિનદર્શની શ્રીવીરપ્રભુના અપત્યો ગોશાળાની માફક કેવળ ભાવિભાવ વાદી નથી. ને તેમજ પાશ્ચિત્ય લોકોની માફક ઉદ્યમ વાળા પરંતુ તેબેઉ વાદ કબુલ રાખી બીજા પણ ત્રણવાદ માને છે.

તે ત્રણવાદ કયા તેના પાઠ હવે આવશે.

આ ત્રણ કારણ વાદી જૈન એમ કહેશે કે નિયતિને માન આપવું. નિયતિ બળવાન છે. અર્થાત્ જ્યારે વરસાદ વરસતો હોય ત્યારે કુવો ખોદવાનો વૃથા પ્રયત્ન ન કરવો. પરંતુ એ ન વરસે ત્યારે જેવું ભાવી એમ ભાવિઉપર આધાર રાખી બેસી ન રહેવું પણ ભૂમિમાંથી ઉદ્યમ વડે પાણી ખેંચી પણ કાઢવું.

ભાવિભાવ વાદીને પણ ખરૂં જોતાં હાથ પગ ચલાવ્યા વિના છુટકો નથી.

ભાવિથી ભોજન પ્રાપ્ત થયા છતાં મોઢામાં મુકવાની, ચાવવા-ની—મહેનત વડે ઉદ્યમ તો કરવોજ પડવાનો.

ઉદ્યમથી જમીનમાં પાણી ખોદી કાઢે, પરંતુ જમીનમાં ન હોય તો શું કરે. માટે ભાવી રૂપી વસ્તુને ઉદ્યમ વડે પ્રાપ્ત કરવી. એટલે બન્ને કારણો સાથે આવી જશે, એ જૈની મત છે. તે જાણતાં અજાણતાં સર્વને સત્ય હોવાથી માન્ય કરવોજ પડે છે.

શ્રી પંચપરમેષ્ઠિ ગુણરત્નમાળા.

ઉપોદ્ઘાત.

નવકારનાં બે અનુપમ ફળો.

(દુઃખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ)

નવકારમાં પંચ પરમેષ્ઠિને નમસ્કાર છે, તેને નમન કરવાથી સર્વ દુઃખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ થાય છે કારણકે જેને નમીએ, જેના ગુણમાં આપણા મન, તન અને વચન નમે તેના જેવા આપણા મન, તન, વચન થાય એટલુંજ નહિ પણ અંતરથી નમતાં તો બરોબર તેના તેના જેવાજ થવાય છે.

પંચ પરમેષ્ટિ સર્વ પાપથી રહિત છે. તો જે પાપ રહિત છે. તેને નમન કરવાથી પાપરહિત થવાય છે. પાપરહિત થવું, તેજ દુઃખ રહિત થવું છે; તેમજ આ પાંચ પરમેષ્ઠિ પરમાનંદ રૂપ છે તો તેને નમન કરવાથી પરમાનંદરૂપ પણ થવાય છે. નવકાર મંત્રમાં કહ્યું છે કે सव्व पावप्पणासणो એટલે સર્વ પાપોના નાશ કરનાર પંચ

પરમેષ્ટિ છે. એટલું જ નહિ પણ मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं સર્વ લોકમાં પ્રથમ મંગળરૂપ પંચ પરમેષ્ઠિ છે. અર્થાત્ જેટલાં જેટલાં સુખો છે તે આ નમસ્કારો આપે છે, એટલુજ નહિ પણ જે સુખમાં કોઈ અંઘ નથી, એવું શિવ સુખ પણ તેઓ આપેછે.

શ્રી પંચ પરમેષ્ઠિ ગુણ રત્નમાળા.

નવકાર મહામંત્ર..

नमो अरिहन्ताणं—અરિહંત ભગવાનને નમો.
नमो सिद्धाणं—સિદ્ધ ભગવાનને નમો.
नमो आयरियाणं—આચાર્ય મહારાજાને નમો.
नमो उवज्झायाणं—ઉપાધ્યાય મહારાજાને નમો.
नमो लोए सव्व साहुणं—લોકમાં સર્વ સાધુ મહારાજાને નમો.
एसो पंच नमुक्कारो—એ પાંચે નમસ્કારો.
सव्व पावप्पणासणो-સર્વ પાપોને સર્વથા નાશ કરનાર છે.
मंगलाणं च सव्वेसिं—અને સર્વ મંગલોમાં
पढमं हवइ मंगलं—પ્રથમ મંગલરૂપ છે.

શ્રી પંચ પરમેષ્ટિના ૧૦૮ ગુણો. અને તેના ગુણોથી શિવસુખની પ્રાપ્તિ.

દુહો.

બારગુણ અરિહંતદેવ, પ્રણમીજે ભાવે.
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે.— ૧
આચાર્ય ગુણ છત્રીશ, પંચવીશ ઉવઝાય.
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં શિવ સુખ થાય— ૨
અષ્ટોત્તર શત ગુણ મલી, એમ સમરો નવકાર
ધીર વિમલ પંડિત તણો, નય પ્રણમે નીતસાર.

શ્રી પંચ પરમેષ્ઠિના નામ અને તેનાં ગુણો.

૧૦૮ શ્રી પંચ પરમેષ્ઠિના ગુણ.

૧૨ ગુણ શ્રી અરિહંત પરમાત્માના.

૮ ગુણ શ્રી સિદ્ધ પરમાત્માના.

૩૬ ગુણ શ્રી આચાર્ય મહારાજના

૨૫ ગુણ શ્રી ઉપાધ્યાય મહારાજના

૨૭ ગુણ શ્રી સાધુ મહારાજના.

(૧) શ્રી અરિહંત પરમાત્માના ૧૨ ગુણો કયાં કયા ?[૧]

ચાર મૂલાતિશય. અને આઠ પ્રાતિહાર્ય.

૪ મૂલાતિશય.

૧ અપાયાપગમાતિશય.
૨ જ્ઞાનાતિશય.
૩ વચનાતિશય.
૪ પૂજાતિશય.

૮ પ્રાતિહાર્ય.

૧ અશોક વૃક્ષ.
૨ સુર પુષ્પ વૃષ્ટિ.
૩ દિવ્ય ધ્વનિ.
૪ ચામર.
૫ આસન.
૬ ભામંડલ.
૭ દુંદુભિ.
૮ છત્ર.

अशोकवृक्ष सुरपुष्पवृष्टि—

र्दिव्यध्वनिश्चामरमासनं च ।

---

૧ મુખ્ય અને પ્રાતિહાર્ય—એટલે દેવતાએ પ્રભુના મહિમા માટે કરેલા અતિશયો.

भामंडलं दुंदभिरातपत्रं
सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ।

श्री પંચ પરમેષ્ઠિના એકશોને આઠ ગુણ.

હરિગીત છંદ.

ગુણ બાર છે અરિહંતના,
ને સિદ્ધ આઠ પ્રસિદ્ધ છે.
આચાર્ય ગુણ છત્રીશને,
પચવીશ ઉપાધ્યાય છે.
સાધુ તણા ગુણ છે સત્તાવીશ,
[1]પ્રકટ પંચ પ્રભુતણા.
ગુણ એક [2]શતને આઠ છે.
સત્તારૂપે જીવ સર્વમાં.
મુખથી ભજો મનથી સ્મરો,
હૃદય ધરો પ્રભુ પંચને.
તો થાય નિશ્ચે પ્રકટ એ,
ગુણ એકશોને આઠ તે.
જો જીવ શિવ થવા ઇચ્છે તો,
પ્રકટ પોતે થાય છે.
કર ધ્યાન પંચ પ્રભુ તણું,
એ સત્ય શ્રેષ્ટ ઉપાય છે.
[3]શક્તિવતિ જ્યમ યળ ભ્રમરી,

---

૧ શ્રી પંચ પ્રભુમાં એકશોને આઠ ગુણ પ્રકટ છે. અને સર્વ જીવમાં તેજ ગુણ સત્તારૂપે એટલે છુપા છે.

૨ શત એટલે સો.

૩ સત્તા—મૂળમાં છુપા.

ધ્યાનથી [1]વ્યક્તિ 'અને'.
શક્તિ પણે ત્યમ જીવ શિવ.
ધ્યાને થશે લાલન વદે.

(૨) શ્રી સિદ્ધ પરમાત્માના ૮ ગુણો.

૧ જ્ઞાન.
૨ દર્શન.
૩ અવ્યાબાધ સુખ (અનંતાનંદ)
૪ ચારિત્ર.
૫ અક્ષય સ્થિતિ.
૬ અરૂપ.
૭ અગુરૂલઘુ.
૮ વીર્ય (અનંત બળ)

नाणं च दसणं चेव अव्वाबाहं तहेव सम्मतं
अक्खयठिइ अरूवि अगुरु लहु वीरियं हवई.

(૩) શ્રી આચાર્ય મહાજના ૩૬ ગુણો.

(૫) ઇન્દ્રિયોના વિષય વિકારને રોકનાર.

(૧) સ્પર્શેન્દ્રિયના છન્નું વિકારને રોકનાર.
(૨) રસેન્દ્રિયના બહોતેર વિકારને રોકનાર,
(૩) ઘ્રાણેન્દ્રિયના બાર વિકારને રોકનાર.
(૪) ચક્ષુરિન્દ્રિયના સાઠ વિકારને રોકનાર.
(૫) શ્રોત્રેન્દ્રિયના બાર વિકારને રોકનાર.

(૯) નવ પ્રકારનું બ્રહ્મચર્ય પાળનાર.

---

[1] વ્યક્તિ-પ્રકટ.

(૧) વસ્તિ–સ્ત્રી સાથે વાસ ન કરે એટલે ગાય ઈત્યાદિ પશુ, નપુશક તથા સ્ત્રી-થી રહિત સ્થાનકે રહે.

(૨) કથા–સ્ત્રીની કથા, વાર્તા પ્રીતયુક્ત સરાગપણે કરે નહિ.

(૩) નિષિદ્દ–જે આસને સ્ત્રી બેઠી હોય તે ઠેકાણે બે ઘડી પર્યંત, અને બ્રહ્મચારી પુરૂષ બેઠો હોય ત્યાં સ્ત્રી ત્રણ પ્રહર સુધી બેસે નહિ.

(૪) ઈન્દ્રિય–સ્ત્રીનાં કામજનક અંગોપાં-ગને રાગ સહિત નિરખે નહિ.

(૫) કુડયાન્તર–ભીંત ઈત્યાદિના આંતરે સ્ત્રી પુરૂષ બન્ને સુતાં હોય, અથવા કામ વિશે વાતો કરતાં હોય ત્યાં બેશી ન રહે.

(૬) પૂર્વક્રીડા–પૂર્વાવસ્થામાં સ્ત્રીની સાથે કામક્રીડા કીધી હોય તેનું સ્મરણ ન કરે.

(૭) પ્રાગતિ–સરસ સ્નિગ્ધ આહાર ન કરે.

(૮) અતિમાત્રાહાર–નીરસ આહાર પણ અતિ માત્રાયે વજન ઉપરાંત ન લે.

(૯) વિભૂષણાદિ–શરીરની શોભા વિભૂષા ન કરે.

(૪) ચાર પ્રકારના કષાયને મૂકનાર.

(૧) ક્રોધનો ત્યાગ.

(૨) માનનો ત્યાગ.

(૩) માયાનો ત્યાગ.

(૪) લોભનો ત્યાગ.

(૫) પાંચ મહાવ્રતવાળા.

૧ સર્વથા, પ્રાણાતિપાત વિરમણવ્રત.

૨ સર્વથા, મૃષાવાદ વિરમણવ્રત ૫

૩ સર્વથા, અદત્તાદાન વિરમણવ્રત.

૪ સર્વથા મૈથુન વિરમણવ્રત.

૫ સર્વથા, પરિગ્રહ વિરમણવ્રત.

(૫) પાંચ પ્રકારના આચાર પાળનારા.

૧ જ્ઞાનાચાર.

૨ દર્શનાચાર.

૩ ચારિત્રાચાર.

૪ તપાચાર.

૫ વીર્યાચાર.

(૫) પાંચ સમિતિ વાળા.

૧ ઈર્યાસિમિતિ–રસ્તો જોઈને ચાલનાર.

૨ ભાષા સમિતિ–વિચારીને બોલનાર.

૩ એષણા સમિતિ–શુદ્ધ આહાર લેનાર.

૪ આદાન ભાંડ નિક્ષેપણા સમિતિ–પાત્ર વગેરે જોઇ જોઇને ઉપાડે મુકે.

૫ પારિસ્થાપનિકા સમિતિ–મલ જીવરહિત ભૂમિમાં પરઠાવે.

(૩) ત્રણ ગુપ્તિવાળા.

૧ મનોગુપ્તિ—નિર્વિચાર રહે.

૨ વચનગુપ્તિ—મૌન રહે.

૩ કાય ગુપ્તિ—નિશ્ચળ રહે.

(૨૫) શ્રી ઉપાધ્યાય મહારાજના ૨૫ ગુણો.

(૧૧) અગ્યાર અંગ.

૧ આચારાંગ સૂત્ર.
૨ સુગડાંગ સૂત્ર.
૩ ઠાણાંગ સૂત્ર.
૪ સમવાયાંગ સૂત્ર.
૫ ભગવતી સૂત્ર.
૬ જ્ઞાતા ધર્મ કથા સૂત્ર.
૭ ઉપાસક દશાંગ સૂત્ર.
૮ અંતગડ દશાંગ સૂત્ર.
૯ અનુતરો વવાઇ સૂત્ર.
૧૦ પ્રશ્ન વ્યાકરણ સૂત્ર.
૧૧ વિપાક સૂત્ર.

॥ गाथा ॥

अष्टादश पद सहस्राणि, आचार[१] द्विगुण द्विगुणा शेषेषु ।
सूत्रकृत[२] स्थान[३] समवाय[४] भगवती[५] ज्ञाता धर्मकथा[६] ॥१॥
अंगमुपासक[७] दशान्तकृदनु[८]त्तरोपपातिकदशा[९] ।
प्रश्न व्याकरणं[१०] तथा विपाक[११] श्रुतमेकादशमंगम् ॥२॥

બાર ઉપાંગ.

૧૨ ઉવ્વાઈ સૂત્ર.
૧૩ રાયપસેણી સૂત્ર.
૧૪ જીવાભિગમ સૂત્ર.
૧૫ પન્નવણા સૂત્ર.
૧૬ જંબુદ્વિપ પન્નતિ.
૧૭ ચંદ પન્નતિ.
૧૮ સૂર પન્નિતિ.
૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩ } નિરિઆવલ્લી સૂત્ર.
૨૪ ચરણ સિતેરી[૧]
૨૫ કરણ સિતિરી[૨]

શ્રી સાધુ મહારાજના ૨૭ ગુણો.

પંચ મહાવ્રતને રાત્રી ભોજન ત્યાગ.	૧ સર્વથા પ્રાણાતિપાત વિરમણ વ્રત. ૨ ,, મૃષાવાદ વિરમણ વ્રત. ૩ ,, અદત્તાદાન વિરમણ વ્રત. ૪ ,, મૈથુન વિરમણ વ્રત. ૫ ,, પરિગ્રહ વિરમણ વ્રત. ૬ ,, રાત્રિ ભોજન ત્યાગ.
૭ કાયની રક્ષા	૭ ,, પૃથ્વી કાયની રક્ષા કરે. ૮ ,, અપ્ કાયની રક્ષા કરે. ૯ ,, તેઉ કાયની રક્ષા કરે. ૧૦ ,, વાઉ કાયની રક્ષા કરે. ૧૧ ,, વનસ્પતિ કાયની રક્ષા કરે. ૧૨ ,, ત્રસ કાયની રક્ષા કરે.

૧ નિત્ય વર્તન તે ચરણ ૨ પ્રયોજને કરવું તે કરણ.

પાંચેંદ્રિય અને લોભનો નિગ્રહ.

૧૩ ,, સ્પર્શેન્દ્રિયનો નિગ્રહ કરે.
૧૪ ,, રસેંદ્રિયનો નિગ્રહ કરે.
૧૫ ,, ઘ્રાણેંદ્રિયનો નિગ્રહ કરે.
૧૬ ,, ચક્ષુરિંદ્રિયનો નિગ્રહ કરે.
૧૭ ,, શ્રોત્રેંદ્રિયનો નિગ્રહ કરે.
૧૮ ,, લોભનો નિગ્રહ કરે.

૧૯ ક્ષમા કરે.

૨૦ ભાવ વિશુદ્ધ કરે[1]

૨૧ પડિલેહણા કરવામાં વિશુદ્ધિ રાખે.

૨૨ સંયમના [2]યોગવાળા હોય.

૨૩ મનને ગમે તેમ જતું અટકાવે.

૨૪ વચનને ગમે તેમ જતું અટકાવે.

૨૫ કાયાને ગમે તેમ જતી અટકાવે.

૨૬ સિતાદિ બાવીશ પરિસહ સહન કરે.

૨૭ મરણાંત ઉપસર્ગ સહન કરે.

---

૧ ચિત્ત નિર્મળ રાખે.

૨ સંયમને યોગ સમિતિ, ગુપ્તિ વિવેક વગેરે રાખે.

મુનિમહારાજ શાંતિવિજયજીએ કરેલ ધર્મ ચર્ચાનો ઉપસંહાર,

(તત્ત્વ સંબંધી વિચાર અને લેખકના ઉપસંહાર તથા નિષ્પક્ષપાત વિદ્વાનોને તે ઉપર પોતાના અન્ય અભિપ્રાય આપવા રૂપ સમીક્ષા કરવાની પ્રાર્થના.]

ચાલુ માસની તા. ૧૦-૩-૧૨ના વિખ્યાત પત્રના અંકમાં જૈન શ્વેતાંબર ધર્મોપદેશા વિદ્યાસાગર ન્યાયરત્ન મહારાજ **શાંતિ**-વિજયજીએ લઘુતમ **લાલન** સાથે લગભગ દોઢ વર્ષના લાંબા વખત સુધી જે ધર્મ ચર્ચા ચલાવી હતી, તેનો તેઓશ્રીએ ઉપસંહાર કર્યો છે. તત્સંબંધી લેખક પોતાના છેક છેવટના વિચારો આપી, પોતાની ધર્મ ચર્ચાનો પણ ઉપસંહાર કરે છે અને વાચક વિદ્વાનોને સાંજવર્તમાન અને જૈન પત્રોની ફાઇલો તપાસી યોગ્ય સમીક્ષા કરવાની પ્રાર્થના કરે છે.

લઘુતમ **લાલન** પ્રારંભે મહારાજશ્રીને અનેકશઃ વંદન-નમન કરી તેઓશ્રીના ઉપસંહારમાં આવેલા મૂળ મુદ્દાનું અવતરણ કરે છે અને ક્રમવાર તત્સંબંધી પોતાના વિચાર જાહેર કરે છે. **આશા છે** કે ગુરૂશ્રી તે પર લક્ષ આપવા કૃપા કરશે.

અધ્યાત્મકજ્ઞાન.

“ विनाव्रत नियम अध्यात्म ज्ञान नहीं हो शकते ”.

ગુરૂવર્ય લખે છે કે—

અધ્યાત્મકજ્ઞાન એનો અર્થ આત્મામાં-જ્ઞાનમાં દર્શનમાં-ચારિત્રમાં વીર્યમાં ઉપયોગમાં જ્ઞાન એવો થાય છે. અને આવા કોઇપણ ઉપયોગ વિના વ્રત નિયમ કરવા એ યોગ્ય ફળવાળા થઇ શકે **નહિ.**

એવો જૈન-શાસ્ત્રનો અભિપ્રાય છે એટલુંજ નહિ પરંતુ માનવ બુદ્ધિ અને માનવ અનુભવ પણ તેવોજ છે. વળી સર્વ શુભવસ્તુના અભિવર્ધક જમાનામાં જ્ઞાનવિનાના વ્રતનિયમ એ શુભ પણ બાળક્રીડા છે. માટે જૈન શાસ્ત્રની સ્યાદ્‌વાદ શૈલીને અનુસરી કહેવું પડે છે કે વિના અધ્યાત્મજ્ઞાન વ્રત નિયમ હોઈ શકે નહિ.

આપ સારી રીતે જાણતા હશો કે વ્રત નિયમનો સમાવેશ ચારિત્રમાં થાય છે અને ચારિત્ર સમ્યગ્ દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના હોઈ શકતું નથી એમ તત્ત્વાર્થસૂત્ર પણ સાક્ષી આપે છે, માટે અધ્યાત્મજ્ઞાન વિનાના વ્રત નિયમ સમ્યક્ ચારીત્ર રૂપ ન હોવાથી વ્રત નિયમ યથાર્થ છે એમ ન કહેવાય.

શાસ્ત્રપ્રમાણ-વળી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે " पढमं नाणं तओ दया" અર્થાત્ પેહેલું જ્ઞાન અને પછી દયા-અહિંસાવ્રત, પૂજાઓમાં પણ વારંવાર આપણે ગાઇએ છીએ કે " પહેલું જ્ઞાન અને પછી અહિંસા " આ રીતિએ જોતાં અધ્યાત્મજ્ઞાન વિના વ્રત નિયમ કેમ યથાર્થ હોઇ શકે ?

બુદ્ધિગમ્યપ્રમાણ—જેવો મારો આત્મા તેવો સર્વનો, જેવું મને સુખ દુઃખ થાય તેવું સર્વને, આવી સમભાવવૃતિરૂપ આત્મઉપયોગમાં જાગૃત પ્રથમ થયા વિના હું કોઈ જીવને દુઃખ ન આપું, એવું અહિંસાવ્રત ચારિત્ર કેમ ઉદ્‌ભવે ?

અનુભવગમ્યપ્રમાણ—આત્મા જ્ઞાનસ્વરૂપ છે. હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ એ નિજસ્વરૂપને ભ્રષ્ટ કરનારાં છે એવું જાણ્યા પછી અહિંસા, સત્ય, અચોરી, બ્રહ્મ, અપરિગ્રહ આદિ વ્રતો લેવાય છે. જ્ઞાન થયા પછી એ જ્ઞાનમાં રહેવાને એટલુંજ નહિં પણ તેની વિશેષ નિર્મળતા કરવાને વ્રતનિયમ (જ્ઞાનપૂર્વક હોવાથી) ઘણી નિર્જરારૂપ થાય છે.

જનહિતકારક પ્રમાણ—જેને અધ્યાત્મજ્ઞાન નથી, તેને વ્રત-નિયમ બાહુબલની પેઠે અભિમાનનું કારણ થાય, પરંતુ જેને અધ્યાત્મજ્ઞાન છે તેને મૃદુતાએ સ્વાભાવિક હોવાથી વ્રત નિયમ તે સંવર અને નિર્જરા રૂપ હોય.

અધ્યાત્મજ્ઞાન સમ્યગ્ દર્શન થતાં થાય છે. તત્ત્વાર્થ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે. તત્ત્વોમાં પણ મુખ્ય એવા આત્મતત્ત્વનું દર્શન પછી જ્ઞાન એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. એ સહિત જ્યારે વ્રત નિયમ રૂપ ચારિત્ર પ્રાપ્ત થઇ જ્યાંસુધી સયોગિકેવળી શિવસુખ પામે, ત્યાંસુધી અને ત્યાર પછી પણ તે વિદ્યમાન રહે છે.

" ગજસુકુમાર મહારાજજીકે મસ્તકપર અગ્નિકી અંગીઠી ધરી ગઇ. મગર ઉનોને અપને આત્મા પર બરતાવ કીયા. શરીરપર મમતા નહિ થી. જબ અધ્યાત્મજ્ઞાની કહલાને, ચાહ, દુધ, મેવા, મીઠાઈ, ફુલ ગજરે, બગી, અચ્છે અચ્છે કપડોંસે અધ્યાત્મજ્ઞાનીકો કયા ગરજ ? ઉત્તમ પદાર્થ ખાના ઔર અધ્યાત્મ જ્ઞાની બનના એસા અધ્યાત્મકજ્ઞાની તો હરકોઈ બન શકતા હય."

આપના લખાણને આપ ફરીથી વિચાર પૂર્વક જોશો તો આપનેજ " વદતો વ્યાઘાત " જણાઈ આવશે. અગ્નિની સગડી માથે મુકાવા છતાં ગજસુકુમારે ક્રોધ ન કર્યો તેનું કારણ કે પ્રથમથી તેમને આત્મજ્ઞાન હતું અને પછીથી સગડી મુકાઇ હતી, માટે લઘુ બંધુ એમ કહેવા માગે છે કે અધ્યાત્મજ્ઞાન પ્રથમ હોવાથી ગજસુકુમાર અગ્નિની આંચ સહન કરી શક્યા. વળી આપ સારી રીતે સમજી શકો છો કે સસરાએ અગ્નિ ભરેલી સગડી માથે મુકી તે અને સસરો એ બંને તો માત્ર કર્મ ઉદયના નિમિત્તરૂપ હતાં, એવું ગજસુકુમાર અધ્યાત્મજ્ઞાન વડેજ જાણી શકયા અને પાપકર્મની નિર્જરારૂપ એ બંને નિમિત્તો મને ઉપકારક છે એવું જાણી સમભાવે રહ્યા.

વળી શરીરની મમતા ન થવી એ પણ અધ્યાત્મજ્ઞાન વિના બનતું નથી. હું આત્મા છું, આ શરીર જડ છે અને તે અગ્નિથી બળે છે, હું દેહ કે અગ્નિ નથી એવું અધ્યાત્મજ્ઞાન હોવાથી એ પ્રતિકૂળ ઉપસર્ગ પણ સહન કરી શકયા.

હવે આપ સહેલાઇથી આપના લઘુતમ બંધુ **લાલન**ની દલીલને સ્પર્શી શકશો કે જ્ઞાન–ઉપયોગથી જે પ્રમાણે અગ્નિ સહન થઇ તે પ્રમાણે આત્મ ઉપયોગથી ચાહ–દૂધ વિગેરે પણ સહન થઈ શકે છે. જેમ **ગજસુકુમાર**ને અગ્નિની ગરજ નહીં હતી પરંતુ અગ્નિ પૂર્વ પાપના ઉદય વડેજ ખેંચાઈ આવી હતી તેજ પ્રમાણે અધ્યાત્મજ્ઞાનીને બાળ કે અચ્છા કપડાની ગરજ હોતી નથી પણ તેઓજ તેના પૂર્વ પુણ્યના ઉદયવડે ખેંચાઇ આવે છે. જેમ **ગજ** સુકુમારને શરીર મમત્વ ન હોવાથી અગ્નિનો પ્રતિકુળ ઉપસર્ગ તેમણે પાપ ખપાવવા સહન કર્યો, તેમ અધ્યાત્મજ્ઞાની શરીર મમત્વ ન હોવાથી પુષ્પાદિનો અનુકુળ ઉપસર્ગ સહન કરે છે. આત્મોપયોગીને પેહેલામાં પાપ નિર્જરા અને બીજામાં પુણ્યનિર્જરા થાય છે

હા. એમ છતાં જૈનશાસ્ત્ર સ્યાદ્વાદ રૂપ હોવાથી તેમાં એવા દાખલાઓ પણ દેખાઇ આવે છે કે–એક ભિક્ષુકે પેહેલાં વ્રત નિયમ લીધાં અને પછી અધ્યાત્મ જ્ઞાન થયું. તેમજ **ચે**લાતીપુત્ર અને દઢ પ્રહારીને પછીથી અધ્યાત્મજ્ઞાન થયું.

અને **ગજસુકુમાર** તેમજ શ્રી **વીર** આદિઓ પ્રથમ અધ્યાત્મજ્ઞાન પામી પછી વ્રતનિયમધારી થયા; વળી **શ્રેણિક** જેને વ્રત-નિયમ નહિ હતા તથાપિ તે ક્ષાયક–સમકિત રૂપ અધ્યાત્મજ્ઞાની હતા. આ ઉપરથી લઘુતમ બંધુનું એવું માનવું છે કે પેહેલાં વ્રત નિયમ અને પછી અધ્યાત્મજ્ઞાન એ ઉત્તમ છે અને પહેલાં અધ્યાત્મજ્ઞાન અને તે પછી જ્ઞાન પૂર્વક વ્રત નિયમ એ ઉત્તમોત્તમ છે.

માટે ઉપસંહાર કરતાં કહેવું પડે છે કે જેમ સૂર્યને કમળની

ગરજ નથી પણ તેના પ્રકાશ–વડે કમળ ખીલે છે,' તેમજ અધ્યાત્મજ્ઞાનીના પુણ્ય પ્રકૃતિ પણ ખીલતી જણાય છે.

વળી આપ લખો છો કે.—

"ઉત્તમ પદાર્થ ખાના ઔર અધ્યાત્મજ્ઞાની બનના એસા અધ્યાત્મજ્ઞાની તો હરકોઈ બન શકતા હય"

આપનો આ શુભ આશીર્વાદ સર્વ કોઇને ફળો. અધ્યાત્મજ્ઞાન જૈન અધ્યાત્મ જ્ઞાન જગતમાં એટલું વિસ્તરો કે પુણ્યના ઉદયવડે આવી પડતા ઉત્તમ પદાર્થનો ઉપભોગ થતાં પણ અધ્યાત્મજ્ઞાન વિશેષ પ્રકાશિત રહે, કારણ કે સહજ પ્રાપ્ત થતું અધ્યાત્મ જ્ઞાન સ્વરૂપાનંદમાં મનુષ્યને એટલું મસ્ત રાખે છે કે પરદ્રવ્યનું તેને અભિમાન ચડે નહિં, પણ મૃદતા આપે.

છેવટે અધ્યાત્મજ્ઞાનમાં શિરોમણિ રૂપ શ્રી જિનભગવાનને પગલે ચાલનાર તેના બળવાન જૈન પુત્રો અને પુત્રીઓ, તેમની પેઠે યથાશક્તિ અધ્યાત્મજ્ઞાન પૂર્વક જગતમાં વ્રતનિયમને વિસ્તારો અને તેમ કરી શાસનને શોભાવો.

વળી ગુરૂવર્ય આગળ જતાં લખે છે કે—

જેણે ગોળ ખાધો છે તે ગોળ એવો શબ્દ સાંભળતાં કે વાંચતાં કે ભણતાં પોતે ચાખેલા પદાર્થના સ્વાદનો ફરી અનુભવ કરી આનંદ લે છે. તેમજ જેને અંતરાત્મરૂપ અધ્યાત્મજ્ઞાન થયું છે તેને અધ્યાત્મજ્ઞાની આનંદઘનજીના પદ ગાવાથી આત્માનંદ વિશેષ પ્રકટે છે. ચિદાનંદઘનજીના પદ જાણવાથી આત્મવીર્ય વિશેષ પ્રકટ થાય છે. જિન શાસનમાં એક નહિ પણ અનેક શ્રી આનંદઘનજી હો અને તેમજ શ્રી ચિદાનંદઘનજી પણ હો. જેમ વણારસી સ્થળમાં વિદ્વાનજનો–શ્રી યશોવિજયજીઓ જિન શાસનમાં પ્રકટી એવો પ્રયત્ન કરે છે તેમ વીરશાસનમાં આનદઘનજી જેવા અધ્યાત્મજ્ઞાનિયો વિસ્તરો,

"ભાષાકાં ગ્રંથ તેજ રહે યા સૂત્ર સિદ્ધાંત"

સૂત્ર સિદ્ધાંત આત્મ તેજમાંથી નીકળ્યા માટેજ તે તેજવાળો છે, તેમજ જે ભાષાના ગ્રંથો સૂત્ર સિદ્ધાંતને અનુકૂળ છે તે પણ આત્મ તેજમાંથી નીકળે છે માટે તેટલાજ તેજવાળા છે. આત્મ તેજવાળો ઉપદેશ જેમ અસર કારક હોય છે તેમ આત્મ તેજ વાળા ભાષાના ગ્રંથો પણ અસરકારક છે.

"વિદ્યાસાગર અપને ઘરને પુરે ભેદી હે ઓર બારીકેસે તલાસ કરનેવાલે હય."

લઘુતમ લાલનના સદ્‌ભાગ્ય કે જિનશાસ્ત્રરૂપ ઘરના પુરા ભેદી ગુરૂ રત્ન તેને મળ્યા, કારણ કે તેને હવે ઘણા ભેદો જાણવાનું મળશે જે ગુરૂ રત્ને જિનશાસ્ત્ર રૂપ મેહેલના ખુણા ખોચરામાં પણ પડેલાં રત્નોની બારીકીથી તપાસ કરી છે તેવા ઉદાર ગુરૂથી ખરેખર તેના લઘુ બંધુને લાભ થશેજ, પરંતુ એટલું છતાં પણ આત્મ જ્ઞાનરૂપ પ્રકાશ એ મેહેલમાં તો છેજ, તે છતાં વસ્તુ ન દેખાય તો તો નાનાભાઇ લાલનને કેહેવું પડે કે મોટાભાઈ, અંતરચક્ષુ ઉઘાડો કે જેથી સહજ જ્યોતિવડે જિનશાસ્ત્રનું સમ્યગ્ દર્શન પુનઃ થાય.

"ઉનકે (વિદ્યાસાગર) સામને કોઇ જૈન શ્વેતાંબર શ્રાવક ભાષાકા ગ્રંથ બાચનેવાલા કયા તર્કપેશ કર શકતે હય."

એતો ખરૂં છે કે આપ જેવા બુદ્ધિવાનની સામે સાધારણ શ્રાવકની શી ગુંજાસ છે કે સામે ઉભો રહે. દુર ઉભા રહેતાં પણ આપનું તેજ સહન કરી શકે કે કેમ એ વિચારવા જેવું છે પરંતુ જેવો તેવો પણ જે આપનો શિષ્ય, ભલે તે ભાષાના ગ્રંથો વાંચતો હોય પણ આપના સુંદર નામમાંથીજ તે શાંતિ શીખ્યો હોવાથી તે સામે તો શું પરંતુ જરા પાસે ઉભવાનો પણ પ્રયત્ન કરે અને આંગળી પકડે, અને સુતર્કના ઉત્તર પણ માગે.

" માસતોષ માસરોષ ભાષા બોલનેવાલા મુનિનેંભી જબ ગુરૂ કે વચનપર શ્રદ્ધાકી જબી ઉસકા કાર્ય ફતેહમંદ હુવા."

મહારાજ સાહેબ ! માસતોષ માસરોષ રૂષિ સિદ્ધાંત જ્ઞાન વિના પણ ભાષા જ્ઞાનવાળો હોવા છતાં તેજવાન થયો કે નહિ ? કારણ કે ગુરૂમાં તેની શ્રદ્ધા હતી. પરંતુ તેમની ફતેહમંદતા કોરી શ્રદ્ધાપર રહી ન હતી. પરંતુ માસતોષ એટલે નહિ રાગ, માસરોષ એટલે નહિ દ્વેષ એવું જાણી આચરવા ઉપર હતી. માટે ગુરૂકૃપા ફળવાળી થઇ. માસતોષ એવા જ્ઞાન પછી દ્વેષ નહિ કર્યો. એજ પ્રકારે મોક્ષ પ્રાપ્તિમાં આપ શ્રદ્ધા ગુણને અચળ કહો છો તો તે માન્ય રાખીએ, શ્રદ્ધાનું પણ કારણ જે શાંત્યાદિ પાંચ છે તેમને સમ્યક્ શ્રદ્ધાથી પણ પૂર્વ માને છે એથી સાધન કરતાં કોરી શ્રદ્ધા, કોરૂં જ્ઞાન અને કોરૂં ચારિત્ર શુભ કર્મ બંધન રૂપ છે. પરંતુ શાંત્યાદિ પાંચ પૂર્વક તે શ્રદ્ધા સમ્યક્ શ્રદ્ધા, તે જ્ઞાન તે સમ્યક્ જ્ઞાન, અને તે ચારીત્ર તે સમ્યક્ ચારિત્ર છે. મોક્ષનું કારણ દર્શન–જ્ઞાન–ચારિત્ર નહીં, પણ શાંત્યાદિવડે પ્રાપ્ત થતાં સમ્યગ્ એટલે યથાર્થ દર્શન જ્ઞાન ચારિત્ર છે. એમ તત્વાર્થ સૂત્ર કહેછે. સમ્યક્ એટલે યથાર્થ આત્મ સ્વરૂપ ન દેખાયું કે જણાયું હોય તો શુદ્ધ તત્વની પરાકાષ્ટા રૂપ સ્થાતે જે મોક્ષ તે તરફ લઇ જવાને બદલે શુભ સ્વર્ગાદિમાં લઇ જશે. આ પ્રમાણે જોતાં જણાશે કે મોક્ષનું કારણ તો શાંતિ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, અને આસ્તિકતા વડે ઉત્પન્ન થએલ સમ્યક્ શ્રદ્ધા છે. ધર્મરૂપ વૃક્ષ જેનું મોક્ષ ફળ છે, તે ગુપ્તરસ સમ્યક્ત્વરૂપફળમાં વૃદ્ધિ પામી, સમ્યક્ જ્ઞાનરૂપ થડમાં ઘણોજ પ્રવહે છે. અને સમ્યક્ ચારીત્રરૂપ શાખામાં આ રસપૂર્ણ ફળ મોક્ષ ઉદ્ભવાવે છે. માટે શાંત રસ પહેલેથી છેલ્લે સુધી વધવો જોઇએ (તત્વાર્થ ભાષા) આ પરથી આપ જોશો કે અવલ શ્રદ્ધા છે તો તેની પણ અવલ શાંત્યાદિ છે અને તે છેક મોક્ષ સુધી નહિ પણ મોક્ષમાં પણ છે. જે બી-

જમાં છે તે થિકસી ફળમાં પૂર્ણના પામે છે માટે પ્રથમ સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિકતાદિ વ્યક્ત લક્ષણ વિશુદ્ધ સમ્યગ્ દર્શન (જુઓ તત્વાર્થની ઉપસંહાર) વળી એક એવી કથા છે કે—

કોઇ દ્વૈપાયક નામનો શ્રાવક હતો તે વ્રતનિયમ કરતો હતો. કંઇક વિદ્વાન પણ હતો. તેણે એવો નિયમ કર્યો કે મારે રોજ એક સૂત્ર બનાવવું. આમ વિચારી પહેલું સૂત્ર—દર્શનજ્ઞાનચારીત્રાણિ મોક્ષમાર્ગઃ એમ કહ્યું અને વિસ્મરણ ન થાય માટે ઘરના ભાલપર લખ્યું, કહે છે કે પરમ ગુરૂ ઉમાસ્વાતીજી ગોચરી તેમને ત્યાં પધાર્યા. ભાલપર એ સૂત્ર જોઇને શ્રાવકના કલ્યાણ માટે સમ્યક્ શબ્દ એ સૂત્રની પુર્વે લખ્યો. હવે સમ્યક્ દર્શન કે શુદ્ધ શ્રદ્ધા શાંતિ આદિ પાંચથી ઉદ્‌ભવે છે. એમ પરમ ગુરૂએ તેજ સુત્રમાં કહ્યું; કારણ કે મોક્ષ ફલને અનુરૂપ તે પ્રથમ અને શાંતિ પ્રથમમાં પ્રથમ છે.

અધ્યાત્મજ્ઞાની બનના સહજ નહિં હુય.

અધ્યાત્મજ્ઞાન એટલે આત્મામાં રહેલું જ્ઞાન આત્મા પોતે જ્ઞાન—દર્શન—સુખ—વીર્ય સ્વરૂપ હોવાથી પોતાને જાણવું એ સહજ છે. જો કંઈ મુસ્કેલ હોય તો આત્માને જાણ્યા પહેલાં પર વસ્તુને જાણવી તે છે. પરંતુ આત્મા એટલે જ્ઞાન—સ્વપર પ્રકાશક હોવાથી પોતાને જાણ્યા પછી--જ્ઞાન પ્રકાશને જોયા પછી પરવસ્તુને જાણવી પણ સહજ છે હા. જેના ચિત્તમાં શાંતિ નથી--પ્રશમાદિ નથી તેને મનુષ્ય હોવા છતાં પણ પશુની પેઠે અધ્યાત્મજ્ઞાન સહજ નથી. શાસ્ત્રમાં તો સ્થળે સ્થળે સહજ જ્ઞાન આત્મજ્ઞાનનેજ કહ્યું છે. અને સહજ સમાધિ પણ પ્રશમાદિથી મનુષ્યનેજ થાયછે. વ્યવહારજ્ઞાન કઠણ લાગે છે તેનું કારણ પણ આત્મજ્ઞાનની—સહજ જ્ઞાનની—જ્યોતિમાં પોતે હોવા છતાં અંતર દ્રષ્ટિ ખુલ્યા વગર કઠણ લાગે છે. આત્મજ્ઞાન વિનાનાં સઘળાં જ્ઞાન વિભાવિક હોવાથી શુભ પણ હોય

અને અશુભ પણ હોય. પરંતુ આત્મજ્ઞાન પૂર્વક બીજાં જ્ઞાન પરમ શુદ્ધ દશાને પહોચાડનારાં છે. જેમ પક્ષીને હવા, મત્સ્યને સમુદ્ર તેમ મન ઇંદ્રિમાં ઉપયોગ રાખનાર મનુષ્ય આત્મામાં—જ્ઞાનમાં હોવા છતાં પોતાને જાણે નહિ. પરંતુ સહજ પોતાના ઉપયોગમાં આવતાં પક્ષીને હવા, મત્સ્યને સમુદ્ર મળે, તેમ જ્ઞાનપ્રકાશમાં રહેલ મનુષ્યને આત્મા સહજ મળે. આવું આત્મજ્ઞાન સહજ હોવા છતાં, **ઉપેક્ષા કરનારને—અશાંત મનને** તે મળતું નથી.

જેમ કેટલાએક માણસોને માણુસ હોવા છતાં પણ એવી કેટલીક ભ્રાંતિ થઈ જાય છે કે પથ્થરા સખ્ત છે, પાણી પોચું છે, પરંતુ સહજ ઉપયોગ આપનાર શાંત આત્મા જોઈ શકે છે કે પથ્થરાના ડુંગરના ડુંગરોને પાણી ભેદી ચુરે ચુરા કરી નાખે છે, એટલુંજ નહિ પરંતુ તેની છુટી છુટી ઝીણી રેતી જાણે પાઉડર હોય એવી કરી નાખે છે. આજ મીશાલે મનુષ્ય હોવા છતાં કેટલાએકને કરમ રૂપી પથ્થરાઓ કઠણ લાગેછે. પરંતુ પોતામાં ઉપયોગ થતાં તે જાણે છે કે હું આત્મા છું--વીર્ય છું અને મારાં બાંધેલાં કર્મોના ચુરેચુરા કરી નાખું છું. ઘણાએકને Riddle ઉખાણા તેમજ Connundrum કોયડા બહુ કઠણ લાગે છે. જાણે બુદ્ધિ તેમાં પ્રવેશ કરવાને બુઠ્ઠી હોયની એમ જણાય છે, તેનો જવાબ જાણ્યા પછી કેટલાએકને શરમ લાગે છે કે આટલું પણ આપણને ન આવડયું. પરંતુ પોતાના મનને જે શાંત રાખી શકે છે, તેને જેમ શાંત સરોવરમાં ચંદ્રબિંબ દેખાય તેમ મનોજળ શાંત થતાં આત્મદર્શન પણ સહજ થઇ શકે છે.

" अध्यात्मज्ञानी पौद्गलिक रिद्धि देखकर
खुश न होवे अपना रिद्धिपर ख्याल रखे. "

બરોબર છે, મહારાજશ્રી બરોબર છે, એમજ છે. અધ્યાત્મ-

જ્ઞાની પોતાની અનંત રિદ્ધિપરજ વિશેષે કરીને ખ્યાલ રાખે છે, પોતાની અનંત જ્ઞાનરિદ્ધિમાં-દર્શનરિદ્ધમાં-આનંદરિદ્ધિમાં વીર્યાદિ અનંત રિદ્ધિમાં મસ્ત હોય છે, પરંતુ સૂર્યને જોઇ કમળ ખીલે તેમ, અધ્યાત્મજ્ઞાનીનું મનરૂપ કમળ-ઈંદ્રિયોરૂપી પાંખડીયો સહિત પોતાના પ્રભુને જોઇ ખીલે-હસે-રમે.

જુઓ (શુદ્ધોપયોગ, સહજ સમાધિમાં) જુઓ કચ્છ પંજાબમાં પ્રભુદર્શન થતાં આત્મદર્શન સહજ થઇ ગયું ત્યારે,—

" આજ આનંદશ્રી પ્રગટતો **મન** વિશે,
તનવિષે **વચન**માં છલકી રહેતો;
આત્મસ્વયંભુ રમણ સમુદ્રમાં,
પૂર્ણ પોતે રહી મ્હલકી રહેતો. આજ-આ-"

વગેરે જ્ઞાનાનંદે દર્શનાનંદે, વીર્યાનંદે પણ હોય છે. પોતાના મન-તન-વચન અને રોમ પણ આ અપૂર્વ આનંદમાં ખીલતા અનુભવ જોવાય છે.

તેમજ અધ્યાત્મજ્ઞાની પોતાના સ્વરૂપમાં રહ્યો થકો પૌદ્ગલિક રિદ્ધિને જોઇને તે રડતો નથી. કારણ કે તેવા જ્ઞાનીને તે ઉપાધિરૂપ નથી પણ અલંકારરૂપ છે. જળમાં નિમગ્ન કમળની વૃત્તિ ચંદ્રમા હોવાને લીધે, ચંદ્રને જોઇને ખીલતું હોવાને લીધે, લોકોને તે જળમાં દેખાય છે, તથાપિ તેની વૃત્તિ તો ચંદ્રમાં જ હોય છે. અધ્યવસાયરૂપ કમળ આત્મચંદ્રના દર્શન થતાં સંસારજળમાં લોકોને નિમગ્ન દેખાતાં છતાં તેનો ખ્યાલ તો આત્મચંદ્રમાં જ હોય છે.

विद्यासागर के पास सूत्र सिद्धांत के प्रमाण बहुत है.

વીરશાસન કુટુંબમાં પોતાનાજ મોટા ભાઇ પાસે સૂત્રસિદ્ધાંતના બહુ પ્રમાણો હોવાં એ **લાલ**નની અનુમોદનાનો વિષય છે. વાદીને બહુ પ્રમાણોના ડરથી દબાવાની ધાસ્તી હોય છે. પરંતુ સેવાદિક વૃત્તિવાલા **લાલ**નને તો તે પુણ્યવૃદ્ધિ જેવા લાગે છે. તથાપિ

આટલા પ્રમાણોપકારના બદલામાં આત્મપ્રમાણરૂપ ગોચરી લઘુબંધુ વોરાવે તે શું વડીલ બંધુ અંગીકાર કરવાની કૃપા નહિ કરે ના, કરશેજ.

उनकी विद्यासागर) की कलम बहोत लम्बी लेख लिख सकती है.

લઘુતમબંધુ એમ ઇચ્છે છે કે મુદ્દાસર, શાસ્ત્રાનુકુળ, બુદ્ધિગમ્ય સર્વ માનવોપયોગી અને પોતાને અનુભવગમ્ય હજી પણ લાંબા લેખો લખે. રૂટરના ટેલીગ્રામ્સ (લાંબા લેખો) આખી દુનિયામાં થોડાજ કલાકમાં પસરી જાય છે, તેથી પણ આપશ્રીના માનવોપયોગી લેખો આખી પૃથ્વીપર વધારે વિસ્તારો.

अध्यात्म मिलना तो दूर रहा मगर विना श्रद्धा धर्मका मिलना मुश्किल है.

હા, એમજ છે. શ્રદ્ધાસહિત ધર્મનો અંશ સહજ છે. અને શાંતિ આદિ બીજ પૂર્વક ઉગેલાં ધર્માદિ સમ્યક્ત્વના મુળોમાંથી અધ્યાત્મ-જ્ઞાનરૂપ થડ અને ચારિત્રરૂપ શાખાઓ એમ ધર્મવૃક્ષ પુરૂં મળે છે. એટલુંજ નહિ પરંતુ તેનું ફળ શાંતરસ વાળા સમ્યક્શ્રદ્ધામાંથી પરંપરાએ મોક્ષરૂપે વીરમે છે.

पंच महाव्रतधारी के छोटे भाई श्रावक जैन मुनियों के सामने श्रमणोपासक कहा जाता है।

આપશ્રીનું કહેવું યથાર્થ છે. કારણ કે પંચમહાવ્રતધારીના છોટા ભાઈ શ્રમણોપાસક. શ્રમણોપાસક શ્રાવકોને પાંચ અણુવ્રત છે—નાના વ્રત છે.

" वे (શ્રમણો પાસક) बाहुबलीजी की छोटी बहेन सुन्दरी साधवी की तरह जैन मुनियोंका क्या उपदेश देनेका प्रयत्न करेंगे ! "

પોતાના વ્રત પાળનારી નાની બ્હેન સુંદરીને એમ લાગ્યું કે મ્હારા મોટા ભાઇ બાહુબળી આટલું આટલું કષ્ટ કરે છે, આખા શરીરે વૃક્ષલતાઓ વીંટાઇ ગઇ છે, તેમાં સ્થળે સ્થળે પક્ષીઓએ માળા બાંધ્યા છતાં તેઓ પોતાની તપશ્ચર્યાનું ફળ પામતા નથી; કારણ કે વડિલ બંધુના મનમાં એવો વિચાર છે કે મારા નાના ભાઇને હું કેમ નમું ? પરંતુ ખરૂં જોતા નાના ભાઇને વાંદવાનું નહિ હતું, પરંતુ મોટા ભાઇઓને વાંદવાનું હતું, તે છતાં દેહભાવથી બાહુબળી એમ માનતો હતા કે હું મોટો છું. તેમણે આત્મભાવથી જોયું હોત તો પોતાનેજ માલમ પડત કે મારા ભાઈઓ દિક્ષાથી મોટા છે ચારિત્રે મોટા છે માટે તેમને વાંદવું એ ગુણકારક છે. આવો ઉપયોગ પોતાથી નહિં અપાયાને લીધે નાની બ્હેન સુંદરીને ઉપયોગ આપવો પડયો કે "વીરા ગજથકી ઉતરો" એટલે કે દેહભાવરૂપી મોટા અભિમાનથી ઉતરી દિક્ષા ભાવે-ચારિત્રભાવે તમે નાના છો તેથી તમારા દિક્ષાએ વડીલ અઠ્ઠાણું બંધુઓને વાંદવું-નમવું એ ઉપકારક છે. લઘુ બ્હેન સુંદરીની આ શિક્ષા માનતાંજ હજી તો વાંદવા માટે પગ ઉપાડે છે એટલામાંજ સરળતા શિરોમણિ બાહુબળીને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું —કેવળ જ્ઞાનરૂપી લોકાલોક ભાસ્કરનો સાદિ અનંતમે ભાંગે ઉદ્યોત થયો. એજ પ્રકારે બાહુબળીની પેઠે ગૃહકુટુંબરૂપી રાજ્ય છોડી પૂર્ણ પરિગ્રહને વોસરાવી પંચમહાવ્રતધારી સાધુ મુનિરાજાઓ સંસારના સર્વે સંબંધ છોડી વ્રતનિયમ, પચ્ચખાણ, શાસ્ત્રાભ્યાસ અને તપ આદિ કરવા છતાં, હિંદના જુદા જુદા ભાગમાં એક સ્થાને બંધાઈ ન રહેતાં પવનવિહારી જેવા કઠણ વિહારો છતાં ફળ કેમ પ્રાપ્ત કરતાં નથી. વ્રતે, અભ્યાસે, ન્યાયે મોટા હોવા છતાં ગુણે મોટાનો વિનય નહિ થતો જોઈ સુંદરી સરખા નાના બંધુને મોટાની કરૂણા આવે, અને એ કરૂણા વડેજ કેહેવાય કે વીરા ગુણે અધિકને-ગુણે મોટાને વિનય સહિત નમો. સરલ બાહુબલિનું અનુકરણ કરતાંજ નાની બ્હેન જેવા બાલન કહે છે કે અંતર ચક્ષુ

ઉઘાડી આત્મગુણને-આત્મગુણીને જુઓ કે તરતજ ઉપશમ આકાશમાં આત્મચંદ્રની દિવ્ય પ્રભાના દર્શન થશેજ.

હવે મહારાજ શ્રી ઉપસંહાર કરે છે કે:—

आत्माको जब श्रद्धा गुण आयगा तब सामायक प्रतिक्रमण पौषध व्रत देवगुरु धर्मको सेवाकार आमद होगी. "

આત્માને જ્યારે શ્રદ્ધા હોય ત્યારે માણુસ સામાયક, પ્રતિક્રમણ, પૌષધવ્રત, અને દેવગુરૂની સેવા કરી ઉત્તમ ફળ પામે છે. તેમજ શાંત્યાદિ પૂર્વક જ્યારે આત્માને સમ્યક્ શ્રદ્ધારૂપ ગુણુ આવે છે ત્યારે સામાયિકથી જ્ઞાનાદિ આત્મ ગુણને લાભ થાય છે, પ્રતિક્રમણથી પ્રમાદવડે પરભાવમાં જતા અધ્યવસાયને સ્વભાવમાં-સ્વગુણુમાં રમમાણુ કરી શકાય છે પૌષધવ્રતથી દિવસ ભરનું પૂર્ણું ચારિત્ર હોયની-જ્ઞાન દર્શનમાં રમણુતા હોયની એવી પુષ્ટિ મળે છે અને જેમાં આત્માને પૂર્ણું ગુણુ પ્રકાશ્યો છે તેની સેવા કરતાં અલ્પ ગુણુ પ્રકાશવાળા-શાંત્યાદિ પૂર્વક સમ્યક્ શ્રદ્ધાવાળા-એ પાંચે ધર્મ ક્રિયાનું ઉત્તમોત્તમ ફળ જે મોક્ષ તે સત્વર પામે છે. કારણુ કે શાંત્યાદિવડે પ્રાપ્ત થયેલ સમ્યક્ આત્મ શ્રદ્ધાવાળાને સામાયિક કરતાં

समता सर्व भूतेषु संयमः शुभभावना ।
आर्तरौद्रं परित्याग स्तद्धि सामायिकं व्रतं ॥

સર્વ પ્રાણીઓમાં સમતા રહે છે. કારણુ કે આત્મા સર્વના સરખા છે. પાંચે ઇંદ્રિયો વિકારને છોડી આત્મા તરફ વળી સંયમ ભાવ પામે છે, કારણુ કે ઇંદ્રિય આત્મા તરફ ગમન કરનાર સાધન છે. સર્વ જીવનું શુભ થાય એવી ભાવના. આર્તધ્યાનની જગોએ ધર્મધ્યાન અને રૌદ્રધ્યાનની જગોએ બેઘડી સુધી શુકલ ધ્યાન કરી શકે છે, એટલુંજ નહિં પણુ આવું પૌષધ વ્રતમાં આખો દિવસ

કરે છે. ઉપયોગ પૂર્વ જે ધર્મ ક્રિયા થાય તો સંસાર રૂપી બળતી અગ્નિવાળી અટવીમાં પૌષધ વ્રત જાણે ધર્મફળ બાગ હોય એવું લાગે છે.

એજ પ્રકારે શાંત્યાદિ પૂર્વક જેને સમ્યક્ આત્મશ્રદ્ધા પ્રાપ્ત થઇ છે તે—

स्वस्थानात्परस्थानं प्रमादस्य वशाद्गतः ।
'तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते ॥

ઉત્સાહવાન થઇ પરસ્થાનમાં–પરભાવમાં ગયેલા અધ્યવસાયને સ્વભાવમાં આત્મભાવમાં વારંવાર લાવવા રૂપ પ્રતિક્રમણ પણ થઇ શકે છે.

केशरका तिलक लगानेसे या भाषण देनेसे क्या हो शकेगा असक्तो श्रद्धा गुण हय ॥

પ્રશમાદિ–શાંત્યાદિ પૂર્વક જે જે સમ્યક્ શ્રદ્ધા છે તેમને તિલક શું ગુણ કરે છે, અને શું ગુણ કરાવે છે તે સંબંધી લઘુતમ બંધુ લાલન પોતાનો અનુભવ નિચે પ્રમાણે પ્રકટ કરે છે—

શ્રાવકને તિલક રૂપ શુભ ચિન્હ પોતાને શું કર્તવ્ય છે અને શું અકર્તવ્ય છે એવો નિરંતર ઉપયોગ આપે છે. મારામાં શ્રાવકના એકવીસ ગુણોમાંથી અને માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોમાંથી કયા ગુણો કેટલા પ્રગટ થયા અને કેટલા થવા જોઇએ એવી જાગૃતિ રાખે છે.

શાંત્યાદિપૂર્વક આત્મદર્શનમાં સમ્યક્ શ્રદ્ધા થયાથી મારા અણુવ્રતો પુર્ણ ચારિત્ર નથી, માટે હું પુર્ણ ચારીત્રવાન કેમ થાઉં એવી વૃત્તિ વડે કેશરનું તિલક તેને ગુણવાન પંચમહાવ્રતધારી સાધુ મુનિરાજનો હમેશાં વિનય કરવાનું સૂચવે છે. એ પણ શ્રાવકના

તીલકરૂપ શુભ ચિન્હનો નક્ષત્રારૂપ પ્રતાપ છે. માટે જેનાથી પંચમહા વ્રતધારી સાધુ મુનિરાજનો વિનય કરવાનું પણ નિરંતર સ્મરણમાં રહે એવું કેશરનું તીલક અમારૂં શું શુભ કરી નથી શકતું? ઘણું કરે છે અને ઘણું કરશે, એટલુંજ નહિં પણ આત્મગુણ અભિલાષી માનવબાંધવોને એ કેશરનું તીલક શુભ ગુણ અનુમોદનાનું કારણ થાય છે. જેમ **વીર** પ્રભુની પ્રતિમા દ્વારાએ ગુણ સહિત **વીર**પ્રભુના દર્શન થાય છે, તેમ તીલક દ્વારાએ અધ્યાત્મ જ્ઞાની શ્રાવકના ગુણો અને વ્રતોના જિજ્ઞાસુને દર્શન થાય છે. આમ તીલક લગાડવું ઉપયોગી છે.

સંસારરૂપ અરણ્યમાં રખડતાં રખડતાં પણ જેને પ્રશમ—શાંતિ આત્મામાં પ્રગટ થઇ છે એવો ભાષણકાર જગતમાં યથાશક્તિ સંસારમાં રખડતાં અન્ય માનવ બાંધવોને પ્રથમ—શાંતિ ઉત્પન્ન કરશે. તદનંતર શાંતિ આત્મામાં સંવેગરૂપ મોક્ષરૂપ ફળ લેવાનો ઉત્સાહ જેનામાં પ્રગટ છે એવો સદ્કતા માનવ જગત્માં સંવેગ ઉત્પન્ન કરશે. પરભાવમાં જેણે નિર્વેદ, વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, તે જગત્માં પરભાવમાં વૈરાગ્ય ઉત્પન્ન કરાવશે. તદનંતર કષાયાદિથી હણાતા પોતા સુધી સર્વ પ્રાણીયો ઉપર જે આત્મામાં અનુકંપા પ્રગટી છે એવો જિજ્ઞાસુ જગતમાં ઠામ ઠામ દયા ધર્મનો ડંકો વગાડતો રહેશે, અને સર્વ અનુકંપાથી શુદ્ધ થયેલો આત્મા જ્ઞાનમય છે—દર્શનમય છે સુખમય છે—વીર્યમય છે એવી જેને આસ્તિકતા છે, પછી તે ગુરૂ વચનથી કે નિસર્ગ—સ્વભાવથી જેને સમ્યક્શ્રદ્ધા છે એવો વાગ્વીશારદ ભાષણકાર જગતના જીવોને આત્મશ્રદ્ધાપૂર્વક દેવ ગુરૂ ધર્મશ્રદ્ધા પણ પ્રગટાવશે. તદનંતર સમ્યક્જ્ઞાનવાન આત્મા જેણે જાણ્યો છે—અનુભવ્યો છે એવો સંવાદિ ભાષણકાર વિવાદ કે વિષવાદને દુર કરી સંવાદ કે અમૃતવાદ માનવ કુટુંબમાં વર્ષાવશે. તદનંતર જેને સમ્યક્ ચારિત્ર પ્રગટ થયું છે એવા મહાવ્રતધારી આત્મજ્ઞાન પૂર્વક

મહાવ્રતની સરળતા કેમ છે અને મોક્ષરૂપ ફળ કેમ સત્વર પ્રાપ્ત થાય છે તે ભાષણ આપીને સમજાવશે અને અણુવ્રતધારી તેમની છાયામાં રહીને પોતાની શક્તિ અનુસાર મોક્ષરૂપી ફળ કેમ સત્વર પ્રાપ્ત કરે એવું પોતાના વર્તનથી-પોતાના વિચારથી અને પોતાના સદ્ભાષણથી પ્રગટ કરતો રહેશે. આમ શાંત્યાદિ પૂર્વક શુદ્ધ શ્રદ્ધાવાન્ આત્મગુણમાં રહેનાર મુખ્ય સદ્વર્તનને આગળ કરનાર ભાષણથી પણ સ્વપર કલ્યાણ સાધશે.

बडेधर्मबंधु शांतिविजयजीने मोक्षप्राप्तिपेश्रद्धा गुण अवल सिद्ध कर दिया।

મહારાજ શાંતિવિજયજીના છોટા બંધુ લાલને મોક્ષની સત્વર પ્રાપ્તિમાં શાંત્યાદિ ગુણ શ્રદ્ધાગુણથી **અવલસે અવલ** તત્વાર્થ ભાષ્ય પ્રમાણે પણ સિદ્ધ કરી દીધા છે.

पांच प्रतिक्रमण सहि और सात प्रतिक्रमण जैन शास्त्रके फरमानसे (बडे धर्मबंधुने) गळतकर बतलाए."

છોટા ધર્મબંધુ લાલને ત્યારે શાસ્ત્ર ફરમાન પ્રમાણે મુનિમંડળ સમક્ષ પાંચે પ્રતિક્રમણનો સ્વીકાર કર્યો એટલુંજ નહિ પણ શાસ્ત્રના આશયને અનુકુળ મહારાજ **શ્રી આનં**દસાગરની આજ્ઞા પ્રમાણે પાંચ કરતાં વિશેષ પણ કબુલ રાખવા તેમની સમક્ષ એ ચર્ચાનો ઉપસં-હાર કર્યો અને તે આ પ્રમાણે—

" પાંચ ઉપરાંત છઠ્ઠા અને સાતમા પ્રતિક્રમણની ચર્ચામાં લખાવવાનું કે હાલની અપેક્ષાએ તો પાંચજ છે પણ પાપ સ્થાનકોથી પાછા હઠવારૂપ પ્રતિક્રમણ યોગ કષાયાદિ નિરોધરૂપે ઘણા હોય છે તેથી આ ચર્ચાનો ઉપસંહાર છે." (જુઓ સાંજ વર્તમાન તા. ૨૩ ઓગષ્ટ ૧૯૧૦-મુનિમંડળ સમક્ષ લાલન શીવજીના ખુલાસા) જે

ચર્ચાનો ઉપસંહાર થયો હોય તે ચર્ચાનુ ઉત્થાન કરવાને કોઇને ફરજ પાડવી એ શુદ્ધ ચર્ચાકારને યોગ્ય નથી.

જૈન શાસ્ત્રની તો આજ્ઞા આ પ્રમાણે છે—

जिनैर्नानुमतं किंचिन्निषिद्धं नापि सर्वथा ।
कार्यमाण्य पदेशे नेत्येषाज्ञा पारमेश्वरी ॥

(યશોવિજયજી)

અર્થાત્ જિનેશ્વર ભગવાનની એવી આજ્ઞા છે કે તેણે કોઇનો એકાંત નિષેધ કર્યો નથી, તેમ નથી કોઇનો (એકાંત) વિધિ કર્યો. સરળપણે રહી કાર્ય કરવું. આ પ્રમાણે પાંચ પ્રતિક્રમણ પુર્વક સરળતાથી પ્રમાદ રહિત થઈ આત્માને પોતાના સ્થાનમાં લાવવા રૂપ ભવના અને ભવોભવના પાપથી નિવૃત્ત થવારૂપ પ્રતિક્રમણ કરે તો તેને જૈનશાસ્ત્ર શિક્ષા કરે છે કે, શુભફળ દેખાડે છે તે બુદ્ધિ ગમ્ય થાય તેવી દલીલથી દેખાડવું જોઇએ, કારણ કે જૈનશાસ્ત્ર યુક્તિ રહિત નથી. શ્રીમદ્‌હરિભદ્રસુરી પણ કહે છે કે—

युक्तिमद्वचनमस्य तस्य कार्यः परिग्रहः ।

આ ઉપરથી વાચક વર્ગને સમજાશે કે લઘુતમ લાલનના વડીલ બંધુએ શું ગળત કરી બતાવ્યું છે.

"जाति स्मरण अवधि ज्ञान इहांको मनुष्योंको नहि हो. ए.त सिद्ध कर दीया अब जीसको जो कुछ लिखना हो माकुल जवाब मिलना रहेगा; विद्यासागरके दफतरमें जवाबकी कमी नहिं है."

મોક્ષાભિલાષિને જવાબ આપતાં આપને કબુલ કરવું પડયુ છે બૃહત્ કલ્પ પ્રમાણે એ બંને જ્ઞાન છે પરંતુ આપશ્રીએ પ્રથમ

એ બંને જ્ઞાનને માટે નિષેધ કરેલો હોવાથી આપને અનુકુળ એવી દીવાળી કલ્પની શાખથી આપ નિષેધ કરી શકયા છો. એક કલ્પમાં હા અને બીજામાં ના, એમ હોય ત્યારે જૈનશાસ્ત્ર કઈ અપેક્ષાથી ના અને કઇ અપેક્ષાથી હા, એમ શોધે છે. તો એ ચર્ચાનો નિર્ણય એમ થાય છે કે દીવાળી કલ્પ પ્રમાણે આ કાળમાં ઘણાને એ ઉભય જ્ઞાન ન હોય એમ સિદ્ધ થાય છે પણ સર્વથા ન હોય એમ નહિ. એજ પ્રમાણે બૃહત્ કલ્પની શાખે કોઇકને આ કાલમાં પણ એ જ્ઞાન હોય છે એમ સિદ્ધ થાય છે પણ બધાને હોય એમ સિદ્ધ થતું નથી.

આપ આ પરથી જોઇ શકશો કે આપે બૃહત્ કલ્પનો નિષેધ કરી દીવાલી કલ્પ પ્રમાણે શું સિદ્ધ કર્યું છે. મને તો લાગે છે કે જ્યાં સાત પદની જરૂર છે, ત્યાં પણ એકાંત થઇ જાય છે. બહુ ખુશીની વાત છે કે વિદ્યાસાગરના દફતરમાં જવાબની ભરતી રહે અને તે પણ મુદ્દાસર. એમ ન થાય ત્યારે તો લઘુતમબંધુને કહેવું પડે કે "વીરા ગજથકી ઉતરો" અને આત્મ સાગરમાં ડુબકી મારી પછી દફતરમાં જુઓ એટલે સાગર પણ નહિ ખુટે એવો અને મીઠો થઈ રહેશે.

જૈનધર્મનું મૂળ અને તે વડે સ્વરુપ પ્રાપ્તિ.

૧ જૈનધર્મનું મુળ.

લઘુતમ—જૈન ધર્મનું મૂળ શું ?

વડીલ—દયા[૧]

લઘુતમ—દયા કોની ?

વડીલ—જીવની

લઘુતમ—જીવ કોને કહેવો ?

વડીલ—જે પ્રાણ ધારણ કરે તે જીવ.

લઘુતમ—પ્રાણ કેટલા પ્રકારના ?

વડીલ—બે પ્રકારના.

લઘુતમ—કયા બે પ્રકારના ?

વડીલ—ભાવ પ્રાણ અને દ્રવ્ય પ્રાણ

લઘુતમ—ભાવપ્રાણ કેટલા છે અને દ્રવ્ય પ્રાણ કેટલા છે ?

---

૧ બહુ આનંદની વાત એ છે કે જૈન ધર્મના આ સિદ્ધાંતને દુનિયાના તમામ ધર્મો માન્ય કરે છે. જૈન ધર્મની આ આજ્ઞાને માન્ય રાખી હિંદુ ધર્મ કહે છે કે " દયા ધર્મકા મૂળ હૈ. " આર્ય શાસ્ત્ર એવો ઘોષ કરે છે કે "**अहिंसा परमो धर्म**" પરમધર્મ તો અહિંસા (દયા) છે. બુદ્ધમહારાજ સર્વ મનુષ્યોપર " દયા " રાખવાનું શીખવે છે અને મહાત્મા ક્રાઇસ્ટ Be kind to animals પ્રાણીઓ પર દયા કરો આવો આદેશ કરે છે. આમ થોડી વધારે સર્વ દયાધર્મ રૂપ જૈન ધર્મની આજ્ઞા માન્ય રાખે છે. કોઈ તો દ્રવ્ય પ્રાણની, કોઇ ભાવ પ્રાણોની અને કોઇ ઉભય પ્રાણોની રક્ષા કરવાનો ઉપદેશ કરે છે,

વડીલ—ભાવપ્રાણ ૪ છે, અને દ્રવ્ય પ્રાણ ૧૦

લઘુતમ—સંસારી જીવોને કેટલા અને સિદ્ધ જીવોને કેટલા પ્રાણ છે ?

વડીલ—સંસારી જીવોને વિશેષમાં વિશેષ ૧૦ દ્રવ્યપ્રાણ અને ચાર ભાવ પ્રાણ અને સિદ્ધજીવોને ચાર ભાવ પ્રાણ હોય છે.

ભાવપ્રાણ દ્રવ્યપ્રાણનો સંબંધ[૨]

લઘુતમ—ભાવપ્રાણને દ્રવ્યપ્રાણનો સંબંધ કેવો છે ?

વડીલ—એ સંબંધ સમજવા ખાતર એવી અસત્ કલ્પના કરીએ કે જાણે આંખ અને ચશ્મા, કાન અને ભુંગળી; આંખને સ્થાને ભાવપ્રાણ સમજવા અને ચશ્માને ઠેકાણે દ્રવ્ય પ્રાણ જાણવા.

લઘુતમ—કોઇ જીવને દ્રવ્યપ્રાણ વિના ચાલે ?

---

૨. સંબંધ બે પ્રકારનો હોય છે. એક સમવાયસંબંધ અને બીજો સંયોગસંબંધ સંયોગ સંબંધ તે છે કે જે જોડાય છે અને વિખુટા પડે છે; સમવાય સંબંધ તે છે કે જે અનાદિ અનંતકાળ સુધી સાથેજ રહે છે, જેમ કે "પાઘડી કસુંબી છે" આ દ્રષ્ટાંતમાં પાઘડી સાથે વળગેલો કસુંબી રંગ સંયોગ સંબંધે છે. કારણ કે કોઈ ક્ષાર, લીંબુ, જળ વગેરેથી તે કસુંબી રંગને પાઘડીથી છુટો પાડી શકાય, તેમ સફેદ પાઘડીને તે કસુંબી રંગ ચડાવી શકાય છે. સમવાય સંબંધનું ઉદાહરણ એ છે કે જેમ પાઘડી અને સફેદ રંગ પાઘડીનો સફેદ રંગ, રૂપ, ગુણ, કોઈ પણ ઉપાયે દુર થઇ શકતો નથી. એ તો પાઘડીની સ્થિતિ સાથે હમેશ રહેવાનોજ. આ પ્રમાણે જીવને ચાર ભાવ પ્રાણ સમવાય સંબંધે છે. (અનાદિ અનંતકાળ સુધી સાથે રહેવાનાજ છે.) અને દશ દ્રવ્ય પ્રાણ તે સંયોગ સંબંધે છે, જે જીવને મોક્ષ થતા છુટી જવાના.

વડીલ—હા. જેમ ઘણા માણસોને ચશ્માવિના પણ આંખવડે દેખાય છે. તેમ સિદ્ધ જીવો દ્રવ્ય પ્રાણવિના પણ સર્વ જાણે છે–દેખે છે; અક્ષય સ્થિતિ (ચારિત્ર) એ વિલસે છે અને અનંતવીર્ય પણ સિદ્ધ મહારાજને હોય છે.

લઘુતમ—ચશ્મા તો જેમની આંખનું તેજ ઓછું હોય તે ચડાવે. તો શું સંસારી જીવોના ભાવ પ્રાણનું તેજ ઓછું થઇ રહેલ છે કે તેને દ્રવ્ય પ્રાણરૂપી ચશ્મા (ઉપાધિ) ચડાવી પોતાનું કામ ચલાવવું પડે છે.

વડીલ—હા તેમજ છે.

લઘુતમ—શાથી ભાવ પ્રાણનું તેજ ઓછું રહે છે.

વડીલ—કષાયથી–એટલે ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી. ટુંકામાં કહીએ તો રાગદ્વેષથી. કારણ કે રાગમાં લોભ અને માયાનો સમાવેશ થાય છે, અને દ્વેષમાં ક્રોધ અને માનનો.

લઘુતમ—જેમ આંખનું તેજ કોઈને પાછું આવે છે, તેમ ભાવપ્રાણનું તેજ પણ પ્રકાશે ખરૂં ?

વડીલ—હા. જો રાગદ્વેષ નીકળે તો[3]

લઘુતમ—ચાર ભાવપ્રાણ કયા કયા ?

વડીલ—અનંતજ્ઞાન, અનંતદર્શન, અક્ષયસુખ (ચારિત્ર), અને અનંતવીર્ય.

લઘુતમ—દ્રવ્યપ્રાણ ૧૦ કયા કયા ?

---

૩. જેમ મોતીઓ, પડલ, કે છારી ઉપાયોવડે દૂર થાય છે, તેમ રાગદ્વેષ પણ ઉપાયોવડે દુર થઈ શકે છે. અને તે ઉપાય તે સમદ્રષ્ટિ અને ગુણદ્રષ્ટિ છે, સમભાવથી રાગદ્વેષ–મોતીઓ ને પડલ ઉભય જાય છે, અને ગુણભાવથી દ્વેષરૂપ છારી મટી જાય છે.

વડીલ—શ્વાસોશ્વાસ, પાંચ ઇંદ્રિયો, આયુષ, અને ત્રણબળ (મનબળ-વચન બળ અને કાયબળ)

લઘુતમ—કયા ભાવ પ્રાણુ અને કયા દ્રવ્ય પ્રાણુનો સંબંધ છે?

વડિલ—અનંતજ્ઞાનરૂપ ભાવ પ્રાણુને શ્વાસોશ્વાસ રૂપ દ્રવ્ય પ્રાણુનો સંબંધ છે. અનંત દર્શન રૂપ ભાવ પ્રાણુને પાંચ ઇંદ્રિયો (અથવા ચક્ષુ અચક્ષુ દર્શન રૂપ) દ્રવ્ય પ્રાણુનો સંબંધ છે. અક્ષય સુખ (ચારિત્ર) રૂપ ભાવ પ્રાણુને આયુષ રૂપ દ્રવ્ય પ્રાણુનો સંબંધ છે. અનંત વીર્યને મન વચન કાયબળ સાથે સંબંધ છે.

લઘુતમ—આ દ્રવ્ય પ્રાણુની જીવને જરૂર કયાં સુધી રહે છે ?

વડીલ—જ્યાં સુધી ચક્ષુઓનું તેજ ઓછું છે ત્યાં સુધી ચસ્મા ઘાલવા પડે છે, પણ જ્યારે આંખનું તેજ સમ્પૂર્ણ હોય છે ત્યારે ચસ્માની જરૂર રહેતી નથી; તેમજ જ્યાં સુધી કર્ણોમાં ખામી હોય છે ત્યાં સુધી ભુંગળી આદિની[૪] જરૂર છે. પણ જ્યારે આંખ અને કાન નીરોગી થાય છે ત્યારે ચસ્મા કે ભુંગળી વિગેરેની[૫] જરૂર પડતી નથી. તેવીજ રીતે અત્રે ભાવપ્રાણુની સકળ-અનંત શક્તિઓ જ્યાં સુધી દેદિપ્યમાન, પૂર્ણ પ્રકાશીત થાય નહિ અથવા કેવળીપણાની સ્થિતિ કે સિદ્ધ ગતિ જીવ પામે નહિં, ત્યાં સુધી ભાવપ્રાણુને દ્રવ્ય-પ્રાણોની જરૂર રહે છે. અને તેથીજ ભાવપ્રાણુ અને દ્રવ્યપ્રાણુનો સંબંધ આંખ અને ચસ્માની માફક ઉપર કહ્યું તેમ (સંયોગ) સંબંધ છે.

લઘુતમ—ભાવપ્રાણુ તેજ આત્મા !

---

૪. ટેલીફોનની.

૫, ટેલીસ્કોપની.

૬. મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યવ પણ હોય.

વડીલ—હા. ભાવપ્રાણુ તેજ આત્મા. સ્પષ્ટ રીતે કહીએ તો સમવાય સંબંધે રહેલા (કોઇ દિવસ છુટા ન પડે તેવા) અનંત જ્ઞાન, અનંત દર્શન, અક્ષય સુખ અને અનંત વીર્ય એ આત્માના શાશ્વત્ ગુણુ છે. જેમ સૂર્ય અને સૂર્યનો પ્રકાશ અભિન્ન છે તેમ આત્મા અને આત્માના અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય પણુ તેની સાથે અભિન્નરૂપે રહેલા છે.

લઘુતમ—જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય એટલે શું ?

વડીલ—જ્ઞાન એટલે જાણું. દર્શન એટલે દેખવું, સુખ એટલે આનંદ, અનંત-વીર્ય એટલે બળ (પરાક્રમ).

લઘુતમ—આત્માનું ભાવલક્ષણુ અને દ્રવ્ય લક્ષણુ અનુક્રમે કહો;

વડીલ—આત્માનું પ્રથમ લક્ષણુ જ્ઞાન.

લઘુતમ—જ્ઞાન કેટલા પ્રકારનું છે ?

વડીલ—બે પ્રકારનું, ભાવજ્ઞાન તે અનંતજ્ઞાન, અને દ્રવ્યજ્ઞાન તે શ્વાસોશ્વાસ. ૬

લઘુતમ—દર્શન કેટલા પ્રકારનું ?

વડીલ—બે પ્રકારનું. ભાવ દર્શન તે અનંત દર્શન અને દ્રવ્ય દર્શન તો ચક્ષુ વગેરે પાંચ ઇંદ્રિયો.

લઘુતમ—અક્ષય સુખ (ચારિત્ર) કેટલા પ્રકારનું છે !

વડીલ—બે પ્રકારનું. ભાવચારિત્ર અને દ્રવ્યચારિત્ર. આ બંને ચારિત્રના બે બે પ્રકાર છે. એક પ્રવૃતિ અને નિવૃતિ. ભાવ ચારિત્ર પ્રવૃત્તિ અને નિવૃત્તિ, દ્રવ્યચારિત્ર પ્રવૃત્તિ અને નિવૃત્તિ.

લઘુતમ—આ ચારે ચારિત્રના લક્ષણો કહેશો ?

વડીલ—૧ દ્રવ્ય નિવૃતિ ચારિત્ર—દ્રશ્ય ઉપાધિયોનો ત્યાગ. જેમકે પુત્રપરિવાર, ગૃહસંસાર, પત્નિ માલ મીલકત આદિ સર્વેનો ત્યાગ.

૨ દ્રવ્ય પ્રવૃતિ ચારિત્ર—મુનિના આચાર પાળવા વેશ, ઓઘો વગેરે રાખવો તે.

૩ ભાવ નિવૃતિ ચારિત્ર—પરપરણુતિરૂપ રાગદ્વેષ (કષાય) બહિરાત્મભાવ (દેહભાવ) નો ત્યાગ કરવો.

૪ ભાવપ્રવૃતિ ચારિત્ર–આત્મરમણુતા–અનંતજ્ઞાન દર્શનમાં રમણુતા–આત્માની શક્તિમાં રમણુતા.

લઘુતમ—વીર્ય કેટલા પ્રકારનું તે સમજાવશો ?

વડીલ—બે પ્રકારનું.

લઘુતમ—કયા કયા બે પ્રકારનું ?

વડીલ—ભાવવીર્ય, અને દ્રવ્યવીર્ય.

લઘુતમ—ભાવવીર્ય કયું તે કહેશો ?

વડીલ—આત્માનું અનંતવીર્ય.

લઘુતમ—દ્રવ્યવીર્ય કયું તે સમજાવશો ?

વડીલ—મનબળ, વચનબળ અને કાયબળ.

હિંસા.

લઘુતમ—હિંસા કેટલા પ્રકારની ?

વડીલ—બે પ્રકારની.

લઘુતમ—કઇ કઇ ?

વડીલ—ભાવપ્રાણુ હિંસા, અને દ્રવ્યપ્રાણુ હિંસા.

લઘુતમ—દ્રવ્યપ્રાણુ હિંસા શાથી થાય છે ?

વડીલ—શસ્ત્રોથી-જેવા કે બંદુકથી, તરવાર અને વિષ વગેરેથી. એટલુંજ નહિ પણુ કઠોર શબ્દોથી, અને અશુભ વિચારથી.

લઘુતમ—ભાવ પ્રાણુ હિંસા શાથી થાય છે ?

વડીલ—કષાયથી એટલે ક્રોધ, માન, માયા અને લોભથી. સંક્ષેપથી કહીએ તો રાગદ્વેષથી.

લઘુતમ—કોઇ દ્રવ્ય શસ્ત્ર ભાવ પ્રાણને હરે છે ?

વડીલ—બીલકુલ નહિ.

લઘુતમ—જો આપણા ભાવ પ્રાણ એટલે જ્ઞાનાદિ બીજા કોઈના દ્રવ્ય શસ્ત્રથી હણાતા નથી તો પછી આપણે નિર્ભય નથી ?

વડીલ—હા, તેમજ છે. કોઇ આપણો શત્રુ નથી.

લઘુતમ—ત્યારે તો આત્મા પોતે પોતાની હિંસા કરનારો રહ્યો અને તે કષાયોથીજ.

વડીલ—હા તેમજ છે. " આત્મઘાતી મહાપાપી."

લઘુતમ—રાગદ્વેષ કયાં ઉપજે છે ?

વડીલ—જયાં આત્મ પ્રદેશ છે ત્યાંજ.

લઘુતમ—એ વાત સમજાવશો ?

વડીલ—હા એક માણસ છે. એ માણસને આપણે દર્શન વડે દેખ્યો, જ્ઞાનવડે જાણ્યો અને તેજ જગોએ દ્વેષ સાથે એમ ચિંતવાયું કે બોલાયું કે " હા. એ તો પેલો દુષ્ટ " દ્વેષથી જયાં જણાયું ત્યાંજ બંધન થયું. હવે જો દ્વેષ ન થાય તો દેખવું-જાણવું બાધક નથી. એજ પ્રકારે તું તો મારો મિત્ર છે, એમ ચિંતવતાં રાગ પણ થઈ આવે તો બંધન કર્તા છે. જાણવું-દેખવું માત્ર બંધન કર્તા નથી. આત્માને દુધ સમજીએ અને રાગદ્વેષને જળ સમજીએ તો જળ અને દુધ ભેળાં થાય તેમ આત્મા અને રાગદ્વેષ મળી જાય છે.

લઘુતમ—પોતાને હણનાર રાગદ્વેષ ત્યારે કેવી રીતે દૂર થાય ?

વડીલ—પોતા પ્રત્યેની અન્ય જીવોની સર્વે ક્રિયાઓમાં ગુણ

જોતાં આવડે તો રાગદ્વેષ ધોવાઈ જાય છે. જેમ કે કોઇએ ગાળ આપી, તો એમ સમજવું કે મારા આત્મામાં અપયશ નામકર્મનો રોગ હતો તે મટાડવાની ગોળી આપી. માટે એ ગાળ આપનારનો ઉપકાર માનવા આશિસ્ રૂપ લક્ષ્મી આપવી જોઇએ. આ પ્રકારે અપયશ નામકર્મ ધોવાય છે.

લઘુતમ—ચારિત્ર એ અક્ષય સુખ કેમ છે અને આયુષ એ ક્ષયવાન્ સુખ કેમ છે ?

વડીલ—સિદ્ધમહારાજ તેમજ કેવલીમહારાજ જાણે છે કે વર્તમાન કાળનો એક સમય બીજો સમય આવતાં ભૂતકાળમાં ચાલ્યો જશે, એ પ્રમાણે એ ચાલી ગયેલો એક સમય જગતમાં આવેલા તમામ જીવોનો ઓછો થયો–ઘટયો–આયુષમાંથી ચાલ્યો ગયો. પરંતુ પોતાના અક્ષય સુખમાંથી એટલે ભાવચારિત્રમાંથી એક સમય પણ ઓછો થયો નહી. આમ દ્રવ્ય પ્રાણ રૂપ આયુષ સંસારી જીવનું ક્ષણે ક્ષણે ક્ષય પામે છે અને સિદ્ધમહારાજ સાદિ અનંતકાળ સુધી અક્ષય સ્થિતિએ રહે છે, અને તે સુખરૂપ છે.

લઘુતમ—સર્વ જીવને જ્ઞાનની–દર્શનની–સુખની વીર્યની વાંચ્છા રહે છે તેનું શું કારણ તે કહેશો ?

વડિલ—સ્વભાવે પોતે અનંતજ્ઞાનવાન્, અનંતસુખવાન્, અનંતદર્શનવાન્ અને અનંતવીર્યવાન હોવાથી તેમને એ ઇચ્છા રહે છે અને તે રહેવાનીજ. પરંતુ એ જ્ઞાનાદિ અનંતશક્તિઓ કષાયથી દબાવાને લીધે દ્રવ્ય પ્રાણવડે જણાતા પરપદાર્થમાં સુખાદિની ભ્રાન્તિ તેમને થાય છે. જેમકે અનંત સુખરૂપ મહેલ ન મળે તો અમુકકાળના આયુષરૂપ ઝુંપડામાં પણ રહેવું એમ તેને ગમે છે, પરંતુ કષાય દૂર કરે તો તેને માલમ પડે કે તે સિદ્ધ સ્થિતિરૂપ તે હાલજ મહેલમાં છે.

લઘુતમ—પરના રાગ દ્વેષ આપણને હણે ?

વડીલ—નહિ. સ્વક્ષેત્રમાં આવેલને પરક્ષેત્રવાન્ હણી શકે નહિં.

લઘુતમ—કોઈ આપણાપર ક્રોધ કરતું જણાય તો આપણે શું કરવું ?

વડીલ—ક્રોધ એ પરિમિત પદાર્થ છે. ક્ષમા એ અપરીમિત છે; તો જેટલો ક્રોધ કરે તેના કરતાં ડબલ ડબલ ક્ષમાજળ વરસાવવું જોઈએ.

પરભાવમાંથી નીકળી સ્વભાવમાં આત્મ-સ્થિતિ કરવાનો ઉપાય.

લઘુતમ—આત્મા પોતાને ન ઓળખી દેહાદિને આત્મા શાથી માને છે ?

વડીલ—અનાદિ અજ્ઞાનથી.

એવી અસત્ કલ્પના કરીએ કે જાણે ખાણમાંથી નીકળેલું કાચું સોનું માટીથી મિશ્રિત છે. એવી સ્થિતિમાં પાસે રહેલી માટીમાં સોનાની એવી ભ્રાંતિ થાય કે હું માટી છું. તેમ નીગોદમાંથી નીકળેલા જીવને કર્મમાં-દેહમાં ભ્રાંતિ થાય છે કે હું દેહ છું. હું અને દેહ એ બેમાં દેહ એ હું નથી પણ હું તો ખરો છે, અને તે શાશ્વત છે. આ વાતની સત્યતા ઉપર એક ઘણુંજ અસરકારક અરણિકમુની અને તેની માતાનું દ્રષ્ટાંત છે.

जैन धर्म गुरूओ के विद्वानो आ धर्म जिज्ञासुना प्रश्नो उत्तर आपवा कृपा करशो. ?

" મને એવું કહેવામાં આવેલું છે કે અજ્ઞાની એ અજ્ઞાની છે, કારણ કે એવા હોવાનું અજ્ઞાન છે. અને હું એમ સમજું છું કે

અજ્ઞાન એ એવી વસ્તુ છે કે જે પોતે નથી. અજ્ઞાન નિમિત્ત છે, ઉપાદાન નહિ. "

હવે પ્રશ્ન એ છે કેઃ—સર્વ સમય અજ્ઞાનમાં તે સબળ્યા કરે છે, તે પોતાને લીધે નહિ. એ પોતેતો અજ્ઞાનનો ભોગ થઈ પડયો છે. અને અજ્ઞાન જે તેનાથી ભિન્ન છે તેની સાથે તે હમેશાં એવી રીતે વલગી રહ્યું છે કે સત્ય જ્ઞાનને તે આવરણ રૂપ થઇ પડે છે. એ પોતે જાણે અગ્નિમાં આવી પડેલો લોખંડનો સળીઓ ન હોય. સ્વભાવે તે ઠંડો અને કાળો છે, છતાં તે અગ્નિનો ભોગ થઇ પડવાથી તે લાલ અને ગરમ છે, અને તેનામાં સામર્થ્ય નથી કે તે ઠંડો પોતાની મેળે થઇ શકે, વળી તેમ પણ બની પોતાની સ્વાભાવિક સ્થિતિએ આવી પહોંચે;–જ્યાં સુધી અગ્નિથી કોઇ ભિન્ન—લોખંડના સળીઆથી કોઇ ભિન્ન–વસ્તુ અગ્નિને ખસેડે નહિ ત્યાંસુધી તેને એ અસ્વાભાવિક સ્થિતિમાં રહેવું પડે. આજ પ્રકારે અજ્ઞાનીને જ્યાંસુધી પોતાથી ભિન્ન અને પોતાના અજ્ઞાનથી ભિન્ન કોઇ આવી તેના આવરણ કર્મને ખસેડે નહિ ત્યાં સુધી થોભી રહેવું પડે; લાલ ગરમ લોખંડના સળીઆ પેઠે અજ્ઞાનીમાંથી જ્ઞાનીપણામાં ફેરવાઈ જવાની કોઇ શક્તિ જણાતી નથી.

આમ કહેવાનો સાર એ થાય છે કે અજ્ઞાનીએ, જ્યાં સુધી કોઈ અચાનક એવો બનાવ ન બને કે જે આવરણને છેદી નાંખે ત્યાં સુધી તેવા કોઇ બનાવની વાટ જોયા કરવી જોઇએ.

હવે હું જે પ્રશ્ન પૂછું છું તે એવો છે કે આવો શું જૈન ધર્મ મત છે? અથવા શું મારા મનમાં કોઇ એવો ખોટો ખ્યાલ ચાલ્યા કરે છે કે મને આવો પ્રશ્ન ઉદ્ભવાવે છે અને તેના ખરા જવાબથી મને વંચિત રાખે છે? આ વાત સત્ય હોય તો તે અવશ્ય માનવીજ જોઇએ પરંતુ કોઇને એવું કેમ લાગે કે આજ સત્ય સંતોષજનક છે?

જૈન ધર્મ જીજ્ઞાસુના મનમાં ઉત્પન્ન થયેલા પ્રશ્નના પોતે જે જવાબ આપ્યા છે, તે જૈન ધર્મ પ્રમાણે યોગ્ય કે અયોગ્ય છે, એવું કોઇ જૈન ધર્મ ગુરૂ કે વિદ્વાન જણાવવા કૃપા કરશો ?

પ્રશ્ન વારંવાર એ ઉઠે છે કે શા માટે આપણે હમેશાં ભૂતકાળમાં પુદ્ગલની સાથેજ બંધાયલા હતા ? અને શામાટે આપણે તેનાથી હમેશાં અનંત ભવમાં અલગા નહિ હતા ? આપણા ખરા સ્વભાવથી આપણે અજ્ઞાન રહ્યા તેનો જુમેદાર (જવાબદાર) કોણ છે ?

આ પ્રશ્ન અત્યંત કઠિણ છે; આ પ્રશ્ન એવો લાગે છે કે જાણે અમુક વસ્તુનું અસ્તિત્વજ કેમ છે ?

શામાટે ત્યારે એ વસ્તુનું એકાંત નાસ્તિત્વજ નથી ? કે જેથી આ દુઃખ અને ક્લેશ પ્રતીત થાય છે તેની સ્થિતીજ ન હોય.

ગમે તે હોય પરંતુ આ પ્રશ્નનો ઉત્તર કંઇક મારા હૃદયમાં સ્ફુરી આવે છે. અને તે કંઇક આ પ્રમાણે છે. જીવન વ્રત (life) હમેશાં સુખદ લાગે છે. ભુતકાળમાં આપણે એવું જીવન વ્રત પાળવામાં સુખ માનતા હતા કે જ્યાં ત્યાંથી સુખ (મોજમજા) મળે તેમ કરવું, અને દુઃખથી અલગ રહેવાના પ્રયત્ન સેવવા; પરંતુ જ્યારે આપણને અનુભવ થવા લાગ્યો કે સુખ (મોજમજા) માં સુખ માન્યું તેતો પોતાની પછવાડે (પરિણામમાં) દુઃખને આણી આપે છે; (અર્થાત્ જ્યારે આપણામાં આવી જાગૃતિ થાય છે) ત્યારે તે માલુમ પડે છે કે આપણા દુઃખો તે કંઇ નથી પરંતુ આપણા સુખની પછવાડે દોડતી લાલસાનોજ એક ભાગ કે અંશ છે; અને તે તો આપણને નથી જોઇતો, જ્યારે આપણે તેવા સુખની પછવાડે શીકારીની માફક દોડતા નથી ત્યારે આપણાપર દુઃખ કે ક્લેશ હુમલો કરતા નથી.

જ્યારે આવું સુખ-લાલસાની દોડ—તદ્દન હમેશને માટે આપણાથી બંધ પડે છે ત્યારેજ આપણે આમ કરીએ છીએ.

આવો આપણને અનુભવ થયો કે આપણે આપણા જીવન-વ્રત (ચારિત્ર) માં ફેરફાર કરીએ છીએ. આપણે સુખ (Pleasure) ની પછવાડે જાળાં નાખતાં નથી અને આપણી સ્વાભાવિક માનસિક શાંતિ—જે અભ્યંતરનું સુખ છે, જે ઇંદ્રિયોથી પર છે, તેમાં સંતોષ લઇએ છીએ. આ પ્રકારે આપણને પુનઃ શાંતિ પ્રાપ્ત થાય છેજ અને કોઇ આપણને ફરજ પાડતું નથી કે આપણે જેમ પૂર્વે જીવન ગાળ્યું છે તેમજ આપણે ગાળવુંજ જોઇએ.

આ ઉપરથી એમ નથી થતું કે જીવનવ્રત life એટલે જે કંઇથી આપણે સુખ મળે તેજ અને જે જીવન વ્રતથી અસંતોષ થયો કે આપણે તેનો ત્યાગ કરી જેમાં સંતોષ મળે એવું અન્ય જીવનવ્રત પકડી ચાલવા માંડીએ તો તેમ થઇ શકે છે. આ પ્રકારે હમેશાં જે જીવનવ્રતમાં આપણને સંતોષ પ્રાપ્ત થતો જાય તેવા જીવનવ્રતને આપણે વળગી પડીએ છીએ; સુખની લાલસાવાલા પરિણામના દુઃખને સહેવાનું જાણવા છતાં સુખની પછવાડે દોડે છે. એ જાણે છે કે મદ્યપાનથી મસ્તક વ્યથા થશે છતાં તે મદ્યપાનનાં સુખથી સંતોષ પામે છે; વળી તેને ખબર છે કે ખુનનાપરિણામે ફાંસી છે, છતાં ખુન કરવામાં સંતોષ માને છે, વિગેરે. આ પ્રકારે પ્રશ્નનો ખુલાસો થાય છે અને તે પરથી જણાય છે કે આપણામાં હજી સત્યસ્વરૂપ સમ્પૂર્ણ નથી. આપણામાં કંઇક જુદી વસ્તુ અવશ્ય છે; અને તેનો સ્વભાવ એવો છે કે આપણા પર તેનો પ્રત્યાઘાત—પરિણામ થયા વિના રહેજ નહિ. આપણે જે પ્રકારના જીવનથી સંતોષ મળે તે પ્રકારનું જીવન ચલાવવાને હમેશાં સ્વતંત્ર છીએ. પરંતુ આપણે તે પ્રકારના જીવનનો જે પ્રત્યાઘાત (પરિણામ) થાય, તેને આપણે અટકાવી કે ખાલી ન શકીએ; કારણકે

પરિણામ (પ્રત્યાઘાત) એ પણ નિયમ છે. જીવનની આ દૃષ્ટિથી જોતાં આપણેજ તેના દુઃખોના કારણ છીએ અને તે આપણાં દુઃખોના કારણરૂપ થાય છે.

વિ. વિ. જવાબ કે અસંમતિ આપનારા સજ્જનોએ ઈંગ્રેજીમાં બનતા સુધી અને તેમ ન બને તો ગુજરાતીમાં જવાબ આપવા કૃપા કરવી.

વીરનંદીનો ચોપડો.

જમે બાજુ નંબર પહેલો–વિનય–શ્રી શ્રેણિક મહારાજાએ અભયકુમારના કહેવાથી ચંડાળ પાસે વિદ્યા ગ્રહણ કરવાને માટે પોતાના સિંહાસન ઉપરથી ઉતરી ચંડાળને સિંહાસન ઉપર બેસાડી પોતે વિદ્યા પ્રાપ્ત કરી હતી. અને જ્યાં સુધી ચંડાળને સિંહાસન ઉપર બેસાડવામાં નહિ આવ્યો હતો ત્યાં સુધી **ઉન્નામિની** અને **અવનામિની** વિદ્યા અર્થાત નીચેની વસ્તુ ઉપર ચડાવવાની અને ઉપરની નીચે લઇ જવાની કળા પ્રાપ્ત કરી શક્યા નહિ. અને ગુરૂનું સન્માન કરવામાં આવ્યું કે એ વિદ્યાઓ તરતજ પ્રાપ્ત થઇ. એ પ્રમાણે હાલ આપણો મુનિ વર્ગ (અર્થાત્ સાધુ સાધ્વી) બ્રાહ્મણ ગુરૂ પાસે વ્યાકરણ ને ન્યાય, કાવ્યને કોષ શીખેછે. શ્રેણિક મહારાજે વિનય કરેલા ચંડાળના કરતાં બ્રાહ્મણો ઘણી ઉંચી જાતના છે. તે છતાં સાધુઓ–સાધ્વીઓ તેમની પાસે ઉપર લખેલી વિદ્યાઓ લેતાં પોતે આસનપર બેસે છે, અને વિદ્યા ગુરૂને નીચે બેસાડે છે. માટેજ વિદ્યા પ્રાપ્ત ન થતી હોય એ શાસ્ત્ર વચન ખરૂં પડે છે. કદાચ સાધુ વર્ગનો આસનપર બેસવાનો આચાર હોય તો વિદ્યા ગુરૂને એથી ઉચ્ચતર આસનપર બેસાડી મનમાં પણ તેમનું બહુમાન રાખી વિદ્યા ભણવી જોઇએ. અન્ય દર્શનીને નમસ્કાર કેમ કરાય એવી જો

શંકા રહેતી હોય તો સમજવું જોઇએ કે ઉપરનાં દ્રષ્ટાંતમાં દેખાડેલ ચંડાલ એ કાંઇ જૈન ધર્મી નહિ હતો છતાં વિદ્યાગુરૂ હોવાને લીધે સમકિતી શ્રેણિક મહારાજનું સન્માન પામ્યો હતો.

તો આપણે પણ વિદ્યા ગુરૂનું સન્માન કરીએ તો શાસ્ત્રને વચને જૈન શાસન હાલ ચાલે છે, તે શાસ્ત્રને પગલે પણ ચાલેલું ગણાય અને પ્રભુનો આપેલો ઉપદેશ માનેલો ગણાય. માટે આશા છે કે શ્રેણિક મહારાજનું દ્રષ્ટાંત શાસ્ત્રમાંજ રહે—પોથીમાંજ રહે—એમ ન થવું ઘટે, પરંતુ આપણી ક્રિયામાં આવવું જોઇએ. કારણ કે શાસ્ત્રકારનો હેતુ પણ આપણે તે ક્રિયામાં મુકીએ એજ છે, અર્થાત્ વિનયવાન થઇએ તોજ વિદ્યાવાન્ થવાય.

સાધુ મહારાજ એ શાસનના શ્રેણિક રાજા છે. અને તેમને પ્રાર્થના છે કે આપ જૈન ગુરૂપદના સિંહાસન પર બીરાજો છો એ વાત ખરી, તથાપિ વિદ્યા શીખતી વખતે તો તમારે નીચે ઉતરી બ્રાહ્મણ ગુરૂપાસે વિદ્યા શીખી લેવી જોઇએ. જે વ્યાકરણ નામની વિદ્યા શીખવે છે તે અવનામિની નામની વિદ્યા છે. કારણ કે તેથી તમે સામાન્ય લોકોને પણ સમજાવવાને સમર્થ થાઓછો. અને ન્યાય નામની વિદ્યા છે તે ઉન્નામિની નામની વિદ્યા છે કે જેથી તમે વિદ્વાનોને પણ બોધ આપી પ્રતીતિ કરાવી શંકોછો. માટે શાસ્ત્ર રૂપ સહેજ પ્રાપ્ત થયેલ કલ્પવૃક્ષનો સદુપયોગ તો વિનયવડેજ કરી શકાશે. માટે આ રકમ અવિનયના કંટાળાની સામે વિનયને દર્શાવનારી હોવાથી જમેપાસમાં લખેલી છે.

જમે બાજુ—નંબર ૨ **નમ્રતા.** સાંભળવા પ્રમાણે સાધુ વર્ગમાં પ્રમુખપદ કોને આપવું, એનો નિર્ણય ન થવાને લીધે શ્વેતાંબર સાધુ સમાજ થતો અટકી પડેછે. સૌ કોઇને માન જોઇએ છીએ તથાપિ **સુંદરી** અને **બ્રાહ્મી** કહે છે કે 'વીરા ગજ થકી ઉતરો,

ગજ ચડે કેવળ ન હોય. " વળી વિશેષમાં કહે છે કે " લઘુતાસે પ્રભુતા બડે પ્રભુતાસે પ્રભુતા જાય " અર્થાત્ પોતાને હાથે પોતાની પ્રભુતા કરવાથી પ્રભુતા એટલે મોટાઈ જાય છે અને લઘુતા કરવાથી પ્રભુતા વધે છે. માટે પ્રભુતા વધારવાની ઇચ્છા હોય તો પણ જે જ્ઞાને વગેરે મોટા કહેવાતા હોય અથવા પોતાને ગણતા હોય તેણે જ્ઞાનથી નહી પણ જ્ઞાનના અભિમાન રૂપી હાથી ઉપરથી ઉતરીને સર્વને નમન કરીને પોતાના વર્ગને શ્રેય કરવાનો માર્ગ હાથ ધરવો જોઈએ છીએ. જેની પાસેથી શ્રાવકોએ શિખવું જોઈએ તે વર્ગ શ્રાવક પાસેથી શિખે તો તે વ્યવહારે ઠીક ન ગણાય છતાં પોતાના સંઘરૂપ કુટુંબમાં હોવાને લીધે નાના પાસેથી પણ શિખવું તે કાંઈ ખોટું નથી.

ઉધાર બાજુ નંબર પહેલો—**અવિનય.** પ્રતાપવાન જૈન સંઘ ચાર ભાગમાં રચાયલો છે. એટલે કે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા. આ ચતુર્વિધ સંઘવડે રચાયલું શ્રી **વીર** પરમાત્માનું શાસન એકવીશ હજાર વર્ષ સુધી ચાલવાનુ છે અને તેમાં માત્ર પચીશસો વર્ષજ પસાર થયાં છે. એટલે કે આપણે શ્રી **વીર** પરમાત્માની પાસે ઘણા નજીક છીએ. છતાં શાસનને અધોગતિમાં લઈ જનાર એક અવિનય નામનો કંટાળો ઉત્પન્ન થઈ ચૂકયો છે. શાસનનો મુખ્ય ભાગ જે સાધુ અને સાધ્વી તેમાં તો આ અવિનયે પોતાનું ક્રુર રાજ્ય ઘણું ખરૂં અવિચ્છિન્ન ચલાવવા માંડયું છે. શાસ્ત્રમાં વારંવાર કહેવામાં આવ્યું છે કે " વિનય વિના વિદ્યા નહીં " તે છતાં પણ અવિનય સહિત વિદ્યા ઉધાર લેતા સાધુ—સાધ્વીઓ જણાયછે. પ્રભુ વચનમાં શ્રદ્ધા કહેનાર પણ ક્રિયામાં નહિ મુકનાર એવો ઘણો મોટો ભાગ જોવામાં આવે છે. શાસ્ત્ર સાંભળતી વખતે **સ્વમેવ સત્યં** અર્થાત્ તુંજ સત્ય સ્વરૂપ છો, તારૂં વચન પ્રમાણ છે એમ પ્રભુને કહેવામાં આવે છે, છતાં **તેમને વચને લોકો ચાલેછે** પણ **તેમને પગલે નહિ.** આમ હોવાથી ખરેખર આપણી વિદ્યા આપણા

જૈન સંઘમાંથી નાશ પામી છે. અને પામતી જાય છે. માટે આને માટે શું કરવું કે જેથી પ્રભુને વચને ચાલવાની ભાવનાવાળો આપણો ચતુર્વિધ સંઘ વિનય પ્રાપ્ત કરી વિદ્યા મેળવે અને સંઘની ઉન્નતિ જારી રાખે. સાધુ સાધુને પણ ન વાંદે એ કેવું ?

ઉધાર બાજુ નંબર બીજો અભિમાન—આશ્ચર્ય છે કે જ્યારે જૈન સંઘમાં પચીસેં વર્ષ થયા શાસ્ત્રધ્વનિ ચાલ્યા કરેછે કે **અભિમાન** કરવું નહિ. છતાં સંઘ સમુદાયનો મુગટમણી ભાગ પણ એ અભિમાનના હાથી ઉપરથી ઉતરતો જણાતો નથી. પોતાથી દીક્ષાએ મોટા હોવા છતાં પણ સંસ્કૃત જ્ઞાનરૂપી તપથી તપતા બાહુબલ હજી પણ પોતાની ખુમારીમા રહ્યા હોય તેમ દેખાય છે. શ્રાવક સમુદાય જ્યારે પોતાના અંદર અંદરના કલહો પિગલાવી કોન્ફરન્સ જેવી સંસ્થા કરવા લાગ્યા છે ત્યારે સંઘમાં મુગટમણિ એવો સાધુવર્ગ પોતાની અંદર માનાપમાનને પિગળાવી કોનફરન્સ કરી શકતા નથી, તેમ કરનારને અનુમોદન આપી શકતા નથી, એ ખરેખર આશ્ચર્ય છે. જે સાધુવર્ગને અનુસરી ચાલનાર શ્રાવકવર્ગ તે પણ જ્યારે પોતાના ગચ્છો વગેરેના અભિમાનના હાથી ઉપરથી ઉતરી જ્યાં સમાનતા છે એવી જૈન ચૈત્યોની બાબતમાં, જૈનોની વ્યવહારીક અને ધાર્મીક વિદ્યાના સંબંધમાં, પુસ્તકોના જીર્ણોદ્ધારના સંબંધમાં, મંદિરોદ્ધારના વિષયમાં, નિરાધારને ઉતેજન આપવાના કામમાં એકત્ર થયા છે, ત્યારે પોતાના જ્ઞાનના અભિમાનરૂપી તપે તપતો સાધુવર્ગ અભિમાનને છોડી જ્ઞાન રાખી સમુદાયથી થતું પોતાનું કલ્યાણ કરનારી એવી કોન્ફરન્સ કરી શકતા નથી એ એક આશ્ચર્ય નથી શું ?

पंडित लालननो प्रवास.

માર્સેલ્સનો છક કરી નાંખનારો દેખાવ.
ઝયુરીચનું અનુપમ સૌંદર્ય.

તા૦ ૧૬ મી. જુન ૧૯૦૯ ને રવિવારે કલાક અગીઆર વાગે ઉતર્યા. આગગાડી અહીંથી છેક સાડાચાર વાગે જવાની હોવાથી ભાડાંની ગાડી કરી એક ભોમીઓ સાથે લઇ ગામ જોવા નીકળ્યા. ગામ જોતાંજ બધા અમે ડીગ થઇ ગયા અને અમને એમ લાગ્યું, કે ગરીબમાં ગરીબ કોઇ પણ દેશ હોય તો તે હિંદુસ્થાન છે. અહીં લોકો અથાગ મહેનત કરી એવા નગર રચી મુકે છે, અને જેની શોભા અને વિસ્તાર એટલો બધો હોય છે કે ગ્રંથકારોએ જે ગ્રંથ લખ્યા છે તેમણે આ નગર જોયાં હોત તો હજી વધારે સારૂં વર્ણન કરત. ત્યાર પછી અમે લંડન આવ્યા. અહીં સાધારણ વેપારીની દુકાનો એવી લાગે છે, કે આપણા રાજાઓ પાસે ન હોય, અને ધનાઢ્ય વેપારી તો એવા છે, કે આપણા આચાર્યોએ વર્ણન કરેલા મોટા મોટા શેઠને પણ પાણી ભરાવે. લોકો એમ કહે છે, કે છપન ઉપર ભેરી વાગે. પરંતુ અહીં છપન લાખ તો દુર રહ્યા, પરંતુ છપન લાખ પાઉંડ કરતાં પણ વધારે કોટયાધીપતિ અને અબજાધીપતી છે. અહીંની રૂતુ એક દીવસમાં ત્રણ પ્રકારની સ્પષ્ટ રૂપે છે, એટલે ચોમાસું, કંઇક ઉનાળો અને શિઆળો.

મારો વિચાર અહીં સાડાચાર મહિના રહેવાય તો ઠીક એમ હતો. લાલનના હૃદયમાં પરોપકારનાં કાર્યો જે રમે છે તે અહીં થઇ શકે. તેમાં મુખ્ય બે બાબત. એક તો અહીં થતી હિંસા બને તેટલી મટાડવી અને બીજું જૈન પ્રતિમાનાં દર્શન તથા તેનાં તત્વજ્ઞાનથી લોકોને ધર્મના રાગી કરવા.

સર્વ જીવની રક્ષાને માટે અહીં જનાવરોનાં હીતને ચાહનારી કોંગ્રેસ થનાર છે, તેનો ચોથો સમારંભ છે. તા૦ ૧૯ મી જુલાઈએ પ્રથમ બેઠક છે, તેમાં મોટા મોટા અમલદારો, પાર્લામેન્ટના મેમ્બરો, વગેરે ઘણા છે. આ પ્રાણીરક્ષક કોંગ્રેસમાં ભાગ લેવાય તો ઠીક. આ નગરમાં થતા અનુભવો લખવા જેટલો અવકાશ નથી રહેતો. એ દીવસથી હવા એવી રહે છે કે તે બધાને ગમે છે, અપૂર્વ આનંદ આપે છે. દીવસ ત્રણ વાગે ઉગે છે અને રાત્રે નવવાગ્યા પછી અંધારૂં થાય છે. અહીં ત્રણ મુખ્ય અને ત્રણ ગૌણ એમ છ ૠતુઓમાની પાંચનાં અહીં રોજ દર્શન થાય છે. ઉનાળાના કલાક બે જણાય છે, પરંતુ હવાનો નિયમ નથી. વસ્તી વધીને એંસી લાખની થઇ છે. દોડ ધામનો પાર નથી, પરંતુ એ વર્ણન હાલ લખતો નથી.

ઝયુરીચ–સ્વીટઝરલાંડ.

અહીં સૂર્ય પ્રકાશમાં સ્નાન. પર્વતો પર હીમ, હીમનાં આચ્છાદનો સ્વર્ગીય આનંદ આપે છે. બધાં ભણેલાં–સ્ત્રી, પુરૂષ અને બાળ. અસત્ય કે અપ્રમાણીક પણું કયાંય પણ નહીં. પ્રજા તેજ દેશની ધણી. માત્ર માંસ આહાર જે પાપની તેમને ખબર નથી તે છે. તે શ્રમ કરતાં તજે તો લાલન દેવલોકાદીમાં જવું મોકુફ રાખે. આ માનવ સ્વર્ગમાં–સ્વીટઝરલાંડના વતનીઓ સમજપૂર્વક–જ્ઞાનયુક્ત હોવાથી સત્ય પ્રમાણીક, બ્રહ્મચર્ય, સુઘડતામાં વિશેષ દેખાય છે.

અરે લાલન ! આખી દુનીયા જોયા વિના શ્રાવકોને, હીંદુઓને હજી પણ કહેવાતી આર્યભૂમિને વખાણતો હતો તે અજ્ઞાન હતું. જેમ હાથીને જોયા વિના તેના અંગને જોઈને આખો હાથી જોવાનું માનીજ બેસવું એટલુંજ નહીં પણ પણ પોતેજ પોતાને વખાણવું એના જેવું બીજું કયું પાપ છે ? આખી માનવજાત તે

પૂર્ણ હાથી છે, અને પ્રજા તે હાથીના અંગ રૂપે છે. હવે લાલનનું કુટુંબ વસુધા છે. હીંદુસ્તાન પણ અંદર આવી ગયું અને જેવા તેવા પણ મારા સર્વે હોવાથી દોઢ–પોણાબે અબજ મનુષ્ય કુટુંબ હોવાથી ઘણો સંતોષ આપે છે. તે સર્વને જોયાવિના પોતાના વખાણ કરવા એ અપૂર્ણ હાથી ને જોઈ પૂર્ણ જોયાનો દાવો કરવા જેવું છે.

તેરમીનુસ—આ હોટેલમાં લગભગ બે માળ ભાડે રાખી અમારા રસોયાથી આપણાં આર્યભોજન સર્વને મળે છે તેમજ એમીલી નામની એક ભલી અને સદ્‌વૃત્તિવાળી બાઇને ડા૦ ઘડીયાળીની ભલામણથી નોકર રાખી છે. આ બાઇ સખ્ત વેજીટેરીયન છે, પરંતુ આપણું ઘીવાળું ભોજન તેમને હજી અનુકુળ આવતું નથી, તેથી થોડું થોડું ખાય છે, એમનો સ્વભાવ ઘણો રૂડો છે અને એટલું ઘરમાં કામ કરે છે, કે અમારા નોકરો છકજ થઈ જાય છે. આહાર વિહાર આપણા જેવું, સ્વભાવે ગરીબ અને સામાન્ય વિદ્યાવતી બ્હેન એમીલી લાગે છે.

ઇંગ્રેજો બડાઈ મારી અક્કડ આપણાથી રહે છે, પરંતુ ફ્રેંચ, જરમનો, યાહુદી, તેમને એટલા ઉતરતા ગણે છે, કે મણા નહીં. પરંતુ તેમની ઉત્તમ રીતને આપણાથી શીખાતી નથી. તેઓનાં ઘરમાં રચના અને સર્વત્ર આછી આછી સુઘડતા કેટલી અપૂર્વ સુખાવહ છે, એનો વિચારજ કેમ આપી શકાય ? વઢવાણની ધર્મશાળાનો ઉપકાર લાલને એટલા માટે માન્યો હતો કે તેણે પારીસના બીછાનાની બરોબર કીંમત સમજાવી. તેમજ વસુધાભિમાની લાલન પણ હીંદુસ્તાનનો ઉપકાર એટલા માટે માને છે કે યુરોપની તે કીંમત ઓળખાવે છે. જેમ ગરીબ વિના શ્રીમાન્ નકામાં છે, તેમ મુંબઈ વિના યુરીચ નકામું છે; માટે ઉપકાર તો મુંબઇનોજ. આગળ લખવા પ્રમાણે આ લોકોને આહારની ખબર નથી, તેથી

માંસ આહાર કરે છે, તે ક્રૂર ભુખીથી નહીં, પણ કેવળ અન્ન–વનસ્પતી આહારથી પણ રહેવાય છે એવી ખબર ન હોવાથી. દિવસાનુદિવસ અન્ન આહાર કેટલોક દર વર્ષે થતો જાય છે, અને માંસ આહાર ઘટતો જાય છે, તેના સરવાળા બહાર પડે છે. જો કોઇ બાંધવોને પૈસા સન્માર્ગે વાપરવા હોય તો અહીં એક શીલીંગની બુક એક મળે છે. [૧] તે જો અહીંનાં લોકોને ઇનામ આપી વંચાવી હોય હોય અને તે વાંચી નિબંધ લખાવી પરીક્ષામાં પાસ થનારને બબે પાઉંડ આપ્યા હોય તો હજારો માણસો વાંચી સમજી માંસ આહાર અવશ્ય ત્યાગ કરે. હાલ ઉપદેશ ચાલે છે.

લાલનનો દ્વિતીય પ્રવાસ.

ગઇ તારીખ ૩ ગુરૂવારે મધ્યાન્હે જૈન માંગરોળ સમાજમાં અગણિત બ્હેનોનો આશિર્વાદ હૃદયના ખરા ઉમળકાથી પામી, તેજ દિવસ રાત્રીના કાપડ બઝાર મારકેટના એક કુશાદે હોલમાં બાંધવોના ભરચક ગીડદી વચ્ચે સફળ સફરના માંગલિક વચનો મેળવી તે સર્વેમાં પણ જૈન શાસનના હૃદયના પ્રિય બંધુ માણેકલાલના એક ભાવી જૈન ધર્મ વિસ્તાર વિચારને ગાંઠે બાંધી, લાલન મિત્રો, સગાં, સંબંધી, બ્હેનો, ભાઇઓ, પુત્રીઓની દુવાઓનું ભાતું બાંધી શ્રી જૈન વિદ્યા પ્રસારક વર્ગ, શ્રી ઓશવાળ હિતેચ્છુ સભા, શ્રી જૈન વકતૃત્વ કળા પ્રસારક સભાના સભ્યોના હૃદયંગમાં ઉછળતા વાણીના શીતળ પ્રવાહમાં નહાઇ બાર પર એક વાગે સ્ટીમર અરેબીયા પર સ્વાર થઈ લૅાચ તરફ ધસ્યો ત્યાં ભાઈ શ્રી મેઘજીભાઈ તથા સૌ૦ બાઇ પ્રેમાબાઇ આ બંને આત્મીય ધર્મ પુત્ર પુત્રી પાસે બેઠક લીધી. ભાઇ

---

૧ Perfect way in Diet by Dr. Anna Kingsford.

કહે છે, " કાકા હવે મુંબઇ દૂર થવા લાગ્યું અને યૂરોપ પ્રત્યેક ક્ષણે પાસે પાસે આવતું લાગે છે."

બંદરપર મળેલા સત્કાર તથા પ્રેમી ભેટદ્વારાએ હૃદય ઉપકારમાં હજી દબાયલું છે એટલામાંજ ધર્મરાગી શેઠ લક્ષ્મીચંદ ધીયા સાહેબના ફુલ તોરા એક માણસ લાવે છે. આટલી પ્રેમવૃષ્ટિ થવાનું શું કારણ હશે? હંમેશા લાલન પર મ્હને (અંતરાત્માને) રહેતો અવિશ્વાસ કે લાલને એવું તે શું કર્યું છે? કારણ કે મને (અંતરાત્માને) ખબર છે કે તે નથી માનતો કે ધર્મ-ફરજ ધારી કંઇ શુભ કરતો, પરંતુ એતો એના વ્યસનથી-પ્રેમથી-આનંદ લેવા કરતો હતો તેમાં આટલું બધું સન્માન હશે! મ્હારે શું (અંતરાત્માને શું)?? લાલન અને તેના બાંધવો જાણે. તથાપિ એક એવો વિચાર સ્ફુર્યો કે મિત્રોના-ધર્મ બાંધવોના બ્હેનોના-પુત્રીઓના આશિર્વચન એક રક્ષક દેવોની પેંઠ આવા કઋતુના પ્રવાસમાં પણ વિઘ્નહર થઇ પડશેજ. આમ થતાં લાલન આ ત્હારા ધર્મ બાંધવોનું કરજ વાળવા તૈયાર થા. બ્હેનોને પસલા ભરી ભરી-વિદ્યાધનની પસલી આપવામાં વિશેષ શાખી વિશેષ આપતો થા. અને લાલનના શુભ કૃત્યનું ફલ ચક્રવૃદ્ધિ વ્યાજ સહિત સર્વને મળો એવો અંતરથી આશિર્વાદ સર્વપર નીકળી ગયો.

થોડાક સમયમાં અમે સ્ટીમર અરેબિયાપર અમારી ધીમી સુંદર ચાલે ચાલતી લાંચમાંથી ઉતરી સવાર થતા અમારી સાથે પ્રયાણમાં રા. બા. વિસનજી ત્રીકમજી જે. પી ના પુત્ર ભાઇ મેઘજીભાઈ તથા પુત્રી સૌ. બાઇ પ્રેમાબાઇ તેમના ધર્મ કાકા લાલન તથા માસ્તર ચંપકલાલ, સૌ. પ્રેમાબાઇના નર્સ મિસ કારટર તથા શાધવ નામનો એક નોકર તથા એક રસોઇયો એમ અમે સાત મનુષ્યો છીએ. સ્ટીમરરૂપ અશ્વે સમુદ્રભૂમિકામાં શનિવારે ચાર વાગ્યે કંઇક રવાલ ચાલે ચાલવા માંડયું. શનિવારના દિવસે જો કે અમે સ્ટીમરપર હતાં મુંબઈ નગરમાં-હિંદ ભૂમિમાં આવેલાં અમારાં વ્હાલામાં વ્હાલાં અમારાથી સ્ટીમરના પ્રત્યક્ષ સમુદ્રમાં પગલાં સાથે

દૂર થતાં હતાં, છતાં અમારાં ચિત્ત પ્રત્યેક ક્ષણે "સ્નેહની સાંક-ળીથી" લંબાઇ લંબાઇ તેઓની તરફજ વળતાં હતાં શનિવારે અમારા સામાનમાંનો કેટલોક ફાલકામાં તથા કેટલોક કેબીનમાં ગોઠવ્યો એમ અમે પાંચેક વાગ્યાને શુમારે ઠામ પડયાં. વાળુ કરવાનો વખત થયો પરંતુ ૫॥ વાગે દાળ, ભાત, તૈયાર થયા. કંઇ ભાવ્યું નહિ તથા કંઇ ખાધું નહિ. બ્હેન પ્રેમાબાઇને લાલને પૂછ્યું "બાઈ મહિલા સમાજના પ્રમુખ મીસીસ જમનાબાઇ મળ્યા ?" ઉત્તરમાં હા કહ્યું. લાલને કહ્યું કે એ પવિત્ર આત્માના ઉચ્ચારણમાં કોઈ એવા ઉમળકા હતા કે જેમ ગુરૂવારે પ્રમુખ તરીકે ભાષણ કરતાં લાલનને રોમાંચ થયા, તેમજ બંદર ઉપર વળાવતાં કરેલા ભાષણથી પણ થયાં હતાં બ્હેને કહ્યું કે આવાં સ્ત્રી રત્નો જન સમાજને કલ્યાણકારક થાય એમાં શી નવાઈ. માણસો ભાષણો ગમે તેટલાં કરે પરંતુ વકતૃત્વનો મુખ્ય ઝરો જે હૃદયમાં છે ને જે અખુટ છે ત્યાંથી આવે ત્યારેજ તેનું નિર્મળ જળપાન કરી શ્રોતા જનો પોતાની જ્ઞાન તૃષા છીપાવી સં-તોષ પામે છે. ખરે ! આવી આર્ય મહિલાઓ આપણી પૂર્વ ઉચ્ચ સ્થિતિનું ભાન કરાવે છે એટલુંજ નહિ પરંતુ સ્ત્રી કેળવણીના પુણ્યો-દયથી પ્રાપ્ત થયેલા સાંપ્રત સમયને તેવી કલ્યાણપદ સ્થિતિનો આરંભ કાળ કહીએ તો તે કંઈ ખોટું નથી.

રાત્રે એટલે સાડાસાત વાગતે બ્હેન પ્રેમાબાઈ તથા મિસ કારટર પોતાની કેબીનમાં ગયાં, અને અમે ત્રણ અમારી કેબીનમાં હતા. તેમાંથી લાલન હરિકેન ડેકપર ગયો, સાથે ભકતામરસ્તોત્ર લીધું અને પચીશ મનોહર મધુર શ્લોકનો પાઠ કર્યો, તેનાં હિંદુસ્તાની ભાષામાં ગાયનો ગાયાં, અને ત્યારબાદ મનન કરતાં જે આનંદ થયો, તે આનંદ વર્ણ-વવાને વચનાતિશયની હાલ તો રાહ જોઇ વિરામે છે. તથાપિ હૃદયની જે ઉચ્ચ અવસ્થા એટલી મનોહર હતી, કે રાત્રિના બે વાગ્યા; પણ નહિ તો દરિયાનું તોફાન કે નહિ તો લાલનનું શરીર ક્યાં છે તેનું ભાન; માત્ર આત્માનંદમાં મન રમતું હતું.

उपयोगे धर्म.

In Consciousness enshrines Religion.

"ધર્મ ધર્મ કરતો જો ફરૂં તો રણ રોઝ સમાન"

—**આનંદઘન.**

અનુપ પુણ્ય ઉપાર્જન કરવામાં છેવટે તીર્થંકર ગોત્ર પણ બાંધવામાં મહાન્ ઉપકારક શ્રી જિનેશ્વરની પૂજા છે, અશુભ કર્મની નિવૃત્તિ કરવામાં આપણી પ્રતિક્રમણરૂપ ધર્મ ક્રિયા સરસ સાધન છે. અને અશુભ કર્મ તથા શુભ કર્મ બન્નેની નિવૃતિને માટે આપણી સામાયિકની ક્રિયા છે, આ ક્રિયાઓ ઘણું કરી આવા મનોગ્રાફળ આપનારી થાય છે.

પ્રતિક્રમણથી જો અશુભ નિવૃત કરીએ તો આપણે જિનના પુત્રો નારક અને તિર્યંચની ગતિનો જય કરવા પામીએ. પૂજનથી જો આપણે શુભ કર્મ બાંધીએ તો આપણે દેવ ગતિએ, ચડીએ કે હાલના કરતાં ઉત્તમ અને વખતે દેવના કરતાં ઉત્તમ માનવગતિ પામીએ. સામાયિકથી શુભ અશુભ ઉભય પ્રકારના કર્મનો જય કરી સમભાવે રહિએ તો આપણે શિવ સુખ પ્રાપ્તિ–મોક્ષ સુખનો અનુભવ અહીંઆ માનવાવતારમાં આ જૈન દશામાંજ આપણને થાય.

પરંતુ આ ધર્મ ક્રિયામાં જો ધર્મ હોય તોજ તે ધર્મ ક્રિયા; અને ધર્મ ના હોય તો તે કેમ—?

કારણકે જૈનશાસ્ત્રમાં વચન છે કે ઉપયોગે ધર્મ, માટે ઉપયોગ વિના આ ક્રિયા થાય તો તે ધર્મક્રિયા નહિ પણ કર્મ ક્રિયા સમજવી.

જેમ મનુષ્ય કે કોઇ પ્રાણી જીવ વિનાનો હોય તો તે મડદું

ગણાય તેમ જે મન, વચન, કે કાયાથી ક્રિયા કરાય તેમાંજ આપણો ઉપયોગ ન હોય તો તે ક્રિયા મડદાં રૂપ છે.

હવે જિન મંદિરમાં કે ઉપાશ્રયમાં કે પૌષધાલયમાં કોઇ શબ લાવે તો આપણે આસાતના ગણીએ છીએ તો પછી ઉપયોગ રહિત પ્રભુપૂજા પ્રતિક્રમણ કે સામાયક હોય તો શું તે જીવ વિનાના નથી ? કડછીને દુધપાકની શી ખબર ? તેમ ઉપયોગ વિનાની જીભને શું ખબર કે હું શું બોલી ?

આ વૃક્ષ કેવું મનોજ્ઞ છે ? તેમાં ફુલોની આકૃતિ કેવી મનોહર આંખને લાગે છે અને ઠંડક ઉત્પન્ન કરે છે ? તેમની સુગંધ નાસિકા ઇંદ્રિયને કેવી તૃપ્તિ આપે છે ? તેમનો પરાગ (રજ) વાયુથી ઉડીને આવતા શરીરને કેવી શીતલતા આપે છે ? તેમજ તે પરાગ ઓષ્ટરૂપી મુખદ્વારપર આવતાં, જો જીવ્હાનો ત્યાં સ્પર્શ થાય તો તે પુષ્પના પરાગનો સ્વાદ કેવો આનંદ આપે છે ? આ પુષ્પમાં આવું સર્વ પ્રકારનું મનોજ્ઞપણું શાથી છે ? જે વૃક્ષના તે પુષ્પો છે તે વૃક્ષના મુળમાં તેના થડમાં તેની શાખા પ્રતિશાખામાં તેના પત્રમાં અને છેવટે ફ્લ એને ફુલમાં એમ સર્વત્ર સ્થળે એક પદાર્થ તેમાં વ્યાપક છે. વ્યાપક પદાર્થ તે રસ કે સેપ (sap) છે એ રસ ન હોય તો ફુલ, ફ્લ, સર્વ નકામાં થાય છે. કારણ કે એ ફુલનું જીવન તે એ રસ છે. જીવન વિના જેમ એ પુષ્પમાં સુગંધ કે સ્વાદ નથી, તેમ ઉપયોગ વિના માનવદેહરૂપ વૃક્ષની ધર્મ ક્રિયારૂપી પુષ્પો પણ સુગંધ આનંદ વગરના થઇ જાય છે.

ઉપયોગ એટલે હું શી ક્રિયા કરૂં છું તેનું ભાન. શ્રીમદ્ દેવચંદજી મહારાજ પ્રભુને સ્નાન કરાવતાં આપણી પાસે ગવરાવે છે કે—

" પુજા કરતા પ્રાણીઆ પોતે પુજનીક થાય " અર્થાત્ ત્રણે લોકના નાથ શ્રી જિનેશ્વરની પુજા કરતાં ચોસઠ ઇંદ્રોને પણ પુજ-

નીક એવા પોતે થઇ શકીએ. અહા પ્રભુપૂજનમાં શું ફળ છે ! પરંતુ હું પ્રભુ–પૂજનીય થાઉં છું એવું ભાન–ઉપયોગ કેટલા મ્હારા જૈન બાંધવોને કે લાલનને પણ રહે છે ! કોઇ સહધર્મી બાંધવ કહે કે પૂજન, પ્રતિક્રમણ કે સામાયક એ ધર્મક્રિયા છે માટે લાભદાયક છે. લાલન કહે છે કે એ ધર્મક્રિયા નથી કારણ કે શાસ્ત્ર કહે છે કે ઉપયોગે ધર્મ એટલે ઉપયોગ વિના એ ક્રિયા કરાય તો ક્રિયા ખરી પણ ધર્મક્રિયા નહિ અને જ્યાં સુધી એ ઉપયોગ સહિત થાય નહીં ત્યાં સુધી ધર્મક્રિયા કહેવાય નહિ.

एकोऽपि नमुक्कारो जिणवर वसहस्स वद्धमाणस्स
संसार सागराओ तारेइ नरं वा नारि वा ॥

અર્થાત—જીનવરોમાં ઉત્તમ એવા શ્રી વર્ધમાન સ્વામીને એક પણ નમસ્કાર કર્યો હોય તો તે સ્ત્રી હોય કે પુરૂષ હોય તેને સંસાર સાગરથી તારે છે. આવા નમસ્કારો કેટલા કર્યા ? ઉપયોગ વિના ક્રિયા ખરી અને એવી ઉપયોગ રહિત ક્રિયા કરવાથી નુકશાન છે એમ પણ લાલનનું માનવું નથી. શુભ ક્રિયા છે અને વખતે શુભ ફળને પણ આપનાર થાય છે, પરંતુ નિશ્ચયથી નહિ. કારણ કે જે જે ક્રિયા કરવામાં આવે તે વખતે પરિણામ કેવા છે તે જોવું જોઇએ. કારણ કે ક્રિયા કરતાં કર્મ આવે, પરંતુ એ કર્મમાં શુભ પરિણામનો ચીકાસ ન હોય તો પુણ્યરૂપ શુભ કર્મ કેમ બંધાય ? અને શુભ પરિણામ ઉપયોગ વિના કેમ ચેતનમાં હોઇ શકે ? મારો ઉપયોગ હોય તો પરિણામ શુભ હોય અને પરિણામ શુભ હોય તો પોતે શુભ કર્મ ઉપાર્જન કરી પોતે પણ પૂજનિક અરિહંત–જિન થાય. અને શુદ્ધ પરિણામ શુદ્ધ આત્મ ઉપયોગ પુર્વક ધર્મ ક્રિયામાં હોય તો કર્મ નિર્જરા કરી મોક્ષ સુખ પણ અનુભવે.

ચોરાશી લાખ જીવાયોનીઓમાં આવેલા સર્વ જીવોમાં મનુષ્ય અને મનુષ્યમાં નરેંદ્ર અને દેવમાં દેવેંદ્ર જેને પુજે છે તે ને મારા

જેવો-લાલનનુ જેવો-પામર પ્રાણી પુજા કરવાને આજે ભાગ્યશાળી થયો! કોની પૂજા? જેની હૃદયવીણા એવું ગાન કરતી હતી કે "સવી જીવ કરૂં શાશન રસી" એવા પ્રભુની, તેનો હું બાલ એવી ભાવના કરૂં. આમ કરતાં નિમિત્ત માત્ર પણ ઉપયોગવડે તદાકાળ પરિણામ થાય તો કાં ન તીર્થંકર ગોત્ર બંધાય? શ્રીમદ્ હરિભદ્રસુરી કહે છે કે જે સર્વ જીવનું હિત ચાહે છે તે તીર્થંકર ગોત્ર બાંધે છે પરંતુ ઉપયોગે ધર્મ કરે છે તો હું પણ ઉપયોગ પુર્વક પૂજન ક્રિયા કરૂં.

• લોકો ધનવાનનને નમન કરી ધનવાન થાય છે તો આ તીર્થંકર થાય એ વાત શાસ્ત્રથી પણ અવિરૂદ્ધ છે, માટે આમ થવું શકય છે.

છેવટે ક્રિયા એ કર્મ, ઉપયોગ સહિત ક્રિયા એ ધર્મ, અને પરિણામે બંધ. માટે ધર્મક્રિયા જો ઉપયોગ પુર્વક કરવા માંડશું તો જૈનશાસનનો ઉદયભાનુ જે દૃષ્ટિમર્યાદામાં અરૂણોદયરૂપે ભાસે છે તે લાલનને અને તેના બાંધવો-બ્હેનોને ઉદય થયેલો જણાશે, દેખાશે, માટે ચાલો ઉપયોગ પૂર્વક કર્મ કરીએ.

"जैनो जागो."

આપણા સુભાગ્યે જૈન સમુદાયમાં જ્યારથી આપણી કોન્ફરન્સ ભરાવા લાગી છે, જ્યારે જુદા જુદા ગચ્છોના જુદા જુદા પ્રાંતોના અને પરગણાના, જુદા જુદા ગામના અને શેહેરના સર્વ જૈનો એકત્ર થઈ સર્વ સંમત થઈ, વિચારો કરી, ઠરાવો કરી, ગામે ગામ વિહાર કરતા આપણા મુનિ મહારાજાઓની સહાયથી, આપણા વકતાઓની સહાયથી, આપણા માસિક અને સાપ્તાહિક જૈન જેવા પત્રની સહાયથી, એ ઠરાવોમાંના પ્રથમ સરલમાં સરલ ઠરાવે, પછી સરલ ઠરાવો અને છેલ્લે કન્યાવિક્રય નિષેધ જેવા કઠીણ ઠરાવો કરવા

લાગ્યા છે, ત્યારે હવે કોઇ પણ વિચારવાન માણુસ જે કોમના ઉદય-ચિન્હો જોઇ શુભ અનુમાન કાઢી શકે છે તે કહી શકે છે કે આપણે હવે જૈન સમુદાય મટી જૈન સમાજના રૂપમાં ગોઠવાતા જઇએ છીએ. સમુદાય અને સમાજમાં ઘણો અંતર છે. તથાપિ સમુદાય રૂપ હોવું એ સમાજરૂપ રચના થવામાં પ્રથમ પગલાં રૂપે છે. જેમ આરસ જેવા ઉત્તમ પથ્થર પણ ઘડાયા વગરના આકારમાં છુટા છુટા કોઇ માઇલ માઇલ ને કોઇ પાંચ કે કોઇ દશ માઇલ, કોઇ પાંચ ગજ કે કોઇ હાથ દૂર પડયા હોય ત્યાંસુધી ઉત્તમ પણ પથ્થર સમુદાયપણું પામે નહિં. પરંતુ જેમ તે થોડે યા ઘણે છેટે પડેલા સુંદર પથ્થરો એક જગાએ એકઠા કરી મુકવામાં આવે ત્યારે તે સમુદાયનું સ્વરૂપ પામે છે. તથાપિ તે સંગેમરના પથ્થરો પણ જ્યાંસુધી ઘડાય નહિં ત્યાંસુધી એક બીજા પથ્થરો સાથે વગર અડચણે ગોઠવાય એવી આકૃતિમાં આવે નહિં. ત્યાંસુધી તે સમુદાય પામેલા પથ્થરો પણ સુંદર રાજ્ય મેહેલનું સ્વરૂપ પામે નહિ; અને રાજ્યમેહેલ સ્વરૂપ પામે નહિં ત્યાંસુધી રાજાને નિવાસ કરવાને યોગ્ય પણ છે એમ કહેવાય નહિ. એજ હિસાબે ઉપર કહ્યું તેમ જુદા જુદા ગામ, ગચ્છ, પ્રાંત અને દેશના સકલ જૈન આપણે હવે સમુદાય રૂપે થયા. ઘણાખરા ગામમાં હાનિકારક રીવાજો વગેરે નીકળી ખરારીવાજો સ્વીકારાયા અને સારી આકૃતિમાં આવ્યા. એટલુંજ નહિં પણ જેમ સારી આકૃતિના આરસોનો રચના પ્રમાણે ગોઠવાઇ રાજ્ય મેહેલ બને તેમ આપણે જૈન સમાજના સ્વરૂપમાં આવ્યા છીએ.

આનંદની વાત તો એ છે કે આખી જૈન કોમની પ્રત્યેક વ્યક્તિ કોઈ એવા શુભ માર્ગમાં એક રૂપીઓ સુકૃતભંડારમાં ભરે તો એક વર્ષને માટે ભરેલો એકજ રૂપિયો દિલ્હીમાં રહેલા ધર્મબંધુ વીર પુત્રની વિદ્યાવૃધિમાં અને પંજાબમાં બંધુ રત્ન ઉમરાવસિંહે ભરેલ ૧ રૂપિઓ તે લંડનમાં હાલ રહેનાર લાલનના

કામ આવે એ શું જૈન સમાજના ઉદયના અપ્રકટ ચિન્હો છે ? નહિ જ. કોઇ પણ સમાજના ઉદયને વાસ્તે Universal Sympathy સર્વાત્મભાવ-પોતાની કોમમાં તો સર્વત્ર એકરૂપતા-અને તે પણ આવી સુકૃત ક્રિયામાં તે ખરેખર સર્વ સમજુ મનુષ્યને અનુકરણીય છે.

હા, પરંતુ હાલ તો આપણે મનુષ્ય શરીર પુણ્ય કર્મે પામ્યા. વિશેષ પુણ્યથી તેમાં જૈનપણુ પામ્યા, પરંતુ આપણે અને આપણા પછી આવનારા અને આપણે પણ પાછા આવનારાએ હાલના કરતાં પણ ઉત્તમ સ્થિતિમાં આવવું હોય તો આપણી જૈન કોમે એક "સર્વમાન્ય જૈન ઇતિહાસ" રચવાની કે રચાવવાની જરૂર છે. રચના સર્વ પ્રકારે સર્વાંગે સુંદર આનંદદાઇ કરવી હોય તો ઇતિહાસ જેવું હાલની અને હવેની પ્રજાને બીજું કોઇપણ અપૂર્વ પ્રેરક Inspirator નથી. એ ઇતિહાસ તૈયાર કરવાને સ્વકોમ અને પરકોમનાં પુસ્તક-આટલાં સાધનો-હાલ તુરત કામે લગાડવાં જોઇએ.

૧ આપણી જેટલી જેટલી પ્રતિમાઓ છે, તે જિન પ્રતિમાની પ્રતિષ્ટા કઈ શાલમાં કયા યતિવરે કરાવી ? તે કયા ગચ્છના, કયા કુલના, કયા ગણના કઇ શાખાના કરાવનાર હતા; વગેરે જે જે હોય તેની નોંધ થવી જોઈએ.

૨ જૈનના શિલાલેખોના લેખનું પુસ્તક તૈયાર કરાવવું જોઇએ.

૩ અન્યધર્મ જેમાં મુખ્યત્વે કરી બુદ્ધધર્મના કોઇ રાજા તેમ મરાઠા વગેરે તેમજ બીજા કોઇ રાજાના લેખો વગેરેમાં જયાં જયાં જૈન સંબંધી હકીકત હોય તે એકત્ર કરાવવી જોઇએ.

૪ ઇ૦ સ૦ પુ૦ ૫૦૦-૬૦૦ વર્ષમાં બ્રાહ્મણ ધર્મ સાથે તુમુલ યુદ્ધ કોઈ ધર્મે કર્યું હોય, અને વિજય વર્તાવ્યો હોય તો તે જૈન ધર્મ અને તેના સમકાલીન બુદ્ધધર્મ છે; માટે બન્નેના ધર્મ પુસ્તકનો આધાર લઇ ઐતિહાસિક દ્રષ્ટિએ શોધ કરાવી પુસ્તક તૈયાર કરાવવું જોઇએ.

૫ વળી બુદ્ધ ધર્મના સૂત્રો તથા તંત્રધર્મસૂત્રગ્રંથમાં જૈનના વિજયથી બુદ્ધના વડાઓ કેવા છેડાઈ જતા અને છેડાઇ પોતાના પુસ્તકોમાં આક્ષેપ કે નિંદાસ્વરૂપે પણ જૈનોનું અસ્તિત્વ જણાવાઇ ગયું છે, તે તારવી કાઢવું જોઇએ.

હાલ તૈયાર કરવામાં સેહેલાઇ કેટલી છે.

૬ કેટલાક શિલા લેખોના પુસ્તકો આપણા યુરોપિયન બંધુઓએ તૈયાર કરેલા છે. બ્રાહ્મણ ધર્મ અને બુદ્ધ ધર્મના પુસ્તકોના ઈંગ્રેજી ભાષાંતરો તૈયાર છે.

૭ પ્રોફેસર હર્મન જેકોબી, હોર્નેલ, પ્રોફેસર લાયમેન, પ્રોફેસર ગેરીનોટ, શિલ્પવિદ્યા અર્વાચીનતારૂપે લખનાર જે બર્જેસ વગેરે યુરોપિયનની સહાય લેવા જોઇએ. અને તેઓ તૈયાર કરી આપતા હોય તો આપણાથી બનતી આપણે સહાય આપવી જોઇએ.

૮ પ્રોફેસર બુલ્હર, પંડિત ભગવાનદાસ, ડા. ભાઉદાસજીના આ વિષયને લગતા પુસ્તકોનો તેઓએ આધાર લેવો જોઇએ.

૯ લાલનના પરમ મિત્ર અને સહાધ્યાયી શિલ્પ વિદ્યાના જુના લેખો વાંચવા ચતુર ભાઈ ગૌરીશંકર હીરાચંદ હાલ ઉદેપુર દરબારમાં છે, તેમની સહાય લેવી જોઈએ અથવા બને તો તેમની પાસે ઇતિહાસના અમુક પ્રકરણો લખાવવા જોઇએ. ગોરજી માણેકવિજયની પણ સહાય અવસ્ય જોઇએ.

ઇતિહાસ વિના કોઈ પણ પ્રજા ઉદય પામે એ લોટ વિના રોટલી જમવા જેવું સમજવું. સર્વ કોઈ જૈન બંધુઓ સમજે છે કે મુડી વિના વ્યાપાર થાય ? પ્રજાને સન્માર્ગે ચડાવી આસપાસ આવેલી કોમોમાં પછવાડે પડી જતી અટકાવી સ્થિર રાખવી, એટલુંજ નહિ પણ તેવા અભિપ્રાયથી આગળ વધારવી તેમાં ઇતિહાસરૂપ અમૂલ્ય પુંજીની જરૂર છે.

છેવટે મારા વહાલા જૈન બાંધવો ! આપને એકજ ઉદાહરણ આપું છું કે આ દુનિયાની રાજ્યધાની જેવા ૬૦ લાખ માણુસની વસ્તીવાળા મહાન્નગરમાં ટ્રફાલગર નામે એક ફરસબંધથી બાંધેલો મહાન્ મેહેલ છે, તેની વચમાં એક અતિ ઉંચે સ્મરણ સ્થંભ છે એ સ્મરણ સ્થંભ ઉપર જે વ્યક્તિની પ્રતિમા છે તે વ્યક્તિને આજ ઈંગ્લંડ પૂજે છે. તે મહાન વ્યકિત તે યુદ્ધવીર નેલ્સન છે અને તેણે પોતાના દેશ બાંધવોને એક પાઠ આપ્યો તે એ હતો કે Every man should do his duty પ્રત્યેક મનુષ્યે પોતાની ફરજ બજાવવી.

દેશતરફ ફરજ બજાવનાર સ્વદેશ કર્તવ્યનો એ અવતાર હતો-કર્મયોગી હતો, અને પોતાનું કર્તવ્ય આજ ઇંગ્લાંડના ચાકર નોકર, શેઠ, સાહુકાર પ્રધાન અને રાજા તો શુ પરંતુ પ્રત્યેક ઇંગ્રેજ બચ્ચો અને ઈંગ્રેજબાઈ સમજે છે એટલુંજ નહિ પણ બજાવી રહ્યાં છે. આવી ઐતિહાસિક એક વ્યક્તિ જ્યારે કર્તવ્ય તરીકે ઇંગ્રેજનાચરિત્ર સ્વરૂપ ઘડવામાં પ્રેરક લાગે છે, તો પછી હે જૈન બંધુઓ ! તમારામાં કેટલીક મહાન વ્યક્તિઓ છે તેઓની સર્વ માન્ય ઇતિહાસની જયંતી તેમના સ્મરણ સ્થંભો વિગેરે કરો અને પછી જૈન પ્રજા જોકે વિદ્યા વ્યાપારમાં આખી દુનિયા સાથે સરખાવી જોતાં ઘણી પછાત છે તે છતાં કર્મના જીતનાર હોવાથી સર્વથી મોખરે આવી જશે.

વળી યાદ આવે છે કે આ કાર્યમાં ઐતિહાસિક બુદ્ધિવાળા ભાઇ મનસુખભાઈ રવજીને યોજવા જોઇએ. અથવા તો તેમની દેખરેખ નીચે એ કાર્ય થાય તો તેવા કોઇ નિષ્ણાત સાયન્ટિફીક ઈતિહાસની પદ્ધતિના વાકેફદાર હોય તેમને એ કાર્ય સોંપવું જોઈએ.

આશરે દોઢેક માસ ઉપર મિસીઝ આની બિસાન્ટ લાલનને મળ્યાં હતાં. તેમણે પ્રથમ પ્રશ્ન લાલનને એ કર્યો કે ભાઈ જમવાનું શું કરે છે ?

લાલને ઉત્તર આપ્યો કે અમારી સાથે બે રસોઇયા છે અને પાંચ માસ ચાલે એટલું અનાજ ઘી, ગોળ. સાકર વગેરે સર્વ છે. માત્ર શાક લેવું પડે છે.

એનીબિસેંટ—ત્યારે દુધ લેવામાં તો તમને હરકત નહિ આવે ? લાલને કહ્યું "નહિ. મા." પછી દુધ લીધું. આટલું કર્યા પછી મને કહે છે કે તારી કોમનો ઉદય શામાં છે, તે તને ખબર છે ?

સુતારનું મન બાવળીએ હોય તેમ લાલને જવાબ આપ્યો કે મ્હારી તો શું પણ આખા જગતની સર્વ કોમનો ઉદય **આત્મવિદ્યામાં** અને તેને પ્રાપ્ત કરવામાં **સમભાવ** માર્ગની પ્રવૃત્તિ કરવામાં.

That's true, yet difficult. (તે વાત ખરી પણ મુસ્કેલ છે.)

ત્યારે લાલને કહ્યું

What is practical. ? (વ્યવહારિક શું ?)

બીસાન્ટે કહ્યું.

ઇતિહાસ.

તમારી Jain Historical Research Society નું શું થયું.

લાલન કહે છે-હતી ખરી; તેના બે એક પુસ્તકો પણ જોયાં છે, પરંતુ હવે તો વિરામ પામી હશે.

બીસાન્ટે કહ્યું ત્યારે **પ્રથમ** એ કાર્ય કરાવો.

વર્તમાન જગતમાં ધર્મ વિચારની પ્રવૃતિ કરનાર અને તેમાં આર્ય ધર્મની પ્રવૃત્તિમાં ભગીરથ યત્ન કરનાર કોઈ અનુભવી હોય તો તે **મીસીઝ બી**સાન્ટ છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી. એવી અનુભવી વિદુષીના કહેવા પ્રમાણે પણ સર્વમાન્ય જૈન ઇતિહાસ તૈયાર કરાવવો એ અવશ્યનું છે.

કોઈ ભોળા લાલનના પ્રેમીજનો આ કાર્ય લાલનના પર નાખવાની ભલામણ નહીં કરે એવી સર્વને પ્રાર્થના છે, કારણકે તેનું લક્ષ જૈન ધર્મના તત્વજ્ઞાનથી અને સર્વ જીવ માત્રમાં સમભાવથી જગતને પ્રત્યક્ષ પણ સુખ દેખાડી ઉત્તમ સ્થિતિના અનુરાગી કરવા તરફ જે કંઇ કરી શકે તેનેજ માટે તેનું હવે બાકીનું જીવન છે.

છેવટે પ્રોફેસર હર્મન જેકોબીની સાથે લાલન કહે છે.

जिणवजणं प्रसिद्धं जंबू दीवम्हि चेवसन्वम्मि किंत्तजस च अचिरा तच्चिज्जनुअखिलपुढविय ॥

તા. ક. આ દેશમાં રહી કઇ પદ્ધતિથી આપણું ધાર્મિક કાર્ય થાય છે તે સંબંધી લાલનના વડીલ સાધુ મુનિરાજો અને શ્રાવક બંધુઓને જિજ્ઞાસા થતી હશે, તથાપિ એ જિજ્ઞાસા પાર પાડવાનું કોઈ અહીં આવ્યા પછી જણાએલા કારણને લીધે હાલ બને તેવું નથી. તથાપિ વખતો વખત હિંદના વર્તમાનપત્રોમાં સમયાનુસાર લાલનની હિલચાલ સર્વ સન્મુખ પ્રગટ થયાજ કરશે.

પંડિત લાલનનો ખુલ્લો પત્ર.

તા૦ ૧૮ મી સપ્ટેંબરના પત્રનો ઉત્તર આજે લખાય, કારણ કે આજે અહીંથી સાંજના પા કલાકે રવાના થાય એટલે ૨૦ દિવસે લાલનને પત્ર મળે અને તમને તેનો ઉત્તર મેળવતાં ૨૫ દિવસ થાય. આથી લગભગ ૧। મહિને એકબીજાની અગત્યની વાતના ઉત્તર મળે.

હાલ મારી પાસે ટેબલ ઉપર ઘણાં કાગળો પડેલા છે- તમો અને બીજાઓ પત્રના સંપૂર્ણ ઉત્તરો નહિ મળવાની ફરીયાદ કરો છો, અને અમારા પત્રો કઇ કઇ તારીખના કઈ કઈ તારીખે મળ્યા તે બધો અભ્યાસ કરવા જેટલો હાલ તો અહીંને માટે વખત મેળવવો લાલનને દુઃશક્ય લાગે છે. તમારા પત્રમાં મુખ્ય ૧૭ પોઇન્ટ

દેખાય છે. તેનો ટુંકામાં ઉત્તર આપું છું. ઉત્તર લખવામાં થએલી ઢીલને માટે તમે અને બીજાઓએ ક્ષમા કરી છે, તો તે ક્ષમા વિશેષ નહિ તો પાછો આવું ત્યાં સુધી નિભાવવા કૃપા કરશો. જરૂર. જરૂર. ઉપયોગી વખતનો ખર્ચ નકામો ન કરવો પડે, અને પૈસા ન કમાવા તથા બીજાના પૈસે વધારે ખર્ચ ન કરાય, અને હાથ લીધેલાં કાર્યો જલદી આટોપી તમારા તરફ વળાય એવી સહાયતા ઇચ્છું છું માટે કદાચ એક લાઇન એક અક્ષર આવે તો સંતોષ પકડશો. પરસ્પર પત્રો વાંચવા-વંચાવવાની ખાસ ભલામણ છે; પ્રતિકૂળ વર્તન જણાતા ઉત્તર થોડા શબ્દોમાં પેપરદ્વારા "અત્ર આનંદ તત્ર હો" એવાજ શબ્દોમાં આપવાની દિલગીરી ભરી ફરજ પડશે.

૧—બ્રહ્મચર્યવ્રતનું પુસ્તક મેળવશો-વાંચશો-વંચાવશો. અપૂર્વ અભિવૃદ્ધિ તેના આચારથી થાય છે. નાના પ્રકારના સાંસારિક, રાજ્યદ્વારક, બાહ્યાંતર અજ્ઞાન અને અશક્તિના મોહ બંધનને સત્વર કાપી નખાય છે- અહીંની પ્રજા બળવાન હોવાનું મુખ્ય કારણ એજ છે—આજ સદાચાર છે. હિંદુસ્તાનની પેઠે અહીં બાળ માતાઓ અને બાળપિતાઓ નથી હોતા.

૨—દેવસી, રાઇ, પાખી, ચોમાસી, સંવત્સરી, ભવ, અને સાતમું ભવોભવમાં કોઈ પણ કાળે, કોઈ પણ સમયે, કોઇ પણ પ્રકારે આ લાલનમાં હાલ રહેલો જીવ દુઃખ આપનાર થયો હોય—મનમાં, વિચારમાં, હૃદયમાં, દુર્ભાવથી, વચનથી, કડવાસથી કે આચારની મલિનતાથી—તો તે સર્વ પ્રકારે સર્વે જીવો સર્વ કાળ દેશને માટે તમારા અંતર પ્રકાશ અને અને પ્રભુના જ્ઞાન પ્રકાશ—સમક્ષ ક્ષમા કરશો. એવી ક્ષમા પરિપૂર્ણ કરી શકો ત્યાં સુધી નીચે મસ્તકે આપ સર્વની સમક્ષ ઉભો છે. પાપ રહિત થઇ આપણે સર્વ જગતના મનુષ્યો મૈત્રીભાવથી આ દુનિયાને (બહેસ્ત) સ્વર્ગ બનાવી દઈશું; સ્વર્ગના દેવો, ફિરેસ્તાઓ, એન્જલો પણ મનુષ્ય થવાની ઇચ્છા

કરે છે. શરૂઆત નાની તથા મોટી બ્હેનો, નાના તથા મોટા ભાઇઓ, માતાઓ તેમજ બંધુ પોતે સાતે પ્રતિક્રમણો કરી સઘળા વૈરની જગાએ સ્નેહ અને ઝેરની જગાએ અમૃત હૃદયમાં સીંચી તેનું શું મુખપાન નહિ કરીએ ? મૈત્રીરૂપી જડી બુટ્ટી કથીરને સુવર્ણ બનાવે છે, આત્માને મોક્ષ પમાડે છે.

૩. એમર્શન મેળવી Intellect and Prudence વાંચશો. ગુજરાતી ભાષાંતરમાં મળવાનું નથી. કારણ કે તે એ વિષયનું કર્તાએ ભાષાંતર કર્યું નથી. સમજાય નહીં તે લખશો. અવકાશે ઉતર મળશે; ન મળે તો પુનઃ યાદ આપશો. યાદ આપતાં હર્ષ થશે. કિંચિત્ માત્ર માઠું નહિ લાગે; વારેવારે ભૂલી જાઓછો એમ જાણતાં ગુસ્સો નહિ થાય; પરંતુ યાદ આપવા માટે ઉપકાર માનશે. કારણ કે મંદવાડ પછી સ્મરણ ક્ષીણ થતું ચાલ્યું છે; પરંતુ પ્રભુ સર્વના કલ્યાણ માટે હતું તેથી પણ મજબુત કરે એવી પ્રાર્થના છે.

૪. પહેલી પંકતીમાં ધાતુ પત્થરાદિ આવે છે; બીજી પંકતીમાં વનસ્પતિ, ત્રીજીમાં પ્રાણી પશુ, અને ચોથીમાં મનુષ્ય એમ હાલના સાયન્ટીસ્ત ગણે છે અને તે ઉપરથીજ હાલની થીઓસોફી જન્મી છે સરળ સમજ બધાને પડે, એવું કંઇક થીઓસોફીકલ સોસાયટીએ કરી આપ્યું છે અને કરે છે.

૫. અંધકારમાં આંધળી બીને બની જતી, ખરે પ્રકાશ લેવા જે માછલી જળની ઉપર નથી આવતી તે પોતાની આંખ ખુએ છે. તેમજ અનંત ગુણો પ્રકાશક મહાત્મા મહાવીર, શ્રી જરથુસ્ત લોર્ડ ક્રાઇસ્ટના જ્ઞાનપ્રકાશ જગતમાં ફેલાવો. હવે સર્વ ધર્મવાળા પોતાને નહિ જણાયલી વસ્તુઓ ખુલ્લે ખુલ્લી કહેવા લાગ્યા અને બુદ્ધિપુર્વક જણાતું સત્ય સ્વિકારવા લાગ્યા; એવું છતા સંસારમાં ધર્મને નામે અપ્રમાણિક, ખોટું, દુઃખદાઇ, હૃદયમાં નહિ જણાયેલું, નહિ જાણેલું

નહિ ગમતું, પણ ખરૂં કરાવવા ચાહે તે તે અંતઃકરણ પ્રમાણિક કે ધાર્મિક છે, એ કહેવુ ઢોંગની બરાબર છે; પણ ખરી શરૂઆત માત્ર હૃદયના સ્નેહસ્થ પાસે અંતઃકરણ ખુલ્લુ કર્યાથી થાય છે. આવો વખત જ્યાં સુધી ન આવે ત્યાં સુધી ને આખા જગતના સર્વ મનુષ્ય, સર્વ દેવો, સર્વ પ્રાણી સમક્ષ પોતાનું અંતર છે તેવુંજ બીજાના અંતરમાં પ્રવેશ ન કરાય ત્યાં સુધી જાતિઅનુભવ અનુભવ જ્ઞાન (Cosmic Consciousness) દીવ્ય જ્યોતિનું દર્શન થવું ઘણું દુર છે. કાળાંતરે એવો વખત આવશે ખરે, એવો વખત જલદી આવે.

૬. ખરેખર સર્વે પેગંબરની મોટામાં મોટી શીખામણ પરમાત્માને ઇશ્વરને અને પરવરદેગારને જોવાની છે. પરવરદેગારના દર્શન પણ મનુષ્યરૂપ બારણામાંથીજ થાય છે, માટે તેને ઓળખવાને બીજી જગ્યાએ ફાંફાં મારે શું મળશે ? પણ ડાબે હાથે જમણો કાન પકડવા જેવું થશે. વાર લાગશે. જે મૂર્તિમાં, આતશમાં, ક્રાસમાં જોવાય છે તે આત્મામાં અને શેતરૂંજય પરની પ્રભુની પ્રતિમામાં પણ જોવાય છે. આતશ, ક્રાસ અને પ્રતિમા નાશવંત નથી; પરંતુ તેઓની પેદાશ સર્વમાંથી છે તેમ પ્રતિમાની પેદાશ જ્ઞાનમાંથી છે. હવે સર્વની પેદાશ કયાંથી છે ? જ્ઞાનમાંથી. જ્ઞાનની પેદાશ કયાંથી છે ? આત્મામાંથી. માટે એ આત્માને જાણવા પછી શુદ્ધાત્મા કરવો અને વિશુદ્ધમાં વિશુદ્ધ બનાવવો, એમ કરવાથી મેલ અંતરમાંથી ગયો કે અશોઈ (પવિત્રતા) આવતાં મન, તન, વચનમાં આત્મા તેજ પરમાત્મા જણાશે, કિરણ–સુર્ય પ્રકાશમાં જણાશે અને તેજ પોતે કિરણ નહિ પણ સૂર્ય એવું જ્ઞાન થતાં આંધળાભીંતપણું મટી જઇ ઉજળા સ્ફાટીક જેવા થઇ જવાય છે અને આત્મપ્રકાશ સ્ફાટીક જેવા આચાર, વિચાર ને ઉચ્ચારમાં ઝળકી નીકળે અને મહાત્માના બેટાબેટી મહાત્મા રૂપ થાય છે સંત થાય છે. તેથી

સંતો રાજી થાય છે કે અમારા બાળકો અમારા જેવા થયા. જેમ બાપ પોતાના પુત્રને પોતાના જેવો થતાં રાજી થાય તેમ અને પોતાથી અધિક થતાં વિશેષ રાજી થાય.

૭ પેગમ્બરનું જ્ઞાન આપણી અક્કલથી દૂર છે, કારણ કે તેમના જ્ઞાન અને આપણી અકકલની વચમાં મેલ છે, તે મેલ જતાં તેમનું જ્ઞાન આપની અક્કલના જ્ઞાનને પ્રથમ કિરણરૂપે સંબંધ ધરાવશે અને પછી તે અને આ એકજ એમ થતાં પેગમ્બરનું જ્ઞાન આપણી અક્કલની સમીપ આવશે. છેવટે અક્કલ પેગમ્બર જેવી થઇ જાય. આમ જ્યાંથી તમે છેલ્લું જોયું તેથી એક માળ ઉંચે જતાં જશો તો વિશેષ જોવાશે.

૮. માણુસ ઇચ્છા અને મનનું બનેલું છે. અને તે પોતાની ઇચ્છા તે જગતના સર્વ જીવની સાથે મેળવી દે અને પોતાના વિચાર તે સર્વ જીવના વિચાર સાથે મેળવા દે તો તે માણુસ મટી જાય અને પેગમ્બર થાય. પરન્તુ વાસના, ઇચ્છા અને મન–વિચાર Idea જેનું આ જગત રચાયું છે તે મુકી દે તો જગત જતું રહે અને એ બેના જતાં પોતે પરવરદેગાર થઇ રહે. જે આંગળીને ટેરવે સંત ગણાતા હતા અને મહાત્મા કહેવાતા હતા તે મપાય પણ નહિ તેટલા થઈ શકે. કરો પ્રારંભ. તૈયાર છો ? મુકો મતને, વિચારને અને ઇચ્છાને, વાસનાને અને તે કેમ તો લ્યો આ પ્રમાણેઃ—

સાડા ત્રણ હાથના માણસને આપણે મા કહી કે રાજા કહ્યો કે પુત્રી કહી કે પુત્ર કહ્યો. હવે એ વિચાર મા નામના મનુષ્યમાં રાજા નામના પુરૂષમાં પુત્ર કે પુત્રી નામના બાળકમાં આપણે આરોપણ કર્યા, હવે તે આરોપણ ઉઠાવી લ્યો કે મા, રાજા, પુત્ર, પુત્રી એ વિચારનો પણ વિલોપ થઇ ગયો, બાકી શું રહ્યું ? સર્વત્ર પ્રેમ —એક સરખો. હવે સર્વત્ર પ્રેમને માતા કે રાજા બનાવો. તો સર્વ રાજા–માતા–પુત્ર પુત્રી દેખાશે. આમ થતાં આનંદ થશે. આમ થતાં

ઇચ્છા જે સ્વાર્થી હતી તે આત્માર્થી થઇ, ત્યારે હવે મારાં સઘળા-માતાઓ બ્હેનો બંધુઓ, પુત્રો પુત્રીઓ થયાં. સમજ્યાં, અનુભવમાં મુકો. અનુભવો અને કુદો.

૯ જેવું વાવે તેવું લણે. તે નિયમને અમારા હિન્દુઓ, પારસીઓ, બુદ્ધિસ્ટો અને ક્રીશ્ચિયનો તેમજ થીઓસોફીટો એકજ અર્થમાં વારેવારે ન સમજવાથી ભુલ કરે છે. Iron Law કર્મનો કઠિણ કાયદો. પરંતુ જગતમા નગારૂં વગાડી જૈનો કહે છે કે કર્મનો કાયદો તે સુવર્ણનો કાયદો છે. લોહનો નહીં. હેડરૂપ વનસ્પતિ આદિમાં બેડી-રૂપ પશુઆદિમાં રૂપાના ગંઠારૂપ દેવાદિમાં, સુવર્ણના ગંઠારૂપ મનુષ્યાદિમાં તે વર્તેછે. કારણ કે સારાંકામ કુશકામાંથી દુધ પેદા કરે છે, તેમજ વચનરૂપ જળમાંથી અમૃતના ઝરણ ઉત્પન્ન થાય છે.

૧૦ અહીંના તેમજ આપણા અણસમુજુ અને ભુલથી ગણાતા સમજુ મનુષ્ય મનુષ્યને હાડકાં અને માસનું બનેલું માને છે; એટલુંજ નહી પણ તે પ્રમાણે વર્તે છે. કોઇને પણ વિશેષણ આપતાં કે વિચાર કહેતાં ગુસ્સો ચડે કે ખુશી થાય. માટે માણસ જેમ હાડકાં-માંસનું નથી એમ સમજતાં પણ રહેલી ઇચ્છા અને મનને તિલાંજલી આપવી જોઇએ. પૂર્ણ તિલાંજલી આપ્યા પછી સર્વ મહાત્માના શિરોમણી થવા પોતાની ઇચ્છા તે આખા જગતની સર્વની ઇચ્છા, પોતાના શુભ વિચાર તે આખા જગતના સર્વના. એવી નવીન ઇચ્છા અને અને નવીન મન અલંકારરૂપ શરીરસ્થ થાય ત્યાં સુધી રાખવું. અને પછી અલંકારના રમકડાં છોકરાંને આપવાં, પણ મનુષ્યને આપવા નહિ. પશુ બિચારા તો બિચારા ખડ ખાય છે. અરે ! પ્રભુ દયા કરો-પરંતુ તે તમારા પ્રારબ્ધ ઉપર છે.

૧૧-માણસ વારંવાર જન્મ લઈ અહુરમઝદના (પ્રકાશ) તેજમાં મળી જશે, હા ઇચ્છા અને મન એક થતાં; પરંતુ પ્રેમરૂપે-પ્રકાશરૂપે કે જીવન રૂપે થઇ રહેશે. પરંતુ એ વાત પ્રથમ મળી જવા

જેવી સ્થિતિમાં આવ્યા પછી અનુભવાય છે. આ વાત એટલેથી રહેવા દીધેલી એટલે મળી જવાની ક્રિશ્ચિયન, જરથુસ્તી, વેદાંતી વગેરેની છે, એ ઉપર જતાં જોવાથી તે છેલ્લો નિર્ણય નથી પરંતુ છેલ્લામાં એક પાયરી નીચે છે. તમે જાણ્યું હશે કે માણસ મરી જશે ત્યારે તે ઇશ્વિર થશે અને ઇશ્વર રીટાયર થશે, ત્યારે પરમેશ્વર થશે. પરમેશ્વર બ્રહ્મ થશે. બ્રહ્મરૂપ તો પ્રત્યેક વ્યક્તિ છે એજ અનુભવ. આ વિચાર સૌભાગ્ય બ્હેન જમનાબાઈ નગીનદાસ સક્કઇને જણાવશો તો બંધુ પર ઉપકાર થશે.

૧૨—મનુષ્ય એ અહુરમઝદ્, સત્ચિત્ત આનંદરૂપ છે. જ્ઞાનનું એક કિરણ છે, આ વિચાર પણ જો માણસો—બાંધવો, માતાઓ, બ્હેનો, પુત્ર, પુત્રીઓ સમજે તો કેવું સારૂં ? બ્રહ્મનું કિરણ જો માણસ પોતાના બંધુને પોતાથી જુદો સમજે તો એ કિરણ સૂર્યનું હોવા છતાં કરમાઈ માત્ર દિવેલના ઝાંખા દીવા જેવું થશે માટે સર્વ પ્રકાશ કરતાં—રેડીઅમ અને સૂર્યના પ્રકાશ કરતાં—વિશેષ બ્રહ્મકિરણરૂપ માણસ સર્વ કિરણોની સરખોજ થશે. સૂર્યનાસૂર્યરૂપ બ્રહ્મને દેખશે, અને બ્રહ્મકિરણરૂપ મનુષ્યને સમજશે.

૧૨—દરેક ધર્મવાળાઓએ એકમેક સરખા ગણી એક બીજાને ભાઇબંધ તરીકે ઓળખવા જોઇએ. આ વાતનું રહસ્ય સમજવા ધર્મને કોરે મૂકવો જોઇએ. જ્યારે માણસ પોતાનો ધર્મ થોડીવાર બાજુએ મુકી દેશે ત્યારે આ વાક્યનું ખરૂં રહસ્ય પ્રગટ થઇ જશે. કારણ કે ધર્મ ઉપર લખેલું કહે છે પરંતુ તદન જુદો છે. જો તે સાચો હોય તો કયા ધર્મે બીજા ધર્મને પોતાનો ભાઇ ગણ્યો છે ? કોઇ દાખલા તમારી પાસે હોયતો ગણાવો જોઇએ ? કયા જૈને વૈષ્ણવનું મંદિર બંધાવ્યું ? કયા વૈષ્ણવે મુસલમાનની મસીદ બંધાવી ? કયા મુસલમાને જરથોસ્તીઓનું આતસબહેરામ—અગિઆરી બંધાવી ? કયા જરથોસ્તીએ ક્રિશ્ચીયનોનું દેવળ બંધાવ્યું ? એક માણસનો હાથ ભાગ-

વાથી સરજમશેદજીને કે શેઠ ગોકળદાસને હોસ્પીટલ બાંધવી પડી, પરંતુ જરથુસ્તે કે બુધ્ધે કે મહાવીરે કે કૃષ્ણે મસીદ ન બંધાવી કે મહમદ સાહેબે કે ક્રાઇસ્ટે જૈન મંદિર કે આતસબહેરામ નહિ બંધાવ્યું કે નહિ સમરાવ્યું. હવે સર્વ ધર્મ સેકહેન્ડ (હસ્ત-મેલાપ) કરવો જોઇએ. પણ હવે મોરબીના રાજાની પેઠે સર્વે સામાન્ય રીતે સર્વ ધર્મના મંદિરો બંધાવશે. જે ધર્મના હાથ પગ ભાગ્યા હશે તે સાંધશે સમરાવશે.

૧૪ બીજાને સુખી દેખી રાજી થનાર પણ સુખી વાતાવરણમાં આવતા સુખી થાય છે.

૧૫ ક્રાઇસ્ટ કહે છે કે (Love your enemies) આ વાત પણ ત્રીજા દરજ્જાની છે. એટલે કે જે હાલ માતા પીતા વ્હાલાં થયાં છે તેની જોડે પ્રથમ પ્રીતથી રહો, પછી પ્રીત નરાખતા હોય તે જોડે, અને ત્યાર પછી આપણા કટા શત્રુ કહેવાતા (ખરે કોઇ છે નહિ) ને પણ ચાહો.

૧૬ માણસે કદી પણ બીજા ધર્મની વિરૂદ્ધ બોલવું, એમ આપણા પેગમ્બરની આજ્ઞા હોય તો તે અભરાઇ ઉપર બાજુમાં મુકો. હવે મને એવો આનંદમાર્ગ દેખાડવા દો કે તમે સર્વને ચાહો અથવા પોતાને ચાહો અને બહુ તો બીજાપર મધ્યસ્થ રહો, પણ કોઇને ધિક્કારો નહીં એમજ ધર્મ કહે. જૈનશાસ્ત્રમાં એક ધર્મબંધુ કહે છે કે સમભાવે રહેનાર કોઈ પણ હોય, ગમે તે ધર્મનો હોય. જરથોસ્ત ધર્મમાં કહ્યું છે કે અશોઈ પાળનાર કોઇ પણ હોય, છતાં કોઇ એક બીજા ધર્મને માટે વિરૂદ્ધ બોલવામાં બાકી રાખતા નથી, એમ હવે ન થવું ઘટે.

૧૭ ધર્મનો અર્થ ફરજ (Duty) એ ઠીક છે. પરંતુ લાલન ધર્મનો અર્થ આનંદ કરે છે. માતા તરફ પુત્રને ફરજ કે

આનંદરૂપ પ્રેમના ફુવારા પરસ્પર સ્ફુરે છે. તેમ ફરજ શું હિમત-ધરીને અળખામણી થવા શા માટે વચ્ચે આવવાની? સહજ વસ્તુ-ઓના પ્રવાહની ગતિજ સ્વાભાવિક પુત્રી મારૂપે અને મા પુત્રીરૂપે થઈ જાય છે.

મંડળ સ્થાપવાનો વિચાર ચાલે છે. હરકતો હજી ઘણી છે. કાળે કરી દુર થશે. નવીન માર્ગ કરવો એ કઠિણ છે. જૈન શાસન સમાજના વિચાર માટે (જશવંતરાવ જૈનીને) આજ રાત્રે મળવા જવો વિચાર છે. ડોકટર બર્નેટ જે બ્રિટિશ મ્યુઝીયમના પુર્વ દેશના પુસ્તક વિભાગમાં છે તે પૂર્વ દેશની સર્વ ભાષામાં વિખ્યાત છે, માગધી, પાલી, સંસ્કૃત ભાષાના જાણ છે, સૂત્રના તથા ચંદ્ર પન્નતિ તથા સૂર્ય પન્નતિના ભાષાંતરો કર્યા છે. તેમને જૈન શાસન સમાગમ સભાના પ્રમુખ થવા વિનંતિપત્ર પાઠવેલ છે. ઉત્તર આવેલ છે. માગેલા હેતુઓ મોકલ્યા છે. જૈન શાસન કૃપાએ કામ પાર પડશે.

जिन धर्मनुं स्वरूप.

(લાલનને કેવું દેખાય છે.)

મ્હારા પ્રાણપ્રિય સમગ્ર માનવરત્ન! અર્થાત્ સ્ત્રીઓમાંથી મ્હારાથી મોટી ઉમરે આવેલાં માતાઓ, છોટી ઉમરે ઉભેલાં પુત્રીઓ, અને સમાન ઉમરે ખડાં રહેલાં બ્હેનો, પુરૂષરત્નોમાંના વયોવૃદ્ધ પિતૃનિર્વિશેષો,વયે લઘુપુત્રો, અને વયે સમાન બાંધવો! જિનધર્મનું સ્વરૂપ જે મેં દેખ્યું છે, અને દેખું છું તેજ દેખાડવાને મ્હારૂં હૃદયરૂપ દર્પણ આપ લઇ સર્વ મ્હારા વહાલાં સમાની સમક્ષ રાખું છું. આંખો ઉઘાડી તે નયનાનંદ સ્વરૂપને નિહાળો. જગતમાં જો દુઃખનો તાપ લાગ્યો હોય તો આ શાન્તસ્વરૂપ જોઇને તમારી આં-

ખોને ઠારો. જગત જો અમનોજ્ઞ લાગ્યું હોય તો સુંદરમાં સુંદર સ્વરૂપ જિનધર્મનું છે. તે જોઈ આપની આંખોને ત્યાં લઇ જાઓ કે તેનું રમણીય સ્વરૂપ દેખી, મનોજ્ઞ સ્વરૂપ દેખી ત્યાં તમારી આંખો ઠરે અને લાલન કહે છે કે ઠરશેજ. તમારામાંના અર્થાત્ મ્હારી ચારે બાજુએ આવેલા સર્વ મ્હારા વહાલાં ભાંડુઓ-માંથી મને પુછે કે લાલન તું કેવું જિન સ્વરૂપ દેખે છે? પોતાનું અંતરપટ હમેશાં ખુલ્લું રાખે છે, તે દર્પણમાં જોઈ કહે કે જેવા "જિન" છે તેવો જિનધર્મ છે. જેવા જિન સ્વરૂપવાન્ છે તેવો જિનધર્મ સ્વરૂપવાન્ છે. "જિન" કેવો છે એમ પુછે તો તેનું ઉત્તર પણ એટલુંજ સંક્ષેપમાં કહે કે જે આત્મબળથી ત્રણે જગતને જીતે છે—જીત્યું છે, અને જીતશે, તે બધા "જિન" છે. કોઈ એમ પુછે કે લાલન એમ કહેવા માગે છે કે જગતના જીવો જે આત્મબળે જગતને જીત્યા, જીતે છે અને જીતશે તે બધા જિન છે? લાલન કહે છે કે જુઓ મારા અંતરમાં. આ ત્રણે જગતના જીવ માત્ર એટલે સ્વર્ગ, મૃત્યુલોક અને પાતાળમાં આવેલી ચોરાશીલાખ જીવ યોની સર્વે—જેમાં એક પણ ઓછો નહિ—જીવો જિનભગવાન છે, કોઇ વ્યતીતકાળમાં જિનેશ્વર છે, કોઇ વર્તમાનમાં છે, અને કોઇ ભવિષ્યમાં. પણ કોઇ જીવ જિન ભગવાન નથી એમ નથી એટલા માટે જ લાલન પરમાર્થે તેમજ વ્યવહારે પણ સર્વ જીવોને જુએ છે વંદે છે, ત્રિકરણે તેની સેવા કરે છે. જેમ ભરત મહારાજે આ યુગાધિપતિ ભગવાન આદીશ્વરના દેખાડવાથી મરીચી નામના સંન્યાસીમાં "વીરપ્રભુ" દીઠા, તેમ શ્રી વીરપરમાત્માના સ્વરૂપે પ્રભુ આ ભુમંડળપર દેખાયા. અને તેની પૂર્વે ત્રીજે ભવે જ્યારે જિન-નામ કર્મ વીસસ્થાનક તપ વડે ઉપાજન કર્યું, તેમજ જે જે તિર્થંકરો તિર્થંકર સ્વરૂપે સ્થૂલ દ્રષ્ટિવાળા બાળજીવોની સમક્ષ પ્રગટે, તે સર્વ તીર્થંકરોના હૃદયોમાં ત્રીજે ભવેથી એવી ભાવના સ્ફુરે કે "સવીજીવ કરૂં સાશનરસી". આમ થતાંજ જગત્ જિનસ્વરૂપમાં.

સર્વ જીવો જિન થયા, થાય છે અને થશે. અને જિનધર્મમાં ત્રણે કાળના દેવને વંદન કરવાનું હોવાથી અર્થાત્ અનાદિ ભુતકાળમાં અને વર્તમાનકાળમાં જે જિનભગવાન છે તેમને પણ વંદન કરો. કારણ કે જેમ શ્રી આદીશ્વરભગવાને ભરતને દેખાડયું કે મરીચી તિર્થંકર થશે, તો તે તિર્થંકરસ્વરૂપને વંદન કર્યું. "જે ભવિસંતિ અણાગયકાળે" એ પ્રવચનદર્પણમાં જોઇ લાલન એમ કહે છે કે જે દિવસે આમ ત્રિકરણશુધ્ધે એકવાર પણ સર્વ જીવમાં "જિનસ્વરૂપ" દેખાશું કે જિનધર્મનું સ્વરૂપ સુંદરમાં સુંદર છે, તેનો અનુભવ તમને તેજ ક્ષણે થશે. અને પોતાને અનુભવ થયો એટલે આત્માસાક્ષાત્કાર થયો. એના જેવું બીજું કોઈ શાસ્ત્રપ્રમાણ નથી. આ વાત લાલન કહે છે એટલુંજ નહીં પણ તેના ગુરૂરત્ન શ્રી હરિભદ્ર પણ યોગદ્રષ્ટિ સમુચ્ચયમાં કહે છે કે આત્મપ્રમાણ જેવું બીજું કોઇ પ્રમાણ નથી. જેમ સુતારનું મન બાવળીએ, જેમ જુગારીનું મન જુગારમાં, જેમ કામીનું મન પોતાની કાન્તામાં, જેમ ગાયનું મન વાછરડામાં, જેમ પાણીઆરીનું મન ઘટમાં, જેમ વિદ્વાનોનું મન વિદ્યામાં, તેમ લાલનનું મન "જિન" હોવાથી જગત્ માત્ર જિનસ્વરૂપજ તેને દેખાય છે. જગત્માં ધર્મ એકજ છે અને તેનું નામ જિનધર્મ છે.

જુઓ ! આપણા મનુષ્યમાંજ ઘણા હાલ જિન ધર્મનું નામ ધારણ કરી રહ્યા છે પરંતુ હજી જિનધર્મનું પુરેપુરૂં સ્વરૂપ જોવા પામ્યા નથી. માત્ર તેનું એક અંગ અને તે પણ અપૂર્ણ જોઇ અમે "જિનધર્મનું" સ્વરૂપ જોયું છે, એમ માની લે છે. તેઓ તેટલું સ્વરૂપ જોવાથી જિન થઇ ચૂકયાજ, પરંતુ પુરૂં સ્વરૂપ જ્યાં સુધી જિનધર્મનું નહિ દેખશે ત્યાં સુધી સેંકડો બાંધવો લાલન જેવા હમેશાં કહ્યા કરશે કે અમને "જિનધર્મ" દેખાડો. જો જિનધર્મનું સ્વરૂપ દેખ્યું હોય તો શા માટે લોકો હજી પણ પુછે ? જેને કોઈ લંડન એવું નામ સાંભળ્યું હોય પરંતુ પૃથ્વીના પાટનગર જેવા

નગરને જોવાની જિજ્ઞાસાવાળાને સંતોષ કેમ થાય ? વળી કોઇ મહાન્ લંડન નગરીને સંભળાવવા ઉપરાંત નકશામાં દેખાડે તો સાંભળનાર તે જાણી કંઇક રાજી થાય, પરંતુ તે આ જગત્માં ક્યાં છે તે જોવાની જિજ્ઞાસારૂપી તૃષા વધે. તેમ શાસ્ત્રરૂપી નકશામાં આપણે જિનધર્મનું સ્વરૂપ દેખાડીએ તેથી ઉલટું જિનધર્મનું સ્વરૂપ જોવાની જિજ્ઞાસા વધે, પરંતુ દેખાય નહિ. માટે લંડન બોલવું, નકશામાં લંડન ક્યાં છે તે સમજાવવું અને કહેવું કે આતો નકશો છે, તેમ કહેવું આતો શાસ્ત્ર છે પરંતુ જેમ લંડન આ ભુમંડળપર છે તેમ જિનધર્મનું સ્વરૂપ મ્હારા તમારા હૃદયમાં છે. ત્યાં જુઓ એટલે દેખાશે કે તેનું બાહ્યસ્વરૂપ જિનેશ્વર ભગવાન જેવું છે, અને તેનું અંતસ્વરૂપ જિનેશ્વર ભગવાનના હૃદયદર્પણમાં કેવળ જ્ઞાનરૂપ, કેવળ દયારૂપ, કેવળ પ્રેમરૂપ, કેવળ આનંદરૂપ, કેવળ સૌંદર્યરૂપ છે. આંતરસ્વરૂપ સો ટચના સોના અર્થાત્ સિદ્ધસ્વરૂપ જેવું છે, એટલે જિનભગવાન જેવું છે.

હવે જગત્માં માત્ર કહેવાતા—અન્યરૂપે દેખાતા પરંતુ ખરેખરા બધા માણસો જિનધર્મિ છે. દાખલા તરીકે તેનું એક એક અંગ તપાસીએ. જિનભગવાને ત્રણ જગતના સર્વ જીવો પ્રમાણે પોતાના સ્વરૂપનું યથાર્થ દર્શન બતાવેલું છે. બાંધવો, બ્હેનો માતાઓ, પિતૃરત્નો પ્રિય પુત્રો અને વહાલાં પુત્રો ! તે મૂર્તિ—તે જિનધર્મની ખરી મૂર્તિ—એમ કહે છે કે **"જેવું જિનસ્વરૂપ છે તેવું જુઓ, આ મારૂં જિનધર્મનું સ્વરૂપ છે."**

પ્રથમ જુઓ તેનું વીર્ય, પરાક્રમ, બળ. જે જિનધર્મનું શરીરબળ વજ્રઋષભનારાચ સંઘયણવાળું, પુણ્યના પર્વતરૂપ છે, જેનું શરીર, પથ્થરના મેરૂને પણ દડાની માફક ઉછાળે, જેનું મનોબળ જગતના સકળ તત્વજ્ઞાનરૂપ પ્રકાશમાં પ્રકાશે, અને જેનું હૃદયબળ સર્વ જીવ-

પર બાલભાવ, સમભાવ, પ્રેમભાવ રાખે તેના બળની શી વાત કહેવી? જગતના સર્વ બળો આ બળના કોઇ સેવકો છે કોઈ અનુ-ચરો છે અને કોઈ ભૃત્યો છે. ખરેખર જિનધર્મનું શરીર-બળ જોતાં તો એમ લાગે છે કે જાણે તે કોઇ ધર્મ ચક્રવર્તિરૂપી બાળ હોય અને વિશ્વરૂપ દડાથી રમતું હોય. તેના મનોબળ તરફ જોતાં કોઇ જગતના પિતા હોય તેમ હસ્તોથી જગતના માન-વરત્નો વગેરેને સન્માર્ગ દેખાડતા હોય, અને જયારે તેના હૃદયબળ તરફ લાલન જુએ છે ત્યારે તો જાણે જગતજનની વિશ્વમાતા સર્વ જીવ માત્રની પ્રીતિવડે રક્ષા ન કરતી હોય! તેમ દેખાય છે. ખરેખર "જિનધર્મ" તારૂં સ્વરૂપ જોતાં તું જગતના જીવોની માતાની પેઠે રક્ષા કરે છે, પિતાની પેઠે તેમને હિતના માર્ગ દેખાડે છે, બ્હેનની પેઠે શાંતિ આપે છે, બાંધવની પેઠે સદા સાથે રહે છે, પુત્રની પેઠે લાડ કરે છે, અને પુત્રની પેઠે સેવા પણ બજાવે છે. તારૂં સ્વરૂપ કહી શકાય, પરંતુ જગતની સર્વ ઉપમાઓ જેમાંથી ઉદ્‌ભવી એવા મહત્ ઉપમા-રૂપ જિનધર્મ તારી ઉપમા તો તુંજ છે. તારી ઝાંખી માત્રથી મનુ-ષ્યો સમ્યકત્વરત્ન પામે છે. તારા દર્શનથી મનુષ્યને શ્રુતકેવળી જેવું જ્ઞાન થાય છે અને તારા સ્વરૂપને સમાધિમાં જોતાં અમારૂં જિન-સ્વરૂપ કેવું છે એ અમને પોતાને પ્રતીત થાય છે તો પછી તેને નજરોનજર જોનાર પોતાને દેખાયેલું સ્વરૂપ જગતને દેખાડવાને કોશીશ કરે એમાં શું આશ્ચર્ય?

જિનધર્મનું વચન સ્વરૂપ હવે કેવું છે તે જોઇએ. પછી એ વચન પ્રમાણેજ જગતના જીવો વર્ત્યા છે વર્તશે અને હાલ વર્તે છે એ દેખાડવામાં આવશે. જેટલું જેટલું જિનધર્મ બોલે છે તેટલું તેટલું માનવ માત્ર તો શું પણ પશુઓ પણ સમજે છે. કારણ કે તેની વાણી અમોઘ છે. જેટલું નથી સમજાતું કે નથી સમજાવાતું તેટલું જિનધર્મનું વચન સ્વરૂપ નથી. ઇંદ્રો પણ તેના વક્તૃત્વના વચનરૂપી મુક્તાફળો વડે જિનધર્મ રૂપી પ્રભુની સ્તુતિ કરે છે.

આટલું કરી જોતાં અંગોનું સ્વરૂપ જોઇએ. એ જિનધર્મનું હૃદય અંગ છે. સ્યાદવાદ એ જીનધર્મનું વચન અંગ છે, અનેકાંત એ જિનધર્મનું મસ્તિક અંગ છે, નય એ તેમના હાથ છે, અર્હંતસ્વરૂપ એ તેનું સુંદર પૂજ્ય શરીર છે. કેવળ જ્ઞાન એ તેનું મુખ છે. આવા જિનધર્મના અત્યંત મનોહર સ્વરૂપનું લાલનના માનવ ભાંડુઓ તમે દર્શન કરો.

જેમ મહારાણી વિકટોરીઆરૂપી રાજમાતાએ એમ્પ્રેસ ઓફ ઇન્ડીયા એટલે હિંદના ચકવર્તીની ઈંગ્રેજ સલતનતના મહારાજ્ઞી હતા અને હાલ તેમના ચિરંજીવ શહેનશાહ એડવર્ડ ચક્રવર્તિ તથા મહારાજા છે. તેમ જગતમાં દયારૂપી રાજ્ય જ્યાં જ્યાં છે, ત્યાં જિનધર્મનું રાજ્ય છે. મહારાણી વિકટોરીઆ તથા તેમના ચિરંજીવી મહારાજા એડવર્ડ ધી સેવન્થના રાજ્ય કરતાં દયાળુ રાજ્ય હજારો ગણું પ્રવર્તી રહ્યું છે, તેનો વિસ્તાર આખા વિશ્વમાં છે. જેમ મહારાણીના પાટવી પુત્ર હોય તેમ દયા રૂપી મહારાણીના પાટવી પુત્રો જૈનો શ્રાવકો છે, હા કેટલાક Authorised માનવામાં આવતા જૈનો છે અને કેટલાક Unauthorised હાલ ગણાતા પણ જૈનો છે. જગતમાં આ મારી સમક્ષ ઉભેલા સકળ માનવોમાં એવું કોઈ પણ દેખાતું નથી કે જ્યાં જિન ધર્મરૂપી શશીની પ્રભા ન પડી હોય ! દયા સર્વમાં છે. જેમ મગના પુંજમાં મગ ઘણા હોય અને કોરડુ તો કરોડ દાણાઓમાં પણ એકાદ ભાગ્યે હોય, તેમ આ જગતના માનવ માત્ર દયાળુ છે. કરોડોમાં કોઇકજ એક કઠોર કોરડું જેવું દયાહીન હૃદય હોય.એ મહા દયા કયાંથી આવી ?

જેમ એક ઘણા ઉચ્ચ પર્વતપર મહાન સરોવર છે. તેમાં એટલો જળ સમુહ છે કે આખી માનવ જાતને તેનું મીઠું પાણી પુરૂં પડે તો પણ ખુટે નહિ, તેમ આ વિશ્વના ધર્મરૂપી ઉચ્ચ પર્વત-

પર એક ઘણુંજ વિશાળ ક્ષીર સમુદ્ર જેવડું—માતાના દુધ જેવું મીઠું દયારૂપી મહાન સરોવર છે. દયા રૂપી મહાન સરોવર જેમાંથી દયાના કેટલાક ધોધો એવા ચાલે છે કે જેથી તેની નીચે આવેલા મોટા તળાવો નાના તળાવો. કુવાઓ, નદીઓ, ઝરાઓ, ઝરણા વગેરે નિરંતર વહે છે. અર્થાત્ જગતના જે જે ધર્મ કહ્યા છે અને જ્યાં જ્યાં જેટલી જેટલી નાના કે મોટા તળાવ જેટલી દયા ભરેલી છે અને માનવો તેનું પાન કરી, પોતાના ધર્મરૂપી હૃદયને પુષ્ટ કરે છે. તે સર્વ ધર્મની માતા એવી જિન ધર્મની દયા છે, માટે હે માનવ બંધુઓ! જેઓ દયાભાઇ ન કહેવાતા હોય પરંતુ લાલન તો તેમના હૃદયમાં દયા આવેલી દેખે છે અને જ્યાં સુધી જિન ધર્મમાં અખુટ દયા છે ત્યાં સુધી તે દયામૃત નિત્ય વિશેષ મળતું જ રહેશે, એમ સંભવે છે. અર્થાત્ જ્યાં દયા છે ત્યાં જિન ધર્મ જ છે.

જેમ કોઈ કુવામાં એટલું જળ હોય કે આખા ગામને પુરૂં પડે, તેમ કોઇ ધર્મમાં એટલી દયા હોય કે તે સર્વ માનવને પુરી પડે. કોઇ ટેમ્સ જેવી નદીમાં એટલું જળ હોય કે શહેરને પુરૂં પડે, તેમ કોઇ ધર્મમાં એટલી દયા હોય કે માનવ અને પશુ બન્ને તેનું પાન કરી શકે. કોઇ સરોવરમાં એટલું જળ હોય કે આખા દેશને પુરૂં પડે, તેમ કોઇ ધર્મમાં એટલું દયારૂપી અમૃત ભરેલું હોય કે સર્વ જીવોને પુરૂં પડે. પરંતુ આ કુવાના જળ કે નદીના જળનો આધાર મહાન સરોવર છે. એ વાત જેઓ હાલ જિન ધર્મવાળા કહેવાતા હોય પણ હોય નહિં તેમજ જેઓ હાલ જિન ધર્મવાળા હોય છતાં પોતાને ખબર ન હોય તેવા માનવ સગાંઓએ યાદ રાખવાની છે.

૧ દયા—આ માનવને જિન ધર્મ એમ કહે છે કે તારી જાતપર તું દયા કર, તેથી હું રાજી છું. આખી મનુષ્ય જાતમાં ઘણા ધર્મ થઈ શકે, તેમાંના કેનીબાલ(cannibal)પોતાની સ્ત્રીપર દયા કરે

છે.પરંતુ હવે તમારી દયાના માણસોપર દયા કરી તેની રક્ષા કરો. તમે ક્રીશ્ચીયનો-જે માનવ દયા કરો છો તે જોઇ હું બહુ પ્રસન્ન છું. તમે પશુ પર દયા કરો. ક્રાઇસ્ટ નામના મારા દયાના કમીશનર પાસે તમને કહેવડાવ્યું છે તે તમે યાદ રાખો. જુઓ તમારા ધર્મ રાજ્યના કાયદા પુસ્તકમાં-બાઇબલમાં " મનુષ્યપર તમે પ્રેમ રાખો, શત્રુઓ-પર પ્રેમાસક્ત થાઓ, અને જનાવરપર તમે માયા રાખો" આટલી દયા તમે કરો તો હું વધારે આનંદિત થઇશ.

હા-પરંતુ ક્રિશ્ચીયન બાળકો-સાંભળો Christ તે દયા છે, અને ક્રિશ્ચીયાનીટી કુવો છે. તેમાંથી ક્રિશ્ચીયનો આ દયારૂપી જળ પીએ છે. તેમાં કેટલાક એવા દયાવડે ધર્માત્મા થયા છે કે ક્રાઇસ્ટ રૂપ જિન ધર્મના કમીશનરની આજ્ઞા પ્રમાણે "Love your neighbours as you love yourself " જેવો પ્રેમભાવ તમે તમારા પર રાખો છો, તેવો તમારા પડોશી પર રાખો" ખરે ક્રિશ્ચીયનો તમે જિન ધર્મી છો, તમારી દયા એજ અમારી છે જો તમારે ખરેખર પ્રભુનાં દર્શન કરવાં હોય તો આ નિયમને સમજો, અનુભવ કરો અને ક્રિયામાં મૂકો. એ એક નિયમ વડે જ તમે સર્વસ્વ પામશો, પરંતુ Progressive law એટલે અભિવૃદ્ધિના નિયમ પ્રમાણે Evolution કે ઉન્નતિ ક્રમના નિયમ પ્રમાણે તમારે આગળ વધવું જોઇએ Love your neighbouring county as you love your country.

જે પ્રમાણે તમારા દેશપર પ્રીતી રાખો છો તેવીજ પ્રીતિ તમારા પડોશના દેશપર રાખો એટલે તમારી ધર્માભિવૃદ્ધિ Religious progress થશે અને પ્રીતિ સર્વની રક્ષા કરશે માટે તમે દયાળુ થાઓ. પછી તે જ નિયમને આગળ લંબાવો.

Love your neighbouring religions as your own religion.

જેવો પ્રેમ તમે તમારા ક્રિશ્ચીયન ધર્મપર રાખો છો તેવો પ્રેમ તમારા પડોશના ધર્મપર એટલે મુસલમાન ધર્મપર, હિંદુ ધર્મપર, બુદ્ધ ધર્મપર, જિન ધર્મપર રાખો. આમ સર્વ મનુષ્યપર તમારો સર્વ પ્રકારે પ્રેમ કરો ત્યારે તમારો મનુષ્ય પ્રેમ પૂર્ણ થયો ગણાશે. મનુષ્ય માત્રમાં તમે દયા લાવી તે મહાત્મા–ભગવાન્ ક્રાઇસ્ટના નિયમ પ્રમાણે કરતા થશો. આટલું કરતાં હાલ જો તમે પ્રભુસ્વરૂપ ન જાણતા હોય તો ક્રાઇસ્ટ શું કહે છે તે યાદ કરો કે તમને પ્રભુના દર્શનની ઝાંખી થશે પરંતુ ક્રાઇસ્ટ કહે છે કે Be kind towards animals. સર્વ મનુષ્યો જે તમને દ્રશ્ય છે તેનાપર તમે પ્રેમ-ભાવ ન રાખો. તો પ્રભુ જે તમને અદ્રશ્ય છે તેનાપર શી રીતે રાખશો? પ્રભુદર્શનની કુંચી એજ છે કે સર્વ મનુષ્યમાં જેવો તમારામાં તમને પ્રેમ છે તેવોજ સર્વે મનુષ્યમાં રાખો–સમભાવી થાઓ એટલે તમને પ્રભુના સ્વરૂપની ઝાંખી થશે. પશુઓપર દયા—માયા રાખો. માયા રાખનાર હમેશાં માતા હોય છે, અને માતા એ પોતાના બાળકનો ભક્ષ કરે એવું મનુષ્યમાં બનવું અસંભવ રહે છે. અપવાદે કેનીબાલમાં છે. પરંતુ ક્રિશ્ચીયનો તમે કેનીબાલ નથી. તમે માનવ માત્રના પ્રેમી છો અને પશુઓમાં વિશેષ દયા કરવા ક્રાઇસ્ટ તરફથી તમને તમારી વૃદ્ધિ અર્થે સુચના છે. તો મનુષ્ય થઈ જેનાપર માયા કરવાનું કહ્યું છે એવા તમારા પશુ બાળકોનો તમે સર્પણી માફક ભક્ષ ન કરો, પરંતુ રક્ષા કરો;

મનુષ્ય આતૃમંડળોમાંથી એક હિંદુ બંધુ લાલનને આટલા પ્રશ્ન કરે છે.

પ્રશ્ન—જ્યારે ક્રાઇસ્ટે પશુપર દયા કરવાનું કહ્યું છે, તો શામાટે તેના અનુયાયીઓ પશુનું ભક્ષણ કરે છે?

ઉત્તર—રાજ્યમાં જેમ રાજાના કાયદાનો ભંગ કરનારા હોય છે,

તેમ ધર્મ—દયા ધર્મરૂપ એક મહાન્ રાજ્યના ક્રિશ્ચીયન દેશરૂપી દયાના—રાજ્યમાં પણ દયાના કાયદાનો ભંગ કરનાર હોય છે. જુઓ આપણા હિંદુ ધર્મમાં મનુમહારાજ અહિંસા પરમો ધર્મઃ અને સર્વ હિંદુઓ મનુષ્યદયા ઉપરાંત પાશવ દયા પણ કહે છે. બીચારા પ્રાણીઓની—નિરપરાધી પ્રાણીઓની મુંગા પશુઓની રક્ષા કરે છે, પાંજરાપોળ બાંધે છે. ગાયો માટે ગૌશાળાઓ સ્થપાય છે, છતાં કાળીકાને નામે પશુ હિંસા થાય છે, ત્યાં અહિંસા પરમો ધર્મ એમ નથી પરંતુ માનવ—અહિંસા પરમધર્મ એટલુંજ મનાય છે, પરંતુ 'પશુ અહિંસા ધર્મઃ' તે મહાન્ આજ્ઞાનો ભંગ થાય છે, હિંસકપણું હાલતો નાશ પામવા લાગ્યું છે, અને દયાના ઝરણો જો જૈનો ચાલુ રાખશે તો મહાત્મા લાભશંકર જેવા હિંદુ વૈષ્ણવો અહિંસા પરમો ધર્મ પશુના સંબંધી ધર્મના સંબંધમાં અવશ્ય કરાવશે જુઓ લાલનના બંધુ લાભશંકર અને પારસી બંધુ વાડીયાભાઇ જૈન ધર્મના, દયાના સ્વરૂપને જોઈ શક્યા છે અને દયા જગતમાં થતી હોય તેથી વધારે ઉચ્ચ સ્વરૂપ દેખાડવું એમાંજ આપણો હૃદયાનંદ છે.

એટલામાં એક હિંદુ ઉઠીને કહે છે કે "બૌદ્ધો કયાં અહિંસા ધર્મને માને છે? તેઓ તો માંસાહાર કરે છે."

ઉત્તર—મહાત્મા બુદ્ધની દયાનો વિસ્તાર ઘણો છે. હિંદમાં એ ધર્મ જો અત્યારે હોત તો તેની દયા એટલી છે કે તે આખા જગતના ધર્મને સંભવે, એટલી માલુમ પડે. પરંતુ મહાત્મા બૌદ્ધની દયાના અનુભવી સદ્‌ગુણને ગ્રહણ કરતાં કરતાં તે ધર્મ એવા દેશમાં ગયો કે જ્યાં માંસાહાર થતો હતો. હાલ જ્યાં છે ત્યાં બૌદ્ધધર્મના જવાથી માંસાહાર વધ્યો છે એમ તો સમ્ભવતું નથી. બાંધવો! બૌદ્ધો પોતે કોઈ પ્રાણીને હણતા નથી. હિંદમાં હોય તો તેઓ બૌદ્ધ ધર્મ પ્રમાણે માંસાહાર કરે નહિ અને જે દેશોમાં હાલ છે ત્યાં તેઓ પોતે

હાથે પશુને હણુતા નથી; તેમજ પશુનો આહાર પણ નહિં કરતા એવા પુરા અમેરીકાના બુદ્ધિસ્ટોમાં કેટલાક વેજીટેરીયનો છે અને થતા જાય છે. એવું લાલન લંડનની બૌદ્ધસમાજમાં દર રવિવારે જાય છે તે ત્યાં જુએ છે; તેથી તો ખરે દયા ધર્મની કે જિનધર્મની સેવા બજાવે છે અને હવે વધતી જાય છે.

પ્રશ્ન—શ્રાવક વોરન બોલી ઉઠયા કે બૌદ્ધ મહાત્મા પોતાના એક અવતારમાં લુખી વાઘણુને આહાર ન મળ્યો ત્યારે પોતાના શરીરને અર્પે છે તો તેના માનનારા દયાધર્મ પાલનારા પોતે પશુને ન હણે પણ બૌદ્ધધર્મની આણુથી બહાર એવા ઉતરતા વર્ણવાળા મનુષ્યના હનન કરેલા પશુઓનો આહાર કરે એ શું થયું? જ્યાં સુધી પશુઆહાર કરે ત્યાંસુધી તેઓ હિંસા તો કરનારા. પોતે કરવું નહિં પણ બીજા પાસે કરાવવું એ તો વધારે ભુંડું.

ઉત્તર—આ નિયમ ખરા છે. બુદ્ધ ભગવાનની આજ્ઞા પ્રમાણે દયાધર્મ. તેમના વર્તન પ્રમાણે પોતાનો પ્રાણ આપવો, પણ મનુષ્ય કે પશુની હિંસા નજ કરવી. જેમ શ્રી જિનેશ્વર ભગવાન શાંતિનાથ પ્રભુએ પારેવાને બચાવવા પ્રાણ અર્પણ કરવા તૈયાર થયા, તેમ બૌદ્ધોએ દયાથી પ્રાણાર્પણ કરવું જોઇએ, પરંતુ થતું નથી. તેજ પ્રમાણે હિંદુઓ પણ પોતે નહિ હણતાં ધર્મને નામે હિંસકો પાસે બકરા વગેરેનો વધ કરાવે છે, તેવીજ રીતે ઉચ્ચ ગણાતા શ્રાવકો પંદર કરમાદાન કરાવાની બાધા લેવા છતાં પંદર કર્માદાનથી ઉત્પન્ન થતા પદાર્થોની બંધી લઈ શકતા નથી અને જેમ હિંસક લોકો પાસે હિંદુઓ ધર્મને નામે હિંસા કરાવે છે, બૌદ્ધો આહારને નામે હિંસા કરાવે છે, તેમ કર્માદાની લોકો પાસે જૈનો હિંસા કરાવે છે. પોતાના વહાલા સહોદર જૈન માનવિથી ઉદ્ભવેલાં ભાંડુઓ જુઓ તમારે દેશકાળ અનુસરી–પૂર્વાચાર્યોની શૈલીએ તે ધર્મનો જે ફેલાવો કરવો તે ચોરાશી લાખ જીવાયોનીના અસંખ્ય જીવોપર દયાની શીતળ વૃષ્ટિ કરવી, સર્વ મા-

નવોને જૈન ધર્મના પ્રાસાદમાં પ્રવેશાવવા હોય તો તેઓ કેટલી દયા હાલ કરી રહ્યા છે, પ્રભુની વાણીરૂપ સમુદ્રના ઉડેલા છાંટાનું પાન અન્ય કહેવાતા ધર્મવાળા પણ કરી રહ્યા છે, તેમાં વધારો કરવાને ક્રમ પુરસ્સર દયાનો માર્ગ દેખાડો.

વળી દયા જ્યાં જ્યાં હોય તે જૈન ધર્મરૂપી સમુદ્રના છાંટા છે એમ શ્રી સિદ્ધસેન દિવાકર તથા શ્રી રૂષભપંચાસિકાના કર્તા પણ એમજ કહે છે તો પછી સર્વ ધર્મો જ્યાં દયા છે તે બધા જૈન ધર્મ છે. વધતી દયાએ તમે સમુદ્ર જેવા થશો તો પછી આપણે શા માટે તે પણ પ્રયત્ન ન કરવો જોઇએ ? એજ પ્રમાણે શ્રીમદ્ હેમચંદ્રજી કહે છે કે સકલ ધર્મરૂપી નદીઓ અંતે જૈન સમુદ્રમાં આવે છે તો નદીઓને આવવા શા માટે માર્ગ ચોખા ન કરવા. ? જેમ સર્વ નદીરૂપી દયા સમુદ્રની દયામાં મળે તેમ નદીની ઉત્પતિ પણ પરંપરાયે સમુદ્રમાં હોવાથી નદીમાં પણ સમુદ્રના અંશો હોય. જેમ સમુદ્રના જળની વરાળ થઇ ઉંચે ચડે તેમ શ્રી તીર્થંકર પ્રભુની ભાવના 'સવીજીવકરૂં શાશન રસી એસી ભાવદયા મન ઉલસી' તેવી દયા ઉંચે ચડી વાદળારૂપે જગતના ઉત્તમપુરૂષોમાં રહી નાના પ્રકારના દેશરૂપી પર્વતોપર પડી ત્યાંથી તેના મહા પુરૂષોના મુખમાંથી વહી નદી રૂપે પ્રવર્તી સમુદ્ર ભણી દોડે છે. માટે જૈન ધર્મના દયારૂપી સમુદ્રને નદિઓ મળવા તૈયાર થાય છે.

ભાવ જૈન ધર્મરૂપી પુરૂષના હૃદયને જોઈ હવે તેથી ઉત્તમ પુરૂષરૂપી પ્રતિબીંબને નહિ લાવીએ.

આમ જ્યાં જ્યાં દયા ત્યાં ત્યાં જૈન ધર્મ; વળી ઉદાર અંતઃકરણવાળાને એક બુદ્ધિગમ્ય દ્રષ્ટાંત આપવાની જરૂર જણાય છે.

કેમ ? ઉત્તર એટલુંજ કેઃ–

દયારૂપી રાણીએ
૧ મનુષ્યની રક્ષા કરવાને ક્રિશ્ચીયનોને સોંપ્યું.
૨ પશુની રક્ષા કરવાને હિંદુઓને સોંપ્યું.
૩ જંતુની રક્ષા કરવાને જૈનોને સોંપ્યું.

પોતપોતાના કારભાર કરવાના દેશમાં સઉ સઉ પોતપોતાના સ્વરૂપરૂપી રાજ્ય ચલાવે છે અને વિશેષ સારી રીતે કાર્ય ચલાવશે તો ઉપરનો ઓદ્ધો મળશે. એટલે જે દયા જંતુ સુધી ગઈ છે તે પશુપર તથા મનુષ્યપર દેખરેખ રાખી–વિસ્તારી દયાવાળા હૃદયમાં છે તે ક્રિયામાં થશે. અને જેની દયા મનુષ્યમાં છે તે વિસ્તારવાળી થઇ પશુ ક્ષેત્રમાં પણ પ્રકટશે અને પશુપર છે તેમની મનુષ્ય પશુ અને જંતુમાં થતી જશે; માટે દયા ભાવના સર્વ માણસમાં વિસ્તાર પામે એજ જૈનધર્મરૂપ પુરૂષના વિશાળ હૃદયનું દર્શન.

લંડન જેવા ક્રિશ્ચીયન નગરમાં દયાના ૧૨૦૦ ઉપરાંત ખાતા છે. દયારૂપી નદી છે, અને તેના બારસો આરા છે ત્યાં ગરીબ માણસો આવી પાણી પી તાપ મટાડે છે અને દુ:ખી મનુષ્યો આ દયા નદીના કિનારે પાન કરી હજારો તો શું લાખો મનુષ્યો પણ શાંતિ પામે છે. પશુઓ પણ દયા જળનું પાન કરવા લાગ્યા છે અને આમ દયા વિસ્તારે ચડશે.

બીજી એક વાત જૈન ધર્મના બંધુએ યાદ રાખવાની છે કે અપેક્ષાપૂવક જો જિન ધર્મ સિદ્ધ થતો હોય તો તેને દયા હશે તેમાં પોતાને અને જગત–ઉભયને લાભ છે. જે જે અન્ય સાથે વિરોધ દેખાતા હશે તે દુર રાખી જોવા લાગશે તો તે વિરોધ નથી પણ એક–બે–ચાર–પાંચ અપેક્ષા છે. આ અપેક્ષા પૂર્ણ થવા દેવાય તો માલુમ પડશે કે જૈન ધર્મનું રાજ્ય લોકોના જાણવામાં થોડું હોવા છતાં પૂર્ણ છે જ્યાં સુધી Comparative study of religions-

ધર્મની સરખામણી ન કરવામાં આવી હતી, ત્યાં સુધી આ દેશમાં યુધ્ધો થયાં. પરંતુ હવે જણાય છે કે સર્વ ધર્મ ભાઇઓ છે અને પરસ્પર એક બીજાને તોડવા કરતાં સલાહ કરવામાં પોતાની વૃદ્ધિ છે અને ખંડન કરવામાં સ્વપરનો નાશ છે.

બૌદ્ધ ક્ષણીક વાદી છે. છતાં અહિંસાદીરૂપને અંગીકાર કરનાર અક્ષણિક થઇ જાય છે.

વિરોધ કરવો કે શાંતિથી દેખાડવું ?

સાંખ્ય જો ગુણાત્મ સ્વરૂપ પ્રકૃતિ માને અને પ્રકૃતિ ભાખીને દ્રવ્યરૂપે કહે તો પછી દ્રવ્યરૂપે પ્રકૃતિ અને પર્યાયરૂપ ગુણાત્મક સ્વરૂપ ન આવ્યું ? આજ પ્રમાણે સર્વ સમજવું.

पंडीत लालनथी कराता कार्यो—लंडन.

નાનાવિધ વિષયો લખી દેશના કરજનું વ્યાજ પણ વળાય એવું લાગતું નથી. લખવાને જેટલો વખત જોઇએ તેટલો મળતો નથી, વિષયો ઉત્તમ પરંતુ તેને ઇન્સાફ આપવા પુરતો વખત જેટલું લખવાનું, તે સંબંધી એકજ ચોકસ ટાઇમમાં પુરૂં લખી, તેમ કરતાં બીજું કેટલુંક જાણવાનું પડતું મુકાય તો આ મોંઘા દેશમાં રહેવું સાર્થક થતું નથી. માટે રાત્રીના બબ્બે ત્રણ ત્રણ વાગતા સુધી ઉજાગરા કરી અભ્યાસાદિમાં જોડાય છે. હવે થયું અને થાય છે તેટલામાં જ સંતોષ માનવો પડશે,

લંડનનું પાંજરાપોળ આપણા મુંગા મિત્રો અને સેવકોની રક્ષક સમાજ, એની મુલાકાતો, લાલનનું તેમાં જોડાણ, જીવતા

પ્રાણીપર પ્રાણઘાતક પ્રયોગ કરવાની સામે પોકાર ઉઠાવનારા મંડળ અમે લાલનનું તેમાં કાર્ય, ઘોડા, કુતરા અને બિલાડાની રક્ષા કરનાર સંસ્થાઓ અને તેના જુદા જુદા પ્રસંગો વિગેરે અનેક વિષયો છે.

આધ્યાત્મિક વિષયોમાં હાલ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, અને કેવળજ્ઞાન આ પાંચ જ્ઞાનને હવે પ્રયોગમાં મુકી લોકોની—જૈનોની અભિવૃદ્ધિ પ્રત્યક્ષ થાય તે માટે પ્રયત્ન છે.

.જિનશાસનના આખા જગતનું શાસન થવાનુંજ છે. ગમે તેવા જુના વિચારવાળા બુમો પાડે, પરંતુ તેમનું એકાકી હવે ચાલે તેમ નથી. પોતાના બાપનો ધર્મ, એમ નહીં તો શ્રીવીરપ્રભુની ઇચ્છા સર્વ જીવને શાસનરસી કરવાની છે તો તેમના જે પુત્રોની નથી તે કુપુત્રો છે. કુ એને તિલાંજલી મળતાં તે પછવાડે સુપુત્ર થવા સંભવ છે.

અહીં કર્મને, આત્માને કે ઇશ્વરને નામમાં આપણી માફક મતામત છે. ઓળખ્યા વિના શ્રદ્ધાની અહીં વાત નથી. તેથી બને તો સ્વિકારવા ના પણ નથી; પરંતુ સાયન્સ રીતે સિદ્ધ કરવું જોઇએ.

અહીં પાંજરાપોળની સ્થાપના થયેલ છે અને તેની વ્યવસ્થામાંથી ઘણું આપણી પાંજરાપોળને શિક્ષણ મળે તેવું છે. લંડન નગરમાં ૧૨૦૦ ધર્માદા ખાતા છે તેમાના માનવદયા તથા પાશવદયાના મળી લાલન બારમાં દાખલ થયેલ છે, તેનો યથાશક્તિ અભ્યાસ કર્યો છે, તેમજ તેમના વ્યવસ્થિત કાર્ય કુશળ મંડળમાં વ્યાખ્યાન આપે છે. ઘરમાં બેસી અહીંના લોકોને જડવાદી (Materialists) સમજવામાં હિંદના લોકો સાંભળેલી વાતપર દોરાયેલા માલુમ પડે છે, છતાં જડપર વિશેષ તો ખરા. કારણ જડનો જય કર્યા વીના સંસાર પ્રમાણિક રીતે ચાલતો નથી. ઉદ્યોગ એ જીવન છે અને કળા એ યુક્તિ છે. બુદ્ધ લોકો દયામાં અહીં ચડે છે. જૈનની ખબર થોડાને છે, મોટા

મોટા ઇંગ્રેજો બુદ્ધિસ્ટ છે. જિનશાસન સમાજ્ય સમ્રાજ અથવા International Jain Society સ્થપાઇ છે. એનો હેતુ જૈન શાસ્ત્રોની તપાસ–ખોલ એવો છે. અને કોઇ પણ મનુષ્ય જિનશાસનની દયાના અનુમોદક હોય અને સ્યાદવાદ ફીલસોફીને સ્વિકારે તે તેમાં દાખલ થઇ શકે છે. નયકર્ણિકાનું ભાષાંતર લાલને ઇંગ્રેજીમાં કર્યું છે, વિનયવિજય મહારાજનું બનાવેલું છે. આનો ઉપોદ્‌ઘાત જોઇ ઘણા લોકો જૈન તત્ત્વજ્ઞાનને વખાણનારા થયા છે તત્વાર્થ સૂત્રનું ભાષાંતર પ્રો૦ હર્મન જેકોબીએ કર્યું છે, જર્મન ભાષામાં આપણા સૂત્રોના ભાષાંતર કરતાં અહીંના લોકો માગધી ભાષાનો અભ્યાસ કરવાને રાજી છે. ડા. બર્જેસ પાલી–માગધી સંસ્કૃત વીગેરે ભાષામાં બહુ નિષ્ણાત કહેવાય છે. તામીલ ભાષાના જૈનગ્રંથો એ ડાકટરે (વિદ્વાને) લાલનને દેખાડયા છે. પોતે તામીલના ઘણા સારા અભ્યાસી છે. અંતગડ સુત્ર તથા સુર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિના ભાષાંતરો તથા અનુવાદ કર્યા છે–છપાયેલ છે. કંઇક કામ લાલનને આવ્યું છે. શ્રદ્ધા વચન બુદ્ધિપુર્વક ન થાય તે આદેશમાં નથી, પરંતુ ન સમજાય તે ખોટું, એવું પણ કોઇ વિદ્વાન–સમજુ માનતો નથી; પરંતુ ઇચ્છા જિજ્ઞાસુ અને સરળ છે.

જુદા જુદા પ્રસંગો વગેરે અનેક બાબતમાં લાલન જોડાયો છે. તા૦ ૧૭ નવેમ્બરે મુંગા પ્રાણીરક્ષાની સમાજમાં ભાષણ આપ્યું. ઘણા લોકો–સ્ત્રીપુરૂષો રડયા; જિનધર્મના ત્રણ રત્ન એ વિષયપર તા. ૧૨ ડીસેંબરે ભાષણ આપી ઘણું કરી બનશે અને ટીકીટ સ્ટીમરમાં મળી શકશે તો અહીંથી નીકળી પોતાની જન્મભૂમી–દેશબાંધવો અને બહેનોને માસ જાનેવારીમાં અત્યાનંદે મળશે અને જોયેલું અનુભવાવશે.

लंडन-लालन विचार.

પ્રતિક્રમણ પાંચ હોવા જોઈએ કે સાત ?

જિન શાસનમાં જે વિચારપ્રિય જૈનો હોય તેમને લાલનનો પ્રશ્ન એવો છે કે પ્રતિક્રમણ પાંચ હોવા જોઇએ કે સાત. લાલનને ખબર છે કે લાલનના વડીલ બાંધવો અને લઘુ બાંધવો કે સમાન બાંધવોમાં કેટલાક એવા પણ છે કે આ વળી લાલને કયાંથી ધતિંગ ઉભું કર્યું. લાલન તેમને એકજ વાકયમાં કહે છે કે તમારે જે કહેવું હોય તે કહો. તમને જે ઉત્તર બુદ્ધિગમ્ય થાય તે શાસ્રાનુસારે આપશોતો તો તે લાલનને માન્ય છે. પરંતુ તેમ કરતાં આપ સર્વ, પોતાને જે પ્રિય છે એ વસ્તુને જાળવવા કરતાં સત્યને પ્રિય રાખનારી દૃષ્ટિ રાખશો એવી લાલનની પ્રાર્થના છે.

આટલી પ્રસ્તાવના કરી હવે લાલન સાત પ્રતિક્રમણ કઈ અપેક્ષાએ કહે છે તે કૃપા કરી પ્રથમ તો લક્ષમાં લેશો, અને પછી જે લખવું હોય તે બેલાશક લખશો.

દેવસીરાઈ તથા પ્રતિક્રમણ—પોતે આત્મા છે. લાલન એ નામ કર્મની પ્રકૃતિ છે, એવું જાણ્યા છતાં મન, વચન, કાયા, આત્મા તરફ અભિક્રમણ કરવાને બદલે અશુભમાં ગયેલ આત્માને નિવૃતિને અંતે વાળવો અને બીજો નિર્ણય કરવો કે કાલે તેવું ન થાય તેની સંભાળ રાખવી એ દેવસી પ્રતિક્રમણ. જે પ્રભાતે, રાત્રે, ઉપર પ્રમાણે થયું હોય તેનો પશ્ચાત્તાપ કરી, ફરી અશુભ ન થવાનો નિર્ણય કરવો.

પાખ્ખી પ્રતિક્રમણ—પંદર દિવસના પાપ આલોવવા ઉપર પ્રમાણે પ્રાયશ્ચિત કરવું, અને ફરી ન થવા સંકલ્પ કરવો.

ચોમાસી પ્રતિક્રમણ—ચાર માસ સુધી કરેલા પાપ સંબંધી પ્રાયશ્ચિત કરી, ફરી તેવું ચાર માસ સુધી ન થવા સંકલ્પ કરવો-

સંવત્સરી પ્રતિક્રમણ—આખા વર્ષનાં કાર્યની અનુલોચના કરી, ખપાવી, ફરી ન કરવાનો નિર્ણય કરવો.

આમ છે તો પછી આખા ભવના પાપની આલોચના માટે ભવપ્રતિક્રમણ કેમ ન જોઇએ ? અને ભવપ્રતિક્રમણ કરીએ તો પછી ગત ભવોમાં જે પાપ થયા હોય તેની આલોચનામો અભ્યાસ કરી તેવાં પાપો ન થાય માટે હવે પછીના ભવમાં તેનો સંકલ્પ કરવો આમ ભવોભવ પ્રતિક્રમણ નામનું સાતમું પ્રતિક્રમણ પણ કાં ન કરવું જોઇએ?

એક શંકા અને તેનું સમાધાન પ્રતિક્રમણ સંબંધે

ધર્મક્રિયાની સર્વ ક્રિયાઓ લાલનને પ્રિય છે અને સુખકર પણ છે, તથાપિ પોતાના અધ્યવસાય અંતર્ અવલોકન કરી વિવેચન કરતાં કહેવું જોઇએ કે પ્રતિક્રમણ ક્રિયા પ્રિય છે, પુજન ક્રિયા પ્રિયતર છે, અને સામાયિક ક્રિયા પ્રિયતમ છે; અર્થાત્ સર્વથી પ્રિય છે. અને પોતાની શક્તિ અનુસાર ત્રણે ક્રિયા દરરોજ તે કરેછે.

શરીર અનારોગ્ય હોય અને ન થાય તો તેથી ચિત્તમાં ઉદાસીનતા રહે છે, પણ દુઃખ થતું નથી. પરંતુ ઘણે ભાગે આ ક્રિયા થતી હોવાથી હમેશાં આનંદ રહે છે.

દાખલા તરીકે કોઈ પ્રિય માણસ આપણી પાસે આવે તોં આનંદ થાય તેમ આ ક્રિયા, મન, વચન અને કાયાદ્વારાએ આત્મ સન્મુખ થતાં આનંદ ઉદ્ભવે છે, અને તે માણસ જાય તો ગમતું નથી, તેમ ઉપરની ત્રણે ક્રિયામાંની કોઇ ક્રિયા ન થાય તો કાંઇક ચિંતા—અણગમો એક પ્રકારનો રહે છે.

આમ પ્રતિક્રમણ હોવાનાં કારણ ઘણાં છે, તેમાં તેનો એક ભાણેજ ચિરં નાનચંદ પાનાચંદ શાંતિદાશ પણ છે એ છોકરો ચિં૰ વીરના લગ્નપર જ્યારે લાલન જામનગર હતો ત્યારે નદીએ ધોતીયા ધોવા ગયો હતો. જ્યારે આવ્યો ત્યારે લાલને પુછ્યું ભાઇ

આટલી વાર ? વાહ ફક્ત ચાર કલાકમાં આવ્યો અને મામા જુઓતો ખરા ધોતીયાં કેવા સારા ધોવાયા છે ? જોતાં લાલને હસીને કહ્યું કે, "બગલા અદેખાઇ કરશે" પરંતુ સાથે વિચાર કર્યો કે છોકરાએ પહેરવાના અધઃ-વસ્ત્ર માટે ચાર કલાક શ્રમ કર્યો ત્યારે મન, તન, વચનને શુદ્ધ કરવા કેટલો વખત આપવો જોઇએ ? આ ત્રણે શુદ્ધિનું પરોપકારી સાધન પ્રતિક્રમણક્રિયા છે. અને કદાચ જૈનો એટલે જિનેશ્વર ભગવાનની આજ્ઞાને સામાન્ય રીતે માનનારા કદાચ ન કરે તો ભલે પરંતુ શ્રાવક એટલે જેણે આજ્ઞા ક્રિયામાં મુકવાના વચન લીધેલાં હોય એવા જૈનોએ તો અવશ્ય કરવાના છે. જે જૈનો હોવા છતાં પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલવાને પોતાને અશક્ત ધારી લે છે તેઓ અંગ્રેજીમાં એસોસીયેટ (Associate) એટલે સાથે રહેનારા સહચારીઓ—સહધર્મીઓ કહેવાય છે; પરંતુ શ્રાવક શબ્દ તો વ્રતધારીને લગાડેલો શાસ્ત્રમાં માલુમ પડે છે; અસ્તુ ! પરંતુ આટલી પ્રસ્તાવના પછી એક શંકા જે પુછવાની છે તે આ કેઃ—

જે માણસ રોજ પ્રતિક્રમણ કરતો હોય એટલે સાંજે અને સવારે તેમાં થયેલા પાપને આલોચતો હોય તેણે પાખ્ખી પ્રતિક્રમણ કરવાની શી અગત્ય રહે છે ? જો રોજેરોજના પાપ આલોચાઈ જાય છે તો પાખી એટલે પંદર દિવસના પાપ ભેળા કયાંથી થાય કે આલોચવા પડે ?

કોઈ કહેશે કે એ પાખ્ખી એટલે પંદર દિવસે તો આખા ઓરડામાંથી અને ચોમાસીએ આખા ચારે ઓરડામાંથી અને સાંવત્સરીએ એ ચારે ઓરડા જેમાં આવેલા છે એવા ત્રણે ખંડમાંથી ઝાડી-ઝપટી વાળી કાઢવાનું હોય છે, તેમ આ પાખી પ્રતિક્રમણ પણ સમજવું. તો એ ઉત્તરને લાલન માથે ચઢાવે છે, કારણ કે એમ કરવાથી ઉત્તરોત્તર એ મોટી ક્રિયાથી, જેમ આખું ઘર દીવાળીપર લોક સાફ કરે છે તેમ, આખા વરસનાં પાપ ધોઈ નાખ-

વાનો પ્રસંગ આવે છે. તો ભવપ્રતિક્રમણ અને ભવોભવ પ્રતિક્રમણ પણ માણુસે શા માટે ન કરવું ? ચોખ્ખા વસ્ત્રોથી શરીર ચોખ્ખું તો મન, વચન અને શરીર પણ શા માટે ચોખ્ખાં સર્વદા સદા ન રાખવા જોઈએ ?

मुनिश्री माणेकमुनिने लालननो खुल्लो पत्र.

જૈન પત્રમાં આપશ્રીનો "ખરો આનંદ ક્યાં છે" એ આર્ટીકલ ચાલુ માસની તા૰ ૭ મીના અંકમાં આવેલો છે, તે વાંચી અત્યંત આનંદ થાય છે. આપશ્રીની લેખનકળા અને શૈલી એવી તો સરલ અને સુંદર છે કે આ દેશના લોકોમાં નિષ્ણાત થએલાને પણ કોઈ અંશે બરોબરી કરી એટલુંજ નહિ પણ કોઈ અંશે ચડે પણ ખરી; ગમે તે વિષય હોય છતાં તે વિષયનું સ્પષ્ટીકરણ પ્રત્યેક વાક્ય વિષે કરે એટલાથીજ લેખકે સંતોષ આપવાનો નથી પરંતુ તેનો પ્રત્યેક શબ્દ વાચકને વસ્તુનું વિશેષ સ્પષ્ટ સ્વરૂપ પ્રગટ કરતો જાય. જેમ સૂર્યનો પ્રકાશ પ્રભાતથી ચડી ચડી છેક મધ્યમાં આવી સર્વત્ર તેજ કરે તેમ લેખકના હૃદયમાં રહેલી વિચારપ્રભા શબ્દરૂપી કિરણોથી વિશેષ વિશેષ સ્પષ્ટ થવી જોઇએ. આપની પ્રાસાદિક લેખનીમાં આ સામર્થ્ય **લાલન**ને દેખાવાથી અત્યંત હર્ષ થાય છે અને **લાલન** પોતાના સર્વ બાંધવો અને બ્હેનો માતા અને પિતૃનિર્વિશેષો, પુત્ર અને પુત્રીઓને એ લઘુ લેખક વાંચવાની ભલામણ કરે છે એટલુંજ નહિં પણ લેખકો અને વાચકો એ ઉભયને એ એક દર્શકપાઠ Object lesson થાય એટલા માટે સર્વને પ્રાર્થના પણ કરે છે.

જુદા જુદા વિષયોપર આપે લખેલું છે તેવી શૈલીએ લખાય તો તે અમારા જૈનોનેજ ઉપયોગી છે એવું નહિં પરંતુ મનુષ્ય જાત સર્વને તે કલ્યાણપ્રદ થઇ પડશે. વર્તમાનકાળ વ્યાઘ્રમુખ ગ્રંથો કે પાંડિત્ય દેખાડવા કાસદીયા વિચાર પ્રાય દેખાડવાપર વિશેષ છે એમ સમયના અભ્યાસી કે વિદ્વાનને કહેવું પડે તેમ નથી.

આટલી શૈલી સંબંધી આપની-લેખકની જ્ઞાન પૂજા કરી હવે વિષય સબંધી થોડુંક કહેવા માગે છે.

જુદા જુદા સ્થળે સર્વ પ્રાણીઓ આનંદ પામે છે, એ વાત આપની યથાર્થ છે. તે સંબંધે **લાલનને** કંઇ કહેવાનું નથી, માત્ર તે આપના લઘુ પણ ઉત્તમ વિષયને અનુમોદે છે. તથાપિ તેમાં કંઈ રહી જતું જણાય છે તે જણાવવાને પ્રયાસ કરે છે.

જે પ્રાણીઓ કે મનુષ્યો બીજા જીવનેનિરર્થક દુઃખ આપવામાં આનંદ માને છે તેનું કેમ ? કર્મના કાનુન પ્રમાણ તેમને દુઃખ થાય છે એ ઉત્તર આપવાનું વાસ્તવિક છે. અને આપે જણાવ્યા પ્રમાણે એવા ગર્વિષ્ટ શ્રીમંતો વગેરેને ભયથી ચોકીદારો રાખવા પડે છે એ ખરૂં છે. તથાપિ કોઇને મારી, આનંદ લેનારાને તે કાળેજ મારના દુઃખ-ની પ્રતીતિ થતી નથી. એને માટે એવા કોઇ ઉપાયની જરૂર છે કે, જે જે ક્રિયા કરાય તેનું પરિણામ તે વસ્તુના સ્વરૂપમાં આદિથી અંત સુધી પોતાને જણાઇ રહે. એવી સ્થિતિ સન્માર્ગ ચાલનાર નીતિ-શ્રીમંતનું કર્તવ્ય છે એમ **લાલનને** લાગે છે. આનદને કાયમ રાખ-વાનો અને દુઃખને ફેંકી દેવાનો માર્ગ આ સરલ લાગ્યો છે. બે, ચાર વર્ષ ઉપરના નવેંબર માસના બુદ્ધિપ્રકાશના અંકમાં **લાલનનો** એક લેખ આપશ્રીને પ્રશ્નોત્તર રૂપે છે. અને તેમાં કોઈ એવી સ્થિતિ દેખાડેલી છે કે પાપ-પુણ્ય, સારા-નરસા કર્યા કર્મોનું પરિણામ આ-વતી કાલે મળે છે એમ નહિ, પણ કર્મની સમાંતર લાઇનમાંજ તેના પરિણામ ચાલે છે. અર્થાત તેજ કાલે કર્યા તેનું ફળ મળે છે. તેથી પોતાના નવા સુખ દુઃખના ઉભયના વિચાર કરનારને One who ref-lects what he does, and what he reaps) દીવા જેવું દેખાઇ રહે છે. વળી હર્ષ પણ આનંદના ઉત્તમ બચ્ચાંમાંનો એક છે. અને તે પણ કોઇક કોઇક વેળા કેટલાક મનુષ્ય તો બીજાને હર્ષિત જોઇ હર્ષિત બને છે. પણ કેટલાક માણસ બીજાના દુઃખમાં

કે દિલગીરીમાં એ હર્ષ માને છે તેનું કેમ ? જેમ એક માણસની પાઘડી રસ્તામાં ઉડી ગઇ, તો તેની પાઘડી ઉપાડી ખંખેરી પાછી આપવાને બદલે કેટલાકને તેમાં હસવું આવે છે. તેઓ એવા હાસ્યને હઠાવવાને દુઃશકય ગણે છે; પરંતુ દયાળુ અંતઃકરણને તેની દયા આવે છે અને દરેક પ્રસંગમાંથી શીખવાનો માર્ગ–આનંદ માનનારાને જો પોતાની પાઘડી ઉડી હોય તોપણ આનંદ થાય છે અને બીજાની ઉચકી તેને આપવામાં પણ તે આનંદ માને છે.

તથાપિ આપશ્રીને એક પ્રશ્ન પુછવાનો રહે છે. આ પ્રકારની સ્થિતિમાં તે આનંદને આપ કયાં મુકો છો ? તે લાલન આપશ્રી પાસે જાણવાની અપેક્ષા રાખે છે.

લાલનને એક વ્યવહારિક છોકરો હતો. અને વ્યવહારીને છોકરો થવો એ આનંદ છે, એ આપશ્રીએ પણ સ્વિકારેલું છે. દોઢ વર્ષ સુધી તેની સ્થિતિ રહી, એને લાલન ખાસ આનંદમાં ગણે છે. ત્યાર પછી જીવે શરીર છોડયું એટલે અમે (લાલને અને સૌ૦ મોંઘીએ) એને–શરીરને છોડી દીધું. આ વેળા લાલનપત્નિ સૌ૦ મોંઘી રડી, જાતે લાલન ન રડયો. તેનું શું કારણ ? કારણ કે એના હૃદયમાં કોઇ એવી સ્થિતિ છે કે જે ૧॥ વર્ષ પૂર્વે પુત્ર નહતો ત્યારે હતી. ૧॥ વર્ષ પેહેલા લાલનને પુત્રનો અભાવ હતો તો પછી વસ્તુના અભાવે દુઃખ શા માટે માનવું ? આ વિચારે રડવું નહિ આવ્યું; પરંતુ નબળી સ્થિતિમાં તે વિચારાંતર આવ્યો, એટલા માટે એ પુદ્દગળનો ઉપકાર માન્યો. આજ પ્રકારે અમેરિકા દેશથી પુનરાગમન થતાં જામનગરની વિશા શ્રીમાળી નાતના આગેવાન પૂર્ણ ધર્મ સ્નેહી માણેકચંદ જાદવજીએ લાલનને સભામાં શાલ અર્પી તે વેળા આનંદ થયો. પછી બે માસમાં લાલન પોતાની અમેરિકન માતા મીસીસ ટેલરની સાથે શ્રી ગીરનારની યાત્રા કરતો હતો, તેવામાં કોઈ બંધુએ શાલ સરકારી ઉતારામાંથી લઇ લીધી; એ જતાં મીસીસ ટેલરે

લાલનને ઠપકો આપી કહ્યું, Son ! you are very careless; Why do you not look to your things ? પત્ર તું ઘણો બેદરકાર છે. તેં તપાસ કેમ ન રાખી ? લાલને કહ્યું Mamma ! In reality this thing belongs to matter; and only in practice we call it ours. ખરૂં જોતાં (નિશ્ચયે) તે વસ્તુનો (શાલનો) માલીક પુદ્ગલ છે અને વ્યવહારે તે આપણી છે એમ કહીએ છીએ. માતૃશ્રીએ લાલનને કહ્યું, Why did you not lock it in practice ? ત્યારે તમે વ્યવહારે તેને તાળું કેમ નહિ દીધું ? તેના યથાર્થ શબ્દો લાલન દશ વર્ષ વ્યતીત થઇ જવાથી લખતો નથી, તથાપિ તેનો ભાવાર્થ જે હતો તે લખે છે. વસ્તુની પ્રાપ્તિમાં આનંદ ખરો, પરંતુ જ્યારે વસ્તુની પ્રાપ્તિ નથી અને વસ્તુ પોતાના હાથમાંથી ત્રીજે હાથે ગઇ એટલે પોતાની પાસે તેનો અભાવ છે, તેમાં કષ્ટ શાનું ? અભાવ એ સુખ કે દુઃખની સ્થિતિ નથી. માટે લાલનનું એવું મન્તવ્ય છે કે આ જગતમાં પુણ્યના પ્રતાપથી વસ્તુ પ્રાપ્ત કરી જીવો આનંદ કરે છે. પુણ્ય થઇ રહે તેમા દુઃખ કયાંથી ? જેમ સો ડાલર લાલન કમાયો અને સો ખરચ્યા એટલે બીજાની પાસે ગયા; એટલે સોનું સુખ લીધું. કદાચ કોઇ લઇ ગયું તોપણ સુખ થયું તે ચેતને અનુભવ્યું. ગયા ત્યારે, સો મેળવ્યા તેની પેહેલા જે અભાવ હતો, તેવો અભાવ આવ્યો, અને અભાવ એ વ્યવહારે સુખ દુઃખની સ્થિતિ કયાં છે ? વિશેષમાં લાલને માતૃશ્રીને જણાવ્યું કે હૃદયમાં—આત્મામાં પુણ્ય કરવાનું પ્રબળ છે તો જે પુણ્યે શાલ આણી આપી હતી તે પુણ્ય વિશેષ સારી શાલ આપશે. લાલનની ૭ પૈસાની ટોપીનો પુનર્જન્મ થયો ત્યારે તે રૂપીઆની અને તેથી જન્મતા જન્મતા આજે પોણાચાર રૂપીઆની ટોપા છે. તેમ વસ્તુ જાય છે તે પુણ્ય કરતાં આવડે તો તેથી વિશેષ સુંદર થઈ

પોતાની પાસે પાછી આવવાને તૈયારી કરવા અદ્રશ્ય રીતે પડદા પાછળ કાર્ય કરે છે.

આજ પ્રમાણે ધર્મબ્હેન હલિનોર શેરમેને આપેલી વીંટી રાજકોટમાં ચાર કે પાંચ વર્ષ રહી ગઈ, ત્યારે પણ આનંદ. આ સ્થિતિ પર વિચાર કરતાં માલુમ પડે છે કે જેમ આત્મા એ આનંદસ્વરૂપ છે, તેજ પ્રકારે એ આનંદની છાયા જે વસ્તુપર પડે છે તે પણ અલ્પકાળ આનંદ આપી નિવૃત્ત થાય છે; પરંતુ એ વ્યવહારઆનંદ વસ્તુ જતાં પુણ્ય કરવામાં આનંદ માની ચાલુ રાખે તો વ્યવહારે પણ ઘણાક દુઃખો નહિં થતાં આનંદજ રહે.

જેમકે લાલનના ગજવામાંથી દશ રૂપિઆની નોટ મારવાડી બજારમાં કોઇએ લઇ લીધી, તેજ વખતે ભુખ્યા પ્રાણી કોણ છે તેની તપાસ કરી આનાનું પુણ્ય કર્યું, અને જેણે દશરૂપીઆ લીધા હોય તે રૂપીઆ સન્માર્ગે ખર્ચાઓ, એવી ભાવના કરી. આ ભાવનાના ફળરૂપેજ ચારસો પાંચસો કમાય છે.

આ શિવાય બીજી ઘણી સ્થિતિઓ છે કે જેમાં જ્ઞાનપ્રિયને આનંદ થાય છે, અને સુંદર અપેક્ષાઓ માત્ર શોકને દુર રાખે છે એટલુંજ નહિં પણ આ જગતના છએ દ્રવ્યમાં આત્મા કેમ મુખ્ય છે, કેમ તે રાજા છે એ પ્રત્યક્ષ થતું જાય છે. પાંચે દ્રવ્યો અને તેના ગુણપર્યાયો એ નાના પ્રકારે સેવા કરવાને હજુરમાં ઉભા હોય તેમ દેખાય છે–અનુભવાય છે. તેમાં કોઇ પણ એવું નથી દેખાતું કે આત્માના આનંદનો કોઈ અનાદર કરે. તથાપિ આ વિષય એ આનંદની સ્થિતિના પેટાનો વિષય હોવાથી હાલ અહીં વિરમે છે,

---

प्रतिक्रमण अनुक्रमण अभिक्रमण--भावना.

પોતે જૈન હોવા છતાં જે લોકો રોજ પ્રતિક્રમણની લાંબી ક્રિયા ન કરી શકતા હોય તેમને માટે આ નીચે લખેલી ભાવના રૂપ ક્રિયા બહુ સંક્ષેપમાં હોવાથી પ્રતિક્રમણની સમગ્ર ક્રિયા શીખવા પહેલાં ઉપયોગી થઇ પડશે, એવા આશયથી સંક્ષેપમાં પ્રતિક્રમણ, તે ઉપરાંત અનુક્રમણ અને અભિક્રમણ લખવા લાલન પ્રયત્ન કરે છે.

સઘળા જૈનો શાસ્ત્રરીતીએ જૈન કહેવાય કે કેમ એમાં લાલ-નને સંશય છે, અને એ સંશયનો પરિહાર કરવાના કારણથી જૈન સંઘમાં પ્રવેશ કરવાની યોગ્યતા આવે એટલા માટે આ પૂર્વ પ્રયાસછે.

પ્રભુ વીરના સંઘમાં ચાર વિભાગો દેખવામાં આવે છે. એટલે શ્રાવક શ્રાવિકા અર્થાત્ બારવ્રત ધારી જૈનો, અને સાધુ સાધ્વી એટલે પંચમહાવ્રત ધારી જૈન. આ ચાર વર્ગ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક–શ્રાવિકા, એ મળીને ચતુર્વિધ સંઘ એટલે ચાર પ્રકારનો જૈન સંઘ કહીએ છીએ. તેવાજ અર્થમાં યુરોપસ્થો સમાજ, સોસાયટી કે ઓ-ર્ગેનાઇઝડબોડી કહે છે. એમ જે વ્રતધારી ન હોય એવા જૈનો પૂર્વે જણાવેલા ચાર પ્રકારના જૈનોના અનુમોદકો એટલે પાશ્ચાત્ય પ્રજાના સમાજોમાં જેને એસોસીયટો કહે તેવા છે અને તે એસોસીયટો અનુમોદકો–સમાજ–કે સંઘના નિયમો પાળવાને યોગ્ય થાય ત્યાં સુધી તે સમુદાયમાં ગણાય ખરા.

જૈન સંઘ કે સમાજની આટલી વ્યાખ્યા કર્યા પછી જે અનુ-મોદક વર્ગમાં જૈનો છે તેનામાં યોગ્યતા આવે એવી ભાવના રૂપ ઉપરના હેડીંગમાં જણાલેલી પ્રવૃત્તિ કરવા બાબત જણાવાય છે,

પ્રતિક્રમણ વ્રતધારી માટે આ પ્રકાર છે.

આ ક્રિયા પાપનું પ્રાયશ્ચિત કરવા રૂપ છે, અને તેને આપણા

સંઘમાં આવેલા સભ્યો પાંચ પ્રકારે કહે છે, લાલન સાત પ્રકારે કરવા કહે છે.

૧ **રાઈ પ્રતિક્રમણ**—રાત્રિમાં કરેલા પાપનું પ્રાયશ્ચિત કરી ફરીથી તેવું ન કરવાની પ્રતિજ્ઞા કરવી.

૨ **દેવસી પ્રતિક્રમણ**—દિવસમાં કરેલા પાપનું પ્રાયશ્ચિત કરી દિવસે તેવાં પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરવી.

૩ **પાખી પ્રતિક્રમણ**—પંદર દિવસે પૂર્વના બે પ્રતિક્રમણ કરતાં પણ વિશેષ વિસ્તારથી સૂક્ષ્મ ક્રિયાનું અવલોકન કરતાં જે પાપ થઈ ગયાં હોય તેનું પ્રાયશ્ચિત કરી, ફરીથી પંદર દિવસ સુધી તેવુ પાપ નહિ કરવાની પ્રતિજ્ઞા કરવી.

૪–**ચઉમાસી** પ્રતિક્રમણ—ચાર માસમાં જે પાપ કર્યા હોય તેની પાખી પ્રતિક્રમણમાં થતી ક્રિયા કરતાં પણ વિશેષ વિસ્તારથી પ્રાયશ્ચિત ક્રિયા કરી ફરીથી ચાર માસ સુધી તેવાં પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરવી.

૫–**સંવત્સરા**—ઉપરના ચારે પ્રકારના પ્રતિક્રમણ લેવાનાં પ્રાયશ્ચિત કરતાં ઘણી વિસ્તારવાળી પ્રાયશ્ચિતની ક્રિયા કરવી અને આગામી વર્ષમાં તેવાં પાપ નહિ કરવા પ્રતિજ્ઞા કરવીઃ કારણ કે પાપને ન કરવું એનું નામ પ્રતિક્રમણ છે,

નવિન પ્રતિક્રમણ છઠું અને સાતમું.

૬ **ભવ પ્રતિક્રમણ**—આખા ભવમાં જે પાપ કર્યા હોય તેનું પ્રાયશ્ચિત કરી, આવતા ભવમાં તેવાં પાપ પોતાથી ન થાય તેવી ભાવના કરવી.

૭ **ભવોભવ પ્રતિક્રમણ**—આ ભવ ઉપરાંત, ગયા અનાદિ ભવોમાં જે જે પાપ થયાં હોય તે સર્વનું પ્રાયશ્ચિત કરી, હવેના ભવોમાં તેવાં પાપ ન થાય તેવી દ્રઢ ભાવના કરવી.

આ સાત પ્રતિક્રમણ વ્રતધારીઓ કરે, હાલ પાંચ પ્રતિક્રમણ કરવાનો પ્રચાર આપણા સંઘમાં છે.

વ્રતધારી ન હોય તેવા અનુમોદક જૈનોને માટે પ્રતિક્રમણ ક્રિયા સંક્ષેપ.

રાત્રીના પાપ, દિવસના પાપ, પંદર દિવસના પાપ, ચાર માસના, વર્ષના, ભવના, અને ભવો ભવના પાપ આલોચવા (પાપરૂપી અગ્નિને ઓલાવવા) અને હવે પછી રાત્રીએ, દિવસે, પક્ષે, ચાતુર્માસે વર્ષે, ભવે, અને ભવોભવે પાપ રૂપ અગ્નિ ન પ્રગટાવવા પ્રતિજ્ઞા–હૃદયમાં દૃઢ ભાવના–કરી નિચે પ્રમાણે સંક્ષેપ પ્રતિક્રમણ પ્રતિક્રમણગર્ભશાસ્ત્રમાં કહેવામાં આવે છે.

सव्व सव्वी दुर्चिंतिअ दुभासिअ दुचिठिअ तस्स मिच्छामि दुक्कडं

ભાવાર્થ—જે કંઈ મનવડે દુર્ધ્યાન થયું હોય, વચનવડે અસત્ય ભાષણ થયું હોય અને શરીરવડે પાપ––વ્યાપાર બન્યો હોય તેનું પાપ મિથ્યા હો.

આવી સંક્ષેપ રૂપ સાતે પ્રતિક્રમણની ક્રિયા રોજ કરવા અનુક્રમણ કરવું.

અનુક્રમણમાં એમ ચિંતવવું કે રાત્રિએ, દિવસે, પક્ષે, ચારમાસે, વર્ષે, ભવે અને ભવોભવે જે પુણ્ય કર્યું હોય તે પુણ્ય રાત્રીમાં, દિવસમાં, પક્ષમાં, ચોમાસામાં, વર્ષમાં, ભવમાં પરિપકવ થાઓ, એવી ભાવના કરવા નીચેની અનુક્રમણની ક્રિયા રોજ કરવી,

વ્રતધારી હોય તેવા અનુમોદક જૈનો માટે અનુક્રમણ.

सव्व सव्वी सुर्चिंतिय सुभासिअ सुचिठिअ तस्स इच्छामि सुकडं.

ભાવાર્થ—જે કંઇ મનવડે શુભ ધ્યાન થયું હોય, વચન વડે

શુભ વચનો બોલાયાં હોય અને કાયા વડે શુભ ક્રિયા થઈ હોય, તેનું સુકૃત (પુણ્ય) હો, એવું ઇચ્છું છું.

એ બે પાઠ અર્થ પૂર્વક ચિંતવવા, ત્રીજી ધર્મ ક્રિયા અનુમોદક જૈને અભિક્રમણની કરવાની છે, એવી લાલન ભલામણ કરે છે. એ ક્રિયામાં એવી ભાવના કરવાની છે કે રાત્રે, દીવસે, પક્ષે, ચારમાસે, વર્ષે, ભવે, અને ભવોભવે હવે પછી આજથી માંડીને મારૂં મન–વચન–કાયા નીચે પ્રમાણે અભિક્રમણ ક્રિયા કરો.

આત્મા એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, વીર્ય, તેની સન્મુખ મન, વચન, કાયા રાખી ક્રિયા કરવી તે ધર્મ. તેથી વિમુખ હોઈ એ ત્રણે પ્રકારે ક્રિયા કરવી તે અધર્મ–પાપ. માટે જેમ સૂર્ય અને સૂર્યનો પ્રકાશ, તેમ આત્મા અને તેનાં જ્ઞાન દર્શન, વગેરે ગુણોની સન્મુખ રહી મન–વચન–કાયાવડે આ ઘડીથી માંડી મોક્ષ થાય ત્યાં સુધી આવી ભાવના કરવી.

અભિક્રમણ—જૈન ધર્મના અનુમોદક માટે.

अतःपरं आमोक्षान्मनो मे शुभमेव चिंतयतु
वचो मे शुभमेव वदतु
इंद्रियग्रामो मे शुभमेव गृह्णातु
अवयवाश्च मे शुभमेवाचरन्तु.

અત્યારથી માંડી મોક્ષ થાય ત્યાં સુધી મારૂં મન શુભ ચિંતનજ કરો. મારૂં વચન શુભ શબ્દોજ બોલો; મારો ઈન્દ્રિયોનો સમુદાય શુભ પદાર્થોનું ગ્રહણ કરો, અને મારા અવયવો શુભ આચરણજ કરો. આવી પ્રતિજ્ઞા હમેશાં કરવી. એક બે માસમાંજ આ ત્રણે ભાવનાને લીધે મનમાં શાંતિ અને સુંદર વિચારો, વચનમાં સ્ફુર્તિ અને પુષ્પ સુગંધ, અને કાયામાં નિરોગીતા તથા આનંદ રહે તો

પ્રથમ પોતાને અને પછી સહવાસમાં આવતા જૈનોને જણાવતો જશે

આ ભાવનામાંથી જૈન સંઘમાં કે સમાજમાં પ્રવેશવાની યોગ્યતા પોતાની મેળે આવશે, વ્રતાદિપર પ્રીતિ થશે, અને પ્રભુ શ્રીવીરનું શાસન દીપશે. શાસન જેવું છે, તેનાથી ઉતરતી પ્રવૃતિ જોઈ ઘણાને ખેદ અને કેટલાકને કરૂણા આવે છે, જેવું છે તેવું શાસન રહે તેવાને જોઇને સંતોષ અને હાલ છે તેમાં અભિવૃદ્ધિ કે પ્રોગ્રેસ જોવાનો આનંદ લેવો હોય તો તેનો માર્ગ પણ લાલનને તો ઉપર લખેલ સૂચના પ્રમાણે છે.

केटलाक मुनिवरोने संबोधन.

" શાસન ઉન્નતિનો મુખ્ય ઉપાય " દ્વારા મહારાજ શ્રી વિદ્યાવિજયજી જૈન પત્રમાં તા૦ ૧૭ મી એપ્રીલના અંકમાં અવતરણ રૂપે જણાવે છે કે—

" હવે કેટલાક મુનિવરો એમ કહે છે કે તે તો સમર્થ મુનિવરો થઈ ગયા, વર્તમાન સમયમાં તો તેવા સમર્થ છે નહીં, માટે આપણી કોમ છે તેટલીજ સુધારવા પ્રયત્ન કરવો વ્યાજબી છે. આગળ વધવું ઉચિત નથી. "

મહારાજશ્રી આને " ટુંક વિચારવાળા " કહે છે અને પછી હાલ આપણામાં કોણ વિશાળ વિચારવાળા છે તે ગણાવે છે. અને તેમાં શ્રાવક વર્ગમાં જોઇએ તો કેટલાક બુદ્ધિમત્તાનો ગર્વ વહન કરે છે. " એ ગર્વ કરવામાં પણ લાલન જેવા રખે ગણાયા હોય. ગમે તેમ હોય, પરંતુ પ્રસ્તુત વિષય મુનિવરોનો છે. માટે આપણે અહીં તે સંબંધે વિચાર કરીશું, અને શ્રાવક સંબંધે હવે પછી. પ્રથમ લાલન એમ કહેવા માગે છે કે જે સાધુ–મુનિરાજો સ્વધર્મને સુધા-

રવા માગે છે એટલા " ટુંકા વિચારવાળા " મુનિરાજો પણ ઘણાજ કામના છે. દર્શનને સુધારવાનો પ્રયત્નજ ન કરતા હોય તેના કરતાં આ મુનિવરો પોતાના ટુંકા પ્રયત્નથી, ટુંકી સુધારણા પણ કરતા હોય તો લાલનને અનુમોદનીય છે, એટલુંજ નહિં પણ આચરણીય પણ છે. અને તેથી તે ટુંકી સુધારણાવાળાને પણ કરોડોવાર નમે છે. પરંતુ સુધારણાની વાત કરનારને તો માત્ર બેજ ખમાસણા બસ.

શ્રી જગત્ ઉપકારક વીરના પુત્રો–સર્વજ્ઞપુત્રો વડીલ મુનિવરો ! આમ સ્વશાસન એટલે જૈનશાસન સુધારવા માગતા હોય તો તેમાં આ પ્રકારે લાલન સવિનય સૂચના માત્ર કરે છે, તે લક્ષમાં લઇ તેમાં સુધારો કરવો આપને ઉચિત લાગે તે પ્રમાણે સુધારો. પરંતુ જે વિસ્તાર વિચારવાળા હોય અને ૧૩ાા લાખ જૈનોને ૧૩ાા કરોડ કે સાડાતેર દશ કરોડ કરવા માગતા હોય તેમના વચમાં અડચણ રૂપે ન આવો. માત્ર એ મહત્ કાર્યમાં તેમનું સામર્થ્ય, વીર્ય, પરાક્રમ ફોરવવા દો. તેઓ તમારી વિરૂદ્ધ છે એવું સ્વપ્નમાં પણ નહીં ગણો. જ્યારે જ્યારે જૈનેતર માનવ બાંધવોમાં જૈન ધર્મ ફેલાવવાનું કાર્ય નહિ કરવાનું હોય ત્યારે તેઓ તમારી સાથે સામેલ રહેશે, શું મહારાજ શ્રી ધર્મવિજયજી જે મોટા મોટા જૈનેતરવાળા સ્થાનોમાં ભાષણો આપે છે તે ઉપાશ્રયમાં કે જૈનોમાં ભાષણો નથી આપતા ! લાલનના સમજવા પ્રમાણે તે આપે છે અને જો જૈનેતર માનવોમાં જૈન ધર્મનું જ્ઞાન ફેલાવવા ઉપરાંત જૈન કોમમાં પણ તેમના પ્રયત્ન ચાલુ છે, તો તે માત્ર તમારી અનુમોદના કરી બેસી રહેતા નથી, પરંતુ અનુમોદના ઉપરાંત આચરણ પણ કરે છે. મહાન્ યશોવિજય પાઠશાળા જૈન સુધારણાનું અપૂર્વ બીજ છે. અને તમે પણ એ જૈન સુધારણાના કામમાં અનુમોદના આપશો, અને ચારિત્રમાં પણ મુકી જૈન બાંધવોને સમજાવી તે પાઠશાળા મજબુત કરશો તો તમે તે જૈન કોમની સુધારણાને દર્શનરૂપે દેખશો, અને તમારામાંના કેટલાક જ્ઞાનરૂપના ભોગી પણ છે, તે

ચારિત્રરૂપે આચરી તેમાં સામેલ રહેશો. મહારાજ ધર્મવિજયના એમ શુભપ્રયત્નરૂપી એકડા સાથે કોમ સુધારણાના વિચારથી વીર સાધુ મુનિરાજો જોડાઓ તો એક એકડાના ૧૧, બે એકડાના ૧૧૧, ત્રણ એકડાના ૧૧૧૧, ચાર ભેગા ૧૧૧૧૧, એમ ચાર પાંચ સાધુ મુનિરાજો, જે કોમની સુધારણામાં અત્યારે જે વિચાર ધરાવે છે તે જોડાવાથી ૧ ઉપર ચાર એકડા ચડતાં ૧૧૧૧૧ અગ્યાર હજાર એક સો અને અગીઆર સુધારાનું બળ ભેળું થાય છે, તો ત્રણ ચાર સાધુમુનિ સભામાં બેસો, એક સાધુમુનિરાજ પાઠશાળાના પ્રયત્નમાં જોડાઓ તો તેનું બળ એટલું થાય કે એ સમ્યગ્બળવડે જૈન સમુદાય સમાજરૂપે નાના પ્રકારે રચાય.

હવે સમુદાયમાંથી સમાજ કેમ બને તેનો વ્યવહારી ઉપાય-કળા લાલન પોતાના ક્ષયોપશમ પ્રમાણે હાલની દેશકાળ સ્થિતિ જોઇ દર્શાવે છે.

પ્રથમ તો હાલ જે દેશમાં સમાજ શાસ્ત્ર Sociology પ્રવર્તે છે, જે દેશમાં વિચારપદ્ધતિનું સ્થાન સંવાદ પદ્ધતિએ લીધું છે, તે સંવાદ પદ્ધતિવડે નાના પ્રકારની ઉન્નતિ સુધરેલા દેશમાં પ્રવર્તે છે. જે કામ બળથી નંહી થતું હતું, તે હવે કળથી સત્વર થાય છે, અને તેના શુભ ફળો મનુષ્ય જીવનના અનેક પ્રકારમાં એટલે ધર્મમાં-ધંધામાં-સંસારવ્યવહારમાં ઉદ્યોગમાં-હુન્નરમાં, શોધમાં તેનો ઉપયોગ થઈ ફળ આસ્વાદાય પણ છે.

દાખલા તરીકે ક્રિશ્ચિયાનીટીમાં લગભગ પોણોસો ઉપરાંત ભેદો છે છતાં તે સમાજ રૂપે રહી શકે છે. અને પોતપોતામાં લડી પોતાનું બળ હવે ઓછું કરવાની મૂર્ખાઇનું કામ માંડી વાળી અનેક શુભ કાર્યોમાં જોડાઇ જાય છે. ઉદાહરણ તરીકે મેથોડીસ્ટ, બાપ્ટીસ્ટ, એ બન્ને જુદા જુદા વિભાગ છે; તેઓની ક્રિયામાં ઘણો ભેદ છે.

છતાં ફોરીન મિશન સોસાઇટી (Foreign mission society) એ ક્રિશ્ચિયન ધર્મનો અન્ય દેશમાં પ્રસાર કર્યો, તેમાં બન્ને વર્ગ જોડાઇ સામેલ થયા છે. તેમજ કેથોલીક અને પ્રોટેસ્ટંટો-મૂર્તિ માન-નારા અને નહિં માનમારા પોત-પોતાના ધર્મ સંપ્રદાયમાં ભેગા નથી, છતાં સમગ્ર ક્રિશ્ચિયનોની સામાન્ય બાબતમાં તો એકત્ર રહી મહત્ કાર્ય કરે છે.

એજ પ્રકારે તપગચ્છવાળા પોતાના ઉપાશ્રયમાં પડીક્કમણું કરે છે, અંચળ ગચ્છવાળા પોતાનાં ઉપાશ્રયમાં કરે છે, ખરતર ગચ્છ-વાળા પોતાના ઉપાશ્રયમાં ધર્મક્રિયા કરે છે. તો ત્રણે પરસ્પરનું ખંડન ન કરતાં ત્રણેએ જિન મંદિર, કે જિન દયા કે જૈન સામાન્ય કેળવણી કે જૈન ઉદ્યોગમાં શા માટે સમાજરૂપે ન ગોઠવાવું જોઇએ ? સૌ સૌના ગચ્છની ક્રિયા કરવાથી, તમારો માર્ગ બચશે એટલુંજ નહિ, પણ ગચ્છના ખંડન મંડનમાં જે વીર્યનો ઉપયોગ કે દુરૂપયોગ કરતા હો તેનું પરાક્રમ ફાજલ પડવાથી તમારા ગચ્છની પુષ્ટી કરવા એટલે તમારા ગચ્છવાળાની સ્થિતિ સુધારવા પ્રયત્ન કરશો, તો તે મજબુત થઇ હાલ સાધો છો તેના કરતાં દશ ગણું કાર્ય સાધી લેશો. અને જે વાત સેંકડો વર્ષે ન બને, તે તમે પાંચ સાત વર્ષમાં તમારી નજર પાસે બચેલા બળના પ્રભાવથી જોશો અને સામાન્ય વિષયમાં એકત્ર બળ બનાવી બમણું કાર્ય કરી શકશો.

તેજ પ્રમાણે ત્રણ ગચ્છની સામાન્ય બાબત કઈ છે તેનો સાથે મળી વિચાર કરી, અને ઉન્નતિ માટે સામેલ રહેશો તો તેમાં સંયુક્ત બળથી લાભ, જેમ યુરોપ, અમેરિકા, જાપાનને દેખાય છે તેમ, આપણે પણ નજરે દેખશું.

માત્ર જે વિશેષ પોતાના ગચ્છમાં બાબત હોય તે બાબતને સામાન્ય બાબતની પૂર્તિક શીખવી જોઇએ.

જેમકે નમ્મુત્થુણંનો પાઠ અંચળ ગચ્છવાળા સ્વધર્મી ભાઇઓ-સહધર્મી બાંધવો **नमो जिणाणं** સુધી બોલે-ભણે-વાંચે, સમજે છે. અને તપગચ્છવાળા **जेअइआ सिद्धा** વગેરે આગળ બોલે છે. હવે ધારો કે જૈન વિદ્વાન મુનિરાજની જેમ **પા**ટલીપુત્રમાં દેવર્ધિ ગણી ક્ષમાશ્રમણના વખતે સૂત્રોના પાઠ નકી કરવાને સભા મળી હતી, તેવી સભા કે કોન્ફરંસ મળે, તો **नमुत्थुणं**નો પાઠ કયાંક પણ અશુદ્ધ હોય અને તે સર્વની સમ્મતિથી સુધાર્યા હોય તો **नमोजिणाणं** સુધીના પદો સુધારવા સંબંધમાં તપગચ્છની સાથે અંચળગચ્છ કે ખરતર ગચ્છના મુનિવરોને શું ગેરલાભ ? કારણકે એટલે સુધી બધાને સાધારણ પાઠ છે. આ તો માત્ર ઉદાહરણ છે, પરંતુ આવાં તો હજારો કાર્યો ત્રણ ગચ્છવાળામાં સામાન્ય છે.

આટલું વાચકગણોને યાદ રાખવાનું છે કે જેટલું સર્વ ગચ્છોમાં સામાન્ય છે, તેમાં અપેક્ષા વિશેષ કે ભેદવાળું ઘણું થોડું છે. માત્ર સામાન્ય-પણ કયાં છે એ જોવાની ટેવ પાડવી જોઇયે અને જયાં વિશેષરૂપતા હોય ત્યાં સંવાદ રૂપમાં કે અન્વયરૂપમાં જોશો.

આ સંવાદ પદ્ધતિથી, સ્થાનકવાસી, દિગંબર અને શ્વેતાંબરની પણ સમુદાયરૂપે જે સભા હાલ નથી તે શું ન થાય ? કારણ કે વિવાદ પદ્ધતિએ એકઠા થવા દીધા હોય તો સમુદાય પણ થાય કે ? અને સમુદાય ન બને તો પછી સમાજ એટલે રચના પૂર્વક ગોઠવવાનું તો કેમ બને ? અક્ષરો જુદા જુદા જેમ પડયા હોય પછી અક્ષરોના બીંબાનો સમુદાય કર્યો હોય અને પછી તેમાંથી 'શ્રી **વી**રશાસન ઉન્નતિ' એમ ગોઠવીએ ત્યારે સમાજ રૂપે ગોઠવાઇ એ અક્ષરો કેવો અર્થ ઊત્પન્ન કરે છે ! અને અર્થરૂપી દુધપાક ખાઈ લોક પુષ્ટ પણ બને, તેમ બુદ્ધિ પણ હાલના જૈન શાસનની સમાજ રચનાપર આવે.

પ્રથમ શ્વેતાંબર અને દિગંબર જે બન્ને મૂર્તિ પૂજક છે તેમનો સમુદાય એકત્ર મળે તો સમાજ થઈ શકે. ભેદ બુદ્ધિવાળાએ આપણા પાપના કોઈ ઉદયે ગમે તે રીતે schisms એટલે આપણામાં દિગંબર—શ્વેતાંબર એવા ભેદ પાડયા. જ્યાં ચાર પાંચ બોલનો કે જાતનો ભેદ હતો ત્યાં પછી ચોરાશી બોલનો કે જાતનો તફાવત ભેદીઓએ વધાર્યો. અને હાલ ૧૦૦ અને ૧૫૦ નો પણ હશે. આમ ભેદ થતાં અંતર ૧૦૦ થી ૧૫૦ માઇલ કરતાં પણ ઘણું વધી ગયું. સંપના કલ્પવૃક્ષથી પોષાએલા બ્રિટીશ રાજ્યના સહવાસે દિવસાનુદિવસ એ અંતર ઘણાકમાંથી એટલું ઓછું થઇ ગયું કે ભારત જૈન મહા મંડળમાં બન્ને સિદ્ધાતોમાં સેંકડો વર્ષના ભેદીઓએ જુદા પાડયા છતાં ઇંગ્રેજના સુસંપના જમાનાના વિશેષ બળવડે જે બાબત સામાન્ય હોય ત્યાં અભેદી થઇ ગયાં, અને સાથે રહી કામ કરવા લાગ્યા. અને લાલન ધારે છે કે સમાજ શાસ્ત્રની કળાનો આપણા મુનિવરો અને વિદ્વાનો અભ્યાસ કરે, તો એ ૧૦૦ થી ૧૫૦ બોલોને દૂર રાખી એટલે પોતે પોતાને દિગંબર અને શ્વેતાંબર રાખી જ્યાં સામાન્યપણું છે તેવા ૨૦૦૦ બોલોમાં બન્ને પોતે વર્ગમાં અભેદ રાખે, તો એકત્ર બળે સમુદાય થતાં જણાઈ આવશે. અને સમાજરૂપે આટલી ઉન્નતિ પોતાની કોમની જે તમે ઇચ્છો છો તે થઈ શકશે.

આજ પ્રકારે શ્વેતાંબરના બે પક્ષો એટલે મૂર્તિપુજક અને નામપૂજક જે દેરાવાસીને સ્થાનકવાસીના અયોગ્ય નામથી ઓળખાય છે, પરંતુ મુર્તિદ્વારાએ તીર્થંકરને પુજનારો એક વર્ગ, અને બીજો નામ દ્વારાએ તેજ પરમાત્માને માનનારો વર્ગ એ બે વર્ગમાં પણ વિચક્ષણ મુનિરાજો સામાન્યતા જોશે તો હજારો નહિં, પણ લાખો બાબતમાં દેખશે અને ભેદ ૭૨ થી ૧૦૦, અને તેમાં પણ જેનું ધ્યાન અભેદતા કયાં છે તે જોવા પર થોડું છે, અને ભેદ કયાં છે તે જોવાપર વધુ હોય છે, તેમને માટે લાલનને લાગે છે કે

જેનાથી જેટલું બને તેટલું એટલે ટુંક વિચારવાળાએ સાડાતેર લાખ જૈનોનો સમુદાય, એટલે કોંગ્રેસ ભરી પછી સાડાતેર લાખ માણસના સમાજરૂપ જૈન ધર્મ પાર્લામેન્ટ બનાવવી. આટલી આપણી કોમ જે ૧૩॥ લાખની છે તેટલીજને સુધારી પ્રયત્ન કરવાનું બોલે છે તે બોલેલું પ્રમાણ કરશો. **લાલન** તો એમ કહે છે કે મુનિવરો ! આટલું કરો એટલે તમોને કરોડો વાર વંદન કરૂં અને બને તો કૃષ્ણમહારાજે **શ્રીને**મીનાથને વંદન કર્યા હતા તેટલા કર્યા કરૂં **લાલનની** એજ માન્યતા છે અને કર્તવ્ય છે કે સંઘ સુધારણા એ બીજ નથી, પણ ફળ છે બીજ સંવાદ છે, અન્વય છે. ગુણદ્રષ્ટિ અને સમદ્રષ્ટિ છે. અને તેને વર્તનમાં મુકતા સંઘ છે તેટલી પણ સુધારણા થશે. શ્રી**વીર**શાસન સ્વપરમાં સદા વિજય પામો એજ પ્રાર્થના. શ્રીશાસન દેવોને વારંવાર લઘુતમ–**લાલનની.**

शासन उन्नतिनुं मुख्य कारण शुं?

આત્મબળ, શાસ્ત્રબળ, કે બાહ્યઆડંબર ?

આ વિષય વિવેક પુરઃસર સંવાદ કરનારને જૈન પત્રમાં ત્રીશથી ચાળીશ લીટીમાં પોતાના ત્રણ કારણોમાંથી ગમે તે એક કારણપર પોતાના વિચારો વિવેક પુરઃસર લખી મોકલવાની છુટ છે. હાલ **લાલન** તેનો ઉપોદ્ઘાત કરે છે. અને તા૦ ૩૧ મી મે સુધીમાં આવી ગએલા લેખપર ઉપસંહાર પણ કરશે અને તેમાં પોતાનો અભિપ્રાય આપશે.

ઉપોદ્ઘાત—પ્રિય વાંચકગણો–પૂજ્ય મુનિ મહારાજાઓ અને વડિલ સહધર્મી બાંધવો; કોઇપણ વ્યક્તિ કે સમાજની ઉન્નતિ થવાના અનેક કારણો હોય છે. એ કારણો સંયુક્ત થયા વગર ઉન્નતિ કોઇ પણ પ્રજાની કે ધર્મની થઇ નથી, થતી નથી, અને થવાની નથી. એટલુંજ નહિ પણ નાના પ્રકારના અનેક બળોની સંયુક્તતાના અભાવે ધર્મનો નાશ પણ થયો છે. કેટલાએક પંથો પડી ભાગ્યાછે;

સંપ્રદાયો સડીને મરણ શરણ થયા છે. ગચ્છોએ ગચ્છન્તી કરી છે. આ વાતના પુરાવા માટે જગતના ધર્મોના, સંપ્રદાયોના, પક્ષોના અને ગચ્છોના તટસ્થ અભ્યાસીને હવે બહુ કહેવાની અગત્ય રહી નથી.[1]

લાલન સ્વિકારે છે કે અનેક બળોવડે શાસનની ઉન્નતિ થશે માટે દરેકે વિચાર કરવો જોઇએ; પરંતુ પ્રસ્તુત વિષય, અનેક બળોમાંથી ત્રણ બળો વિચાર કરવાને આપણને જાગ્રાવે છે. અસંખ્ય-ગુણો વડે મનુષ્યમાં ત્રણે લોકના નાથ **તીર્થંકર** મહારાજ જેમ શ્રેષ્ટ છે અને મનુષ્યપણે ત્રણ બળોવડે ઉન્નતિના શિખરે ચડે છે. એ બળો તે જેમ સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન સમ્યક્ ચારિત્ર છે તેમ **લાલન** પણ ત્રણ બળો તમારી સમક્ષ શાસન ઉન્નતિને માટે સંવાદરૂપે ધરે છે.

આ ત્રણ પ્રકારના બળો તે **આત્મબળ, શાસ્ત્રબળ,** અને **બાહ્ય આડંબર,** એમ છે. ઉન્નતિ થવામાં Forces કે બળોની અગત્ય છે; એટલુંજ નહિ પણ ત્રણેના સંયુક્તબળની પણ અપેક્ષા છે, આ વાત નિર્વિવાદ છે. પરંતુ આપ સમક્ષ રજુ કરેલા વિષયમાં કયું બળ મુખ્ય છે અને કયું ગૌણ છે તેનો આપણે નિર્ણય કરવાનો એ ત્રણ બળમાંથી મુખ્ય ભાગ કયું બળ બજાવે છે ?

વાંચકગણોમાંના કોઇને એમ લાગશે કે બાહ્ય આડંબરને બળ શા માટે ગણવું ? આનું ટુંકું ઉત્તર એટલુંજ છે કે બાહ્ય આડંબર પણ શુભ તરફ હોય તો તેથી સામાન્ય લોકોની ઉન્નતિમાં સાંપ્રતકાળમાં તેમજ પૂર્વકાળમાં પણ ઘણા જણો આકર્ષાઇ પોતાનું કલ્યાણ સાધતા માલુમ પડયા છે અને પડે છે. બાહ્ય આડંબરનુ

૧—સાધુ મહારાજ કે વિદ્વાન જે કોઈ શાસનની ઉન્નતિ ઇચ્છી લખવા માગે તેમને લખવાની છુટ છે. અંગત ટીકા કે વિષયાંતર રદ કરવામાં આવશે. આ સંબંધે લેખકોને લાલનને—૧૪૩ ગુલાલવાડી-મુંબઈ પોતાના લેખો મોકલવાની પ્રાર્થના કરવામાં આવે છે.

શાસન ઉન્નતિમાં આ પ્રકારનું લ્હાણું છે. અને એને પણ એવા શુભ હેતુથી આ વિષયમાં એક બળ તરીકે ગણવામાં આવ્યો છે.

આ પ્રશ્નનો નિર્ણય કરવો ઘણો દુષ્કર છે, તથાપિ લાલનની એવી માન્યતા છે કે અશક્ય તો નથીજ. આપણા ક્ષયોપશમનું ઉચ્ચ બળ એકત્ર કરીશું તો ખચ્ચિત કોઇ સારા નિર્ણયપર આવી શાસનની ઉન્નતિએ આપણે ચડી શકીશું.

આ પ્રશ્નના નિર્ણયપર આપણી ઉન્નતિનો મુખ્ય આધાર છે કારણ કે મનુષ્ય સમાજની પ્રવૃતિ અને આચારનો પિતા એ નિર્ણય થયેલો વિચાર છે. અને એ નિર્ણય જેટલે જેટલે અંશે આપણા જીનશાસનમાં આવેલા સામાન્ય સ્ત્રીપુરૂષોના પણ હૃદયમાં ઉતર્યો અને બુદ્ધિમાં સમજાયો તેટલે તેટલે અંશે વિદ્વાન વર્ગની સાથે તેઓની પણ ઉન્નતિ જોવા આપણે પામીશું એમ નિઃસંશય લાગે છે. તથાપિ એ પ્રશ્નનો નિર્ણય કરવો અત્યંત મુશ્કેલ છે. ઘણા જ્ઞાનની, ઘણા અનુભવની,ઘણા ધર્મ ઇતિહાસની, અને ઘણી લોક પ્રવૃતિના અવલોકનની અપેક્ષા રાખે છે. એ છતાં આપણે એટલો તો નિર્ણય કરી શકીએ કે મનુષ્ય શરીરમાં આવેલાં હૃદય, મસ્તક, અને મુખાકૃતિ એ ત્રણમાં શ્રેષ્ઠ કયું? એનો નિર્ણય લાવવો જેટલો મુશ્કેલ તેટલોજ મુશ્કેલ આ છે.

આ મહત્વના વિષયનો આટલો સંક્ષિપ્ત ઉપન્યાસ કરી આપ સર્વેના અભિપ્રાયો જાણવાની લાલન અભિલાષા રાખે છે. કારણકે લાલનનો અભિપ્રાય ખરો પડે એ લાલનને વિશેષ હિતકર હોવાથી પ્રિયકર પણ છે. અને તેથી સર્વેને એવી પ્રાર્થના કરે છે કે આપ પણ આપના લેખમાં તેમજ કરશો. "મારૂં તે સારૂં તે કરતાં સારૂં તે મારૂં" એ શાસન ઉન્નતિની ખરી કુંચી છે. આટલો ઉપોદ્ઘાત કરી હવે આપના અભિપ્રાય જાણવાની ઇચ્છા રાખી રાહ જોતો લાલન અહીં વિરમે છે.

शाशन उन्नतिनुं मुख्य कारण शुं ?

આત્મબળ, શાસ્ત્રબળ કે બાહ્યઆડંબર ?

મહાશય ! વિષય ઘણો ગહન છે. સાવરણ દ્રષ્ટિ હોવાથી, ચાલતા વિષયને મુખ્ય, ગૌણ કહેવામાં કદાચ ભૂલ કરી અન્યાય આપવામાં આવે તો તત્વજ્ઞોએ અનુકંપા દ્રષ્ટિ કરી સુધારવા યોગ્ય છે. જે જે પ્રકારની ઉન્નતિ કરવી હોય તેમાં તે તે પ્રકારના બળની અવશ્ય જરૂર છે. પ્રતુસ્ત વિષય શાસન ઉન્નતિનો છે. અને તેમાં આ ત્રણે પ્રકારના બળની જરૂર સંભવે છે. છતાં કયો પ્રકાર કેટલો બળવાન હોઇ શાસન ઉન્નતિમાં પોતાનો ફાળો કેટલો આપી શકે છે તે વિ-ચારવા યોગ્ય છે. **વી**રપરમાત્માની કે **વી**તરાગ દેવની આજ્ઞામાં રહેલા જીવો-મનુષ્યોની, ઉન્નતિ થવી અથવા **વી**રપરમાત્માની વિશુદ્ધ આજ્ઞા જગત્ જીવોમાં વિસ્તાર પામે તે શાસન ઉન્નતિ છે. અથવા વીતરાગ દેવની આજ્ઞામાં રહેલા દ્રવ્યભાવથી ઉન્નતિ પામે તે શાસન ઉન્નતિ છે. આમ શાસન ઉન્નતિ બે પ્રકારે થાય છે. દ્રવ્ય ઉન્નતિ શારીરિક અને ધન સંપત્તિથી; તથા ભાવ ઉન્નતિ આત્મવિશુદ્ધિ મેળવી નિરાવરણુ થઇ પૂર્ણપદ પામવું તે છે. પ્રસ્તુત વિષય ભાવ ઉન્નતિ માટેનો મુખ્ય છે. નોકારસીઓ, સ્વામી વત્સલો, પ્રભાવના, ઉજમણા, વરઘોડા, સમવસરણુ કે શિખરજી આદિ પર્વતોની રચ-નાઓ, દીક્ષા મહોત્સવો, આચાર્યપદ મહોત્સવો, માળમહોત્સવો પ્રતિષ્ઠા મહોત્સવ, સામઇયાં અને કોન્ફરન્સ આદિના મેળાવડાઓ આ સર્વ બાહ્ય આડંબર છે તેમજ નાના પ્રકારનાં ચમત્કારો દેખાડી લોકોને પોતાના તરફ (ધર્મ ઉપદેશક કે ધર્મ તરફ) આકર્ષવા તે

પણ આ બાહ્ય આડંબરથી અનેક જીવોને ઉપકારક થવા સંભવે છે. તે ઉપકાર એવો છે કે કેટલાક જીવો તેથી ધર્મઅનુમોદક થાય છે. કેટલાક જીવો ઓઘસંજ્ઞાએ ધર્મ રસ્તે દોરાય છે અને કેટલાક જીવો ધર્મમાં સ્થિર થાય છે. દેખાદેખીએ પૈસા ખરચે છે. ઉપાશ્રયો, ધર્મશાળાઓ, મંદિરો, સ્વામીવત્સલો, સંઘયાત્રાઓ, વિધવાશ્રમો, સમાજો બોર્ડિંગો, પાઠશાળાઓ અને કોન્ફરન્સો ભરાય છે. આ સર્વ બાહ્યાડંબરનો પ્રભાવ છે. આવા બાહ્યાડંબર સાથે જો શાસ્ત્રબળ હોય તો મનુષ્યો ઉન્નતિક્રમમાં આગલ વધે છે: જો શાસ્ત્રબળ કે આત્મબળ સાથે ન હોય તો આવા બાહ્યાડંબરથી જે કાંઇ ફાયદો થવાનો તે બાહ્યથી લોકો વાહવાહ કહે તેટલો જ. વિશેષમાં બાહ્યાડંબરથી ક્રિયા કરનારાઓ લક્ષ વિનાના નાખેલા બાણુની માફક પ્રયાસ કરનાર થશે, કદાચ શુભ પ્રવૃતિ થોડી ઘણી હોવાથી પુણ્યબંધ કરશે, તો તેથી બાહ્ય ઉન્નતિરૂપ સાંસારિક પુદ્ગળ સંબંધી સુખની પ્રાપ્તિ થશે; પણ તેથી ખરી રીતે જીવોની ઉન્નતિ થઈ નજ કહેવાય. આવા કેવળ બાહ્યાડંબરના પ્રકાશની સરખામણી કરીએ તો ઘાસના અગ્નિનો પ્રકાશ થોડો વખત રહી બુઝાઇ જાય છે, તેમ આવાં બાહ્યાડંબરના નિમિત્તો શાંત થયાં કે તેથી થએલી ઉન્નતિ પણ શાંત થઇ જાય છે. બાહ્યાડંબરથી અનેક પ્રકારે પૂર્વે ઉન્નતિ થઇ છે અને વર્તમાનમાં થાય છે આમ જો કોઇ કહેવા માગે તો તેમને એટલોજ ઉત્તર બસ થશે કે બાહ્યાડંબરથી વિમુખને સન્મુખ કરાય છે. પણ સન્મુખ થયેલાનો હાથ પકડી આગળ ખેંચવાનું કામ તો શાસ્ત્રબળ કે આત્મબળજ કરશે. વિમુખને સન્મુખ કરી તેનો હાથ ખેંચી આગળ ચઢાવવામાં ન આવે તો તે સન્મુખ પણ કાળાંતરે પાછો વિમુખ થઇ જવાનો. આ માટેજ, આવા બાહ્યાડંબરો ઉપકારી છે, પણ તે બાહ્યાડંબરની સાથે જો પરોપકારી મહાપુરૂષો શાસ્ત્રબળ અને આત્મબળ સહિત તેઓની સન્મુખ યા પાસે ઉભા હોય તોજ. આવા અનેક દાખલાઓ મારવાડ અને ગુજરાતમાં પ્રત્યક્ષ

દેખાય છે. કોઈ ચમત્કાર કે એવાજ બાહ્યનિમિત્તથી અનેક માણુ-સોને પૂર્વાચાર્યોએ જૈની બનાવ્યા છે; પણ તેમને શાસ્ત્રબળ કે આ-ત્મબળથી આગળ ખેંચનાર મહા પુરૂષના અભાવે તે આચાર્યશ્રીનો વિરહ થયા બાદ તેઓ પણ ધર્મ ભાવનાથી શિથીલ થઈ ગયા છે. એટલુંજ નહિ પણ જૈન ધર્મથી પણ ભ્રષ્ટ થયેલા અન્યધર્મ પાળતા કે સર્વથા ધર્મ વિમુખ થયેલા જોવામાં આવે છે. માટેજ એકલો બાહ્યાડંબર બાહ્યથી ઉપકારી જોવામાં આવે છે. પણ અંતરગે ઉપ-કારી બાહ્યાડંબર સંભવતો નથી, પરંપરાએ કોઈને ઉપકારી થાય તો તે વાત સંભવિત પણે છે.

એકલું શાસ્ત્રબળ.

શાસ્ત્રબળ મેળવવામાં આત્મબળ મદદગાર છે. ત્યારે એકલું શાસ્ત્રબળ ન સંભવી શકે એ બનવા યોગ્ય છે. તથાપિ " આત્મવિ-શુદ્ધિ માટે શાસ્ત્રબળ એકઠું કરવામાં નથી આવ્યું. તેની વિશુદ્ધિ માટે તેનો ઉપયોગ કરવામાં નથી આવતો," આવા ઉદ્દેશથી અર્થાત્ કોઇ પણ જુદાજ ઉદ્દેશને ઉદ્દેશીને શાસ્ત્રબળ મેળવવામાં આવ્યું હોય તેને એકલું શાસ્ત્રબળ કહેવું એ તો તે અપેક્ષાએ એકલું શાસ્ત્રબળ સંભવે છે. આ શાસ્ત્રબળમાં વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર, છંદ, ન્યાય, જ્યોતિષ, ધર્મગ્રંથો અને સુસિદ્ધાંતાદિ કહીએ તો ષડ્દર્શનનું જ્ઞાન, મેળવવું તે સર્વનો શાસ્ત્રબળમાં સમાવેશ થાય છે.

આ શાસ્ત્રબળથી સમાજને સારો ફાયદો થવો સંભવિત છે. અનેક પ્રશ્નનું સમાધાન કે ખુલાસાઓ સિદ્ધાંતાનુસાર આપી બીજાની શંકાઓ દુર કરી શાસ્ત્રબળથી વાદી ઉપર વિજય મેળવી શકાય છે, શાસ્ત્ર બળવાળો અનેક યુક્તિઓ પૂર્વક બીજાના મનમાં સિદ્ધાંત ઠસાવી અનેક શાસ્ત્રોનું મથન કરેલું હોવાથી ગમે તે દર્શનના અનુયાયીને પો-તાના તરફ આકર્ષી શકે છે. શાસ્ત્રબળ વકતૃત્વ શક્તિથી અનેક જી-

વોને સન્માર્ગે દોરે છે, ગ્રંથો વિગેરે લખી પોતાની પાછલ પણ અનેક જીવોને તે ઉપકારી થઇ શકે છે. આ પ્રમાણે શાસ્ત્રબળથી સમાજને ફાયદો થાય છે. તથાપિ તેની જોડે આત્મબળ—આત્મવિશુદ્ધિ, કહેણી તેવી રહેણી અને ઉત્તમ ચારિત્રબળ વિગેરે ન હોવાથી જેમ વિશુદ્ધ હ્રદયવાળા મનુષ્યને જોવાથી કે તેના શબ્દો સાંભળવાથી સામા મનુષ્યને જે ઉંડી લાગણી ઉત્પન્ન થાય છે ને આત્માને સ્પર્શીને નીકળતા હ્રદયવેધક શબ્દોથી શ્રોતાને જે તત્કાળ અસર થાય છે તે અસર આત્મવિશુદ્ધિના અભાવે એકલા શાસ્ત્રબળથી થઇ શકતી નથી.

આત્મબળ સિવાયના શાસ્ત્રબળથી પોતાને જે ફાયદો થાય છે તે ઘણોજ નજીવો અર્થાત્ થોડો છે. વ્યવહારમાં લોકો તરફથી માન મળે છે, પ્રતિષ્ઠા પામે છે; લોકો વાહવાહ તેની બોલે છે તથાપિ યશોવિજયજી મહારાજના શબ્દોમાં કહીએ તો—

यथ खरः चंदनभारवाही भारस्य भोक्ता न तु चंदनस्य

જેમ ગધેડો ચંદનનો ભાર ઉપાડે છે, અને ભારનોજ ભોક્તા થાય છે, પણ ચંદનનો ભોક્તા થતો નથી. ચંદનનો ભોક્તા કોઇ અન્યજ છે, તેમ ચંદન તુલ્ય શાસ્ત્રભાર ઉપાડનારાઓ મગજથી શાસ્ત્રનો બોજો ઉપાડનારાઓ શાસ્ત્રને વહન કરે તેટલું છે, પણ શાસ્ત્ર રહસ્યનો ભોક્તા તો તેમાંથી ગ્રહણ કરી તે પ્રમાણે વર્તન કરનાર આત્મબળવાળો કોઈ જુદો જ વીર પુરૂષ છે.

એકલા શાસ્ત્રબળવાળો જેમ પોતાને પરમ ઉપકાર કરી શકતો નથી તેમજ બીજાને પણ પરમ ઉપકાર કરી શકતો નથી કારણ કે તેણે સંપૂર્ણ રસ્તો જાણ્યો નથી. તે સિવાય બીજાને પુર્ણ સત્ય રસ્તે તે કેમ ચડાવી શકશે ? દાખલા તરીકે એક માણસે અમુક ગામનો રસ્તો જોયો છે અને એક માણસે પોતે જોયો નથી પણ

કોઇના કહેવાથી જાણ્યું છે કે આ રસ્તે થઇને અમુક ગામ જઇ શકાય. તે માણસો પાસે આવી કોઈએ તેજ ગામનો રસ્તો પુછ્યો તો જેટલી ખાત્રીથી જેણે રસ્તો પોતે જોયો છે તે બતાવશે, રસ્તામાં આવતી નાના પ્રકારની નીશાનીઓ, આજુબાજુ ફેલાતા જુદાજુદા રસ્તાઓ વિગેરેની માહિતી તે આપશે, તેટલી કે તે માંહેલી માહિતી જેણે રસ્તો જોયો નથી પણ કોઇના કહેવાથી કે પુસ્તકમાં વાંચવાથી જાણ્યો છે તે મનુષ્ય નહિજ આપી શકે. સામાન્યરીતે તેણે વાંચ્યું કે સાંભળ્યું છે તેટલુંજ કહી શકશે. આ પ્રમાણે એકલા શાસ્ત્ર બળવાળો મનુષ્ય સમાજને તેમજ પોતાને ઉન્નતિક્રમમાં મદદ આપી શકશે.

બાહ્યાડંબરવાળાને મરેલા સિંહના કલેવરની ઉપમા આપી શકાય, તો શાસ્ત્રબળવાળાને ઉંઘતા સિંહની ઉપમા આપી શકાય.

એકલું આત્મબળ.

આત્માની પરમવિશુદ્ધિ, વિષય કષાયની શાંતિ કે મંદતા, ઇંદ્રિયનિગ્રહ, મનોવિજય, અતીંદ્રિય જન્ય આતિશયિકજ્ઞાન અને નાના પ્રકારની લબ્ધિઓ–સિદ્ધિઓ આ સર્વ આત્મબળ છે. જ્યાં આત્મબળ હોય ત્યાં શાસ્ત્રબળ અનાયાસે આવી મળે છે. જેમ જેમ વિશુદ્ધિ વિશેષ, તેમ તેમ કર્મનો ક્ષય કે ક્ષયોપશમ વિશેષ. અને કર્મના ક્ષય કે ક્ષયોપશમના પ્રમાણે આત્મિકબળ વિશેષ થવાનુંજ. આવા આત્મબળવાળા મહાત્માઓ શાસ્ત્રબળ કે બાહ્યાડંબર ન વાપરે તો પણ તેમના અતિશાયિક ગુણોથીજ અનેક જીવોની ઉન્નતિ થાય છે. દાખલા તરિકે તીર્થકર અને બીજા યોગી મહાત્માઓની નિકટતાથી હિંસક પ્રાણીઓ અને મનુષ્યો પોતાનો વૈરભાવ ત્યજી દે છે. તેઓની સામ્ય મૂર્તિ જોતાંજ હૃદયમાં શાંતિ અને પૂજ્ય ભાવની લાગણીઓ ઉત્પન્ન થાય છે. તેમના વચનોથી જે સજ્જડ અસર

થાય છે તેવીજ ભાગ્યેજ શાસ્ત્રબળથી થતી હશે. દાખલા તરિકે પરદેશિ રાજા મહાન્ નાસ્તિક હતો, આસ્તિક થવા માટે તેણે જીવની શોધ્ર કરવા અનેક માણુસોને કાપીને તપાસ્યા—કોઠીમાં પુરીને તપાસ્યા, મારીને તોળી જોયા વિગેરે. અનેક શાસ્ત્રો પણ જોયાંજ હશે, કે સાંભળ્યાજ હશે, તથાપિ આત્મ અસ્તિત્વની સિદ્ધિ કે લાગણી તેને થઇ ન હોતી. એ પ્રસંગે કેશી ગણધર ત્યાં આવ્યા હતા. તેમના પવિત્ર હૃદયમાંથી નીકળતા થોડાજ શબ્દોથી રાજા પરમ આસ્તિક થયો. આ ઠેકાણે કેશી ગણધરનું આત્મબળ મુખ્ય હતું.

અનાથીમુનિના વિશુદ્ધ હૃદયથી નીકળતા શબ્દોથી શ્રેણિક રાજા પરમાર્હત થયા. આ સ્થળે પણ અનાથિમુનિની પરમ મતિશુદ્ધિ એજ શ્રેણિકના પ્રતિબોધમાં કારણભૂત હતી. પરમ ઉત્કૃષ્ટ આત્મબળ ધારી ભગવાન્ મહાવીર દેવના આત્મબળથીજ અત્યારે વિષમ કાળમાં પણ વસ્તુ તત્વોના નિર્ણયો પરમ કસોટીમાં સત્ય અને વિજયી નિવડે છે. જેણે જેણે આ ભારતમાં પોતાનો પંથ--મત કે સંપ્રદાય ચલાવ્યો છે, તેણે તેણે થોડી કે ઘણી આત્મબલનીજ મદદ લીધી છે, આ બળની મુખ્યતા સાથે શાસ્ત્રબળ અને બાહ્યાડંબરની મદદથી તેઓ અનેક જીવોને પોતા તરફ આકર્ષવાને વિજયી નિવડયા છે.

હમણાં થોડાંજ વર્ષથી પ્રગટ થયેલી થી થીઓસોફીકલ સોસાયટી અને શ્રીમદ્દ્રાજચંદ્ર પોતા તરફ થોડાં ઘણાં માણસોને આકર્ષવાને ભાગ્યશાળી નિવડયા હોય તો તેનું મુખ્ય કારણ થોડું પણ આત્મબળ અને તેથી થતી વિશુદ્ધિજ છે.

આત્મબળ સિવાયના કેવળ બાહ્યાડંબરને મહાત્માઓ દંભ કહે છે. એનાથી કદી પણ પણ જગતજીવોનો ઉદ્ધાર થયો નથી. કેવળ શાસ્ત્રબળને પોથી માંહેલા રીંગણા કે વેદીયાઢોર કહી બોલાવવામાં આવે છે અને કેવળ આત્મબળને જ્ઞાની, યોગી, મહાત્મા, મહાપુરૂષ,

પરમપુરૂષ વિગેરે અનેક ઉત્તમ ગુણોથી બોલાવાય કે સ્તવાય છે. આત્મબળ સ્વપર ઉપકારી છે. કદાચ બીજાને ફાયદો તેઓ ન કરે તો પણ પોતાનો ઉદ્ધાર તો કરેજ કરે. આત્મબળને કર્મકુંજરો હઠાવવા માટે જાગતા સિંહની ઉપમા આપી શકાય.

આત્મબળ સાથે બાહ્યાડંબરનો સ્વીકાર તે આત્મબળ-ધારકનો પોતાનો નથી, પોતાની પ્રેરણાનો પણ નથી પણ ભાવિક ભકતોનો છે અને તેથી અનેક બાળ જીવોને ફાયદો થવાનો સંભવ પણ છે. આ કારણથી તે આત્મજ્ઞાનીઓ તેનો નિષેધ ન કરતાં મૌન રહ્યા હોય એમ સંભવે છે; પણ એથી એમ તો નજ સિદ્ધ થાય કે આત્મબળ હો યા ન હો તથાપિ બાહ્યાડંબરથી મનુષ્યોની ઉન્નતિ થાય છે. આથી ફલિતાર્થ એટલો થાય છે કે આત્મબળ એ ઉન્નતિનું મુખ્ય કારણ છે અને શાસ્ત્રબળ તથા બાહ્યાડંબર તેને મદદ કરનાર ગૌણ સાધન છે. ઉન્નતિમાં ત્રણેની જરૂર છે તથાપિ છેલ્લા એકનો કે બેનો અભાવ હોય તો કદાચ ચાલી શકે, પણ પેહેલાંનો અભાવ હોય કે બીજાનો અભાવ હોય તો તો સ્વપર ઉન્નતિની આશા રાખવી મને તો અશકય લાગે છે.

"આત્મબળ" મુખ્ય મુખ્યને મુખ્યજ છે. ત્રિકાળ નિઃસંશય વાત છે. કેશર તેવું બળ પ્રગટ નથી કરતો તેમાં સબળ કારણ પૂર્વકર્મ છે, અને અનેકવાર તે આડાં આવી ઉભા રહે છે પણ હિમત હારતો નથી. જરાવાર વિશ્રાંતિ લઇ વળી પાછો ઉઠે છે, વળી સુવે છે; આમ વખતનો વ્યય કરવો પડે છે પણ પ્રયત્નથી સહેજ માર્ગે મળતાં વિશેષ પ્રયત્ન થશેજ.

આટલું જણાવી હું આંહી વિરમું છું. વિશેષ તો આમાંથી કઇ વાત મુખ્ય, ગૌણ કરે છે તે જોવા ઇચ્છું છું.

शाशन उन्नतिनो मुख्य उपाय कयो ?

આત્મબળ, શાસ્ત્રબળ કે બાહ્ય આડંબર ?

(૩)

(લેખક—લાલન–વીરચંદ પદમથી.)

પ્રિય વાચક જનો ! મારો વિચાર એવો છે કે, શાસન ઉન્નતિનો મુખ્ય ઉપાય **બાહ્ય આડંબર** છે. શાસ્ત્ર સમજનારા વિદ્જ્જનો જગતમાં થોડા છે, અને વિરલા છે, એથી પણ આત્મબળના ધારકો ! મારા વિચાર પ્રમાણે જેટલી જેટલી ઉન્નતિ જગતમાં થઇ છે, તે બાહ્ય આડંબરથીજ. જગતના ઇતિહાસના ખરા અભ્યાસી જે હશે તે ખરેખર મનેજ સાક્ષી આપશે. અને એક અવાજે તેઓ જણાવશે કે સર્વ પ્રકારની ઉન્નતિ એ બાહ્ય આડંબરનેજ આભારી છે. આપણે મોટામાં મોટી પંદર કે વીસ હજાર માણસની સભા જોઇએ, તો તેમાં પણ ભાગ્યેજ એક કે બે સહૃદય ભલા માણસો એવા મળી આવશે કે જેનાપર આત્મબળની અસર થાય. શાસ્ત્ર પ્રમાણ પણ કદાચ સો–બસો ઉપર થોડીવાર અસર કરી શાસનના રસીયા કરે, તથાપિ હજારો કે લાખો માણસો ઉપર અસર તો બાહ્ય આડંબરનીજ થાય છે, એમાં કાંઈ સંશય નથી. જે પ્રમાણે ધર્મ પુસ્તકોમાં લખ્યું હોય તે તમે માનો યા ન માનો–તેમાં તમને શ્રદ્ધા હોય વા ન હો, પરંતુ ક્રિયાનો આડંબર જો તમારો બરોબર હોય તો હજારો માણસ તમારૂં અનુકરણ કરવા મંડી જશે; કારણકે મનુષ્ય સ્વભાવ અનુકરણ શીલ (નકલીયો) છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે બાહ્ય આડંબર જગતમાં તમારા ધર્મનો ફેલાવો કરી શકશે.

જુઓ દેખાદેખીથી કેટલા સુધારા થાય છે ? કેટલા વધારા થાય છે ? તેઓના આપણે થોડાક જોઈએ. દર વરસે કેટલાં સામ-

યિક, કેટલાં પ્રતિક્રમણ, કેટલાં વ્રતો, કેટલાં દેવદર્શનો, કેટલાં યાત્રાગમનો, કેટલાં પ્રભુપૂજનો વગેરે અસંખ્ય ધર્મ ક્રિયાઓ જિનશાસનમાં ચાલે છે. તે બધી ધર્મ ક્રિયાઓ શું આત્મબળને કે શાસ્ત્રને આભારી છે ? નહિં, નહિં, દેખાદેખીનેજ. એટલુંજ નહિં, પરંતુ કોટયાવધિ મંદિરો, અસંખ્ય ઉપાશ્રયો, બેસુમાર સ્વામી વત્સલો, એ બધા દેખાદેખીનાજ દેવાદાર છે.

હાલ થતી કોનફરન્સો, પાઠશાળાઓ, બોરર્ડીંગો, બાળાશ્રમો, વિધવાશ્રમો, એવી પણ ઘણીખરી સંસ્થાઓ, યુરોપીય ઝળઝળતા સુધારાની નકલો છે. સ્ત્રી સમાજ અને સ્ત્રીશાળાઓ, સભાઓ અને સમાજો જ્યાં ત્યાં જે ઉભરાવા લાગી છે; મીલો ને સંચાઓ જે રાત દિવસ ધમધોકાર ચાલી રહ્યા છે, એ પણ પશ્ચિમના ડાકડમાળની પ્રતિકૃતિ નથી તો બીજું શું છે ?

ઉપર લખેલાં તેમજ બીજા કેટલંક ધર્માદા ખાતાઓ જેમાં લાખો રૂપીઆઓ લોકો કહાડી આપે છે તે શું શાસ્ત્ર ઉપદેશ કે હૃદયની લાગણીથી લોકો કહાડી આપે છે કે લોકોમાં મારી કીર્તિ વધશે, આવા આડંબરોથી ? લોકો અમને ઘણાં માન આપશે એમ સમજીને લોકો ખરચ કરે છે. બ્હેનોના કે ભાઇઓના અંતર ઉઘાડીને તમે જુઓ તો તમને મ્હોટા ભાગે એજ દેખાઇ આવશે કે, જગતમાં અમે સારા કેહેવાઇએ, અમારી કીર્તિ અથવા જશ વધે.

આત્મબળ એ જો વધારે સારૂં હોય તો લોકો ભલા થવાનો યત્ન કાં નથી કરતાં ? શાસ્ત્ર જ્ઞાન જો ઉંચુ હોય, તો શાસ્ત્રીઓ કાં નથી બધા બનતા ? મને તો એમ લાગે છે કે અમે સારા હોઇએ તેના કરતાં શું કરવાથી અમે સારા દેખાઇએ, એટલા માટે ઘણા ખરા આત્મજ્ઞાન અને શાસ્ત્રજ્ઞાનનો બાહ્ય આડંબર તરીકે ઉપયોગ કરતાં જણાય છે. પંચ પરિગ્રહના ત્યાગી, શાંત, સાધુ મુનિ-

રાજને પણ કોઈ જોતું નથી. પરંતુ સાધુમુનિરાજનો વેશ જોતાંજ આડંબર જોતાંજ, મનુષ્યના મોટા ભાગને પૂજ્ય બુદ્ધિ થઇ આવે છે. તેઓ ઉપદેશ આપે છે કે આત્મબળ અજમાવો, તેની અસર આપણાપર થાય કે ન થાય, તથાપિ આપણે સાધુપણાનો વેશ દીઠો કે આપણું કઠોર ચિત્ત પણ દ્રવવા માંડે છે.

આ અને બીજાં અનેક કારણોથી મારા વિચારનું પરિણામ તો. એવું આવે છે કે આત્મબળ અને શાસ્ત્રબળે જેટલા માણસોને શાસન રસીયા કર્યા છે, તેના કરતાં બાહ્ય આડંબરે શાસનનું કરોડો-ગણું અધિક કામ કર્યું છે.

આત્મબળની ખોટી લાગણીથી આપણે દોરવાઇ ન જઇએ અને શાસ્ત્ર બલના આનુમાનિક તરંગોથી આપણે ઘસડાઈ ન જઇએ પરંતુ બાહ્ય આડંબરના પ્રત્યક્ષ પુરાવાને આપણે જોતાં શીખીએ તો મારૂં માનવું તો એવું છે કે શાસન ઉન્નતિમાં આપણે બધા એક અવાજે બાહ્ય આડંબરનીજ બોલબાલા બોલીશું. એટલુંજ નહિં પણ જો તમે સંસારમાં વિજયી થવા માંગતા હો તો મારી સાથે એવો જય ઘોષ કરો કે બોલો બોલો મહારાજ આડંબર કી જય !!!

પ્રશ્નોત્તરમાળા.

પ્રશ્ન ૧–"એક માણસને કોઈ રોગના કારણથી તેના શરીરના કોઈ ભાગમાં સૂક્ષ્મ જીવ પડયા હોય, હવે આપણે દવા કરીએ છીએ તો તે જીવ મરી જાય છે અને દવા ન કરવાથી તેનું દુઃખ સહેવાતું નથી માટે તેનું શું કરવું ?

ઉત્તર ૧.–ગૃહસ્થ એવા રોગના કારણથી બેંદ્રિ જંતુઓની

પોતાનાથી થાય ત્યાં સુધી જયણા કરે. નહિ ચાલતા-પીડા નહિ સહન થતાં દવા કરે, પરંતુ મનથી બહુ પશ્ચાત્તાપ કરેજ.

વળી મનમાં એવી ચિંતા કરે કે આ કોઇ જીવને મેં પીડા કરી છે તેને લીધે મને આ પીડા કર્મના-પ્રત્યાઘાતના-નિયમને લીધે થાય છે, માટે ન કરૂં. એટલે મને આવા રોગો ભવિષ્યકાળમાં નહી થાય, એટલે આ સૂક્ષ્મ જીવોની એવી પ્રાણઘાતક દવા મારે નહિ વાપરવી પડે. એવી શિખામણ આ રોગમાંથી લઈ લે અને મન, વચન, કાયાથી બનતાં સુધી જંતુઓની પણ હું રક્ષા કરીશ, જેથી મને રોગ આવા ન થાય, અને હું આરોગ્ય રહું. કારણકે અહિંસાનું ફળ રોગ રહિતતા પણ છે-નીરોગીતા પણ છે.

સાતમા ગુણસ્થાનક ઉપરની સ્થિતિવાળો કોઇ ગૃહસ્થ હોય અથવા દ્રવ્યભાવવાળા એવા મુનિ હોય, તો એવી પ્રાણઘાતક દવા ન કરતાં એ પીડા આવતા રાજી થાય, કારણ કે વેદની કર્મનો ક્ષય-અશાંત વેદની કર્મનો ક્ષય-થઇ ભોગવાઇ જાય છે.

પોતે આત્મ સ્વરૂપ જ્ઞાનાદિ તેના ગુણોમાં રમણ કરતો હોવાથી તેની પીડા તેને થતી નથી. અથવા હું તો આત્મા છુ-જ્ઞાન છું આ દેહાદિને પીડા થાય છે તે દીવાની માફક દેખું છું. વળી કોઇ પુસ્તક વાંચતા હોઇએ, તો આસપાસનો અવાજ, કે ટાઢ કે તડકો પોતાને જણાતો નથી; તેમ આત્મગુણોમાં મશગુલ ચેતન આનંદમાં એવો વિલસતો હોય કે પેલી પીડા તેને જણાતી નથી, જેમ ગજસુકુમાલ વગેરેને. વળી જુઓ કે કોઇ ગરીબ માણસને સખ્ત તાવ આવતો હોય એટલામાં તેને જણાય છે કે હું સાત દહાડામાં રાજા થવાનો છું તો તાવની પીડા ભુલી જઈ રાજસુખ જે ભવિષ્યમાં મળવાનું છે તેને હમણાંજ વેદવા મંડી જાય છે. આવી રીતે ચડતા જીવના વેદનીય કર્મ ભોગવાઇ જાય છે. આપના પહેલાં પ્રશ્નનું ઉત્તર આમ ઉભય અપેક્ષાએ સ્થિતિ વેદનારની અપેક્ષાને લીધે આપવું પડે છે.

પ્રશ્ન ૨—"આપણે તીર્થંકર ભગવાનને પૂજીએ છીએ તો તેઓ કોની પૂજા કરતા હતા ?"

ઉત્તર ૨—આપણે જેમ શ્રી તીર્થંકરને પૂજીએ છીએ તેમ શ્રી તીર્થંકર પ્રભુ શ્રી સિદ્ધ ભગવાનને પૂજે છે. વળી તેઓ પોતાના પૂર્વભવમાં શ્રી વિશસ્થાનક તપ કરતા હતા. તેમાં વિશ સ્થાનકમાંના કોઈ એક બે કે વીશે સ્થાનકને પૂજતા હતા. જેથી તેમણે શ્રી તીર્થંકરગોત્ર બાંધ્યું તો આપણે પણ શ્રી તીર્થંકરની પૂજા કરવી કે જેથી આપણે પણ તેના જેવા થઈએ. આપને ખબર હશે કે વીશસ્થાનકમાં શ્રી અરિહંત પદ, શ્રી સિદ્ધપદ, પ્રવચનપદ, શ્રી આચાર્યપદ એવા વીશ પદો આવે છે. વળી આપ જાણતા હશો કે શ્રી તીર્થંકર મહારાજ શ્રી સંઘને નમે છે; એ પણ ભૂલવું જોઈતું નથી. અહા ! પોતે ત્રણે લોકના નાથ હોવા છતા, મનુષ્યોમાં રાજાઓ, રાજાઓમાં ચક્રવર્તીઓ, દેવતાઓ અને તેમાં પણ ઇંદ્રો પોતાની પૂજા કરતા હોવા છતાં, પોતામાં જરા પણ અભિમાન નથી હોતું, કારણ કે મદ્દવ એટલે નમ્રતાવડે આત્માના શુદ્ધ સ્વભાવ પ્રાપ્ત થવાથી, અન્ય સર્વ જીવના આત્માને નિશ્ચયનયે પોતાના જેવાજ જાણે છે, અને બાહ્ય પણ તેવા થવા બોધ કરે છે.

પ્રશ્ન ૩-'જીનેશ્વરની નવ અંગે પૂજા કરવામાં કયા ફળ પ્રાપ્ત થાય છે. ?"

ઉત્તર ૩—જેમ વીશ સ્થાનકમાં વીશ પદો કે એક બે પદોને પણ અધિકતર ભાવસહિત સેવતાં શ્રી તીર્થંકર પદ પ્રાપ્તિરૂપ મહા ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે, તેમ શ્રી જિનેશ્વર પ્રભુની નવ અંગે કે કોઈ એક બે પણ અંગે પૂજા કરતાં ઘણાં ઉત્તમ ફળો પ્રાપ્ત થાય છે.

દાખલા તરીકે પ્રભુના કાંડે પૂજા કરતાં દાનાંતર ક્ષય અને

દાન ગુણ પ્રાપ્ત થાય. પ્રભુને ખભે પૂજા કરતાં અભિમાનનો નાશ થઇ નમ્રતા ગુણ પ્રાપ્ત થાય. નાભિએ પ્રભુની પૂજા કરતાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ ગુણોની પ્રાપ્તિ થાય. કંઠે વારંવાર પૂજા કરતાં ઉત્તમ શુદ્ધ વકતા થવાય. ત્રણે લોકના પૂજ્ય એવા પ્રભુને મસ્તકે પૂજા કરતાં સર્વને પૂજ્ય થવાય-વગેરે વગેરે-નવ અંગે પૂજાકરવાના દુહાનો મુખે જાપ, મનમાં અર્થચિંતન, અને હ્રદયમાં ધ્યાન કરતાં કરતાં અત્યંત શાંતિથી મંગળ હાથે પ્રભુની પૂજા કરતાં ક્રમે ક્રમે ઉપરના ગુણો પ્રગટ હોજો, તેમ કરતાં સર્વ દર્શન શિરોમણિ જિન ધર્મમાં દ્રઢતર શ્રદ્ધા આપની થતી જશે. લેખકને અનુભવસિદ્ધ છે.

પ્રશ્ન ૪-દરેક માણસને જ્ઞાન પ્રાપ્ત થવાનો મૂળ સિદ્ધાંત શું છે ?

ઉત્તર-૪-મનુષ્યને જ્ઞાન પ્રાપ્તિનો મૂળ સિદ્ધાન્ત તો એ છે કે "હું કોણ છું" એનો વિચાર કરવો. અને એ વિચાર પૂર્વક ખરી નીષ્ટાથી શોધ કરતાં જણાઇ જશે કે પોતેજ "જ્ઞાન" છે. બીજા નંબરે જ્ઞાનીની સેવા કરવી. જ્ઞાનના સાધનોનો વિનય કરવો. પરંતુ જ્ઞાનના સાધનમાંજ રોકાઈ ન જતાં સાધ્ય શોધી કાઢવું. જેમકે પુનેમને દીવસે કે અમાસને દીવસે દરીઆમાં ભરતી કેટલી હોય, બીજ, ત્રીજ, કે આઠમે કેટલી હોય એ પંચાગ નામના ભરતી જાણવાના સાધનમાં લખ્યું હોય, પરંતુ પંચાંગને નીચોવતાં તેમાંથી ટીપું પણ પાણી નીકળે નહી. માટે પાણી જોવા તેનો અનુભવ કરવા દરીઆ પર જવું અને પોતાનું વહાણ ચલાવી દરીઆ પાર નિયત બંદરે પહોંચવું. તેમજ જ્ઞાનના સાધનને સેવી, તેમાં દેખાડેલી દિશા એટલે આત્મામાં જોવું તો તે કેવલ માત્ર જ્ઞાન રૂપજ જણાશે. આમ ઉભય રીતે જ્ઞાન પ્રાપ્તિ છે.

પ્રશ્ન ૫--યુરોપીય જૈન મી૦ હર્બર્ટવોરને કયા કય

પ્રશ્નો આપને પૂછ્યા હતા, ને સવિસ્તર પ્રશ્નો અને તેના ઉત્તર મને જણાવશો, તેમજ જૈન પત્રમાં પ્રગટ કરાવશો જેથી હું તેમજ દરેક જૈન બંધુ આપના આભારી થઈશું.

ઉત્તર ૬—આભાર નથી, પણ આનંદ છે. કારણ કે સત્ય ઉત્તર અપાતા ક્ષયોપશમ વધશે, અસત્ય હશે, તો ઉપકારી ગુરૂ મહારાજાઓ અને વિદ્વાનો લાલનને સુધારશે; આમ ઉભય પ્રકારે આનંદ છે.

બંધુ હર્બર્ટ વોરનને લાલન લખશે અને ધારવા પ્રમાણે અવકાશના પ્રમાણમાં તે પ્રશ્નો, ઉત્તર સમેત લખી પાઠવશે, તે અનંતર જૈન પત્રકારને લાલન પ્રસિદ્ધ કરવા વીનવશે.

વિ૦ વિ૦ આ અને હવે પછીના સંખ્યાબંધ પ્રશ્નોના ઉત્તરો લાલન પોતાના વર્તમાન ક્ષયોપશમ પ્રમાણે આપે છે. વિશેષજ્ઞને પ્રાર્થના છે કે તેને સુધારી જીનદર્શન જીજ્ઞાસુઓને શાંતિ આપે. સ્પષ્ટતાની ખાતર લંબાણ ઉત્તરો આપવા પડયા છે.

પ્રથમ ભાગ સમાપ્ત.